# પ્રસાદ નં. ૧

## પ્ર.ગા. ૯૩ના પ્રવચનમાંથી.

(આસો વદ ૧૩, બુધવાર)

પદાર્થોનું સ્વરૂપ જેવું છે તેવું જાણે તો જ્ઞાનની નિર્મળતા થાય અને નિર્મળતા થતાં દ્રષ્ટિ યથાર્થ થાય છે.

દરેક પદાર્થ વિસ્તારવિશેષ ને આયતવિશેષ સહિત છે, તેમાં વિસ્તારવિશેષની વાત કહેવાઈ ગઈ છે ને આયત વિશેષની એટલે પર્યાયોની વાત ચાલે છે. પર્યાયો દ્રવ્યાત્મક પણ છે અને ગુણાત્મક પણ છે. તેમાં દ્રવ્યપર્યાય બે પ્રકારે છે :—

**સમાનજાતીય દ્રવ્યપર્યાય :**—દ્રષ્ટાંત :–લાકડું એક સમાનજાતીય દ્રવ્યપર્યાય છે. તેમાં દરેકે દરેક પરમાણુની અવસ્થા તેના દ્રવ્યના આધારે થયેલી છે ને પોતાના કારણે સ્કંધરૂપે થયેલી છે, છતાં અજ્ઞાની જીવ માને કે ''આ લાકડાની અવસ્થા મારાથી ને વાંસલાથી થઈ છે.'' તે જીવ સંયોગને જુએ છે, પણ 'તે પર્યાયનો આધાર પુદ્ગલદ્રવ્ય છે પણ જીવદ્રવ્ય નથી' —એમ તે માનતો નથી, તે તેની પર્યાયદ્રષ્ટિ છે. વળી તે લાકડાની અવસ્થા વાંસલાથી પણ થઈ નથી. વાંસલો જુદું દ્રવ્ય છે તેથી તે લાકડાના પરમાણુની અવસ્થા કરી શકે નહિ, છતાં વાંસલાથી અને જીવના રાગથી લાકડાની અવસ્થા થઈ—એમ માનવું તે ભ્રાંતિ છે.

**અસમાનજાતીય દ્રવ્યપર્યાય :**—શરીર અને આત્મા એક ક્ષેત્રે રહેલા છે તે અસમાનજાતીય દ્રવ્યપર્યાય છે. શરીરની ક્રિયા આત્મા કરી શકે છે એમ અજ્ઞાની માને છે. તે જીવ પર્યાયને તથા સંયોગને જુએ છે. શરીરની પર્યાયનો આધાર જીવ નથી પણ પુદ્ગલદ્રવ્ય છે—તેને જોતો નથી તે પર્યાયમૂઢ છે. તેને ધર્મ થતો નથી. જો દ્રવ્યનો સ્વીકાર કરે અને તે તે પર્યાયો તે તે દ્રવ્યના આધારે થાય છે—એમ નક્કી કરે તો ધર્મ થાય.

હવે ગુણ દ્વારા પર્યાયની અનેકતા (એક પછી એક થવી તે)ના સ્વીકારના કારણભૂત ગુણપર્યાય છે. તે બે પ્રકારે છે (૧) સ્વભાવ પર્યાય (૨) વિભાવ પર્યાય.

**સ્વભાવ પર્યાય :**—બધાં દ્રવ્યોમાં પોતપોતાના અગુરુલઘુગુણને લીધે સમયે સમયે ષટ્સ્થાનપતિત હાનિવૃદ્ધિરૂપ અનેકપણું થાય છે તે સ્વભાવપર્યાય છે. અનંતગુણી વૃદ્ધિ, અસંખ્યગુણી વૃદ્ધિ, સંખ્યાતગુણી વૃદ્ધિ, અનંતભાગ વૃદ્ધિ, અસંખ્યાતભાગ વૃદ્ધિ, સંખ્યાતભાગ વૃદ્ધિ—એમ છ પ્રકારે વૃદ્ધિ.

અનંતગુણી હાનિ, અસંખ્યગુણી હાનિ, સંખ્યાતગુણી હાનિ, અનંતભાગ હાનિ, અસંખ્યાતભાગ હાનિ, સંખ્યાતભાગ હાનિ—એમ છ પ્રકારે હાનિ. કુલ બાર પ્રકાર છે.

અગુરુલઘુગુણને લીધે ષટ્ગુણહાનિવૃદ્ધિરૂપ સૂક્ષ્મ પરિણમન સંસારી અને સિદ્ધ બધા જીવોને હોય છે ને બધા દ્રવ્યોને હોય છે, તે ઘણી સૂક્ષ્મ વાત છે ને આગમગમ્ય છે.

**વિભાવ પર્યાય :**—આત્મામાં પોતાના કારણે જ્ઞાન, દર્શન, વીર્ય વગેરે ગુણની અવસ્થામાં હીનાધિકપણું હોય છે ત્યારે પર નિમિત્ત હોય છે. ઘડીમાં જ્ઞાન વધે છે, ઘડીમાં જ્ઞાન ઘટે છે; ઘડીમાં વિકાર ઓછો થાય છે ને વળી વધે છે—એમ વધઘટ થયા કરે છે. ઘડીમાં પર્યાયમાં નિર્મળતા થોડી હોય ને ઘડીમાં નિર્મળતા વધી જાય છે. આવી રીતે પૂર્વ અવસ્થા અને પછીની અવસ્થામાં તારતમ્યતા થાય છે તેને લીધે સ્વભાવવિશેષરૂપ અનેકપણું થાય છે તે વિભાવ પર્યાય છે. અહીં સ્વભાવવિશેષ કહ્યું છે એનો અર્થ એમ છે કે ‘પોતે કરે છે’ ને ‘પોતામાં થાય છે.’–માટે સ્વભાવ કહેલ છે. આ વિભાવ પર્યાય સંસારી જીવોમાં હોય છે. ગુણોની વિકારી તથા અવિકારી અવસ્થામાં હીનાધિકતા દેખાય છે, તે વિભાવ પર્યાય છે. જે જીવ આવું અનેકપણું પરના આધારે અથવા કર્મના લીધે થાય છે—એમ માને છે તથા પર્યાય કે જે અંશ છે તેટલું જ પોતાનું સ્વરૂપ છે—એમ માને છે તે જીવ પર્યાયમૂઢ છે. અનેકપણું જે થાય છે તે પોતાના ત્રિકાળી ગુણના આધારે છે ને તેમાં અટકીને પોતાની યોગ્યતાને કારણે હીણી દશા થાય છે તેમ જે માનતો નથી પણ પરને લીધે થાય તેમ માને છે તે જીવને ધર્મ થતો નથી.

તેવી રીતે પુદ્ગલ દ્રવ્યોની કાળી—રાતી, ખાટી—મીઠી, ખરબચડી—સુંવાળી વગેરે પર્યાયમાં અનેકપણું થાય છે તે તેની વિભાવ પર્યાય છે. અજ્ઞાની જીવ પર્યાયનું અનેકપણું બહારના સંયોગના આધારે અથવા જીવને લઈને થયું, એમ માને છે. દ્રષ્ટાંત : કેરીની પીળી અવસ્થા ઘાસને લઈને થઈ અથવા જીવે કાળજી રાખી તો થઈ—એમ માને છે પણ તે અનેકતાનો આધાર તેનાં સ્પર્શ, રસ, ગંધ ને વર્ણ છે ને તે ગુણના આધારે પર્યાયો થાય છે. તેમ માનતો નથી તે જીવ પર્યાયમૂઢ છે, તેને ધર્મ થતો નથી.

આવી રીતે જે જીવ પોતાની પર્યાયનું તથા સામા પદાર્થની એકલી પર્યાયનું જ જ્ઞાન કરે છે ને પરને લીધે થાય છે—એમ માને છે, તેનો આધાર ગુણો છે—એમ માનતો નથી તેને ગુણાત્મક પર્યાયનું સાચું જ્ઞાન નથી, તેને ધર્મ થતો નથી. હવે આ કથન દ્રષ્ટાંતથી દ્રઢ કરવામાં આવે છે.

વસ્ત્રના સ્પર્શ, રસ, ગંધ, રંગ આદિ કાયમ રહેતા ગુણવિશેષો છે અને જુની-નવી, કાળી—સફેદ વગેરે પ્રવાહરૂપ થતી અવસ્થાવિશેષો છે. તેને ગૌણ કરીએ તો તેમાં જે સામાન્યપણું છે તેના વડે તે વસ્ત્ર રચાયેલું છે. તેમ આત્માના કાયમ રહેતા જ્ઞાન, દર્શન, ચારિત્રાદિ ગુણવિશેષો છે ને તેની પ્રવાહરૂપે થતી એક પછી એક વિકારી કે અવિકારી અવસ્થાવિશેષો છે. તેને લક્ષમાં ન લઈએ તો જે સામાન્યપણું છે તેના વડે આત્મદ્રવ્ય રચાએલું છે.

વળી જેમ વસ્ત્ર તેના ગુણો ને પર્યાયોથી રચાએલું છે, તે તેના સ્પર્શાદિ ગુણોથી જુદું નથી, તેથી વસ્ત્ર ગુણાત્મક છે એટલે વસ્ત્રના ગુણો વસ્ત્રમાં છે. તેમ આત્મા તેના ગુણો ને પર્યાયોથી રચાએલો છે તે તેના જ્ઞાન, દર્શન, ચારિત્ર આદિ ગુણોથી જુદો નથી, તેથી આત્મા ગુણસ્વરૂપ જ છે.

વળી જેમ વસ્ત્રના તાકા એક જ જાતના હોય ને તે સાંધીને વસ્ત્ર બનાવેલું હોય તો તે સમાનજાતીય દ્રવ્યપર્યાય છે તેમ પુદ્ગલના બેથી વધારે પરમાણુથી બનેલ સ્કંધો સમાનજાતીય દ્રવ્યપર્યાય છે. દ્રષ્ટાંત : વાણીના પરમાણુઓ સમાનજાતીય દ્રવ્યપર્યાય છે. તે પ્રમાણે બીજા પુદ્ગલના સ્કંધો સમજવા.

જેવી રીતે રેશમી અને સુતરાઉ પટોના બનેલા તાકા ભિન્ન જાતિના હોવાથી અસમાનજાતિય દ્રવ્યપર્યાય છે. તેવી રીતે અનેક જીવ પુદ્ગલાત્મક દેવ ને મનુષ્ય અસમાનજાતીય દ્રવ્યપર્યાય છે કારણ કે મનુષ્યનો જીવ તો ચેતનદ્રવ્ય છે અને શરીર તે પુદ્ગલદ્રવ્ય છે.

સમાનજાતીય દ્રવ્યપર્યાયોમાં કે અસમાનજાતીય દ્રવ્યપર્યાયોમાં દરેકે દરેક પર્યાય તે તે દ્રવ્યને આધારે થએલી છે, છતાં પણ અજ્ઞાની જીવ માને છે કે “હું હતો તો પુદ્ગલની પર્યાય થઈ, હું હતો તો શરીર ચાલ્યું” પણ પર્યાયનો આધાર દ્રવ્ય છે, તેનું તેને ભાન નથી તેથી તે પર્યાયમૂઢ છે, તેને ધર્મ થતો નથી.

વળી જેમ ક્યારેક વસ્ત્રમાં પોતાના સ્થૂલ અગુરુલઘુગુણને લીધે અનેક પ્રકારની અવસ્થા થાય છે તે ગુણાત્મક સ્વભાવપર્યાય છે તેમ સમસ્ત પોતપોતાના સૂક્ષ્મ અગુરુલઘુગુણ દ્વારા દર સમય પ્રગટતી છ સ્થાન હાનિ ને છ સ્થાન વૃદ્ધિરૂપ અનેકપણું છે, તે ગુણાત્મક સ્વભાવપર્યાય છે, જે સૂક્ષ્મ વાત છે.

જેમ વસ્ત્ર વર્તમાન પોતાની યોગ્યતા અને નિમિત્ત બહારના પદાર્થો તેના કારણે રંગે લીલું પીળું થાય છે, સુગંધ—દુર્ગંધવાળું થાય છે અને મેલું વગેરે પણ થાય છે ત્યારે હાથ અગર બીજી ચીજ નિમિત્ત હોય છે. આવી તારતમ્યતા તેમાં દેખાય છે. તેવી રીતે આત્મામાં જ્ઞાન, દર્શન, વીર્ય

વગેરેની હીનાધિકતા અને પુદ્‌ગલોમાં સ્પર્શ, રસ, ગંધ વગેરેમાં ફેરફાર થતી અવસ્થાને લીધે તારતમ્યતા દેખાય છે તે અનેકપણું, તે ગુણાત્મક વિભાવપર્યાય છે. અહીં 'સ્વભાવ વિશેષોરૂપ' એમ કહ્યું છે. તે પોતે કરે છે માટે સ્વભાવ છે એમ સમજવું, અને 'સ્વ-પરના કારણે પ્રવર્તતી' એમ કહ્યું છે તેનું કારણ એમ નથી કે હીનાધિકતા કર્મ અગર પર પદાર્થના કારણે થઈ છે પણ પોતાની પર્યાયની યોગ્યતાથી થઈ છે ત્યારે બીજી ચીજ હોય છે એવું સ્વ-પરનું જ્ઞાન કરાવ્યું છે. વિભાવમાં પર અર્થાત્ નિમિત્તની હાજરી હોય છે.

પદાર્થની વ્યંજન પર્યાય હો કે અર્થપર્યાય હો, તે દરેક પોતાના કારણે હીનાધિકતારૂપ પરિણમે છે. બીજું કોઈ દ્રવ્ય તેની પર્યાયને ફેરવી શકે—એમ બનતું નથી. દરેક પર્યાય તેના દ્રવ્ય અને ત્રિકાળી શક્તિઓને આધારે છે —એમ માને તો દ્રવ્ય, ગુણ, પર્યાયનું સ્વરૂપ બરાબર માન્યું કહેવાય.

દ્રવ્યાત્મક પર્યાયમાં આખા દ્રવ્યની પ્રદેશત્વ તથા બીજા બધા ગુણોની અભેદ પર્યાય સમાઈ જાય છે અને ગુણાત્મક પર્યાયમાં એક એક ગુણ ભેદ કરીને દરેક ગુણની અવસ્થા કહી છે. વસ્તુતાએ દ્રવ્યપર્યાયમાં કોઈ ગુણપર્યાય બાકી રહી જતી નથી અને ગુણપર્યાયો કહેતાં વ્યંજનપર્યાય તથા અર્થપર્યાયોનો પિંડ અભેદ તે જ દ્રવ્યપર્યાય છે. દ્રવ્યપર્યાયમાં અભેદથી સમજાવેલ છે ને ગુણપર્યાયમાં ભેદથી સમજાવેલ છે.

ખરેખર આ રીતે સર્વ પદાર્થોના દ્રવ્ય, ગુણ, પર્યાય સ્વભાવની વ્યવસ્થા સર્વજ્ઞ ભગવાને કહી છે, તે પરિપૂર્ણ છે ને ઉત્તમ છે. દરેક પર્યાય પોતપોતાના દ્રવ્ય અને ગુણના આધારે થાય છે, બીજાને આધારે થતી નથી. બીજી કોઈ વ્યવસ્થા નથી. અજ્ઞાની બીજી રીતે કહેતો હોય તો તે સર્વજ્ઞની વાત નથી પણ મિથ્યાદ્રષ્ટિની વાત સમજવી.

ઘણાય જીવો અવસ્થામાત્રને જુએ છે, તે જીવોને પદાર્થોના યથાર્થ સ્વરૂપથી વિપરીત માન્યતાના કારણે દર્શન મોહની ઉત્પત્તિ થાય છે, તેથી તે જીવ પરસમય છે એટલે કે મિથ્યાદ્રષ્ટિ છે.

ઘણા અજ્ઞાની જીવો પોતાના ત્રિકાળી સ્વરૂપને તથા શક્તિઓને માનતા નથી. પર્યાયમાં જે રાગ થયો અગર મતિજ્ઞાન કે શ્રુતજ્ઞાનરૂપ જે અંશ પ્રગટ થયો અગર જેવો મનુષ્યાદિનો આકાર થયો તેવા ને તેટલા જ આકારવાળો, અંશવાળો કે વિકારવાળો પોતાને માને છે, તે જીવની દ્રષ્ટિ સ્વ ઉપર નથી પણ પર ઉપર જ છે. તે માને છે કે રાગ થયો તે કર્મથી થયો, જ્ઞાન હીણું થયું તે કર્મથી થયું, આકાર થયો તે શરીરથી થયો અથવા નામકર્મથી થયો; તેની દ્રષ્ટિ પર ઉપર જ છે. ગમે તે પર્યાય હો, વ્યંજન કે

અર્થપર્યાય, વિકારી કે અવિકારી—તે પોતામાં પોતાના કારણે થાય છે, પરના કારણે થતી જ નથી.

અજ્ઞાની જીવનું લક્ષ હીનાધિક અવસ્થા ઉપર જાય છે ને તે હીનાધિકતામાં પરદ્રવ્યનું કારણ માને છે, તેથી પરદ્રવ્ય ઉપર જ તેનું લક્ષ જાય છે, પણ હીનાધિકપણું દ્રવ્યગુણ સાથે સંબંધ રાખે છે, તેવું જ્ઞાન તે કરતો નથી.

પરમાણુની પર્યાય તે તે પરમાણુના પોતાના કારણે થાય છે છતાં સંયોગો હતા તો સામા પરમાણુની અવસ્થા થઈ—એમ અજ્ઞાની માને છે પણ તે પરમાણુની અવસ્થા કોની છે, તેનો વિચાર કરતો નથી. એકલા અંશને જ સ્વીકારનાર અંશના આધાર એવા અંશીને સ્વીકારતો નથી, તેથી અંશ પરને લીધે થાય છે, તેમ માને છે. એકલા વર્તમાન અને ભેદ ઉપર જ તેનું લક્ષ છે, તે પરને જુએ છે પણ સ્વને જોતો નથી.

પોતાની પર્યાયને એકને જ જોનાર પોતાના દ્રવ્યગુણને જોતો નથી,

પરની પર્યાયને એકને જ જોનાર પરના દ્રવ્યગુણને જોતો નથી,

અને પોતે છે તો પરની પર્યાય છે, ને પર પદાર્થો છે તો પોતાની પર્યાય છે—એમ માનનાર જીવ પર્યાયમૂઢ છે—અજ્ઞાની છે.

કોઈ અજ્ઞાની જીવ દલીલ કરે છે કે "પર્યાય તો પોતાની છે અને તમો પર્યાયના સ્વીકારનારને મૂઢ કહો છો, તો તમો પર્યાયને માનતા નથી—એમ અમોને લાગે છે. તમારી માન્યતા મુજબ દ્રવ્ય એકલું કૂટસ્થ થઈ જાય છે તો તમારી વાત સાચી લાગતી નથી. પોતાની પર્યાયને માનનારને તમો પરસમય કેમ કહો છો ?" તેનું સમાધાન : ભાઈ ! અમો પર્યાય છે એમ તો માનીએ છીએ અને દ્રવ્ય સર્વથા કૂટસ્થ છે એમ કહેતા નથી પણ પર્યાય પોતાના દ્રવ્યગુણમાંથી આવે છે—એમ અમો કહીએ છીએ. જે જીવ પર્યાય પર ના આધારે થાય છે—એમ માને છે ને પર્યાય જેવડું જ આખું દ્રવ્ય માને છે, જેમાંથી પર્યાયો આવે છે તેવા દ્રવ્યગુણને જે જોતો નથી પણ એકલા અંશને જ જુએ છે તે જીવ પરસમય એટલે મિથ્યાદ્રષ્ટિ છે, કારણ કે તે પર્યાયનું હોવાપણું પરને લઈને જ છે—એમ માને છે. તે જીવની દ્રષ્ટિ પરસન્મુખ છે, સ્વસન્મુખ નથી. તળાવના કાંઠે ઉભેલો મનુષ્ય તળાવને છેડે મોજા આવે છે તે મોજાને જુએ છે પણ મોજા જેમાંથી આવે છે ને જ્યાં સમાય છે એવા તળાવને માનતો નથી, તે આખા તળાવનું સાચું જ્ઞાન કરતો નથી. તેમ આત્મામાં પર્યાયો આવે છે ને જાય છે પણ પર્યાયો જેના આશ્રયે આવે છે ને જેમાં સમાય છે તે દ્રવ્ય-ગુણને માન્યા વગર

એકલી પર્યાયને જ માનનાર મિથ્યાદ્રષ્ટિ છે. તે સ્વદ્રવ્યને જોતો નથી તેમ પરદ્રવ્યને પણ જોતો નથી.

અજ્ઞાની સામા જીવના અવગુણની પર્યાય જોઈને દ્વેષ કરે છે ને કેવળી ભગવાનની કેવળજ્ઞાન પર્યાય જોઈને રાગ કરે છે, તે જીવને ભગવાન તરફ ભક્તિ હોવા છતાં એકલી પર્યાય ઉપર દ્રષ્ટિ છે તેથી તે મિથ્યાદ્રષ્ટિ છે, કારણ તે અજ્ઞાની જીવ કેવળજ્ઞાનની પર્યાય કર્મ હઠ્યા તો થઈ, શુભરાગ હતો તો થઈ અથવા શ્રુતજ્ઞાનરૂપ અંશમાંથી થઈ એમ માને છે, તે તેની અંશદ્રષ્ટિ છે. કેવળજ્ઞાનનો આધાર કર્મનો અભાવ, શુભરાગ કે પૂર્વ પર્યાય નથી પણ અંશી એવો આત્મા જ્ઞાનનો ભંડાર, ત્રિકાળી દ્રવ્ય શક્તિ સ્વરૂપ છે તે છે, તેમાંથી કેવળજ્ઞાનની પર્યાય સમયે સમયે વહે છે તેમ અજ્ઞાની માનતો નથી.

ભગવાન છે માટે મને રાગ થયો ને બીજાએ ગાળ દીધી માટે મને દ્વેષ થયો અને શુભરાગ થયો માટે મને જ્ઞાન થયું—એમ જ્ઞાની માનતા નથી. જ્ઞાનની પર્યાય, રાગની પર્યાય કે દ્વેષની પર્યાયનો આધાર મારા દ્રવ્ય અને ગુણ છે, પર પદાર્થ નથી. ચારિત્ર ગુણમાં અટકીને મારી નબળાઈના કારણે રાગદ્વેષ થાય છે—એમ જે માને છે તેની દ્રષ્ટિ પોતાના દ્રવ્ય તરફ થઈ તેને પરની પર્યાય કે પરના દ્રવ્ય સામે જોવાનું ન રહ્યું. પરની પર્યાય પણ તેના દ્રવ્યને આધારે થાય છે—એમ તે માને છે. આનું નામ દ્રવ્યદ્રષ્ટિ. આમ પોતાનું દ્રવ્ય જે શાંતિ અને જ્ઞાનનો ભંડાર છે તે તરફ જોતાં પોતાની પર્યાયમાં જે અલ્પ રાગદ્વેષ રહે છે, જે અલ્પ રાગદ્વેષ રહ્યા તે લટકતા લૂલા થઈ જાય છે. વિશેષ પુરુષાર્થ વડે પોતાના દ્રવ્યમાં જ વિશેષ સ્થિરતા કરતાં તે વીતરાગતા તથા કેવળજ્ઞાન પામશે.

# પ્રસાદ નં. ૨

## પ્ર.ગા. ૯૩ ભાવાર્થના પ્રવચનમાંથી

(આસો વદ ૦)), ગુરુવાર, સવારે)

આજે ભગવાન મહાવીરનો મોક્ષકલ્યાણક દિવસ છે. મહાવીર ભગવાને દ્રવ્ય-ગુણ-પર્યાયનું જેવું સ્વરૂપ છે તેવું કેવળજ્ઞાનમાં જોએલ હતું તે સ્વરૂપ વાણીમાં પણ એ જ પ્રકારે આવેલ હતું. આજે સવારે મહાવીર ભગવાન સિદ્ધદશારૂપ પરમ માંગલિક દશાને પામ્યા. પરના અભાવ સ્વભાવરૂપ આનંદઘન પરિપૂર્ણ મોક્ષદશા—અશરીરી દશાને આજે ભગવાન પામ્યા. આજે વીર સંવતનું ૨૪૭૭ મું વર્ષ બેઠું.

અનંત આત્માઓ પોતાના સ્વરૂપનું જ્ઞાન ને સ્થિરતા કરીને કેવલ પામ્યા હતા અને સિદ્ધ થયા હતા, થાય છે અને થશે. આ જ એક ધર્મનો રસ્તો છે, બીજો કોઈ નથી.

**ભાવાર્થ :**—પદાર્થ દ્રવ્યસ્વરૂપ છે, દ્રવ્ય અનંતગુણમય છે, ગુણો દ્રવ્યથી જુદા નથી. દરેક આત્મા અને પરમાણુ પદાર્થો છે. દ્રવ્ય ને ગુણથી પર્યાયો થાય છે, બીજાથી થતી નથી. તેમાં અવસ્થાના બે પ્રકારો છે. (૧) દ્રવ્યપર્યાય (૨) ગુણપર્યાય.

તેમાં દ્રવ્યપર્યાયો બે પ્રકારની છે.

(૧) સમાનજાતીય દ્રવ્ય પર્યાય :—અનંત રજકણો ભેગા થયા હોય તે સમાનજાતીય દ્રવ્યપર્યાય છે. તેમાં દરેક પરમાણુની પર્યાય તો જુદે જુદી છે પરંતુ સ્કંધના હિસાબે દ્રવ્યપર્યાય કહી છે.

(૨) અસમાનજાતીય દ્રવ્યપર્યાય :—જેમકે મનુષ્ય. તેમાં આત્મા અને શરીર અસમાનજાતીય દ્રવ્યપર્યાય છે.

ગુણપર્યાયો પણ બે પ્રકારની છે. (૧) સ્વભાવપર્યાય : દરેક પદાર્થમાં ષટ્‌ગુણહાનિ—વૃદ્ધિરૂપ પરિણમન. દ્રષ્ટાંત : સિદ્ધ પર્યાય. (૨) વિભાવપર્યાય : પોતાની વર્તમાન લાયકાત અને કર્મ કે પર પદાર્થ નિમિત્ત. દ્રષ્ટાંત : મતિજ્ઞાન. દરેક પદાર્થ દ્રવ્ય-ગુણ-પર્યાયસ્વરૂપ છે.

આવું જિનેન્દ્ર ભગવાનની વાણીએ દર્શાવેલું સર્વ પદાર્થોનું દ્રવ્ય-ગુણ-પર્યાય સ્વરૂપ જ યથાર્થ છે. ત્રણે કાળના જ્ઞાનીઓએ આમ જ કહ્યું છે.

જે જીવ દ્રવ્ય-ગુણને જાણતો નથી, માત્ર પર્યાયને જ જુએ છે તે જીવ અજ્ઞાની છે. અજ્ઞાની માને છે કે દેવ-ગુરુ-શાસ્ત્રથી સમકિત થાય છે,

પ્રતિમાથી શુભભાવ થાય છે, ભગવાન હતા તો રાગ થયો—તેમ માને છે, પણ પર્યાય દ્રવ્યગુણના આધારે છે, તેમ તે જીવ માનતો નથી.

વળી નામકર્મના ઉદયને લીધે આત્માનો આકાર થયો અને હું છું તો પરની પર્યાય થાય છે—એમ અજ્ઞાની માને છે.

રાગની પર્યાય કે સમકિતની પર્યાય દ્રવ્યગુણના આધારે છે, પર નિમિત્તથી નથી, શુભરાગથી નથી, તેમ જ પૂર્વ પર્યાયમાંથી પર્યાય નથી. પોતાના દ્રવ્યગુણના આધારે પર્યાય છે, પોતે અટકે છે તો રાગ થાય છે—એવું નક્કી કરતાં રાગનો જ્ઞાતા થાય છે ને દ્રવ્યદ્રષ્ટિ થાય છે.

અજ્ઞાની જીવ પરથી કે શુભરાગથી જ્ઞાન થયું માને છે. નિમિત્તની પર્યાય તો તેના દ્રવ્યગુણથી છે, તે પરમાં કામ કરી શકે નહિ. સમજાય છે પર્યાયમાં પણ પર્યાયથી પર્યાય થતી નથી. વળી શુભરાગ તે ચારિત્રગુણની વિકારી પર્યાય છે ને જ્ઞાન તે જ્ઞાનગુણની પર્યાય છે. એક ગુણને લીધે બીજા ગુણની પર્યાય હોઈ શકે નહિ, વળી અજ્ઞાની માને છે કે “કેવળી ભગવાનને લીધે ક્ષાયિક સમકિત થાય છે. પૂજા વખતે હાથની ક્રિયા થઈ તે પ્રતિમાને લીધે થાય છે. પ્રતિમાના લીધે શુભરાગ થયો, શુભરાગ થયો માટે જ્ઞાન થયું, વેપારનો રાગ કર્યો તો પૈસા મળ્યા. સામા જીવે હાથમાં તલવાર લીધી માટે દ્વેષ થયો”—વગેરે કથનો બધાં અજ્ઞાનીનાં છે. દરેક પર્યાય પોતાના દ્રવ્યગુણના આશ્રયે છે તેમ તે માનતો નથી.

પોતાનાં જ્ઞાન અને ધર્મ માટે રાગની જરૂર પડે તો પરાધીનતા ચાલુ રહેશે. પોતાની ધર્મ પર્યાય માટે રાગ સામે જોવું પડશે, રાગ માટે નિમિત્ત સામે જોવું પડશે. આમ થતાં જીવ પરથી કદી ખસી શકશે નહિ ને સ્વ તરફ વળી શકશે નહિ.

વસ્તુ એક છે, ગુણો અનેક પડ્યા પાથર્યા છે. ગુણ એક હોઈ શકે નહિ ને અવસ્થાઓ એક પછી એક, દરેક સમયે થાય છે, માટે દ્રવ્યગુણ જે શક્તિરૂપે છે અને જે પર્યાયનું કારણ છે તે તરફ જીવે લક્ષ આપવું જોઈએ.

કોઈ પ્રશ્ન કરે કે “દ્રવ્યગુણ તો અભવીમાં પણ છે ને ? તેને કેમ ધર્મ થતો નથી?” તેનો ઉત્તર :—પોતાના પારિણામિક સ્વભાવભાવના જ્ઞાન વગર તે હોવા છતાં કાર્યકારી થતાં નથી, મેરૂપર્વત નીચે સોનું ઢગલાબંધ છે તે શું કામનું? તેમ અજ્ઞાની જીવ રાગની પર્યાય જે પ્રગટ છે અને સામા નિમિત્તની પર્યાય જે પ્રગટ છે તેના ઉપર લક્ષ કરે છે પણ અપ્રગટ ત્રિકાળી દ્રવ્ય જે શક્તિનો ભંડાર છે તથા સુખશાંતિથી ભરચક ભર્યો પડ્યો છે તેનું લક્ષ કરતો નથી તો તે શું કામનું ? તેમ બાહ્ય જ્ઞાનનો ઉઘાડ ઘણો હોવા

છતાં અભ્યંતર જ્ઞાનનો ઢગલો પડ્યો છે તેને જે જીવ માનતો નથી તે જીવને ધ્રુવસ્વભાવ હોવા છતાં તેને માટે તે કાર્યકારી થતો નથી. તે પર્યાયમૂઢ જીવ છે, તેને ધર્મ થતો નથી. તે એકલી પર્યાયને માનનારો બાહ્યમાં જૈન હોવા છતાં ક્ષણિકવાદી અગર બૌધમતિ છે.

ભેદજ્ઞાની જીવ યથાર્થ જાણે છે કે પોતાને રાગ થાય છે તે પરથી થતો નથી પણ પોતાની નબળાઈથી થાય છે. વળી એક ગુણની પર્યાયથી બીજા ગુણની પર્યાય થતી નથી. પોતે ચારિત્રગુણમાં અટકે તો પોતાની નબળાઈથી રાગ થાય છે—એમ પોતાનાં દ્રવ્ય-ગુણ-પર્યાય તથા પર નિમિત્ત વગેરેનું યથાર્થ ભેદજ્ઞાન કરે છે. તેવી રીતે સામા જીવોમાં, કેવળી ભગવાનમાં, સાધક જીવોમાં, અજ્ઞાની જીવોમાં, જે જે અવસ્થાઓ થાય છે તેમ જ પરમાણુમાં જુદી જુદી સુંવાળી—કર્કશ, ભારે—હળવી વગેરે અવસ્થાઓ થાય છે તે તે દ્રવ્યોને તથા ગુણોને આધીન છે. પરના વ્યંજનપર્યાયો એટલે આકારો ને બીજી અવસ્થાઓ તેના તેના દ્રવ્ય-ગુણથી થાય છે પણ બીજાના દ્રવ્યગુણથી થતા નથી. એટલે સમ્યગ્જ્ઞાની દ્રવ્ય-ગુણ-પર્યાયનું યથાર્થજ્ઞાન કરે છે ને મિથ્યાદ્રષ્ટિ પોતાનું, પર જીવોનું કે પુદ્‌ગલોના દ્રવ્ય-ગુણ-પર્યાયમાંથી એકેનું સાચું જ્ઞાન કરતો નથી, તેનું સર્વ જ્ઞાન મિથ્યા છે.

સંસારદશામાં રાગની વિચિત્રતા તથા પાપની વિચિત્રતા દેખાય છે. અજ્ઞાની તે વિચિત્રતા કર્મને લઈને થઈ—એમ માને છે તે ભ્રમ છે. પણ હું દ્રવ્ય ગુણનો પિંડ હતો તો અટકીને નબળાઈથી વિકાર થયો તેમ જ્ઞાની માને છે. તેથી સ્વભાવના આશ્રયે તેને સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન થાય છે ને પૂર્ણ થઈને કેવળજ્ઞાન થાય.

આ એક જ ધર્મ અને મોક્ષનો રસ્તો છે. આ કેવળજ્ઞાનનાં નામાં લખાય છે.

સાધકને રાગ કેમ થાય છે ? કર્મને લીધે ? ઉત્તર : ના.

મિથ્યાદ્રષ્ટિ કેમ રખડે છે ? કર્મને લીધે ? ઉત્તર : ના.

નિગોદમાં જીવ અનાદિથી કેમ છે ? કર્મને લીધે ? ઉત્તર : ના.

કેવળી ભગવાનની યોગ વગેરે ગુણોની પર્યાય અધૂરી કેમ છે ? અઘાતી કર્મોને લીધે ? ઉત્તર : ના.

દરેક જીવનો પર્યાય પોતાની લાયકાતથી અધૂરો અગર ઉલટો પરિણમી રહ્યો છે. ‘‘કોઈ જીવને નરકનું આયુષ્ય બંધાયું છે માટે તેને મરણ

વખતે ખરાબભાવ થયા અને ખરાબ ભાવ થયા તો નરકે ગયો.'' આ બધી વાત અજ્ઞાનીની છે.

કોઈ પર્યાય નિમિત્તથી થતી નથી. પૂર્વ પર્યાયમાં સંસ્કાર હતા માટે થઈ—એમ નથી. એક ગુણની પર્યાય ઉઘડે માટે બીજા ગુણની પર્યાય ઉઘડે–એમ નથી. ભવિષ્યમાં નરકમાં જવાના કર્મ બાંધ્યા છે માટે અશુભરાગ થયો છે–એમ નથી અને અશુભરાગ થયો માટે નરકના ક્ષેત્રમાં જવું પડ્યું–એમ પણ નથી. શ્રેણિકરાજાએ તીર્થંકર પ્રકૃતિ બાંધી છે તેથી ભવિષ્યમાં તીર્થંકર થવાના છે–એમ નથી અને તીર્થંકર પ્રકૃતિને લીધે મુક્ત દશાને પામશે–એમ પણ નથી. આવું સાચું જ્ઞાન કરે તો કર્મ, પરપદાર્થો, નિમિત્તો, પૂર્વપર્યાય, ભવિષ્યમાં થનારી પર્યાય એ બધા ઉપરથી લક્ષ ઊઠી જાય ને પોતાનાં દ્રવ્ય ગુણ ઉપર લક્ષ કરે તો શાંતિ ને ધર્મ થાય છે.

નાનો છોકરો કજીયે ચડ્યો હોય, તેને મા–બાપ ઘણું સમજાવે, રમકડાં આપે, ભાગ આપે, પણ તે ઉંકારો મૂકતો નથી. તેમ જ્ઞાની પુરુષો અનાદિના અજ્ઞાનીને ઘણાં પડખાંથી જુદી જુદી રીતે સહેલાઈથી તેના આત્માનું સુખસ્વરૂપ બતાવે છે પણ અજ્ઞાની નિમિત્તદ્રષ્ટિનો–પર્યાયદ્રષ્ટિનો ઉંકારો મૂકતો નથી. માબાપ છોકરાને કહે કે ''ભાઈ ! તને જોતું હતું તે બધું લાવી આપ્યું, હવે તો છાનો રહે.'' એમ કેવળજ્ઞાની પિતા અજ્ઞાનીને કહે છે કે ''હે ભાઈ! તને વસ્તુસ્વરૂપનું જ્ઞાન બધાં પડખેથી યથાર્થ બતાવ્યું તો હવે આજના મોક્ષ કલ્યાણકના દિવસે તો પરાધીન દ્રષ્ટિ ટાળી શાંત રહે ને તારા સ્વરૂપથી રમ અને સુખી થા.''

હવે પૂર્વ ગાથાના કથન સાથે સંબંધવાળી એવી આ જ સ્વસમય–પરસમયની વ્યવસ્થા નક્કી કરીને ઉપસંહાર કરે છે.

## ગાથા—૯૪

શબ્દાર્થ :–જે જીવો પર્યાયમાં લીન છે તેમને પરસમય કહેવામાં આવ્યા છે અને જે જીવો આત્મસ્વભાવમાં સ્થિત છે તે સ્વસમય જાણવા.

કોઈ કહે કે પર્યાય તો પોતાની છે, ને પર્યાયને માનનારને પરસમય (મિથ્યાદ્રષ્ટિ) કેમ કહ્યો ? તો કહે છે કે અજ્ઞાની જીવ માને છે કે ક્ષયોપશમભાવથી ક્ષાયિક થાય છે. તે જીવ પર્યાયમાંથી પર્યાય થાય–એમ માને છે અને એક ગુણની પર્યાયથી બીજા ગુણની પર્યાય થાય છે–એમ માને છે. જ્ઞાનની કે ચારિત્રની કે ગમે તે પર્યાય પોતાના દ્રવ્યગુણના આધારે થાય છે એમ જે માનતો નથી તે એકલી પર્યાયને માનનાર મિથ્યાદ્રષ્ટિ છે.

પ્રશ્ન :-ત્યારે પ્રવચનસાર ગાથા ૯૨ના શ્લોક છઠ્ઠામાં (પાનું ૧૪૦) ''કેવળજ્ઞાનની સિદ્ધિ અર્થે પ્રશમનાં લક્ષે'' એમ કહ્યું છે ને ?

ઉત્તર :–ભાઈ, કેવળજ્ઞાનની પર્યાય પોતાના દ્રવ્ય ને જ્ઞાનગુણના આધારે છે, પણ પ્રશમના આધારે નથી, પ્રશમભાવ હોય છે તે વાત બરાબર છે. પ્રશમ એટલે વીતરાગતા થાય પછી કેવળજ્ઞાન થાય છે પણ કેવળજ્ઞાનનો આધાર ચારિત્રગુણની પર્યાય નથી. ત્યાં તો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ બતાવેલ છે પણ એક પર્યાય બીજી પર્યાયને પરાધીન છે એમ બતાવતું નથી. વીતરાગતા પોતાના ચારિત્રગુણના આધારે અને કેવળજ્ઞાન પોતાના જ્ઞાનગુણના આધારે પ્રગટ થએલ છે. ચારિત્રગુણ અને જ્ઞાનગુણ પોતાના આત્માના આધારે છે એટલે અભેદ અપેક્ષાએ પોતાના દ્રવ્યના આધારે દરેક પર્યાય પ્રગટે છે.

આવી રીતે જે જીવ સાચી સમજણ કરે તે સ્વસમય થાય છે ને ધર્મ પામે છે. કોઈ જીવ આ ગાથામાં આવેલ શબ્દોના બીજી રીતે અર્થો કરે છે કે ''પરસમય'' એટલે અન્યમતિઓ અને ''સ્વસમય'' એટલે (પોતાનો માનેલો) જૈનમત. આ તેમની ભૂલ છે. ભાઈ, જૈન કોઈ વાડો નથી. જે જીવ એકલી પર્યાયમાં મૂઢ છે ને પર્યાય પરથી કે પૂર્વ પર્યાયથી થઈ–એમ માને છે અને દ્રવ્યગુણ જે પર્યાયનો આધાર છે તેને સ્વીકારતો નથી તે જીવ ''જૈન સંપ્રદાયમાં'' હોવા છતાં ''પરસમય'' જ છે અને પોતાની પર્યાય પોતાના દ્રવ્ય ગુણને આધારે છે પણ પરથી નથી–એમ જે જીવ યથાર્થ માને છે તે ''સ્વસમય'' છે.

જ્ઞેય અધિકારમાં પહેલી તથા બીજી ગાથામાં મજબૂત પાયા નાખ્યા છે અને પછી ચણતર એવાં કર્યા છે કે મકાન મજબૂત થાય જ, એટલે જે જીવ પહેલી અને બીજી ગાથાનું રહસ્ય સમજે ને અંતરમાં સમ્યગ્દર્શન જ્ઞાનરૂપી પાયો નાખે તો કેવળજ્ઞાનરૂપી મહેલ તૈયાર થાય જ.

ટીકા :–જે જીવ જીવપુદ્‌ગલાત્મક અસમાનજાતીય દ્રવ્યપર્યાયનો આશ્રય કરે છે તે મિથ્યાદ્રષ્ટિ છે. જે જીવ એકલી પર્યાયને માને છે તે શરીરને પોતાનું માને છે. શરીર અસમાનજાતીય દ્રવ્ય છે, છતાં તેની ક્રિયા જીવથી થઈ–એમ અજ્ઞાની માને છે. પર્યાય એકલીને સ્વીકારનાર જીવ સ્કંધોને જોઈ રાગ કરે છે. ''લાડવાને લીધે રાગ થયો, સ્ત્રીનું શરીર જોયું માટે રાગ થયો''–એમ અજ્ઞાની માને છે. સમાનજાતીય સ્કંધોમાં પણ દરેક પરમાણુની પર્યાય તેના દ્રવ્યગુણને આધારે છે અને પોતાની રાગ પર્યાય પોતાના આધારે છે–એમ તે જોતો નથી, અજ્ઞાની સંયોગોને જ જુએ છે, સ્વભાવને જોતો નથી.

વળી અસમાનજાતીય દ્રવ્યપર્યાયમાં આત્મા ને શરીર બન્ને દ્રવ્યોની પર્યાયો જુદે જુદી છે ને તે તે દ્રવ્યને આધીન છે છતાં ''શરીર હતું તો ધર્મ થયો ને આત્મા હતો તો શરીર ચાલ્યું''–એમ અજ્ઞાની માને છે. જીવ યથાર્થ દ્રષ્ટિ કરે અને દરેક પર્યાય પોતાના દ્રવ્ય ગુણના આધારે છે એમ માને તો રાગનું કારણ પર વસ્તુ ન રહે, સ્વ તરફ જોવાનું રહે ને સ્વ તરફ દ્રષ્ટિ કરતાં રાગનો માત્ર જ્ઞાતા રહે તો સમ્યગ્જ્ઞાન ને ધર્મ થાય અને પછી વધીને વીતરાગ થઈ કેવળજ્ઞાન પ્રગટ કરે.

***

# પ્રસાદ નં. 3

(પ્ર.ગા. ૯૪ના પ્રવચનમાંથી. કા.સુ. ૧, શુક્રવાર, સવારે)

આજે બેસતા વર્ષના દિવસે પરમ કૃપાળુ ગુરુદેવે સવારમાં ૫-૪૫ વાગે દર્શન વખતે અપૂર્વ માંગલિક કહેલ, તે નીચે મુજબ :—

**‘‘પરમપારિણામિક સ્વભાવભાવનો મહિમા કરવો તે જ બેસતું વર્ષ છે. સાદિ અનંત કેવળજ્ઞાનનો પર્યાય તેના જ લક્ષે પ્રગટે છે. વસ્તુ તે ગુણપર્યાયનો પિંડ છે, જ્ઞાન ને સુખની ખાણ છે, તેના સામે દ્રષ્ટિ કરવી તે જ ધર્મ છે—લ્યો આ માંગલિક છે.’’**

ટીકા :–આ જ્ઞેય અધિકાર છે. આને દર્શનવિશુદ્ધિ અધિકાર પણ કહેવાય છે. સમ્યગ્દર્શન થયા પછી વિશેષ નિર્મળતા માટે એટલે કે કેવળજ્ઞાનની સિદ્ધિ માટેનો આ અધિકાર છે. કેવળજ્ઞાન મોટું સુપ્રભાત છે. જ્ઞાનનો આધાર આત્મા છે. જ્ઞાનનો આધાર પર પદાર્થ કે રાગ નથી, એવો નિર્ણય થતાં રાગનો અભાવ થતો જાય છે અને કેવળજ્ઞાનરૂપ પરિપૂર્ણ દશા પ્રગટ થાય છે.

શુદ્ધ સ્વભાવના લક્ષે કેવળજ્ઞાનરૂપી સુપ્રભાત ઊગે તે સાદિ અનંત કાળ ટકે છે, તેને બેસતું વર્ષ કહેવાય છે.

સમયસારની ગાથા ૨ માં ‘‘સ્વસમય’’ની વ્યાખ્યા પહેલી લીટીમાં છે અને ‘‘પરસમય’’ની વ્યાખ્યા બીજી લીટીમાં છે. અહીં પ્રવચનસારમાં આ જ્ઞેય અધિકારની બીજી ગાથામાં ‘‘પરસમય’’નું જ્ઞાન પહેલી લીટીમાં કરાવ્યું છે અને ‘‘સ્વસમય’’નું જ્ઞાન બીજી લીટીમાં કરાવ્યું છે. કારણ અહીં સમ્યગ્દર્શન થયા પછી વિશેષનિર્મળતા થતાં કેવળજ્ઞાન સાબિત કરવું છે. અનાદિના અજ્ઞાનીનો ભાવ બતાવીને એટલે પરસમય બતાવીને સ્વસમય લીધો છે. આત્મા અને શરીર, કર્મ, જડ, અસમાનજાતીય છે તે બધાને એક માની અનાદિનો અજ્ઞાની આત્મસન્મુખ કેમ થતો નથી તેનું પ્રથમ લીટીમાં જ્ઞાન કરાવે છે અને પછી બીજી લીટીમાં સ્વસમયનું જ્ઞાન કરાવ્યું છે.

આત્મા વસ્તુસ્વભાવે પરિપૂર્ણ છે એવા જ્ઞાન, શ્રદ્ધા ને લીનતા દ્રવ્યમાંથી થાય છે. એવી આત્માની જેને અંતરદ્રષ્ટિ નથી તેને શરીર અને પુણ્યની રુચિ છે, તે મિથ્યાદ્રષ્ટિ છે. શરીર જે અસમાનજાતીય છે તેને પોતાનું માને છે, તે બધી-મૂઢતાનું મૂળ છે. પહેલી ગાથામાં કહ્યો તેવો તે જીવ પર્યાયમૂઢ છે.

આત્મા દ્રવ્ય છે, ત્રિકાળી શક્તિનો પિંડ છે. વિસ્તારવિશેષ જ્ઞાન દર્શન અને આયાત વિશેષ એટલે પર્યાય, તેનો પિંડ તે આત્મા છે. દર્શન, જ્ઞાન વગેરેની અવસ્થા દ્રવ્યગુણમાંથી આવે છે. એવા સ્વભાવનો જે જીવ આશ્રય કરતો નથી અને અસમાનજાતીય દ્રવ્યપર્યાયનો આશ્રય કરે છે તે અજ્ઞાની છે. સકળ અવિદ્યાનું તે મૂળ છે.

વસ્તુ ત્રિકાળ છે, શક્તિ અનંત છે ને પર્યાય સમયે સમયે દ્રવ્યમાંથી આવે છે. આવા સ્વભાવની શ્રદ્ધા કરવી તે કેવળજ્ઞાનનું કારણ છે. જે શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા દ્રવ્યના આશ્રયે સમ્યકરૂપે પરિણમ્યા તે આત્મવ્યવહાર છે. પુણ્ય–પાપ કે દેહની ક્રિયા આત્મવ્યવહાર નથી. આ આત્મવ્યવહારથી (સમ્યગ્દર્શન જ્ઞાનચારિત્રથી) કેવળજ્ઞાન પ્રગટ થાય છે એમ કહેવું તે પણ વ્યવહાર છે, કારણ કે પર્યાય તો દ્રવ્યગુણમાંથી આવે છે, પર્યાયમાંથી પર્યાય આવતી નથી.

આવા આત્મસ્વભાવનો આદર ન કરતાં અજ્ઞાની જીવ શરીરનો, નિમિત્તનો, અસમાનજાતીય દ્રવ્યપર્યાયનો આશ્રય લે છે પણ દ્રવ્ય ગુણનો આશ્રય લેતો નથી. પુણ્ય–પાપ જેટલો જે પોતાને માને છે તે આત્માનો અનુભવ કરવાને નપુંસક છે. જડનો આશ્રય તે મનુષ્યવ્યવહાર છે અને તેનું ફળ નિગોદ છે.

જે જીવ પોતાની પર્યાય દ્રવ્યગુણના આશ્રયે માને છે અને પુણ્ય–પાપનો કે પર્યાયના અંશનો અથવા પર નિમિત્તોનો આશ્રય સ્વીકારતો નથી તેને આત્મવ્યવહાર હોય છે, તે આત્મવ્યવહાર કેવળજ્ઞાનનું વ્યવહારે કારણ છે. નિશ્ચયકારણ તો દ્રવ્ય પોતે જ છે.

સાધક જીવને વિકલ્પની અટકતી દશા હોવા છતાં તેના ઉપર તેનું લક્ષ નથી પણ દ્રવ્યગુણ ઉપર જ લક્ષ છે. તે ત્રિકાળ સામાન્યની શ્રદ્ધા કરે છે. મોક્ષદશા ને કેવળજ્ઞાનરૂપ સુપ્રભાત ક્યાંથી વહે છે ? દ્રવ્યગુણની આયત એટલે લંબાઈ થઈ ને કેવળદર્શન ને કેવળજ્ઞાનનો સિદ્ધો અનુભવ કરી રહ્યા છે. સિદ્ધો પર્યાયમાંથી પર્યાયનો અનુભવ કરતા નથી, ત્યાં પણ તેમના દ્રવ્યગુણમાંથી સિદ્ધ પર્યાય આવે છે.

દ્રવ્ય સ્વતંત્ર, ગુણ સ્વતંત્ર, પર્યાય સ્વતંત્ર–એવી શ્રદ્ધા જ્ઞાન ને તેમાં લીનતા તે આત્મવ્યવહાર અને નિશ્ચય મોક્ષમાર્ગ છે. જે જીવ આ વાત સાંભળે નહિ, વિચારે નહિ, તે જીવ શરીર, મન, વાણી પોતાના માની તેમાં વીર્ય વાપરી રહ્યો છે. શાસ્ત્રમાં નિમિત્તથી લખાણ આવે કે 'શુભભાવ વિના ધર્મ થાય નહિ.' એનો યથાર્થ અર્થ ન સમજતાં અજ્ઞાની સંયોગી દ્રષ્ટિવાળો

જીવ પોતાનું બળ તેવા નિમિત્તાધીન ઉંધાભાવમાં વાપરી રહ્યો છે, તે નિગોદ જવાની તૈયારીવાળો છે.

અજ્ઞાની જીવ નિમિત્તને શોધે છે અને જ્ઞાની દ્રવ્યગુણને શોધે છે. કેવળજ્ઞાનરૂપી સુપ્રભાત દશા પ્રગટ કરવી હોય તેણે ત્રિકાળી દ્રવ્યની શ્રદ્ધા કરવી. રાગદ્વેષ પોતાના પર્યાયમાં થાય છે પણ જીવ અટકે છે તો થાય છે માટે રાગને અહીં વ્યવહાર કહ્યો નથી પણ સામાન્યને આશ્રયે જે નિર્મળ પર્યાય પ્રગટે તેને વ્યવહાર કહ્યો છે.

જે જીવ સાચાં શ્રદ્ધા જ્ઞાન કરી, પોતાના દ્રવ્યમાં બળ વાપરી, સિદ્ધ દશા પ્રાપ્ત કરે, તે મોટો પુરુષાર્થી જીવ ને પુરુષોત્તમ છે અને જે જીવ પરમાં બળ વાપરે છે તે નપુંસક છે, નિગોદમાં જવાનો છે, કારણ કે તે જીવ આત્માનો અનાદર કરતા અનંતા જ્ઞાનીનો અનાદર કરે છે ને વીર્ય ઉંધાઈમાં વાપરે છે.

કોઈ પ્રશ્ન કરે કે આચાર્ય ભગવાને આવા કડક શબ્દો કેમ વાપર્યા ? ભાઈ, આચાર્ય ભગવાનને દ્વેષ નથી, પોતાના સ્વભાવની ઉગ્રતા બતાવે છે. બે જ વાત કરી છે. પર્યાયમાં મૂઢ તે પરસમય અને દ્રવ્યગુણમાં લીન તે સ્વસમય. કેવળજ્ઞાનની સિદ્ધિ માટે જ્ઞેય અધિકાર ઉપાડ્યો છે.

આચાર્ય ભગવાન કહે છે કે ભાઈ તું જાગ ! શબ્દના રહસ્યને સમજી લે. <u>શબ્દોને જ્ઞાન નથી કે મારામાં આ ભાવ ભર્યો છે. શબ્દો તરફ થતા શુભરાગને પણ જ્ઞાન નથી કે હું રાગ છું ને આને ધર્મ પમાડું, પર્યાયની તાકાત નથી કે બીજી પર્યાય પ્રગટાવી આપે માટે વાણી, શુભરાગ ને પૂર્વ પર્યાય ઉપરથી લક્ષ ઉઠાવી યથાર્થ ભાવ સમજીને પોતાના ત્રિકાળી સ્વભાવ ઉપર શ્રદ્ધા ને એકાગ્રતા કરવી.</u>

જેમ વીરડામાં ઉપર તો થોડું પાણી દેખાય છે પણ અંદર અખૂટ ભંડાર ભર્યો છે. તેમાંથી સરવાણી દ્વારા પાણી આવ્યા જ કરે છે ને જોઈએ તેટલું પાણી મળી શકે છે. તેમ આત્મામાં જ્ઞાન, દર્શન વગેરેની અધૂરી પર્યાય ઉપર છલ્લી દેખાય છે તેટલો આત્મા નથી, ઉઘાડ જેટલો નથી. આત્માના પૂર્વ પર્યાયમાંથી વર્તમાન પર્યાય આવતી નથી પણ અંદર જ્ઞાન, દર્શન નો માનસ સરોવરકુંડ ભરપૂર ભર્યો છે તેમાંથી પર્યાય આવે છે, આવી સમજણ આઠ વરસના દીકરા દીકરી કરી શકે છે ને ધર્મ પામી શકે છે. આઠ વર્ષના છોકરાઓ કેવળ પામે છે.

વીરડાનું આટલું પાણી પી જઈશ તો વીરડો ખૂટી જશે તે દ્રષ્ટાંતે અજ્ઞાની જીવની નજર પર પદાર્થ, નિમિત્ત અને અંશ ઉપર છે. બહિર્મુખ

દ્રષ્ટિ છે, તેનું બધું બળ તેમાં જ રોકે છે પણ ત્રિકાળ દ્રવ્યગુણ છે તેમાંથી સરવાણી એટલે પર્યાય આવે છે તેની તે શ્રદ્ધા કરતો નથી તે નપુંસક છે.

ચોસઠ પહોરી લીંડી પીપરની તીખાશ પોતાના સ્વભાવમાંથી આવે છે પણ અધૂરી–એક પહોરી–ત્રેસઠ પહોરી તીખાશમાંથી કે પત્થરમાંથી આવતી નથી પણ અજ્ઞાનીને તે શ્રદ્ધા બેસતી નથી. યથોક્ત આત્મસ્વભાવ સકળ વિદ્યાનું મૂળ છે અને યથોક્ત આત્મસ્વભાવનું અજ્ઞાન સકળ અવિદ્યાનું મૂળ છે.

શ્રદ્ધાન, જ્ઞાન, વીર્ય વગેરેની અવસ્થાઓ દરરોજ આવે છે. તે ક્યાંથી આવે છે તેનું અજ્ઞાની જીવને ભાન નથી. તે તો સંયોગ અને નિમિત્તને જુએ છે. પાણીનું મોજું ગયું તેમાંથી નવું મોજું આવતું નથી તેમ પૂર્વ પર્યાયમાંથી વર્તમાન પર્યાય થતી નથી. જ્ઞાની સ્વભાવ જે જ્ઞાનપાણીનો કુંડ છે તેને જુએ છે.

મંગલનો અર્થ :—મંગ = પવિત્રતાને જે+લાતિ=પમાડે તે મંગલ છે, અથવા બીજો અર્થ; મં = શરીર, પુણ્ય, ઉઘાડનો અહંકાર જે+ગાલયતિ=ટાળે છે તે જ ખરૂં મંગલ છે. આ આત્મસ્વભાવ પરિપૂર્ણ છે.

સિદ્ધ ભગવાન અશરીરી છે, તેમને પુણ્યના સંયોગો નથી. દેવ-ગુરુ-શાસ્ત્ર ત્યાં નથી, શરીર નથી, ને પૂર્વ પર્યાય તો વ્યય થઈ ગઈ છે, છતાં જ્ઞાન, દર્શન, વીર્યની પરિપૂર્ણ દશા વહ્યા જ કરે છે, તેમના દ્રવ્યમાંથી પર્યાય વહે છે. સંસારથી સિદ્ધ સુધી પર્યાયનો આધાર દ્રવ્ય છે, પણ અજ્ઞાની જીવ જગતના પદાર્થોમાં વીર્ય ફોરવવાવાળો નવરો બેસતો નથી, પરની વ્યવસ્થા કરવામાં રોકાય છે તેના વીર્યને નપુંસક કહ્યું છે. લૌકિકમાં ગધેડા જેવા મૂર્ખને ‘‘ગધેડો’’ કહે તો ગોઠતું નથી, તો ગધેડા જેવા ભાવ કાઢી નાખવા જોઈએ. અહીં આચાર્ય ભગવાન નપુંસક કહે છે, તેમને દ્વેષ નથી પણ નપુંસક એટલે ‘‘ઉંધા વીર્યના ભાવ કાઢી નાખ’’–એમ આચાર્ય ભગવાનનો કહેવાનો ભાવ છે. જે જીવ પરમાં અને અંશમાં અટકે છે તેને નપુંસક કહો કે ન કહો તોપણ નપુંસક બની નિગોદમાં જવાનો છે અને જે જીવ દ્રવ્યની શ્રદ્ધા કરે છે તેને જગતના અજ્ઞાની જીવો ‘ભગત’ કહી મશ્કરી કરશે તોપણ ધર્મ પામી સિદ્ધ દશાને પામશે.

અજ્ઞાની જીવને બેહદ એકાંતદ્રષ્ટિ ઉછળે છે. તેમાં બેહદનો અર્થ એ છે કે ત્રિકાળી સ્વભાવ સુખ, આનંદનો ભરેલો બેહદ છે તેની તેને ખબર નથી એટલે ઊંધું વીર્ય બેહદ પરમાં અને અંશમાં રોકાએલું છે. એક નિમિત્તથી

બીજા નિમિત્ત ઉપર, એક શુભભાવથી બીજા શુભભાવ ઉપર એકતાબુદ્ધિ કરે છે–એમ અનેક નિમિત્તો ઉપર અંકુશ વિનાની પર્યાયદ્રષ્ટિ છે.

વળી પોતાના દ્રવ્યના આશ્રયે જ ધર્મ થશે પણ નિમિત્ત–પુણ્ય કે પૂર્વ પર્યાયથી ધર્મ થશે નહિ–એમ માનવું તે અનેકાંત છે. પણ નિમિત્ત હોય તો લાભ થાય, પુણ્ય હોય તો ધર્મ થાય, પૂર્વ સંસ્કાર હોય તો લાભ થાય–એવી માન્યતા તે એકાંતદ્રષ્ટિ છે. અનેકાંતમાંથી ધર્મ ને વીતરાગતા સહજ ખીલે છે ને એકાંતમાંથી મિથ્યાદ્રષ્ટિ ઉછળે છે. જ્ઞાતા ધર્મીની શ્રદ્ધા કરી જે પર્યાય ધર્મરૂપે થાય તે સહજ કહેવાય પણ પર અને સંયોગની શ્રદ્ધા કરી જે મિથ્યાત્વ થાય છે તે ઉછળે છે–એમ કહેવાય છે. કારણ કે મિથ્યાત્વ સ્વભાવમાંથી આવતું નથી. તે સ્વભાવભાવ નથી. એક સમય પૂરતો પરને લક્ષે થતો ભાવ છે. વસ્તુમાં ઉછળવાપણું નથી, વસ્તુ તો સહજ છે માટે એકાંતદ્રષ્ટિ ઉછળે છે–એમ કહ્યું છે.

કુંદકુંદાચાર્ય ભગવાને સીમંધર ભગવાનની મંગળીક દિવ્યધ્વનિ સાંભળીને આ પ્રવચનસાર લખેલું છે. તેમાં લખેલા ભાવને સમજી જે જીવ બેસતા વર્ષના મંગળીક સુપ્રભાતે પોતાના બેહદ જ્ઞાન સુખસ્વભાવની શ્રદ્ધા કરશે તે સમકિત પામશે, વિશેષ સ્થિરતા કરી વીતરાગભાવને પ્રગટ કરશે ને કેવળદશાને પ્રાપ્ત કરશે.

***

# પ્રસાદ નં. ૪

(પ્ર.ગા. ૯૪ના પ્રવચનમાંથી. કા.સુ. ૨, શનિવાર, સવારે)

ગાથા ૯૩માં કહ્યું હતું કે પદાર્થ દ્રવ્યસ્વરૂપ છે ને દ્રવ્ય ગુણ પર્યાયનો પિંડ છે. તેનાં દર્શન, જ્ઞાન, ચારિત્ર આદિ ગુણો વિસ્તાર સ્વરૂપ છે. એક સાથે વર્તે છે. અને આયતવિશેષો એટલે પર્યાયો લંબાઈરૂપ છે એટલે એક પછી એક થાય છે. દ્રવ્યગુણમાંથી દ્રવ્યપર્યાય ને ગુણપર્યાયો થાય છે. નિમિત્ત કે પર સંયોગી ચીજ છે તો પર્યાય થાય છે–એ વાત ખોટી છે. ધર્મની પર્યાય કે મિથ્યાત્વની પર્યાય દ્રવ્યગુણમાંથી થાય છે, પરમાંથી થતી નથી.

જે જીવને આ વાત ખ્યાલમાં આવતી નથી તેની દ્રષ્ટિ પરપદાર્થો ઉપર જાય છે ને પરની રુચિમાં સ્વની રુચિ થતી નથી.

જે જીવ પોતાના દ્રવ્યગુણમાંથી પર્યાય આવે છે એમ માનતો નથી તે સમાનજાતીય સ્કંધો અને અસમાનજાતીય દ્રવ્યપર્યાયમાં મારાપણું કરી મિથ્યાત્વ ઉત્પન્ન કરે છે. આ જીવની અપેક્ષાએ બીજા આત્માઓ પણ અસમાનજાતીય દ્રવ્ય છે.

શ્રોત ઇંદ્રિય હોય તો શાસ્ત્ર સાંભળવાનું મળે છે ને તેનાથી જ્ઞાન થાય છે. આવી રીતે અજ્ઞાની ભ્રાંતિ કરે છે, તે સકળ અવિદ્યાનું મૂળ છે. કેવળજ્ઞાનની પર્યાય મતિશ્રુત, અવધિ કે મનઃપર્યયજ્ઞાન કોઈમાંથી આવતી નથી, પુણ્ય પરિણામમાંથી, નિમિત્તો કે સંહનન વગેરેમાંથી આવતી નથી, પણ અજ્ઞાની જીવની નજર સંયોગ ઉપર છે. સોનાના કડાં, વીંટી વગેરે ઘરેણા સોનીના હાથથી, હથોડાથી કે પૂર્વના આકારથી થતા નથી પણ સોનાથી થાય છે–એમ અજ્ઞાની માનતો નથી. આ અવિદ્યાનું મૂળ છે. નિમિત્તાધીન દ્રષ્ટિવાળો અંતરવલણ કરતો નથી. સ્ત્રીને જોઈને રાગ થાય, ઇન્દ્રિય હોય તો સુખ થાય. દેવ-ગુરુ હોય તો જ્ઞાન થાય, ગુરુથી શ્રદ્ધા થાય, શાસ્ત્ર હોય તો ઉઘાડ થાય. દુશ્મનને લીધે દ્વેષ થાય, તલવાર હોય તો મારવાનો ભાવ થાય, પૂંજણી હોય તો દયાનો ભાવ થાય, પ્રતિમા હોય તો શુભભાવ થાય–આવી રીતે ઊંધું જ્ઞાન કરીને અજ્ઞાની સંયોગમાં બળ ધારણ કરે છે.

<u>યથોક્ત દ્રવ્યસામાન્ય શક્તિની રુચિ કરે તો તેમાંથી પર્યાય આવે છે અને તેનો આશ્રય ન કરે તોપણ તેમાંથી આવે છે. અજ્ઞાની માને છે કે</u>

<u>પરમાંથી આવે છે. અજ્ઞાનીને પણ પર્યાય પરમાંથી આવતી નથી, દ્રવ્યમાંથી અટકીને આવે છે.</u>

જે જીવને બેહદ સ્વભાવની શ્રદ્ધા નથી અને નિમિત્તથી કાર્ય થયું એમ માન્યું તેને ત્રણે કાળના ને ત્રણે લોકના નિમિત્તો ઉપરની પરાધીન દ્રષ્ટિ છે, તેથી બેહદ એકાંતદ્રષ્ટિ ઉછળે છે–એમ કહ્યું છે. પરમાં બળ ધારણ કરે છે, તર્ક પણ ઊંધા કરે છે. દ્રવ્યગુણનો અનાદર કરી નવી નવી મિથ્યાત્વની પર્યાય ઉછળે છે. "સંયોગ હોય તો રાગ થાય, સંયોગ હોય તો સ્વભાવ પ્રગટે. બીજા મારી મશ્કરી કરે છે માટે મને હાસ્ય આવે છે. બીજા નિંદા કરે છે તો દ્વેષ થાય છે, પ્રશંસા કરે છે તો રાગ થાય છે, ભગવાનને જોયા તો રાગ થયો, વાણીને લીધે જ્ઞાન થયું"–આવા અજ્ઞાનભાવ કરી અજ્ઞાની પરની હયાતિમાં પોતાનું વીર્ય વાપરી રહ્યો છે.

ગાથા ૯૩ના ત્રીજા પદ **तेहिं पुणो पज्जाया**માં મોટો સિદ્ધાંત છે. બધી પર્યાયનો આધાર પોતપોતાના દ્રવ્ય ને ગુણો છે–એવી માન્યતા કરવાથી બેહદ શાંતિનો અનુભવ થાય. તેના બદલે અજ્ઞાની જીવ પરથી પર્યાય થાય છે એમ માનીને અનંતાનુબંધીના રાગદ્વેષ સહિત બેહદ વીર્ય ઊંધું વાપરે છે, તેને સુખ આવતું નથી.

આ જ્ઞેયો છે તો હું છું, ઇન્દ્રિયો વગેરે છે તો પર્યાય થાય છે–એમ માનનાર "આ હું મનુષ્ય જ છું" એમ માને છે અને હું છું તો વાણી આવવી જ જોઈએ. મારી જ્ઞાનની લાયકાત થાય ત્યારે જ્ઞાની નિમિત્તને આવવું જ પડે–એમ માનનાર "મારું જ આ મનુષ્ય શરીર છે"–એમ માને છે. શબ્દ પડ્યા તો જ્ઞાન ખીલ્યું, પૈસા હોય તો સત્સમાગમની નિવૃત્તિ મળે, દુકાન છે તો રાગ થાય છે. આમ અજ્ઞાની માને છે.

પ્રશ્ન :–નિમિત્ત ને ઉપાદાનમાં એક સમયે કાર્ય થાય છે માટે સમય ભૂલાવે છે ? વાણી પડીને જ્ઞાન થયું, બન્ને એક સમયે છે, માટે અજ્ઞાની ભૂલ કરે છે ?

સમાધાન :–ના, એક સમયમાં પરિણમે છે માટે ભૂલ કરે છે–એ વાત સાચી નથી. એક સમયે છયે દ્રવ્યો પરિણમી રહ્યાં છે. <u>દરેક પદાર્થનો સ્વકાળ તે તે પદાર્થમાં છે. ઉપાદાનનો સ્વકાળ નિમિત્તનો સ્વકાળ કદી થયો નથી.</u>

અજ્ઞાનીની દ્રષ્ટિ સંયોગ ઉપર છે, તેથી તે ભૂલ કરે છે. "એ પદાર્થો છે તો હું છું." એવી માન્યતા છોડીને "હું આખો સ્વ-પર પ્રકાશક જ્ઞાનસ્વભાવી છું ને એ બધાં જ્ઞેયો છે" એવી સાચી રુચિ કરે તો સમાધાન

થાય ને ભૂલ ટળે. સ્વનું યથાર્થ જ્ઞાન થતાં પોતાની પરપ્રકાશક શક્તિ ખીલે છે ને તેમાં રાગ તથા પર એવા નિમિત્તો કેવાં હોય છે તેનું જ્ઞાન થઈ જાય છે.

આ પ્રવચનસારનો જ્ઞેય અધિકાર છે. તેમાં દ્રવ્ય-ગુણ-તથા વિકારી કે અવિકારી પર્યાયનું યથાર્થ જ્ઞાન કરાવે છે. પર પદાર્થોથી વિકાર થતો નથી, પણ પોતાના અપરાધને લઈને થાય છે એવું જ્ઞાન કર્યા પછી સમયસારમાં દ્રષ્ટિના વિષયમાં એમ કહેવાય કે ''રાગ તે તારું ત્રિકાળી સ્વરૂપ નથી, તે ચારિત્રમોહકર્મનું કાર્ય છે.'' પણ તે ક્યારે ? જ્યારે આ પ્રવચનસારમાં જણાવ્યા મુજબનું યથાર્થ જ્ઞાન કરે કે જ્ઞાનની પર્યાય પર નિમિત્તથી, શુભથી કે પૂર્વ પર્યાયથી થતી નથી પણ દ્રવ્યગુણથી થાય છે, એમ કબુલ કરે, દ્રવ્ય, ગુણ, પર્યાય સ્વતંત્ર માને, રાગ સ્વતંત્ર માને, બીજાં નિમિત્તો હોય તેનું જ્ઞાન કરે, વિકારી કે અવિકારી પર્યાય પરથી થતી નથી, સ્વથી થાય છે–એમ માની દ્રવ્ય, ગુણ પર્યાયનો પિંડ તે આત્મા છે–એમ વિકલ્પથી આખું પ્રમાણ જ્ઞાન કર્યા પછી સમયસારમાં દ્રષ્ટિના વિષયમાં વિકલ્પનો અભાવ કરવા ''રાગ તે તારું સ્વરૂપ નથી'' એમ કહેવામાં આવે છે ને ''દ્રવ્ય તરફ એકાકાર થયો તે તું છો.'' ''વિકલ્પોની અનેકતા તે તું નથી.'' ''એક જ્ઞાનસ્વભાવમાં વિકલ્પની અનેકતા નથી'' અને ''વિકલ્પોને લીધે તારો જ્ઞાનસ્વભાવ નથી''–આવી રીતે બન્ને શાસ્ત્રોના કથનોને મેળવી જેમ છે તેમ સમજવા જોઈએ.

મને રાગ થયો માટે પર પદાર્થને આવવું પડે, દ્વેષ થયો તો દુશ્મનને આવવું પડે, જ્ઞાન થવાની મારી યોગ્યતા હોય તો સમયસાર શાસ્ત્રને આવવું પડે, ટ્રેઈનને લીધે પાટાને આવવું પડે, રોટલી થવાની હોય ત્યારે તાવડીને તથા બાઈને આવવું પડે, ભાષા છે તો રાગ થાય છે, મારી રુચિ વધી માટે દેવ-ગુરુને આવવું પડે, લોકાલોક છે તો મારું જ્ઞાન છે, મારા જ્ઞાનની પર્યાય થાય છે તો લોકાલોક છે, છોકરા થયા તો વ્યવસ્થાનો રાગ કરવો પડે'' આવી રીતે અજ્ઞાની જીવ ''હું''પણું ને ''મારા''પણું કરીને બધું બળ સંયોગમાં વાપરે છે, ને તેની નિરર્ગળ એકાંતદ્રષ્ટિ ઉછળે છે અને પોતે ઠગાય છે.

જ્ઞાની પૂછે છે કે <u>''તું જીવતો જીવ છો કે નહિં?'' તું છો તો રાગ ને જ્ઞાન થાય છે, બીજો છે માટે રાગ ને જ્ઞાન નથી.</u> પોતાના દ્રવ્ય ગુણને આધારે પર્યાય પ્રગટ થાય છે એમ માને તો રાગ લુલો થાય, પોતે રાગનો જ્ઞાતા રહે ને નિર્મળ પર્યાય પ્રગટે. જે ચેતના વિલાસ અવિચલિત છે, કોઈ

દિવસ ચળે એવો નથી. પોતાના દ્રવ્યના આધારે પ્રગટતો નિર્મળ પર્યાય એ પોતાનો આત્મવ્યવહાર છે.

શરીર, મન, વાણીનો વ્યવહાર અથવા ધંધા વ્યાપાર તો આત્મવ્યવહાર છે જ નહિં પણ પોતે પરમાં અટકીને કરતો દયા, દાનનો વિકલ્પ અને વ્યવહાર–રત્નત્રય એ પણ આત્મવ્યવહાર નથી. નિર્મળ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની પર્યાય એ જ આત્મવ્યવહાર છે, ને તે પણ વ્યવહાર છે. નિશ્ચય તો જ્ઞાનસ્વભાવસામાન્ય છે. જેણે વીર્ય પરથી ખેસવી પોતા તરફ વાળ્યું ને આત્માની રુચિ કરી તેને આત્માના શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર પ્રગટ્યા વગર રહે જ નહિ.

જે આવા સ્વભાવની શ્રદ્ધા કરતો નથી ને સંયોગી દ્રષ્ટિ કરે છે તે આત્મવ્યવહારથી ચ્યુત થાય છે, અજ્ઞાનીને પહેલાં આત્મવ્યવહાર પ્રગટ્યો હતો ને પછી ચ્યુત થાય છે એવું નથી. સ્વભાવને આશ્રયે આત્મવ્યવહાર પ્રગટવો જોઈએ પણ અજ્ઞાની સ્વભાવનો આશ્રય કરતો નથી તેથી પ્રગટતો નથી–તે કથનને આત્મવ્યવહારથી ચ્યુત થયો એમ કહેવામાં આવે છે. તે જીવ મનુષ્યપણાનો વ્યવહાર કરે છે.

જે અજ્ઞાની જીવ પોતાને પરાધીન માની, પોતાના દ્રવ્યસ્વરૂપનો અનાદર કરે છે, તે અનંતા દ્રવ્યો, સિદ્ધ, અર્હંત અને બીજા જ્ઞાનીઓનો અનાદર કરે છે.

પોતાના સ્વભાવના આશ્રયે ચૈતન્ય વિલાસમાત્ર પ્રગટવો જોઈએ. અહીં વ્યવહાર રત્નત્રયના વિકલ્પ ચેતના વિલાસમાં ન આવે એટલા માટે વિલાસમાત્ર કહ્યો છે.

પોતાના સ્વભાવના આશ્રયે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર ખીલે તેમાં સમ્યગ્જ્ઞાનની પર્યાય સ્વ-પર પ્રકાશક સ્વભાવને લીધે પર એવા રાગ –એટલે વ્યવહાર રત્નત્રયને જાણી લે છે. વ્યવહાર રત્નત્રય તે આત્મવ્યવહાર નથી પણ વ્યવહાર રત્નત્રય–આત્મવ્યવહાર જ્ઞાનની પર્યાયનું જ્ઞેય માત્ર છે, ને રાગ પોતે અટકે છે તો થાય છે પરને લીધે થતો નથી–એમ જાણે છે.

અજ્ઞાની સ્વભાવનો આશ્રય કરતો નથી, તે એકાંતદ્રષ્ટિમાં ઉછળે છે.

આવા જ્ઞાનસ્વભાવની હા પાડીશ તો આત્મવ્યવહાર પ્રગટ થઈ મોક્ષ થશે ને ના પાડીશ તો નિરર્ગળ એકાંતદ્રષ્ટિ તો અનાદિની ઉછળે છે. એમાં કાંઈ નવાઈ નથી. અજ્ઞાની જીવ પરમાં અહંકાર કરીને–સંયોગીદ્રષ્ટિ કરીને

સમસ્ત ક્રિયા કલાપને એટલે નિમિત્તોના ને સંયોગોના સમૂહને છાતીસરસો ભેટે છે.

સંસારમાં ૬૦ વર્ષના બુઢ્ઢાને ૨૦ લાખની મુડી હોય ને છોકરો ન હોય, તેમાં પુણ્યયોગે રૂપાળા છોકરાનો જન્મ થાય તો તે છોકરાને કેવા વ્હાલથી ભેટે છે ને મીઠાં શબ્દો બોલે ''તારે લઈને વંશ રહ્યો'' એમ બોલીને છોકરાને છાતીસરસો ભેટે છે, અથવા પરદેશથી દીકરો લાખ રૂપિયા કમાઈને આવે તો તેનો બાપ તેને ભેટે ને કહે કે ''ભાઈ! તે કૂળને અજવાળ્યું'' એમ જેવી રીતે ભેટીને પ્રેમ કરે છે (આ તો દ્રષ્ટાંત છે, રૂપિયા ને દીકરામાં કાંઈ માલ નથી—તે તો જ્ઞેયમાત્ર છે) તેવી રીતે અજ્ઞાની જીવ જડની ક્રિયા, પુણ્યની ક્રિયા કરી કહી બધા સંયોગો અને નિમિત્તોને ભેટે છે. ''હાશ ઠીક થયું. દેવ, ગુરુનો યોગ મળ્યો''—હાશ, ''પુણ્યકર્મ હતા તો બધું ઠીક થયું''—''મનુષ્યભવ મળ્યો તો ધર્મ થયો''—''પુણ્ય હોય તો ધર્મ થાય'' એમ નિમિત્તો અને સંયોગોનો આશ્રય લે છે. સમસ્ત શબ્દ વાપરેલો છે, તેનો અર્થ એ છે કે ''લોકાલોક છે તો હું છું ને હું છું તો લોકાલોક છે''—એમ અનંતા જ્ઞેયો ને પોતે જુદા હોવા છતાં ''નિમિત્ત હોય તો મને ઠીક પડે'' ''હું હોઉ તો પરમાં કાર્ય થાય'' એમ માની પરને તથા પોતાને માન્યતામાં એક કરી છાતીસરસો ભેટે છે. આ એનો અજ્ઞાનભાવ છે, મિથ્યાભાવ છે, તે જીવ મિથ્યાદ્રષ્ટિ છે.

***

# પ્રસાદ નં. ૫

## પ્રવચનસાર ગાથા ૯૪ના પ્રવચનમાંથી.

(કા.સુ. ૩, રવિવાર)

જ્ઞાન દર્શન તે આત્માનો શુદ્ધસ્વભાવ છે એવો અભિપ્રાય છોડી શરીર ને પુણ્ય મારાં છે ને મારું કર્તવ્ય છે–એમ અજ્ઞાની માને છે. આ જ્ઞેયતત્ત્વ અધિકાર છે. શરીર ને કર્માદિ તો પર જ્ઞેય છે અને આત્મા સ્વજ્ઞેય છે. પોતે પોતાપણે છે ને પર તે પરપણે જાણવાયોગ્ય છે. દ્રવ્ય, ગુણ ને વિકારી કે નિર્વિકારી પર્યાય ત્રણેનો પિંડ તે સ્વજ્ઞેય છે. સ્વજ્ઞેયમાં પોતાના કારણે વિકાર છે એમ દ્રષ્ટિ થતાં પોતે રાગનો જ્ઞાતા થાય છે. પોતામાં ચેતનનો વિલાસ છે તે આત્મતત્ત્વ છે. તેને જાણતાં આત્મવ્યવહાર પ્રગટ થાય છે. પણ અજ્ઞાની જીવ શરીર, મન, વાણીની ક્રિયા જે પરજ્ઞેય છે તેને પોતાના સ્વજ્ઞેયપણે જાણે છે, તેને આત્મવ્યવહાર પ્રગટતો નથી.

બધાં જ્ઞેયોના અસ્તિત્વને સ્વજ્ઞેય સાથે એકપણે કરીને મનુષ્ય વ્યવહાર કરે છે તે ચોરાશીના અવતારમાં રખડવાનો વ્યવહાર છે. મારા દ્રવ્ય, ગુણ, પર્યાય તે સ્વજ્ઞેય છે અને પોતાના દ્રવ્ય ગુણમાંથી સમયે સમયે પરિણતિ વહે છે તે ચૂકીને પરજ્ઞેયોની ક્રિયામાં એકપણું માની અજ્ઞાની ક્રિયાકલાપને ભેટે છે. પરપદાર્થો અનુકૂળ હોય તો રાગ કરે છે ને પ્રતિકૂળ હોય તો દ્વેષ કરે છે. પોતાની પર્યાય પોતામાંથી આવે છે એમ ન માનતાં પરને લઈને તે આવે છે એમ જે માને છે તે અનંતા જ્ઞેયો સાથે એકપણું કરે છે, પોતે સ્વતત્ત્વરૂપે રહેતો નથી.

સિદ્ધ ભગવાનને લીધે સ્મૃતિ થાય છે–એમ માનનાર જીવ સ્મૃતિનું કારણ જ્ઞાનવાન છતો પદાર્થ છે અને તેની સ્મૃતિ તે છતી પર્યાય છે તેને માનતો નથી પણ સ્મૃતિ સિદ્ધથી થઈ–એમ માને છે, તે તેનું અજ્ઞાન છે.

જે જીવ મૂર્તિથી સમકિત થાય છે એમ માને તે મિથ્યાદ્રષ્ટિ છે. સમકિત સ્વદ્રવ્યના આધારે થાય છે અને યથાર્થ જ્ઞાન થતાં સ્વ-પર પ્રકાશક શક્તિના કારણે સ્વને જાણતાં પર એવી મૂર્તિ જણાઈ જાય છે. સમકિત થવા પહેલાં કેવા પ્રકારનો શુભરાગ હતો ને તે વખતે ક્યું નિમિત્ત હતું, તેનું જ્ઞાન કરાવ્યું છે. નિમિત્ત હતું તો સમકિત થયું, એમ નથી.

સ્વજ્ઞેયમાં પરિણતિ થાય છે ત્યારે સ્વનું જ્ઞાન કરતા પરપદાર્થોનું જ્ઞાન કરવાની તાકાત ખીલે છે. કર્મ વગેરેનો ઉપશમ, ક્ષયોપશમ કે ક્ષય જે હોય તેમ તેને જાણે છે, પણ કર્મ મંદ પડ્યા માટે સમકિત થયું, એમ નથી.

વળી સ્વજ્ઞેયનું પ્રથમ જ્ઞાન થાય તે વખતે નિમિત્ત તરીકે જ્ઞાની પુરુષો હોય, એકલી વાણી કે શાસ્ત્ર હોઈ શકે નહિ, તે પણ ખ્યાલમાં આવી જાય છે.

હવે સવળી વાત કરે છે એટલે સ્વસમય કોને કહેવા, તે વાત કહે છે.

ભગવાન આત્મા પર પદાર્થો સાથે ભેળસેળ નહિ એવા દ્રવ્ય-ગુણ તથા વિકારી કે અવિકારી પર્યાયો વડે સુસ્થિત છે. અહીં શ્રદ્ધાની ઊંધી પર્યાય મિથ્યાદર્શન, જ્ઞાનની ઊંધી પર્યાય અજ્ઞાન, આનંદની ઊંધી પર્યાય દુઃખ, વિભાવની ઊંધી પર્યાય વિકારીપણું એ બધી વિકારી કે અવિકારી પર્યાયો વડે સ્થિત છે તેને સ્વભાવ કહ્યો છે, સ્વસ્યભવનો તે સ્વભાવ છે. પોતાના દ્રવ્યગુણપર્યાયથી અભિન્ન ને પર પદાર્થો–અનંતા સિદ્ધો, નિગોદના જીવો, કર્મો વગેરે બધાથી ભિન્ન–એમ પોતાના સ્વભાવને જાણવો તે બધી વિદ્યાનું મૂળ છે.

દ્રવ્ય તે ગુણ પર્યાયનો પિંડ છે ને પર્યાયો દ્રવ્યગુણમાંથી વહે છે તેવા આત્મસ્વભાવનો આદર કરવાને જે સમર્થ છે એટલે જે જીવ સ્વભાવમાં જ વીર્ય ફોરવે છે તેણે પર્યાય તરફનું બળ દૂર કર્યું છે. પરથી જ્ઞાન ને રાગ માનતો તે પર તરફ વલણ હતું તે દૂર થતાં અને રાગ પોતાથી થાય છે એમ નક્કી કરતાં પોતાનાં ત્રિકાળી સ્વભાવ ને ગુણો તરફ દ્રષ્ટિ જાય છે અને રાગનો જ્ઞાતા થાય છે. તેને સમ્યગ્દર્શન પર્યાય ખીલ્યા વગર રહેતી નથી. આવી રીતે સ્વભાવવાનની રુચિવાળો જીવ પોતાના સ્વભાવમાં સ્થિતિ કરે છે. તે જીવોને અનેકાંતદ્રષ્ટિ સહજ ખીલી ગઈ છે ને તેમણે સમસ્ત એકાંતદ્રષ્ટિના પકડ ક્ષીણ કર્યા છે.

અજ્ઞાનદશામાં એકાંતદ્રષ્ટિ ઉછળતી હતી એમ કહેલ. અહીં અનેકાંતદ્રષ્ટિ સહજ ખીલી ગઈ છે, એમ કહ્યું છે. પોતાના સ્વભાવનું પરિણમન સહજ છે માટે સહજ કહ્યું છે.

આત્મા આત્મારૂપે છે પણ બીજા જીવ ને જડ પદાર્થો રૂપે નથી, રાગ કે જ્ઞાન પોતાથી થાય છે પણ પર પદાર્થોથી રાગ કે જ્ઞાન થતું નથી વગેરે દ્રષ્ટાંતોથી પરની સાથેનું અનેકાંત સમજવું. હવે પોતાના દ્રવ્યમાં અનેકાંત નીચે પ્રમાણે સમજવું.

દ્રવ્ય અનંતગુણનો પિંડ છે પણ દ્રવ્ય એક જ ગુણરૂપે નથી. દ્રવ્ય અનંતી પર્યાયોનો પિંડ છે પણ દ્રવ્ય એક જ પર્યાયરૂપે નથી.

એકગુણ એકગુણરૂપે છે પણ એકગુણ તે આખું દ્રવ્ય નથી. એક ગુણ એકગુણરૂપે છે પણ બીજા ગુણરૂપે નથી.

દ્રષ્ટાંત :–જ્ઞાન તે જ્ઞાનરૂપે છે પણ જ્ઞાન તે દર્શનગુણરૂપે નથી, તેવી રીતે દરેક ગુણમાં સમજવું.

એકગુણ તે એકગુણરૂપે છે પણ વર્તમાન પર્યાય જેટલો જ નથી. એક પર્યાય તે એકપર્યાયરૂપે છે પણ એક પર્યાય તે આખું દ્રવ્ય નથી.

એક પર્યાય એક પર્યાયરૂપે છે પણ આખા ગુણરૂપે નથી.

એક ગુણની (દર્શનની) વર્તમાન પર્યાય પોતાપણે છે પણ બીજા ગુણની (ચારિત્રની) વર્તમાન કે ભવિષ્યની પર્યાયરૂપે નથી.

એક ગુણની વર્તમાન પર્યાય પોતાપણે છે પણ તે જ ગુણની પૂર્વ પર્યાયરૂપે નથી.

એક ગુણની વર્તમાન પર્યાય પોતાપણે છે પણ તે જ ગુણની ભવિષ્યની પર્યાયરૂપે નથી.

આવી રીતે દ્રવ્ય, ગુણ, પર્યાયમાં બરાબર સૂક્ષ્મ અનેકાંતદ્રષ્ટિ ખીલી છે. દ્રવ્ય-ગુણ-પર્યાયસ્વરૂપ આખો પદાર્થ તે સ્વજ્ઞેય એકપણે છે ને અંદર પૃથક્ પૃથક્ સ્વભાવે અનેક છે. દ્રવ્યગુણ, પર્યાયને પ્રદેશે એકપણું છે પણ લક્ષણભેદે ભેદ છે.

દ્રવ્ય ને ગુણો ત્રિકાળ છે ને પર્યાય એકસમય પૂરતી છે. દ્રવ્યનું લક્ષણ અનંત ગુણોને ધારણ કરવાનું છે. દરેક ગુણનું લક્ષણ જુદું જુદું છે, જેમ કે જ્ઞાનનું લક્ષણ જાણપણું, સુખનું લક્ષણ અનાકુળતા વગેરે અને પર્યાયનું લક્ષણ ઉત્પાદ-વ્યય છે. સામાન્ય સ્વભાવ આખો અંશમાં નથી ને અંશ તે આખો સ્વભાવ નથી.–આવી સાચી અનેકાંતદ્રષ્ટિ થતાં એકાંતદ્રષ્ટિ ટળી જાય છે.

અજ્ઞાનદશામાં પરને લીધે રાગ ને પરને લીધે જ્ઞાન થતું, એમ માનતો તે પરમાં મિથ્યા એકાંત હતું ને એકલી પર્યાય, ઉઘાડ કે રાગ જેટલો પોતાને માનતો તે સ્વદ્રવ્યમાં એકાંત થતું તે સ્વની યથાર્થ દ્રષ્ટિ થતાં જેમ છે તેમ જાણ્યું. આવી દ્રષ્ટિ થતાં એકાંતદ્રષ્ટિના આગ્રહો છૂટી ગયા તેના દ્રષ્ટાંતો :–

દેવ-ગુરુ-શાસ્ત્ર છે તો મારી જ્ઞાનની પર્યાય ખીલે છે. હું છું તો પરની અવસ્થા થાય છે, સમકિત ખીલે તો ચારિત્ર ખીલવું જોઈએ. શુભભાવ કરે તો સમકિત થાય–આવા બધા આગ્રહો છૂટી ગયા કારણ કે દર્શન, જ્ઞાન, ચારિત્ર ત્રણેના પૃથક્ પૃથક્ સ્વભાવ છે. એક ગુણ જેટલો ખીલે એટલો બીજો ખીલવો જ જોઈએ–એ એકાંતનો આગ્રહ છે. તે આગ્રહ ટળી ગયો છે. કારણ ચારિત્રની પર્યાય ચારિત્રમાંથી આવે છે, દર્શન જ્ઞાનમાંથી આવતી નથી.

નવ પૂર્વનો ઉઘાડ થયો ને સમકિત કેમ થતું નથી ?

એક જીવને ક્ષાયિક સમકિત થયું ને ચારિત્ર કેમ ન ખીલ્યું ?

બીજા જીવને ક્ષયોપશમ સમકિત હતું ને ચારિત્ર કેમ ખીલી ગયું ?

એવા આગ્રહ છૂટી ગયા છે.

વૈરાગ્ય ને કષાય મંદતા હોય માટે તેની સાચી શ્રદ્ધા હોવી જોઈએ અને એક સમકિતી જીવને કદાચ લડાઈના પરિણામ હોય માટે તેનું સમકિત ચાલ્યું જાય ને ક્ષાયિક સમકિતીને આવું જ ચારિત્ર હોય–એવા બધા આગ્રહ છૂટી ગયા છે.

આવી રીતે પર પદાર્થો સાથે એકાંતદ્રષ્ટિ કરતો ને પોતાના સ્વજ્ઞેયમાં અંશ જેટલો માની એકાંતદ્રષ્ટિ કરતો તે બધી એકાંતદ્રષ્ટિ નાશ પામી છે ને પર પદાર્થો સાથે અનેકાંત ને પોતાના દ્રવ્યગુણપર્યાયમાં પણ અનેકાંતદ્રષ્ટિ ખીલી ગઈ છે.

"મનુષ્ય ને દેવ વગેરે ગતિમાં અને તેનાં શરીરોમાં હું છું" અને "તેઓ મારાં છે" ને "મારે લીધે છે"–એવા અહંકાર, મમકાર જ્ઞાનીને ટળી ગયા છે.

જેવી રીતે જુદા જુદા ઓરડામાં લઈ જવામાં આવતો રત્નદીપક એકરૂપ જ છે, તે બિલકુલ ઓરડારૂપે થતો નથી અને ઓરડાની ક્રિયા કરતો નથી, તેવી રીતે જુદાં જુદાં શરીરોમાં પ્રવેશતો આત્મા એકરૂપ જ છે તે બિલકુલ શરીરરૂપ થતો નથી અને શરીરની ક્રિયા કરતો નથી–આમ જ્ઞાની જાણે છે. બીજો દીવો હોય તો પવનથી બુઝાઈ જાય, તેને તેલ વગેરેની જરૂર પડે, હાથમાંથી પડી જાય તો બુઝાઈ જાય પણ રત્નદીવાને બીજા પદાર્થની જરૂર નથી ને બુઝાતો નથી, તેમ આત્મરત્નને પોતાના જ્ઞાનપ્રકાશ માટે શરીર, ઇન્દ્રિયો તથા બીજા જ્ઞેયોની જરૂર પડતી નથી, સ્વજ્ઞેયને જાણતાં પરજ્ઞેયો જણાઈ જાય છે.

અહીં ગતિ વગેરેનો આગ્રહ છૂટી ગયો છે, તેનો ખુલાસો :–

પોતાની પર્યાયમાં થવાની લાયકાત તે ગતિ છે. શરીરની ગતિનો આત્મામાં અભાવ છે. ગતિ તે આત્માની પર્યાય છે, ગતિ નામકર્મ તો નિમિત્ત માત્ર છે, શરીરની ગતિ તો પરજ્ઞેય છે, એટલે શરીરની ગતિનો આગ્રહ, ગતિ નામકર્મનો આગ્રહ તો છૂટી ગયો છે પણ પોતાની પર્યાયમાં થવીની લાયકાતરૂપ નિશ્ચયગતિ જેટલો–અંશ જેટલો પણ હું નથી. ગતિના પરિણામનો આગ્રહ પણ જ્ઞાનીને છૂટી ગયો છે કારણ કે પરિણામ તો પર્યાય છે ને પર્યાય તે આખું દ્રવ્ય નથી. શરીરની ગતિ સાથે હોવા છતાં, તે ગતિ

નામકર્મ ઉદયમાં હોવા છતાં, ને ગતિરૂપના પોતાના પરિણામ હોવા છતાં હું તેટલો નથી. હું અખંડ જ્ઞાનસ્વરૂપ છું એવી દ્રષ્ટિ થઈ, તે અનેકાંતદ્રષ્ટિ છે.

વજ્રર્ષભનારાચ સંહનન થશે તો કેવળજ્ઞાન થશે, તીર્થંકર ગોત્રકર્મ બાંધ્યું હશે તો તીર્થંકર થશે. અત્યારે શુભભાવ હશે તો ભવિષ્યમાં દેવ-ગુરુ-શાસ્ત્રનો લાભ મળશે. ક્ષાયિક સમકિત હશે તો કેવળજ્ઞાન થશે, બીજાં જ્ઞેયો છે તો જ્ઞાન થશે–એમ પર પદાર્થો પ્રકૃતિ, કર્મ, શરીર, શુભરાગ, વર્તમાન પર્યાય, બધાનો આગ્રહ છૂટી ગયો છે. શુભભાવથી મંદિરની પર્યાય થઈ, મંદિરની પર્યાયથી શુભભાવ થશે ને શુભથી આગળ વધાશે–એવી એકાંતદ્રષ્ટિ નાશ થઈ છે. પોતાના વર્તમાન દ્રવ્યગુણ પર્યાયને સ્વજ્ઞેય તરીકે માની રહ્યો છે એમ દ્રવ્ય, ગુણ, પર્યાય સ્વતંત્ર સ્વીકારતાં તેણે ત્રણેમાં અનેકાંત સ્વીકાર્યું છે, તેની દ્રષ્ટિ સાચી થાય છે.

સ્વજ્ઞેયના અસ્તિત્વને ચુકી પર જ્ઞેયમાં સ્વને માને અને સ્વમાં પરને માને તે એકાંતદ્રષ્ટિ છે. તે એકાંતદ્રષ્ટિ જ્ઞાની જીવોને ટળી ગઈ છે. આવા જ્ઞાની જીવ પોતાના આત્માને અનુભવતાં અવિચલિત ચેતના વિલાસમાત્ર આત્મવ્યવહાર અંગીકાર કર્યો છે. દેવ-ગુરુ-શાસ્ત્રની વ્યવહાર શ્રદ્ધા તો ચલિત છે, જ્યારે ચેતનાવિલાસ તો અવિચલિત છે. જે વિલાસ ને આનંદ પ્રગટ થયો તે થયો, કોઈ દિવસ ચલાયમાન થાય નહિ એવો આત્માનો વ્યાપાર પ્રગટ કર્યો છે તે સ્વસમય જ આત્માનું તત્ત્વ છે. આ નવા વર્ષનાં પીરસણાં છે.

અવિચલિત ચેતના વિલાસમાત્ર આત્મવ્યવહાર અંગીકાર કરવો તે નવા વર્ષનાં પીરસણાં છે.

***

# પ્રસાદ નં. ૬

## પ્રવચનસાર ગાથા ૯૪ ના પ્રવચનમાંથી.

(કારતક સુદ ૪, સોમવાર)

જે જીવ પોતાના સ્વજ્ઞેયનો આશ્રય કરે છે તેને સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રરૂપ–આત્મવ્યવહાર પ્રગટ થાય છે. અહીં પ્રવચનસારમાં જ્ઞાનપ્રધાનતાથી સમકિતની વાત કરી છે, ને ચારિત્રની પર્યાય જે સ્વ–જ્ઞેય છે તેનું જ્ઞાન કરાવ્યું છે. વળી અહીં દ્રવ્ય, ગુણ ને વિકારી કે અવિકારી બધી પર્યાયનો પિંડ આખો પદાર્થ તે સ્વ જ્ઞેય છે. જ્યારે સમયસારમાં દર્શન પ્રધાનતાથી કથન કરી સ્વભાવના લક્ષે જે શુદ્ધ પર્યાય પ્રગટે છે અને દ્રવ્યમાં અભેદ થાય તે જીવ છે ને બાકીના વિકલ્પ વગેરે બધા પરિણામો અજીવ છે–એમ કહ્યું છે. આશય એક છે, કથન પદ્ધતિમાં ફેર છે.

અહીં તો જે જીવ સ્વજ્ઞેયનો આશ્રય કરે છે તે સમસ્ત મનુષ્યવ્યવહારનો આશ્રય કરતો નથી. રાગ વગેરે પરથી થાય–એવી ઊંધી માન્યતા ટળી ગઈ છે. શ્રદ્ધા પ્રગટી માટે રાગદ્વેષ ટળશે ને રાગદ્વેષ ટળશે તો કેવળજ્ઞાન ખીલશે, એમ તે માનતો નથી–એવી રીતે પ્રવચનસારમાં વાત છે. જ્યારે સમયસારમાં કહે છે કે ''સમ્યગ્દ્રષ્ટિને બંધ નથી.'' ''સમકિતીના ભોગ નિર્જરાના હેતુ છે.'' ''સમકિત આઠે કર્મોનો નાશ કરે છે'' એમ દ્રષ્ટિપ્રધાન કથનમાં આવે છે પણ અહીં જ્ઞાનપ્રધાન કથનમાં એમ નથી. સમયસારમાં કહેશે કે ''સ્વભાવ તે વસ્તુ છે ને વિકાર તે અવસ્તુ છે.'' પ્રવચનસારમાં ''દ્રવ્ય, ગુણ, વિકારી ને અવિકારી પર્યાય–તે બધું સ્વ જ્ઞેય ને પર આત્મા તથા પદાર્થો તે પરજ્ઞેય છે, તે મારામાં નથી'' એમ કહેવું છે.

સમ્યક્ શ્રદ્ધા થાય માટે ચારિત્ર ખીલે, રાગ ઘટે માટે ચારિત્ર ઉઘડે, સમકિત થયું કે રાગ ઘટ્યો માટે ઉદાસીન દશા છે–એમ નથી. શુભભાવ કરે તો સમકિત થાય, એમ નથી. અહીં દરેક પર્યાય સ્વતંત્ર બતાવવી છે. નિમિત્તથી કે પૂર્વ પર્યાયથી વર્તમાન પર્યાય થતી નથી. **तेहिं पुणो पज्जाया** = તે તે સમયની પર્યાય–વિકારી કે અવિકારી–પોતાના દ્રવ્યગુણના આધારે છે, નિમિત્તથી કે પૂર્વ પર્યાયથી થતી નથી.

જે જીવ અસંકીર્ણ દ્રવ્ય-ગુણ-પર્યાયો વડે સુસ્થિત એવા ભગવાન આત્મ સ્વભાવનો આશ્રય કરે છે, તેને સમકિત પ્રગટ થાય છે. તે જીવ પર સાથે અથવા અંશ સાથે એકત્વબુદ્ધિ કરતો નથી. તેથી તેના રાગદ્વેષ અટકી ગયા છે ને પરમ ઉદાસીનતાને અવલંબે છે. ઉદાસીનતા તો પર્યાય છે. ઉદાસીનતાને અવલંબવાનું હોઈ શકે નહિ પણ એનો અર્થ એમ છે કે પોતાના સ્વભાવનો આશ્રય કરે છે ને રાગદ્વેષ ઉત્પન્ન થતા નથી. તે

ઉદાસીનતા પ્રગટ થઈ છે એટલે પરમ ઉદાસીનતાને અવલંબે છે, એમ કહેવામાં આવ્યું છે.

રાગદ્વેષ અટકી ગયા છે તે જ્ઞાનનું જ્ઞેય છે. ક્ષાયિક સમકિતી જીવને સંસારદશામાં રાગદ્વેષ હોય છે. મારા સ્વભાવનો પૂરો આશ્રય નથી માટે રાગદ્વેષ ઘટતા નથી–એમ તે જાણે છે, પણ કર્મનો ઉદય છે માટે રાગ ઘટતા નથી–એમ તે જાણતા નથી. સમકિત થયું છતાં પણ વીતરાગદશા કેમ પ્રગટ થતી નથી, એવો ખેદ નથી. દરેક ગુણની પર્યાય ગુણી આત્માને આધારે છે. મારે મારા સ્વજ્ઞેયનો આશ્રય ઓછો છે માટે રાગ છે, પૂરો આશ્રય કરું તો વીતરાગ થઈ શકું એમ છું–એમ જ્ઞાની જાણે છે, ને સ્વના આશ્રયે પુરુષાર્થ ઉપાડી વીતરાગ થાય છે, એટલે જ્ઞાની જીવ પર્યાયનો આશ્રય કરતા નથી. સમ્યગ્દર્શન થયું માટે ચારિત્ર ઉઘડી જવું જોઈએ, સમકિત થયું માટે સિદ્ધદશા પ્રગટવી જોઈએ, ચારિત્ર થયું માટે કેવળજ્ઞાન થવું જોઈએ, એમ પર્યાયોનો આશ્રય નહિ કરતા થકા દ્રવ્ય, ગુણ, પર્યાયના પિંડરૂપ પોતાના સ્વભાવનો આશ્રય કરે છે. મારા સ્વજ્ઞેયનો પૂરો આશ્રય નથી માટે વીતરાગતા નથી ને કેવળજ્ઞાન નથી, એમ જ્ઞાની જાણે છે.

શાસ્ત્રમાં લખાણ આવે કે વીતરાગતા કેવળજ્ઞાનનું કારણ છે. પૂર્વ પર્યાયનું જ્ઞાન કરાવવા માટેનું તે કથન છે. વીતરાગતા બારમે ગુણસ્થાને ચારિત્રગુણની નિર્મળ પર્યાય છે ને તેમાંથી કેવળજ્ઞાનની પર્યાય પ્રગટે એવું બને નહિ. કેવળજ્ઞાનની પર્યાય જ્ઞાનગુણમાંથી પ્રગટે છે ને જ્ઞાનગુણનો આધાર આત્મા છે એટલે પોતાના ત્રિકાળી દ્રવ્ય ને ગુણમાંથી કેવળજ્ઞાન પર્યાય પ્રગટે છે પણ પૂર્વ પર્યાયમાંથી અથવા બીજા ગુણની પર્યાયમાંથી પ્રગટતી નથી. કેવળજ્ઞાન રાગી જીવોને કોઈ દિવસે પ્રગટે નહિ પણ વીતરાગીને જ પ્રગટે એમ રાગી જીવોથી ભેદ બતાવવા–વીતરાગતા કેવળજ્ઞાનનું કારણ છે, એમ કથન કરવામાં આવે છે.

જ્ઞાનીને પોતાની પર્યાયમાં ઉણપ હોય તો પોતાના દ્રવ્યનો આશ્રય ઓછો છે માટે તથા નિર્મળતા વિશેષ હોય તો પોતાના દ્રવ્યનો આશ્રય વધારે છે માટે.

શાસ્ત્રમાં લખાણ આવે કે "સમકિતીને ભોગ નિર્જરાનો હેતુ છે" તેનો ખુલાસો :–કોઈ જીવ પર પદાર્થને ભોગવી શકતો નથી. ભોગના ઉપર જ્ઞાનીની નજર નથી. રાગથી નિર્જરા થાય તેમ તે માનતો નથી. સમકિત થયું માટે હળવે હળવે વીતરાગતા થશે, એમ તે માનતો નથી, પણ અસંકીર્ણ દ્રવ્ય, ગુણ, પર્યાય વડે સુસ્થિત ભગવાન આત્માનો આશ્રય કરે છે ને પોતાના જ્ઞાનના સ્વ-પર પ્રકાશક સ્વભાવને કારણે સ્વ ને પર એટલે

રાગ, નિમિત્તો વગેરેને જેમ છે તેમ જાણે છે, રાગનો જ્ઞાતા રહે છે. પોતાના સ્વભાવનો આશ્રય ઓછો છે માટે રાગ છે એમ–યથાર્થ જ્ઞાન કરે છે ને સ્વભાવનો આશ્રય કરે છે તેથી સમસ્ત પરદ્રવ્યની સંગતિ દૂર કરી છે. એનો ખુલાસો :–

પરદ્રવ્ય દૂર કરી શકાતાં નથી, પરદ્રવ્યને દૂર કરવા જાય તો મિથ્યાત્વ ઉત્પન્ન થાય છે. જ્ઞાનીને નબળાઈને લીધે વિકલ્પ ઊઠે છે, પણ પોતાના સ્વભાવનો આશ્રય કરે છે એટલે સમસ્ત પરદ્રવ્ય અર્થાત્ બહારનાં પદાર્થો ને વિકલ્પોની સંગતિ દૂર કરી, એમ કથન કરવામાં આવે છે.

આવી રીતે પોતાના દ્રવ્ય, ગુણ, પર્યાયનો પિંડ તે સ્વદ્રવ્ય સાથે સંગતપણું હોવાથી તે જીવ ખરેખર સ્વસમય થાય છે એટલે પોતામાં વીતરાગી પરિણામ થાય છે, માટે વીતરાગી પરિણમન જ આત્માનું તત્ત્વ છે.

આ જ્ઞેયતત્ત્વ અધિકારમાં એક એક પર્યાયની સ્વતંત્રતા બતાવી છે. એક સમયની કચાશ છે કારણ પોતાના સ્વજ્ઞેયનો આશ્રય ઓછો છે, બીજું કોઈ કારણ નથી. કર્મનો ઉદય છે માટે જીવ સંસારમાં રોકાયો છે, એમ નથી. સમકિત થશે માટે ધીરે ધીરે કેવળજ્ઞાન થશે ને કેવળજ્ઞાન થશે તો ક્રમે ક્રમે સિદ્ધ થશે, એવી પર્યાયને આધારે શુદ્ધિ છે જ નહિ. વ્યંજન પર્યાય કે અર્થ પર્યાય દરેક પોતાના દ્રવ્યના આધારે છે; કચાશ કે વૃદ્ધિ પોતાના દ્રવ્યના આધારે છે.

આવું સ્વતંત્ર એક એક પર્યાયનું પરિણમન છે એવી વાત અન્યમતમાં હોઈ શકે નહિ. તે ઈન્દ્રિયદમન કરે–નગ્નદશા હોય–વૈરાગ્ય હોય પણ આવી વાત સમજ્યા વગર ધર્મ થતો નથી. અન્ય મતવાળાને તો ગૃહીત મિથ્યાત્વ છે. આવી સૂક્ષ્મ વાત જૈન સિવાય બીજે મળે તેમ નથી. અન્ય મત કહે છે કે સમકિત થયું માટે કેવળજ્ઞાન થઈ ગયું, તે વાત ખોટી છે.

અનંતા દ્રવ્યો છે, એક દ્રવ્યના અનંતા ગુણો છે, તેની વિકારી કે અવિકારી પર્યાય છે, તે બધાં જ્ઞેયો છે. એક ગુણ પ્રગટે એટલે બીજો પ્રગટવો જોઈએ, એમ નથી. આત્માનો આકાર પોતાના કારણે છે, શરીરના આકારને લીધે નથી. આમ દરેક પર્યાય સ્વતંત્ર નક્કી કરતાં ને પોતાના દ્રવ્યગુણનો આશ્રય કરતાં–મિથ્યાત્વ ઉત્પન્ન થતું નથી, ને રાગદ્વેષ થતા નથી, તથા સંપૂર્ણ આશ્રય કરતાં સિદ્ધ દશા પ્રગટ થાય છે.

અજ્ઞાની જીવો વીતરાગના નામે તથા શાસ્ત્રના નામે વિપરીત કહે છે તેથી વસ્તુસ્વરૂપ ફરી જતું નથી, વળી વીતરાગે એમ કહ્યું પણ નથી.

મનુષ્ય વ્યવહારનો આશ્રય કરે તેનો સંસાર ટળતો નથી અને સ્વજ્ઞેયનો આશ્રય કરનાર જ્ઞાનીને સંસાર ઉત્પન્ન થતો નથી.

પ્રવચનસાર જ્ઞાન અધિકારની પૂર્ણાહુતિમાં છઠ્ઠા શ્લોકમાં કહ્યું હતું કે જ્ઞેય અધિકાર કેવળજ્ઞાનની સિદ્ધિ અર્થે પ્રશમના લક્ષે કહીશ, જેથી મોહ ઉત્પન્ન થાય નહિ. તેની સાથે ગાથાઓની સંધિ છે.

કરણાનુયોગના શાસ્ત્રોમાં કથન આવે કે કર્મના ઉદયને લીધે જીવને વિકાર થાય છે.

સમયસારમાં કથન આવે કે જ્ઞાનીને ચારિત્રમોહકર્મની બળજોરીથી રાગ થાય છે.

પ્રવચનસારમાં કથન આવે કે પોતાની નબળાઈથી રાગ થાય છે.

તો આવા ત્રણ પ્રકાર હશે ? ત્રણેનો કહેવાનો ભાવ એક જ છે.

## એક હોય ત્રણ કાળમાં પરમાર્થનો પંથ.

કરણાનુયોગમાં કર્મ એક વસ્તુ છે, તે સાબિત કરવી છે. સમયસારમાં રાગ પોતાનું ત્રિકાળી સ્વરૂપ નથી માટે દ્રષ્ટિ અપેક્ષાએ રાગ અજીવનો છે, એમ કહ્યું છે ને પ્રવચનસારમાં રાગ પરથી થતો નથી પણ પોતે અટકે છે તો થાય છે–એમ રાગની પર્યાયને જ્ઞેય તરીકે વર્ણવી જ્ઞાન કરાવ્યું છે. વેપારી બધાનાં ખાતાં ખાતાવહીમાં મેળવે છે તેમ બધાં શાસ્ત્રો જુદી જુદી અપેક્ષા સમજી મેળવવાં જોઈએ. અજ્ઞાની જીવ આ બે ગાથા વાંચી કહે છે કે "પર્યાય પોતાની છે છતાં પર્યાયમૂઢ કહો છો તો તમો વેદાન્તિ થઈ જાઓ છો"–એમ શાસ્ત્રથી વિરુદ્ધ અર્થ કાઢે છે પણ તેમ નથી. પરથી પર્યાય થાય તેને ને પર્યાય જેટલો–અંશ જેટલો પોતાને માને છે, તેને પર્યાયમૂઢ કહ્યો છે.

ભાવાર્થ :–હું મનુષ્ય છું, શરીર હું છું ને મનુષ્ય પર્યાયરૂપ અંશ જેટલો છું. શરીરની ક્રિયા મારાથી થાય છે, હું છું તો છોકરાંને મોટાં કરું છું. હું છું તો સંઘનું રક્ષણ થાય છે. સ્ત્રી, પુત્ર, ધનાદિના ગ્રહણ ત્યાગનો હું સ્વામી છું. સિદ્ધ છે તો રાગ થાય છે, ભગવાન છે તો દિવ્યધ્વનિ છૂટવી જ જોઈએ વગેરે પ્રકારે માનવું તે મનુષ્યવ્યવહાર છે. તે જીવ પર જ્ઞેયોને પોતાનાં માને છે એ મિથ્યાત્વનું વર્તન છે. માત્ર અવિચલિત ચેતના વિલાસ એટલે નિર્મળ પર્યાય તે જ હું છું, એમ માનવું તે–આત્મારૂપ વર્તન છે.

જે જીવો મનુષ્યાદિ અવસ્થામાં લીન છે એટલે અંશને સ્વીકારનારા છે તે જીવો પર્યાય પરને લીધે થાય છે, તેમ માને છે. પોતાની પર્યાય દ્રવ્યમાંથી વહે છે તેમ નહિ સ્વીકારનાર નિગોદથી સિદ્ધો સુધીનાં જીવોને તથા બધા પરમાણુને પોતાનાં માને છે. બધાં જ્ઞેયોને એક જ પ્રકારે

જાણવાનો પોતાનો સ્વભાવ છે તે ચૂકી જઈને અમુક જ્ઞેયોમાં અનુકૂળતા માની રાગ કરે છે ને અમુક જ્ઞેયોમાં પ્રતિકૂળતા માની દ્વેષ કરે છે. આમ જ્ઞેયોમાં બે ભાગલા પાડી મિથ્યાત્વ સહિતના રાગદ્વેષ કરે છે, એકલા અંશને માને છે. એકલો પર પ્રકાશક સ્વભાવ માને છે. પોતાના અંશને જ સ્વીકારનાર સામા પદાર્થના પણ અંશને જ સ્વીકારે છે. સામા પદાર્થના વર્તમાન, વર્તમાન પર્યાયને જ જુએ છે. એક અંશમાં મૂઢ છે તે સ્વને પર બન્નેમાં મૂઢ છે.

જે જીવ અંશી આખો પોતાને માને છે તે સ્વ ને પર બન્નેનો જ્ઞાની છે. સાક્ષાત્ કેવળી ભગવાનથી પણ પોતાને જુદો માને તે ભગવાન થાય છે. આવા ભગવાન આત્મસ્વભાવનો જે આશ્રય કરે છે તે અનેકાંતદ્રષ્ટિવાળો હોવાથી મનુષ્ય વ્યવહારનો આશ્રય કરતો નથી. ‘‘હું છું ને પર પદાર્થો પણ છે’’ પણ ‘‘પર છે માટે હું છું એમ નથી.’’ મારા જ્ઞાનથી હું સ્વ-પરને જાણું છું પણ પર છે માટે તેનું જ્ઞાન થાય છે, એમ નથી. એમ અનેકાંત કરે છે. વળી જ્ઞાન નિમિત્તથી ખીલે, પોતાને જ્ઞાન થવાનું હોય ત્યારે નિમિત્તને હાજર થવું પડે. એકગુણ ખીલે માટે બીજો ખીલવો જોઈએ–એવા મનુષ્ય વ્યવહારનો જ્ઞાની આશ્રય કરતા નથી પણ આત્મવ્યવહારનો આશ્રય કરે છે એટલે પોતાના દ્રવ્યનો આશ્રય કરે છે. પોતાના અંશી સ્વભાવનો આશ્રય કરે છે માટે રાગીદ્વેષી થતા નથી. પરદ્રવ્યના કાર્ય સાથે સંબંધ નહિ કરતાં કેવળ સ્વદ્રવ્ય સાથે જ સંબંધ કરતા હોવાથી તે જીવો ધર્મને પામે છે.

ભાનપૂર્વક સ્વજ્ઞેયને પકડતાં ચારિત્રદશા પ્રગટે છે તેથી રાગદ્વેષ ઉત્પન્ન થતા નથી એટલે પરમ ઉદાસીન રહે છે. અજ્ઞાનદશામાં પરના અંશ–શરીર, પ્રતિમા, બીજા પદાર્થોના વર્તમાન અંશ તરફ દ્રષ્ટિ થતી તે સંબંધ ટળી ગયો છે. પોતાના સ્વદ્રવ્ય સાથે જ સંબંધ રાખે છે તેથી તેઓ સ્વસમય છે.

જ્ઞેય અધિકારની આ બે ગાથામાં મહેલનો પાયો ધરબાણો છે. તેમાંથી પ્રશમના લક્ષે કેવળજ્ઞાનરૂપી મહેલ રચાશે અથવા જે મુમુક્ષુ આ બે ગાથાનો ભાવ યથાર્થ સમજશે તે સમ્યગ્દર્શન પોતામાં પ્રગટ કરશે જ.

***

# પ્રસાદ નં. ૭

## પ્રવચનસાર ગાથા ૯૫ ના પ્રવચનમાંથી.

(કા.સુ. ૫, મંગળવાર)

આત્મા, પુદ્‌ગલ અને બીજાં દ્રવ્યોને કેવી રીતે ઓળખવા તે બતાવે છે. તે જાણ્યા વિના સ્વજ્ઞેય ને પરજ્ઞેયનો વિવેક થાય નહિ. દરેક આત્મા, રજકણ ને બીજાં ચાર દ્રવ્યો તેના લક્ષણદ્વારા ઓળખાય છે.

અન્વયાર્થ :–દરેક આત્મા, પુદ્‌ગલદ્રવ્ય, ધર્મ, અધર્મ, આકાશ ને કાળ પોતાના હોવાપણાના સ્વભાવને છોડ્યા વિના ઉત્પાદ એટલે નવું ઊપજવું, વ્યય એટલે નાશ થવો અને ધ્રુવ એટલે ટકવું–તે સહિત છે, ગુણપર્યાયસહિત છે તેને દ્રવ્ય કહે છે.

ટીકા :–આ જગતને વિષે છ દ્રવ્યો છે. તે પોતના હોવાપણાના સ્વભાવને છોડ્યા વિના ઉત્પાદ, વ્યય, ધ્રુવ–એ ત્રિપુટીથી અને ગુણપર્યાય–એ યુગલથી લક્ષિત થાય છે.

અહીં હોવાપણાના સ્વભાવને છોડ્યા વિના अपरित्यक्तस्वभावेन એ વાક્યમાં ઘણો સિદ્ધાંત છે. અસ્તિત્વ હોય તે પરમાં ભળે નહિ ને હોય તે પરથી આવતું નથી. સ્વભાવ છે તેને છોડ્યા વિના, પરમાં ભળ્યા વિના, પરમાંથી લીધા વિના, પોતામાંથી અંશ છોડ્યા વિના, પોતે પોતાથી છૂટ્યા વિના, સ્વભાવના કટકા કર્યા વિના–આટલા અર્થો 'अपरित्यक्त-स्वभावेन'માંથી નીકળે છે.

એક એક સમયનો ઉત્પાદ, એક એક સમયનો ધ્રુવ, એક એક સમયનો વ્યય, તે પોતાના સત્તાગુણ સાથે સંબંધ રાખે છે, બીજા સાથે સંબંધ રાખતો નથી. પૂર્વ પર્યાયને પ્રાપ્ત વસ્તુ સાથે સમય સમયની સંધિ કરી છે.

૯૩ ને ૯૪ ગાથામાં જે સ્વભાવ લીધો છે તે આ ગાથાનો સ્વભાવ નથી. ૯૪મી ગાથામાં ઉપસંહાર કરી તે વાત ત્યાં પૂરી કરી નાખી છે. હવે આ ગાથા ૯૫માં બીજી રીતે વાત કહી છે. ગાથા ૯૪માં દ્રવ્ય, ગુણ, પર્યાયનો પિંડ તે આત્મસ્વભાવ કહ્યો હતો, તે સ્વભાવની વાત અહીં નથી. અહીં ગાથા ૯૫માં સત્તાગુણ તે આત્માનો સ્વભાવ છે, એમ કહેલ છે. ઉત્પાદ, વ્યય, ધ્રુવ, અસ્તિત્વથી જુદાં નથી. ગુણો ને પર્યાયો પણ અસ્તિત્વથી જુદાં નથી–એમ આ ગાથામાં કહેવું છે.

શરીરની ચાલવારૂપ અવસ્થાનો ઉત્પાદ થયો તેથી શરીર છે, એમ જણાય છે પણ આત્મા સાથે છે, તેમ જણાતું નથી. તે પ્રમાણે પોતાના ધ્રુવ ને વ્યયથી તે દ્રવ્ય લક્ષિત થાય છે. છોકરાંને જ્ઞાન થયું હોય ત્યારે પોતાના હોવાપણાના સ્વભાવને છોડ્યા વિના જ્ઞાનગુણથી છોકરાનો આત્મા લક્ષિત થાય છે પણ માસ્તરનો આત્મા લક્ષિત થતો નથી, તેમ પોતાની પર્યાયથી તે દ્રવ્ય લક્ષિત થાય છે.

દરેક દ્રવ્યને ઓળખવાના બે લક્ષણો કહ્યાં છે (૧) ઉત્પાદ, વ્યય ને ધ્રુવ, (૨) ગુણ ને પર્યાય.

ગુણો ધ્રુવમાં આવી જાય છે ને પર્યાય ઉત્પાદ-વ્યયમાં આવી જાય છે છતાં વિશેષ વિસ્તાર ને સ્પષ્ટતા માટે બે લક્ષણો જુદાં જુદાં કહ્યા છે. સ્વભાવ, ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય, ગુણ ને પર્યય–એમ છ શબ્દો કહ્યાં છે. તેમાં દરેકનો અર્થ સમજાવે છે.

**(૧) દ્રવ્યનો સ્વભાવ** = અસ્તિત્વ સામાન્યરૂપ અન્વય એટલે કે ''છે–છે–છે'' એવો એકરૂપ દ્રવ્યનો સ્વભાવ છે. (અન્વય એટલે સદ્રશભાવ; એકરૂપપણું.)

(અ) **સ્વરૂપ-અસ્તિત્વ** એટલે દરેક પદાર્થનું પોતાના સ્વરૂપનું હોવાપણું તે સ્વરૂપ અસ્તિત્વ છે. દરેક આત્માનું પોતાના ચૈતન્યસ્વરૂપથી અસ્તિત્વ છે, બીજા આત્માનું તેના ચૈતન્યસ્વરૂપથી અસ્તિત્વ છે. દરેક પરમાણુ પોતાના રૂપીપણાના અસ્તિત્વથી છે–એમ દરેક આત્મા ને પરમાણુ વગેરે પોતપોતના સ્વરૂપ–અસ્તિત્વથી જુદે જુદા છે.

(બ) **સાદ્રશ્ય—અસ્તિત્વ** બધા પદાર્થો હોવાપણાની અપેક્ષાએ સાદ્રશ્ય અસ્તિત્વવાળા છે. છે–છે–છે એટલે હોવાપણાની અપેક્ષાએ જીવો, પુદ્‌ગલો તથા બીજાં ચાર દ્રવ્યો સરખાં છે.

**(૨) ઉત્પાદ** :–ઉત્પાદનો અર્થ પ્રગટ થવું, ઉત્પન્ન થવું, પોતાના અસ્તિત્વ સામાન્યરૂપ સ્વભાવને છોડ્યા વગર અવસ્થાનું ઉત્પન્ન થવું તે ઉત્પાદ. તેનાથી તે દ્રવ્ય લક્ષિત થાય છે. એક જીવનું શરીર ચાલે છે ને મૃત્યુ થતાં શરીર ચાલતું નથી તો તે સ્થિર થવાની અવસ્થાનો પ્રાદુર્ભાવ શરીરના દ્રવ્યને લક્ષિત કરે છે પણ આત્માને લક્ષિત કરતો નથી. આત્મા હતો તો શરીર ચાલતું ને આત્મા નથી તો ચાલતું નથી, એ પ્રશ્ન જ રહેતો નથી. એક સમયે કેરી લીલી, બીજા સમયે પીળી, તો પીળાપણાની અવસ્થાનું ઉત્પન્ન થવું તે દ્રવ્યને–કેરીને લક્ષિત કરે છે પણ બીજા સંયોગ -ઘાસ કે જીવને લક્ષિત કરતું નથી. ભગવાનની પ્રતિમા જોઈને શુભભાવ

થયો તેમાં પોતાના અસ્તિત્વ સામાન્યરૂપ સ્વભાવને છોડ્યા વગર શુભભાવનો ઉત્પાદ થવો તે જીવદ્રવ્યને લક્ષિત કરે છે પણ પ્રતિમાને લક્ષિત કરતો નથી.

**<u>(૩) વ્યય :</u>**–વ્યયનો અર્થ ભ્રષ્ટ થવું, નાશ થવું. પોતાના અસ્તિત્વ સામાન્યરૂપ સ્વભાવને છોડ્યા વગર અવસ્થાનો નાશ થવો તે વ્યય લક્ષણથી દ્રવ્ય લક્ષિત થાય છે. કેરીની લીલી પર્યાયનો નાશ થયો તેનું કારણ ? પર કોઈ કારણ નથી. તેના અસ્તિત્વસ્વભાવ સાથે સંબંધ રાખીને વ્યય થાય છે–એટલે કે દ્રવ્યનો સર્વથા નાશ થઈ જતો નથી. તે લીલી પર્યાયનો વ્યય તે કેરીના દ્રવ્યને લક્ષિત કરે છે પણ નિમિત્ત કે સંયોગને લક્ષિત કરતો નથી.

એક સમયે એક પરમાણુ બેગુણ અધિક ચીકણો હોય ને બીજે સમયે તેનો વ્યય થઈ અનંતગુણો ચીકણો થાય. જીવમાં એક સમયમાં શુભભાવનો વ્યય થાય અથવા અશુભભાવનો વ્યય થાય તો તે વ્યય તે જીવને લક્ષિત કરે છે પણ નિમિત્ત–દેવગુરુને કે કુટુંબને લક્ષિત લક્ષિત કરતો નથી. એક પુદ્ગલ ચીકણો બીજે સમયે લુખો–આમ કેમ ? એક જીવ ઘણો શુભભાવ કરે, બીજે સમયે અશુભભાવ કરે–આમ વિચિત્રતા કેમ ? તે પ્રશ્ન જ રહેતો નથી. વ્યય તે દ્રવ્યનું લક્ષણ છે.

**<u>(૪) ધ્રૌવ્ય :</u>**–ટકવું, પોતાના અસ્તિત્વસામાન્યરૂપ સ્વભાવને છોડ્યા વગર ધ્રુવપણે ટકી રહેવું તે ધ્રુવ લક્ષણથી તે દ્રવ્ય લક્ષિત થાય છે. બીજાના અસ્તિત્વથી આ પદાર્થનું ધ્રુવપણું નથી. પરમાણુના ધ્રુવપણાથી પરમાણુ લક્ષિત થાય છે, આત્મા લક્ષિત થતો નથી; તેમ આત્માના ધ્રુવપણે ટકી રહેવાથી આત્મા લક્ષિત થાય છે પણ શરીર લક્ષિત થતું નથી.

હવે વિસ્તાર વિશેષો તે ગુણો છે. જેમ જીવમાં જ્ઞાન, દર્શનાદિ, ગોળમાં ગળપણ, રતાશ વગેરે ગુણો અક્રમે એકીસાથે છે. એકી સમયે બધા ગુણો છે, આઘાપાછા નથી તેમ પર્યાયો ક્રમે ક્રમે હોવા છતાં સંધિ તૂટ્યા વગર સાંકળની જેમ એક પછી એક નિયમિત ક્રમબદ્ધ છે. <u>આ ગુણ–પર્યાયથી તે તે દ્રવ્ય લક્ષિત કરવું છે. એમાં જ જ્ઞાતાદ્રષ્ટાપણું સિદ્ધ થયું.</u> નિયમિત ક્રમબદ્ધ કહો, સમ્યક્ નિયત કહો, ધર્મ કહો–એ બધી એક જ વાત છે.

**ગુણ :**–હવે ગુણો બે પ્રકારના છે : સામાન્ય ને વિશેષ. તેમાંથી સામાન્ય ગુણોનું વર્ણન.

**૧. અસ્તિત્વ :**–પોતાના અસ્તિત્વ સ્વભાવને છોડ્યા વિના અસ્તિત્વ ગુણથી દ્રવ્ય લક્ષિત થાય છે. આ ગુણ છએ દ્રવ્યોમાં છે.

બીજાં શાસ્ત્રોમાં લખાણ આવે કે ચેતનાથી આત્મા લક્ષિત થાય છે ને રૂપીપણાથી પુદ્‌ગલ લક્ષિત થાય છે, જ્યારે અહીં દરેક ગુણ ને દરેક પર્યાયથી દ્રવ્ય લક્ષિત થાય છે–એમ બતાવવું છે, માટે અપેક્ષાઓ બરાબર સમજવી.

**૨. નાસ્તિત્વ :**–પોતાના સ્વભાવને છોડ્યા વિના નાસ્તિત્વગુણથી દરેક દ્રવ્ય લક્ષિત થાય છે. આ ગુણ છએ દ્રવ્યોમાં છે. પરના અભાવસ્વરૂપ દરેક દ્રવ્ય છે. સામું દ્રવ્ય પણ તેના અસ્તિત્વ સ્વભાવને છોડ્યા વિના તેના નાસ્તિત્વગુણથી જણાય છે. પરના નાસ્તિત્વગુણથી પર પદાર્થ જણાય છે ને પોતાના નાસ્તિત્વગુણથી પોતે જણાય છે.

**૩. એકત્વ :**–પોતાના અસ્તિત્વ સ્વભાવને છોડ્યા વિના એકત્વગુણથી દરેક દ્રવ્ય લક્ષિત થાય છે. આ ગુણ છએ દ્રવ્યોમાં છે. સમયસારમાં ૪૭ શક્તિમાં આ શક્તિ આવે છે. દરેક દ્રવ્ય પોતાનાં દ્રવ્ય-ગુણ-પર્યાયથી એકત્વસ્વરૂપ છે.

અહીં જે બધા ગુણો કહ્યા છે તે પરિણમનસ્વરૂપ છે, એકલા ધર્મ નથી. ગુણો ધર્મ હોઈ શકે પણ ધર્મો ગુણો ન હોઈ શકે. અહીં બધા ગુણ પરિણમનસ્વરૂપ છે તેની વાત છે.

**૪. અન્યત્વ :**–પોતાના અસ્તિત્વ સ્વભાવને છોડ્યા વિના અન્યત્વગુણથી દરેક દ્રવ્ય લક્ષિત થાય છે. આ ગુણ છએ દ્રવ્યોમાં છે. આ આત્મા બીજા આત્મા ને બીજાં દ્રવ્યોથી ત્રિકાળ અનેરો છે. અનેરાપણાથી તે તે પદાર્થ ઓળખાય છે.

ગુણોમાં અસ્તિત્વ સાથે નાસ્તિત્વ, એકત્વ સાથે અન્યત્વ–એવી રીતે બધામાં લીધેલ છે, તે સમજી લેવું.

**૫. દ્રવ્યત્વ :**–પોતાના અસ્તિત્વ સ્વભાવને છોડ્યા વિના દ્રવ્યત્વ ગુણથી દરેક પદાર્થ લક્ષિત થાય છે. આ ગુણ છએ દ્રવ્યોમાં છે. દ્રવ્યત્વ ગુણના કારણે દરેક પદાર્થ દ્રવી રહ્યો છે.

**૬. પર્યાયત્વ :**–પોતાના અસ્તિત્વ સ્વભાવને છોડ્યા વિના પર્યાયત્વ ગુણથી દરેક દ્રવ્ય લક્ષિત થાય છે. આ ગુણ છએ દ્રવ્યોમાં છે. પર્યાયત્વ ગુણના કારણે દરેક દ્રવ્ય પરિણમે છે. દ્રવ્યત્વમાં સામાન્ય દ્રવવું એવો ભાવ છે, ને પર્યાયત્વમાં વિશેષથી–પર્યાયની મુખ્યતાથી દ્રવવું એવો અર્થ થાય છે.

**૭. સર્વગતત્વ** :–પોતાના અસ્તિત્વ સ્વભાવને છોડ્યા વિના સર્વગતત્વ ગુણથી દરેક જીવદ્રવ્ય, ધર્મદ્રવ્ય, અધર્મદ્રવ્ય ને આકાશદ્રવ્ય લક્ષિત થાય છે. સર્વગતત્વ એટલે ક્ષેત્રે ઘણું વ્યાપકપણું હોવું તેવો અર્થ છે. આ ચાર દ્રવ્યોને મોટું ક્ષેત્ર છે.

અહીં જે સામાન્યગુણો કહ્યા છે તેનો અર્થ એમ નથી કે તે છએ દ્રવ્યોમાં હોવા જોઈએ પણ ઘણા દ્રવ્યોમાં હોય એટલે સામાન્ય–એમ એનો અર્થ સમજવો.

**૮. અસર્વગતત્વ** :–પોતાના અસ્તિત્વ સ્વભાવને છોડ્યા વગર અસર્વગતત્વ ગુણથી દરેક પરમાણુ ને કાલાણુ લક્ષિત થાય છે. અસર્વગતત્વનો અર્થ = ક્ષેત્રે નાનો-નાના ક્ષેત્રમાં વ્યાપક છે. (નાના ક્ષેત્રમાં વ્યાપકપણાથી કાળ ને પરમાણુ લક્ષિત થાય છે ને મોટા ક્ષેત્રમાં વ્યાપકપણાથી જીવ, ધર્મ, અધર્મ ને આકાશ લક્ષિત થાય છે.)

**૯. સપ્રદેશત્વ** :–પોતાના અસ્તિત્વ સ્વભાવને છોડ્યા વિના સપ્રદેશત્વ ગુણથી જીવ ધર્મ, અધર્મ, આકાશ લક્ષિત થાય છે. જીવ, ધર્મ ને અધર્મદ્રવ્ય અસંખ્યપ્રદેશી છે ને આકાશ અનંતપ્રદેશી છે.

**૧૦. અપ્રદેશત્વ** :–પોતાના અસ્તિત્વ સ્વભાવને છોડ્યા વિના અપ્રદેશત્વગુણથી કાળ ને પરમાણુ લક્ષિત થાય છે. કાળ ને પરમાણુ એક એક પ્રદેશી છે.

કાળ નામનું દ્રવ્ય સાબિત થાય છે. કેટલાક જીવો કાળદ્રવ્ય માનતા નથી તો તેમની વાત ખોટી છે. અપ્રદેશત્વ ને અસર્વગતત્વથી કાલાણુ લક્ષિત થાય છે.

**૧૧. મૂર્તત્વ** :–પોતાના અસ્તિત્વ સ્વભાવને છોડ્યા વિના મૂર્તત્વ ગુણથી અનંતા પુદ્‌ગલદ્રવ્યો લક્ષિત થાય છે. મૂર્તત્વ = રૂપીપણું–સ્પર્શ, રસ, ગંધ, વર્ણ. પુદ્‌ગલ, દ્રવ્ય જાતિ અપેક્ષાએ એક છે પણ સંખ્યા અપેક્ષાએ અનંત છે અને તે બધામાં મૂર્તત્વગુણ છે એ અપેક્ષાએ મૂર્તત્વને સામાન્ય ગુણ કહ્યો છે.

**૧૨. અમૂર્તત્વ** :–પોતાના અસ્તિત્વ સ્વભાવને છોડ્યા વિના અમૂર્તત્વગુણથી જીવ, ધર્મ, અધર્મ, આકાશ ને કાળ દ્રવ્યો લક્ષિત થાય છે.

અમૂર્તત્વ = અરૂપીપણું, જીવ વગેરેમાં સ્પર્શ, રસ, ગંધ, વર્ણ છે જ નહિ.

***

# પ્રસાદ નં. ૮

## પ્રવચનસાર ગાથા ૯૫ ના પ્રવચનમાંથી.

(કા.સુ. ૬, બુધવાર)

આત્મા દેહથી જુદો છે. આત્મા ને જડ પોતાનાં લક્ષણદ્વારા ઓળખાય છે. આત્મા ને જડની ઓળખાણ કરે અને સ્વની શ્રદ્ધા કરે તો અંતર અનુભવ થાય. વસ્તુ હોય તેનો નાશ થાય નહિ. પોતાના અસ્તિત્વ સ્વભાવને છોડ્યા વિના ઉત્પાદ, વ્યય ને ધ્રુવ એ ત્રણથી અને ગુણ પર્યાયથી દ્રવ્ય લક્ષિત થાય છે. ગુણોની વાત ચાલે છે. તેમાં અમૂર્તત્વ ગુણની વાત કહેવાઈ ગઈ છે.

“પોતાના અસ્તિત્વ સ્વભાવને છોડ્યા વગર” એમ દરેક ગુણમાં સમજી લેવું.

**૧૩. સક્રિયત્વ :–**આ ગુણથી જીવ ને પુદ્‌ગલ દ્રવ્ય લક્ષિત થાય છે. સક્રિયત્વ = ક્ષેત્રાંતર થવું–એક જગ્યાએથી બીજી જગ્યાએ જવું. આત્મા પોતાના સક્રિયત્વ ગુણ દ્વારા અને શરીર પોતાના સક્રિયત્વ ગુણ દ્વારા લક્ષિત થાય છે. આત્માને લીધે શરીર ચાલતું નથી અને શરીરને લીધે આત્મા ચાલતો નથી. બન્નેના ગુણ જુદા જુદા છે. પુસ્તક ચાલે છે તે તેના સક્રિયત્વ ગુણથી ઓળખાય છે પણ હાથથી ઓળખાતું નથી તથા હાથ પોતાના સક્રિયત્વ ગુણથી ઓળખાય છે.

પ્રશ્ન :–એકે બીજાને ધક્કો માર્યો દેખાય છે ને ?

ઉત્તર :–દરેક વસ્તુ પોતપોતાના કારણે ક્ષેત્રાંતર કરે છે.

નિગોદના એક શરીરમાં અનંતા જીવો છે, તે બધા એક સાથે ગતિ કરે છે. દરેક આત્મા પોતાના સક્રિયત્વ ગુણને કારણે ગતિ કરે છે; બીજો કરે છે માટે નહિ. દરેકના સક્રિયત્વ ગુણદ્વારા દરેક જીવ જુદો જુદો ઓળખાય છે.

**૧૪. અક્રિયત્વ :—**આ ગુણથી ધર્મ, અધર્મ, આકાશ ને કાળ લક્ષિત થાય છે. અક્રિયત્વ = સ્થિર રહેવું. ચારે દ્રવ્યો અનાદિ અનંત જ્યાં છે ત્યાં જ પડ્યા પાથર્યા છે. દરેકના અક્રિયત્વ ગુણદ્વારા દરેક દ્રવ્ય જુદું જુદું લક્ષિત થાય છે.

**૧૫. ચેતનત્વ :—**આ ગુણથી દરેક આત્મા લક્ષિત થાય છે. બધા જીવોમાં રહેલો છે એ અપેક્ષાએ અહીં સામાન્ય કહ્યો છે. ચેતનત્વ = જ્ઞાનદર્શનપણું જીવમાં જ છે, જડ પદાર્થોમાં નથી. વળી દરેક જીવનું ચેતનત્વ જુદે જુદું છે. એકના જાણવાપણાના ગુણથી તે જીવ ઓળખાય છે

પણ બીજો જીવ ઓળખાતો નથી. શિષ્યના ચેતનગુણથી શિષ્ય લક્ષિત થાય છે પણ ગુરુ લક્ષિત થતા નથી. ગુરુ ગુરુના ચેતનત્વથી લક્ષિત થાય છે.

**૧૬. અચેતનત્વ :**—આ ગુણથી જડ દ્રવ્યો લક્ષિત થાય છે. આ ગુણ પુદ્‌ગલ, ધર્મ, અધર્મ, આકાશ ને કાળમાં છે. અચેતનત્વ એટલે જ્ઞાનનું નહિ હોવાપણું, જડપણું શાસ્ત્ર, મૂર્તિ, શરીર, ઇન્દ્રિય બધાં અચેતન છે, તેનામાં જ્ઞાન નથી.

**૧૭. કર્તૃત્વ :**—આ ગુણથી છએ દ્રવ્યો લક્ષિત થાય છે. એક પદાર્થનો કર્તા બીજો કોઈ પદાર્થ નથી. દરેક પદાર્થ સ્વયંસિદ્ધ છે. પદાર્થ ન હોય તો બધું શૂન્ય થઈ જાય પણ વસ્તુસ્વરૂપ તેમ નથી. અને પદાર્થ છે એમ કહેતાં, તેનો કર્તા કોઈ હોઈ શકે નહિ. જીવ ને પુદ્‌ગલ કે પુદ્‌ગલો ને પુદ્‌ગલો ભેગાં થઈને કાર્ય કરતાં જ નથી. દરેક પોતાના કર્તૃત્વ ગુણથી પોતામાં કાર્ય કરી રહ્યો છે.

**૧૮. અકર્તૃત્વ :**—આ ગુણથી છએ દ્રવ્યો લક્ષિત થાય છે. પરદ્રવ્યનું નહીં કરવાના ગુણથી દરેક દ્રવ્ય ઓળખાય છે. શરીરનું નહીં કરવાના ગુણથી આત્મા ઓળખાય છે. બીજો જીવ બચ્યો તેથી દયા કરનાર ઓળખાતો નથી, પણ સામા જીવનું નહીં કરવાના ગુણથી તે ઓળખાય છે; અસીલના અકર્તા વડે વકીલ ઓળખાય છે; શરીરનું કાંઈ ન કરી શકે એવા અકર્તૃત્વથી આત્મા ઓળખાય છે; પરના અકર્તા વડે જીવ ઓળખાય, પરના કર્તા વડે ન ઓળખાય; સ્વના કર્તા વડે જીવ ઓળખાય, સ્વના અકર્તા વડે ન ઓળખાય.—આમ અનેકાંત છે.

**૧૯. ભોક્તૃત્વ :**—આ ગુણથી છએ દ્રવ્યો લક્ષિત થાય છે. દરેક દ્રવ્યમાં પોતાની પર્યાયને ભોગવવાનો ગુણ છે. જીવે રોટલા ખાધા ને વૈભવ ભોગવ્યા-એમ કહે છે. પણ તે જુઠ્ઠું છે કારણ કે રોટલાના ભોક્તૃત્વ ગુણથી રોટલા તથા જડ પદાર્થો ઓળખાય છે પણ જીવ ઓળખાતો નથી, અને વિકારી ભાવ જે અજ્ઞાની ભોગવે છે તે ભાવથી તે જીવ ઓળખાય છે.

આ ગાથામાં અભેદ દ્રવ્યમાં ભેદ પાડી લક્ષણથી સમજાવ્યા છે.

ઉત્પાદ વ્યય તે પર્યાય છે ને તેનાથી દ્રવ્ય લક્ષિત થાય છે.

ધ્રુવ તે ગુણ છે ને તેનાથી દ્રવ્ય લક્ષિત થાય છે.

એમ છ લક્ષણો–અસ્તિત્વસ્વભાવ, ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય, ગુણ ને પર્યાયથી દરેક દ્રવ્ય લક્ષ્ય થાય છે.

બીજાં શાસ્ત્રોમાં ચેતનાલક્ષણથી અથવા ઉપયોગના બાર ભેદથી આત્મા બતાવે છે. અહીં આ ગાથામાં ઉપરોક્ત છ લક્ષણોદ્વારા આત્મા

બતાવવો છે. **अपरित्यक्तस्वभावेन** = પોતાના અસ્તિત્વ સ્વભાવનો ભેદ કર્યા વિના (તોડ્યા વગર, કટકા કર્યા વિના) ઉપરનાં બધાં લક્ષણોથી દરેક દ્રવ્ય સાબિત થાય છે.

બધાં જ્ઞેયોને જાણનારું જ્ઞાન છે. આ પર્યાય ને આ ગુણોથી આ દ્રવ્ય છે. બીજાના ગુણ ને બીજાની પર્યાયથી બીજું દ્રવ્ય છે. એક બીજામાં એક બીજાને ભેળસેળ કર્યા વિના અનંતા જ્ઞેયોને જ્ઞાન જાણે છે, બધાંને પૃથક્ પૃથક્ જાણે છે.

કોઈ પ્રશ્ન કરે કે <u>આટલું બધું જાણવા જાય તો વિકલ્પના ઢગલા થઈ જાય તો ?</u>

સમાધાન :–ભાઈ ! તું જ્ઞાનના સ્વભાવને સમજ્યો નથી. <u>અનંત પદાર્થોને અનંતા ગુણો તથા પર્યાયો સહિત એક સમયમાં જાણી લેવાની તાકાત જ્ઞાનના એક સમયની પર્યાયમાં છે.</u>

જ્ઞાન અધિકારના ઉપસંહારમાં કહ્યું હતું કે ''પ્રશમના લક્ષે કેવળજ્ઞાનની પ્રાપ્તિ અર્થે જ્ઞેય અધિકાર કહીશ.'' <u>રાગના અભાવના લક્ષે આટલો વિસ્તાર જાણે તો રાગ વધે નહિ પણ રાગ ઘટતો જાય, વીતરાગતા થતી જાય ને જ્ઞાન વધતું જાય.</u>

**૨૦. અભોક્તૃત્વ :—**આ ગુણથી છએ દ્રવ્યો લક્ષિત થયા છે. એક પણ દ્રવ્ય બીજા દ્રવ્યને ભોગવી શકતું નથી. લાડવા વગેરે ખાદ્ય પદાર્થોને ન ભોગવવાના ગુણથી જીવ ઓળખાય છે.

**૨૧. અગુરુલઘુત્વ :—**પોતાના અસ્તિત્વ સ્વભાવને છોડ્યા વગર અગુરુલઘુત્વગુણથી છએ દ્રવ્યો લક્ષિત થાય છે. દરેક દ્રવ્યો બીજારૂપ નહીં પરિણમવાના ગુણથી ઓળખાય છ. શરીરરૂપે નહીં પરિણમવાના ગુણથી આત્મા ઓળખાય છે.

આ સામાન્યગુણોનું વર્ણન થયું. હવે વિશેષ ગુણોનું વર્ણન :–

<u>''પોતાના અસ્તિત્વસ્વભાવને છોડ્યા વગર''</u> એમ દરેક ગુણમાં સમજી લેવું.

**1. અવગાહહેતુત્વ :—**આ ગુણથી આકાશદ્રવ્ય લક્ષિત થાય છે. અસાધારણ અવગાહગુણ એટલે કે બધાને એકી સાથે અવગાહ આપે એવો ગુણ માત્ર આકાશમાં છે. બીજામાં નથી.

**2. ગતિનિમિત્તતા :—**આ ગુણથી ધર્મદ્રવ્ય લક્ષિત થાય છે. ગતિમાન પદાર્થોને–જીવોને અને પુદ્‌ગલોને-ગતિમાં નિમિત્ત ધર્મદ્રવ્ય છે.

**3. સ્થિતિકારણત્વ :—**આ ગુણથી અધર્મદ્રવ્ય લક્ષિત થાય છે. ગતિમાન પદાર્થોને–જીવોને અને પુદ્‌ગલોને–પોતાના કારણે સ્થિર થવામાં અધર્મદ્રવ્ય નિમિત્ત છે.

**4. વર્તનાયતનત્વ :—**આ ગુણથી કાળાણું લક્ષિત થાય છે. બીજા પદાર્થોને વર્તવામાં આયતન–સ્થાન છે, તેથી કાળદ્રવ્ય નક્કી થાય છે. કેટલાય જીવો કાળને ઔપચારિક દ્રવ્ય માને છે, તે વાત ખોટી છે.

**5. રૂપાદિમત્વ :—**સ્પર્શ, રસ, ગંધ ને વર્ણથી પુદ્‌ગલ દ્રવ્ય લક્ષિત થાય છે. જેમ કે લાકડું, પત્થર વગેરે, પણ વર્ણ વગેરેથી જીવ નક્કી થતો નથી.

**6. ચેતનત્વ :—**આ ગુણથી જીવદ્રવ્ય લક્ષિત થાય છે ને દરેકના ચેતનત્વથી દરેક ચેતનદ્રવ્ય જુદું જુદું લક્ષિત થાય છે.

આ પ્રમાણે સામાન્ય ને વિશેષ ગુણો દ્વારા દ્રવ્ય લક્ષિત થાય છે.

**(૬) પર્યાયો :—**આયત વિશેષો એટલે લંબાઈ, એક પછી એક થતી અવસ્થાઓ. **૯૩મી** ગાથાની ટીકામાં કહી હતી તે પ્રમાણે તે ચાર પ્રકારની છે. (૧) સમાનજાતીય દ્રવ્યપર્યાય (૨) અસમાનજાતીય દ્રવ્યપર્યાય (૩) સ્વભાવ ગુણપર્યાય (૪) વિભાવ ગુણપર્યાય. તે દરેક પર્યાયથી તે તે દ્રવ્ય લક્ષિત થાય છે.

**૧. સમાનજાતીય દ્રવ્યપર્યાય.** બે અથવા વધારે પરમાણુ સમાન છે એમ કહેતાં જ તે ભેગાં સાબિત થતાં નથી. પરમાણુઓને સમાનજાતપણે જાણ્યાં છે પણ એકપણે જાણ્યાં નથી. માટે આ પર્યાયથી પરમાણુએ પરમાણુ જુદું જુદું દ્રવ્ય છે, એમ લક્ષિત થાય છે.

**૨. અસમાનજાતીય દ્રવ્યપર્યાય** કહેતાં આત્મા અને શરીર અસમાન છે એટલે બન્ને જુદાં છે, એમ લક્ષિત થાય છે.

**૩. સ્વભાવગુણપર્યાય.** પોતપોતાના અગુરુલઘુગુણની પર્યાયથી દરેક દ્રવ્ય જણાય છે.

**૪. વિભાવગુણપર્યાય.** મતિજ્ઞાનાદિની પર્યાયથી આત્મા લક્ષિત થાય છે ને કાળી, ધોળી વગેરે વિભાવ પર્યાયથી પુદ્‌ગલ લક્ષિત થાય છે. રાગથી જીવ ઓળખી શકાય છે. રાગ તે લક્ષણ ને જીવ લક્ષ્ય, એમ અહીં કહેવું છે. જીવની વ્યંજનપર્યાયથી જીવ ઓળખી શકાય છે ને પુદ્‌ગલની વ્યંજન–પર્યાયથી પુદ્‌ગલ ઓળખી શકાય છે.

દરેક દ્રવ્ય તે લક્ષ્ય છે ને ઉત્પાદ-વ્યય-ધ્રુવ લક્ષણ છે.

દરેક દ્રવ્ય તે લક્ષ્ય છે ને ગુણ–પર્યાય તે લક્ષણ છે.

-પોતાના અસ્તિત્વ સ્વભાવ સાથે સંબંધ રાખે છે.

જડની ક્રિયાથી જડ ઓળખાય છે ને ભક્તિના ભાવથી આત્મા ઓળખાય છે–એમ ભેદ પાડતાં રાગનો જ્ઞાતા થાય છે. હિંસાના ભાવ થાય તો પોતે વિચાર કરે કે હિંસાનો ભાવ કોનો ? પોતાની વિભાવપર્યાય હિંસા પોતાના દ્રવ્યગુણના આશ્રયે થાય છે, પર મારા ઉપર દ્વેષ કે ગુસ્સો કરે છે માટે નહિ. આમ જાણતાં હિંસાની મંદતા થાય છે. દ્રવ્ય ગુણને જાણે છે, સ્વજ્ઞેયને પરજ્ઞેયથી છૂટાં પાડે છે. પોતાના દ્રવ્યગુણ તો શુદ્ધ છે, એમ જ્ઞાન કરતાં રાગનો સ્વામી થતો નથી, રાગનો જ્ઞાતા રહે છે, તેથી ધર્મ થાય છે.

રાગ થતાં રાગ કોનો ? જીવનો. જીવ કેવો ? ત્રિકાળી શુદ્ધ. ગુણ કેવા? ત્રિકાળી શુદ્ધ. આવી રીતે સ્વજ્ઞેયનું જ્ઞાન કરતાં જ્ઞાન વધે છે, ને રાગની પર્યાયનો નાશ થાય છે.

જેવી રીતે મલિન અવસ્થાવાળું વસ્ત્ર ધોવામાં આવતાં નિર્મળ અવસ્થારૂપે ઊપજતાં તે ઉત્પાદથી વસ્ત્ર લક્ષિત થાય છે. ઉજળાપણાના ઉત્પાદથી લૂગડું નક્કી થાય છે પણ ઉજળાપણાવડે સાબુ, પત્થર, લાકડું કે હાથ નક્કી થતાં નથી. વસ્ત્ર પોતાના અસ્તિત્વસ્વભાવને છોડ્યા વિના ઉજળું થયું છે.

પ્રશ્ન :–ધોયા વિના કોઈ વસ્ત્ર પડ્યું પડ્યું ઉજળું તો થતું નથી ને ?

ઉત્તર :–દરેક વસ્ત્ર પોતાની મેળે જ ઉજળું થાય છે. કારણ ઉજળાપણાના ઉત્પાદ સાથે વસ્ત્રને સ્વરૂપભેદ નથી. વસ્ત્ર પોતે જ તે રૂપે–ઉજળારૂપે પરિણમેલ છે.

આ દ્રષ્ટાંત પ્રમાણે જેણે પૂર્વ અવસ્થા પ્રાપ્ત કરેલી છે એવું દ્રવ્ય પણ કે જે ઉચિત બહિરંગ સાધનોની હાજરીમાં અનેક પ્રકારની–ઘણી અવસ્થાઓ કરે છે. દરેક દ્રવ્યની અવસ્થાઓ નવી નવી પોતાના કારણે થાય છે ને દ્રવ્ય તે રૂપ પરિણમે છે ત્યારે તે તે પ્રકારના ઉચિત નિમિત્તની હાજરી માત્ર હોય છે. નિમિત્તો આવે એવી અવસ્થા થાય તો કોઈ મેળ રહેશે નહિ. પૂર્વ અવસ્થાનો પણ મેળ રહેશે નહિ. પૂર્વની અવસ્થાને પ્રાપ્ત કરેલ દ્રવ્ય પોતે જ પોતાના કારણે ઉત્પાદ સ્વરૂપે પરિણમે છે. વિધવિધ પ્રકારની અવસ્થા થાય ત્યારે ઉચિત નિમિત્તની હાજરી હોય. પોતે અધ્યાત્મ શાસ્ત્રના સ્વાધ્યાયના શુભભાવ કરે ત્યારે સમયસાર વગેરે અધ્યાત્મ શાસ્ત્ર–ઉચિત નિમિત્ત હોય પણ કથાનુયોગના શાસ્ત્રો–પદ્મપુરાણાદિ–તે વખતે નિમિત્ત ન હોય.

અહીં તો જે જે ઉત્પાદ થાય છે તે ઉત્પાદથી તે તે દ્રવ્ય લક્ષિત થાય છે, એમ કહેવું છે. **એક સમયના ઉત્પાદથી, એક સમયના વ્યયથી, એક સમયના ધ્રુવથી દ્રવ્ય સાબિત કરવું છે.** અહીં અનાદિના વિકારથી કે વ્યયથી કે ત્રિકાળી ધ્રુવથી દ્રવ્ય સાબિત કરવું નથી. એક એક વર્તમાન પર્યાય સ્વતંત્ર સાબિત કરવી છે ને તેથી દ્રવ્ય લક્ષિત કરવું છે.

તત્ત્વાર્થસૂત્રમાં–ઉપયોગરૂપ પર્યાયથી જીવને લક્ષિત કર્યો છે.

દ્રવ્યાનુયોગમાં–ત્રિકાળી એકરૂપ રહેનારા ઉપયોગથી જીવને લક્ષિત કર્યો છે.

પ્રવચનસારમાં–અસ્તિત્વ સ્વભાવ, ઉત્પાદ, વ્યય, ધ્રુવ, ગુણ, પર્યાય એ છ જુદાં જુદાં લક્ષણો કહી એક એક લક્ષણથી જીવને લક્ષિત કરે છે. માટે જ્યાં જેમ છે તેમ સમજવું જોઈએ.

***

# પ્રસાદ નં. ૯

## પ્રવચનસાર ગાથા ૯૫ ના પ્રવચનમાંથી.

(કા.સુ. ૭, ગુરુવાર)

"જેણે પૂર્વ અવસ્થા પ્રાપ્ત કરેલી છે એવું દ્રવ્ય પણ–કે જે ઉચિત બહિરંગ સાધનોની નિકટતાના સદ્ભાવમાં અનેક પ્રકારની ઘણી અવસ્થાઓ કરે છે તે અંતરંગ સાધનભૂત સ્વરૂપ કર્તાના અને સ્વરૂપ કરણના સામર્થ્યરૂપ સ્વભાવ વડે થાય છે."

પૂર્વ અવસ્થાને પ્રાપ્ત કરી હતી તેનો વ્યય કરી ઉત્તર (નવી) અવસ્થાને દરેક દ્રવ્ય સમયે સમયે પ્રાપ્ત કર્યા કરે છે. તે કેવી રીતે ? કે વર્તમાન સમયમાં અંતરંગ સાધનભૂત સ્વરૂપ કર્તાના અને સ્વરૂપ કરણના સામર્થ્યરૂપ (યોગ્યતારૂપ) સ્વભાવ દ્વારા નવી નવી અવસ્થા પ્રાપ્ત કર્યા કરે છે. દરેક આત્માનો એવો અભેદ સ્વભાવ અને પરથી જુદાપણાનો સ્વભાવ હોવાથી તેને કોઈ રાગ, નિમિત્તાદિની રાહ જોઈ અટકવું પડતું નથી–એવો ત્રિકાળ નિયમ છે. ઉચિત નિમિત્ત ભલે હોય, તે પણ તેના કારણે તેની યોગ્યતારૂપ સ્વરૂપકર્તા અને સ્વરૂપકરણના સામર્થ્યદ્વારા તેની પૂર્વ અવસ્થા પલટાવી નવી અવસ્થાને પ્રાપ્ત કરે છે ને તે અવસ્થા તેના દ્રવ્યથી અભેદ હોવાથી (જુદી નહિ હોવાથી) તે દ્રવ્યને જણાવે છે, તેણે બીજા દ્રવ્યમાં કાંઈ કર્યું એવો સંબંધ તે બતાવતું નથી–એવો અનેકાંત સ્વભાવ દરેક વસ્તુનો છે.

પરમાણુ લાલ અવસ્થા પલટી લીલી અવસ્થારૂપ થયું અથવા તેમાં ક્ષેત્રાંતર વગેરે બીજી અવસ્થા થઈ તે તેના સ્વતંત્ર સ્વરૂપકર્તા અને સ્વરૂપકરણના સામર્થ્યરૂપ સ્વભાવથી થઈ છે. અહીં ત્રિકાળીની વાત નથી પણ વર્તમાન એક સમયની સ્વતંત્ર પર્યાયની વાત છે. જે પર્યાય ઉત્પાદરૂપ છે તે તેના દ્રવ્યને જણાવે છે, બીજા કોઈ સાથે સંબંધ જણાવતી નથી.

આખા દ્રવ્યમાં અનંતગુણો તથા તેની ત્રણકાળની પર્યાય–વિકારી કે અવિકારી બધી આવી જાય છે.

દરેક દ્રવ્યમાં તથા તેના અનંત ગુણોમાં તેની પોતાની યોગ્યતા વડે પૂર્વ અવસ્થાનું પલટવું ને નવી અવસ્થાનું થવું છે. તેમાં સ્વરૂપકર્તા અને સ્વરૂપકરણરૂપ સ્વભાવ તેની સાથે સંબંધ રાખીને અભેદ છે. બીજાથી ત્રિકાળ જુદાઈ છે–એવું સ્વરૂપ દરેક દ્રવ્યનું છે, તેથી તેના કાર્યમાં કોઈ બીજા દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવનું સામર્થ્ય નથી. બીજાને પ્રાપ્ત થવાનું;

બીજાના ઉત્પાદ-વ્યય પ્રાપ્ત કરવા–કરાવવાનું સામર્થ્ય કોઈ અન્ય દ્રવ્ય ધરાવતું નથી પણ દરેક ઉત્પાદરૂપ અંશ પોતપોતાના આધારભૂત અંશીને જણાવે છે એટલે સ્વદ્રવ્યને સ્વથી અભિન્ન અને પરથી ભિન્નપણે બતાવે છે— એવું અનેકાંત છે ને તે વસ્તુની સ્વતંત્રતા જીવતી રાખે છે.

પર્યાયમાત્રને જોનાર પર્યાયમૂઢની વાત પહેલાં કહી, અહીં આત્મા વગેરે સર્વ પદાર્થનું દ્રવ્ય-ગુણ-પર્યાયથી અભેદસ્વરૂપ તથા કર્તા–કરણરૂપ સ્વતંત્રપણું બતાવે છે. રાગનો અંશ પણ ચેતન દ્રવ્યની સ્વતંત્ર સત્તા બતાવે છે કેમ કે વર્તમાન અંશ વડે ત્રિકાળી–અંશી–(દ્રવ્ય) લક્ષિત થાય છે.

રાગાદિ અથવા જ્ઞાનાદિ અવસ્થા વડે આત્મા જણાય છે પણ તેનાથી કોઈમાં કાંઈ ફેરફાર થાય, એમ જણાતું નથી. કેમ કે વર્તમાન પર્યાયનો સંબંધ ત્રિકાળી દ્રવ્ય-ગુણ સાથે છે ને તે પરથી ભેદ એટલે જુદાઈ બતાવે છે. આવી અનેકાંતદ્રષ્ટિ થતાં પર્યાયબુદ્ધિની મૂઢતા ટળી સ્વતંત્ર સ્વભાવમાં એકતાબુદ્ધિ થાય છે અને તેના જોરે રાગરહિત નિર્મળતા ઉત્પન્ન થાય છે.

રાગને જોતાં સંયોગ લક્ષમાં આવે, એમ અહીં નથી કહેવું. રાગનો અંશ છે તે કોણે પૂર્વ અવસ્થા પલટીને ઉત્તર (નવી) અવસ્થા ધારણ કરી ? તો કે જીવદ્રવ્યે; એમ અહીં બતાવવું છે. સ્વતંત્ર દ્રવ્ય ઉપર લક્ષ જતાં કોઈ પરના કર્તા–કરણનો સંબંધ ભાસતો નથી.

અસ્તિત્વ, ઉત્પાદ-વ્યય-ધ્રુવ, ગુણ–પર્યાય એ બધા વડે તે તે દ્રવ્ય જણાય છે પણ પરનો સંબંધ જણાતો નથી. રાગને જાણતા આ રાગ આવ્યો ક્યાંથી ? કે વીતરાગતાનો વિરોધ કરીને. નવો નવો થાય છે તે અંશ તો પલટતો છે પણ તે દ્વારા નહિ પલટાતો એવો નિત્ય અંશી આત્મપદાર્થ છે– એમ જાણી શકાય છે.

પ્રશ્ન :–બહાર નજર ન કરવી ? ઉત્તર :–નજર કોની છે ? આત્માની છે. નજર કરનારે જ્ઞાનનો આધાર જે આત્મા છે તેને જ મુખ્ય રાખી પ્રશમના લક્ષે જ્ઞેયોને જાણતાં દરેક દ્રવ્ય તેના ગુણ–પર્યાયો વડે લક્ષિત થાય છે–તેમ જણાય છે. વસ્તુના વર્તમાન ઉત્પાદની સાથે સ્વરૂપ ભેદ નથી. વસ્તુ સ્વરૂપ જ એવું છે.

દ્રવ્યની વર્તમાન યોગ્યતાથી જે કાંઈ ઉત્પાદરૂપ અવસ્થા થાય છે તે નિમિત્તથી નહિ, પૂર્વ પર્યાયથી નહિ, પૂર્વ પર્યાયની હયાતિથી નહિ; પણ સ્વતંત્ર અહેતુકસ્વભાવ સામર્થ્યથી થાય છે.

૧. જે વર્તમાન પર્યાય થઈ તે પૂર્વ પર્યાયના અભાવથી જ થાય છે પણ તેના સદ્‌ભાવથી નહિ. તે અસ્તિ નાસ્તિરૂપ અનેકાંત.

૨. કોઈ નિમિત્તથી થઈ નથી પણ સ્વથી થઈ છે, તે અસ્તિ નાસ્તિરૂપ અનેકાંત.

૩. તે ઉત્પાદ-વ્યય તેના સ્વરૂપથી અભેદ છે, જુદા નથી એ અનેકાંત.

૪. એ ઉત્પાદ અંશ પોતાના ગુણ તથા દ્રવ્યને બતાવે છે પણ બીજાને બતાવતા નથી.

**આવું અનેકાંત તે જિનશાસન છે ને કેવળજ્ઞાનનું બીજ છે.**

રાગ, પુણ્ય, દેવાદિ તથા દેહાદિ નિમિત્ત વડે વીતરાગ થવાતું નથી, એ છે તો આત્મા છે એમ નથી. જ્ઞાન આત્માના આધારે છે તેમ જાણી પૂર્ણ વીતરાગતાના લક્ષે સ્વ-પર જ્ઞેયોને જાણતાં ગુણ–પર્યાય દ્વારા તે જ દ્રવ્ય જણાય છે ને તેમાં રાગની ઉત્પત્તિ ન થતાં નિર્મળતા જ ઉત્પન્ન થાય છે. અહીં જ્ઞાનપ્રધાન કથન છે.

અહો ! સમયે સમયે પર્યાય સ્વતંત્રપણે પલટે છે. સમય સમયનો નિમિત્ત–નૈમિત્તિક સંબંધ તો પકડાતો નથી. નિમિત્ત તથા પૂર્વ પર્યાયના અભાવથી નવી નવી ઉત્પાદ પર્યાય તેના સ્વરૂપ કર્તા–કરણના સામર્થ્યથી ઉપજી તે દ્રવ્યને બતાવે છે. તેમાં કોઈને આધીનનો પ્રશ્ન જ નથી. આ સમયે આમ પર્યાય હતી ને બીજા સમયે આમ કેમ ? એવા વિકલ્પનો તેમાં અવકાશ નથી કેમ કે સ્વરૂપથી જ તેવું છે. તે બીજાને આધારે નથી. આમ માનવું તેનું નામ સમ્યક્ત્વ છે.

પ્રશ્ન–જીવતા જીવની આંગળી ચાલે છે પણ મડદાંની આંગળી કેમ ચાલતી નથી ?

ઉત્તર :–તે તે સમયનું પરિણમન સ્વતંત્ર છે, સ્વરૂપથી જ એવું છે.

"દ્રવ્યમાં સામર્થ્ય–યોગ્યતા છે પણ નિમિત્ત આવે તેવું કાર્ય થાય" તે વાત મિથ્યા છે. કેમ કે પૂર્વ અવસ્થાનો વ્યય અને નવી નો ઉત્પાદ તેના કર્તા–કરણના સામર્થ્ય સાથે જ સંબંધ ધરાવે છે. એવું જ જ્ઞેય છે ને એમ જાણવાનો જ્ઞાનનો સ્વભાવ છે.

પ્રશ્ન :–નિમિત્ત ન હોય તો રાહ જોવી પડેને ?

ઉત્તર :–જે સમયની યોગ્યતા તે તે સમયનું કર્તા–કરણ અંતરંગ સાધન છે. બીજા સમયમાં બીજું નવું અંતરંગ સાધન છે. નિમિત્ત તો તેના પોતાના કારણે તેના અંતરંગ સાધનથી પરિણમી રહ્યું છે. અહીં કાર્ય થાય તો તેને નિમિત્ત કહેવાય. સહુ સહુના કારણે છે. રાહ જોવી પડતી નથી. નિરંતર, સમયે સમયે, ક્રમબદ્ધ, નિયમિત, વર્તમાન અવસ્થા, સ્વરૂપકર્તા–

કરણ દ્વારા દ્રવ્યને જ બતાવે છે ને વસ્તુસ્વરૂપ જ એવું છે, બીજી રીતે હોઈ શકે નહિ, એ ત્રિકાળી નિયમ છે.

રાગાદિ કોઈ પણ અંશને જાણતાં સ્વલક્ષે આખું દ્રવ્ય જાણે તો જ્ઞેયને જાણનાર કહેવાય ને તો રાગ ઘણો મંદ થાય, પણ પર્યાયમૂઢ સંયોગને દેખે છે, તેથી સંયોગથી લાભ નુકશાન થાય એમ માને છે ,તેથી તેને તીવ્ર રાગ જ હોય.

વર્તમાન અંશ ઉપરથી અંશી દ્રવ્ય જણાય એવું જ્ઞાન તે સ્વ-પર જ્ઞેયને–જાણનાર છે.

દરેક સમયે અંતરંગ સાધન નવું નવું છે, પૂર્વ પર્યાય નહિ. જેમ કે કેવળજ્ઞાન આ સમયે પ્રગટ્યું તેનું કર્તા–કરણરૂપ અંતરંગ સાધન પૂર્વ સમયના કેવળજ્ઞાન વડે રહેશે એમ નથી પણ દરેક સમયે નવું નવું કર્તા–કરણ સાધન છે. તેવી રીતે ક્ષાયિક સમકિત પ્રગટ્યું તે પૂર્વની પર્યાયને લીધે નહિ પણ તે સમયના અંતરંગ કર્તાકરણ સામર્થ્ય વડે છે ને તે દ્રવ્યથી અભેદ સંબંધ બતાવે છે. પરાશ્રિત નથી. પૂર્વ પર્યાયને આધીન નથી. સ્વથી અભેદ છે. જુદું નથી. સ્વરૂપથી જ એમ છે.

ક્ષાયિકભાવ થયો તે તેના કારણે, સાદિ–અનંત કાળ ટકશે તે સ્થૂળ ઋજુસૂત્રનયનું કથન છે ને સમયે સમયે તેના અંતરંગ કર્તા–કરણરૂપ સામર્થ્યથી ટકશે તે સૂક્ષ્મ ઋજુત્રનયનું કથન છે.

***

# પ્રસાદ નં. ૧૧

## પ્રવચનસાર ગાથા ૯૫ ના પ્રવચનમાંથી.

(કા.સુ. ૯, શનિવાર)

દરેક આત્મા-પરમાણુ સ્વરૂપકર્તા–કરણરૂપ અંતરંગસાધન વડે અનુગ્રહિત થતાં નવી નવી અવસ્થાના ઉત્પાદ વડે લક્ષિત થાય છે તેથી તેનાથી સ્વરૂપ ભેદ નથી. વર્તમાન પર્યાયનો ઉત્પાદ દ્રવ્યને જણાવે છે કે આ પર્યાય આ દ્રવ્યની છે.

આત્મામાં સમ્યગ્દર્શન પર્યાય પ્રગટી તેનું કારણ કોણ અથવા તેનાથી કોણ લક્ષિત થયું ? તેનાથી એકતારૂપે પરિણમેલો આત્મા જ ઓળખાયો છે અને સ્વરૂપકર્તા-કરણ તે સમયની પર્યાયનું અંતરંગ સાધન થયું પણ કોઈ નિમિત્ત હતું–કર્મ મંદ પડ્યા, ગુરુની વાણી હતી, શુભરાગ હતો, પૂર્વ પર્યાય હતી–તે અંતરંગ સાધન થયું, એમ નથી. નિયમ આમ છે, તેથી બીજી રીતે નથી તે અનેકાંત છે.

સમ્યગ્દર્શનની પર્યાયનો આશ્રય–સંબંધ એકલા આત્મા સાથે છે. વર્તમાનપર્યાયનું લક્ષ દ્રવ્ય ઉપર થયું તે પુરુષાર્થ છે. બાહ્ય ક્રિયા કરવી કે શુભરાગ કરવો તે પુરુષાર્થ નથી.

અવસ્થા નિર્મળ થઈ તે આત્મા છે, એમ જણાવે છે પણ દેવગુરુશાસ્ત્ર હતા માટે નિર્મળતા થઈ એમ તે પર સાથે એકતા–સંબંધ બતાવતી નથી. વર્તમાન એકેક સમયની અવસ્થા તે તે કાળે તેની સ્વતંત્ર યોગ્યતાથી થાય છે, કોઈ બીજાથી થતી નથી, પૂર્વપર્યાયના સંસ્કારથી પણ નહિ.

ક્ષાયિક સમ્યગ્દર્શન હતું કે શુક્લધ્યાન હતું માટે કેવળજ્ઞાન પ્રગટ થયું, એમ નથી. તે વ્યયરૂપ પર્યાયથી તો દ્રવ્ય લક્ષિત થાય છે પણ વર્તમાન પર્યાય નહિ. કેવળજ્ઞાન પર્યાય તે તે સમયની યોગ્યતારૂપ સામર્થ્યથી વર્તે છે, પહેલાં–પછીના સમયથી નહિ, નિમિત્તથી નહિ. આવો વસ્તુનો સ્વભાવ છે, એમ લક્ષમાં ન લે ત્યાં સુધી ધર્મ નથી.

વીતરાગચારિત્ર ક્રોડ વર્ષ પાળ્યું માટે અસંખ્ય સમયે કેવળજ્ઞાન થશે? ના. પોતાની વર્તમાન યોગ્યતારૂપ અંતરંગ સ્વરૂપકર્તા–કરણના સામર્થ્યથી કેવળજ્ઞાન પર્યાય થાય છે અને તે જીવદ્રવ્યને જણાવે છે. વળી તેનું કારણ દ્રવ્ય અથવા ગુણ કહેશો તો દ્રવ્યગુણ તો પહેલાં હતાં, તો પૂર્ણ પર્યાય કેમ ન પ્રગટી ? માટે તે સમયની પર્યાયના સ્વતંત્ર અંતરંગ કર્તા–કરણરૂપ સામર્થ્યથી તે પર્યાય પ્રગટ થઈ છે. હા, તે પર્યાય પોતાનાં

દ્રવ્યગુણને જ જણાવે છે ખરી પણ તેનાથી ઉપજી, એમ નથી. વર્તમાન પર્યાયની સત્તા સ્વતંત્ર છે તેમાં પૂર્વ પર્યાય પણ કારણ નથી. ઉપચારથી તેને કારણ કહેવાય છે. જે પર્યાયની યોગ્યતા વર્તમાન વર્તે છે તે પૂર્વ સમયમાં નહોતી માટે ક્ષણિક ઉપાદાન તેના તે સમયના વર્તમાન સ્વતંત્ર સામર્થ્યને (યોગ્યતાને) બતાવે છે, તે નિશ્ચય છે, દ્રવ્યનો સંબંધ છે, એમ કહેવું તે વ્યવહાર છે.

સમ્યકત્વની પર્યાયને કારણે ચારિત્રની પર્યાય થતી નથી. આંગળીના આધારે લાકડું ચાલ્યું નથી પણ તેની તે સમયની વર્તમાન યોગ્યતાના કારણે ચાલ્યું છે ને તે તેના દ્રવ્યને બતાવે છે.

પૂર્વની અવસ્થાના વ્યયના કારણે નવી પર્યાયનો ઉત્પાદ થયો નથી. તે અવસ્થા દ્રવ્યને બતાવે છે. વળી વ્યયનું જ્ઞાન ઉત્પાદના કારણે નથી, વ્યયને જાણતાં તે અંશ તેનાથી અભેદ એવા દ્રવ્યનું જ્ઞાન કરાવે છે. ઉત્પાદ-વ્યયરૂપે દ્રવ્ય પરિણમે છે પણ અહીં તો દરેક સમયવર્તી પર્યાય સ્વતંત્ર છે, એમ બતાવવું છે.

કેવળજ્ઞાન પર્યાય કે સિદ્ધઅવસ્થા પ્રગટ થઈ તેના આધારે બીજા સમયનું કેવળજ્ઞાન કે સિદ્ધદશા ટકી રહેશે એમ નથી પણ તે તે સમયના વર્તમાન અંતરંગ સાધનરૂપ સ્વરૂપ કર્તા–કરણના સામર્થ્યથી જ ટકી રહેશે. આવું સમજે તો તેનું લક્ષ સ્વ દ્રવ્ય ઉપર જાય અને અનંત પુરુષાર્થની શ્રદ્ધા–જ્ઞાનપૂર્વક સમતા આવે.

વર્તમાન પુરુષાર્થથી દ્રવ્ય ઉપર લક્ષ કર્યું તો તેનો સંબંધ સ્વ દ્રવ્ય સાથે છે, આગલી પાછલી પર્યાય સાથે નહિ. કોઈ નિમિત્ત, કોઈ કાળ સાથે પણ નહિ. આમ સ્વતંત્ર સત્ નો સ્વીકાર કરે, અંતરમાં હા પાડે તો શાંતિ થાય. "વર્તે અંતર શોધ" તેમાં અંતરમાં પર્યાય વર્તી તેણે દ્રવ્યને જણાવ્યું છે, બીજાને નહિ. એવી સ્વતંત્રતા દરેક જીવ અજીવની છે.

હવે વ્યયની વાત :–જેમ નિર્મળ અવસ્થાથી ઊપજતું, મલિન અવસ્થાથી વ્યય પામતું વસ્ત્ર–તે વ્યય દ્વારા લક્ષિત થાય છે, પરંતુ વ્યય સાથે તેને સ્વરૂપભેદ નથી, સ્વરૂપથી જ તેવું છે. એ રીતે વ્યયઅંશ તે અંશી–દ્રવ્યને જણાવે છે, બીજાને નહિ. દ્રષ્ટાંત :–જેમ સમ્યગ્દર્શન પોતાની પર્યાયથી ઊપજતું થકું મિથ્યાત્વના વ્યય વડે જીવ દ્રવ્યને બતાવે છે. મિથ્યાત્વ–રાગાદિનો અભાવ થયો તો તેવું પરિણમન દ્રવ્યનું થયું છે, એમ બતાવે છે. અહીં પ્રવચનસારમાં જ્ઞાનપ્રધાન કથન છે તેથી નિર્મળ અથવા મલિન ઉત્પાદ-વ્યય તે સ્વજ્ઞેયમાં છે, એમ બતાવવું છે અને સમયસારમાં

દર્શનપ્રધાન કથન હોવાથી રાગાદિ અને ક્ષયોપશમભાવ વગેરે પરજ્ઞેયમાં જાય છે. દર્શનમોહકર્મની અવસ્થાનો નાશ થયો તે તેના પુદ્ગલદ્રવ્યને જણાવે છે પણ તે વડે જીવને સમકિત થયું, એમ તે બતાવતું નથી.

પ્રશ્ન :–અવિનાભાવી સંબંધ તો છે ને ?

ઉત્તર :–સમ્યગ્દર્શન પ્રગટ કરે તો દર્શનમોહકર્મના અભાવને ઉપચારથી કારણ કહેવાય પણ અહીં એક દ્રવ્યની વર્તમાન પર્યાયની સ્વતંત્રતામાં પૂર્વપર્યાય પણ કારણ નથી તો પછી પરના સંબંધનો તો અવકાશ જ ક્યાં છે ? વર્તમાન પર્યાયનો દ્રવ્ય સાથે સંબંધ છે ખરો પણ તે વ્યવહાર છે. આવી સૂક્ષ્મ વાત સ્પષ્ટપણે પકડ્યા વિના સત્ નો મહિમા આવે નહિ–અસત્ નો આદર છૂટે નહિ.

પ્રશ્ન :–ચાર ઘાતિકર્મના વ્યય વડે કેવળજ્ઞાન થયું ? ઉત્તર :–ના. એ તો તેના પુદ્ગદ્રવ્યને જણાવે છે, જીવને નહિ અને કેવળજ્ઞાન થયું તે જીવને જણાવે છે.

પ્રશ્ન :–કર્મનો સર્વથા નાશ (વ્યય) થયા પહેલાં આત્મામાં પૂર્ણ નિર્મળતા કેમ ન પ્રગટી ?

ઉત્તર :–કર્મની તે સમયની પર્યાયનું વર્તમાન સામર્થ્ય તેની પૂર્વ પર્યાયને બતાવતું નથી. તે તો માત્ર તેના દ્રવ્યને બતાવે છે પણ બીજાના સંબંધને બતાવતું નથી. અને તે વખતે જીવની અવસ્થા પણ તે સમયના સ્વરૂપકર્તા–કરણના સ્વતંત્ર–સામર્થ્ય સ્વભાવવડે જીવ દ્રવ્યની સાથેનો જ સંબંધ બતાવે છે, અન્ય સાથે નહિ. આવી સમય સમયની સ્વતંત્ર પર્યાયનો સ્વીકાર તે જ વર્તમાન પર્યાય કે જે સત્-રૂપ છે તેની સ્વતંત્રતા બતાવે છે. વ્યય ઉત્પાદને જણાવે નહિ, ઉત્પાદ વ્યયને જણાવે નહિ, દ્રવ્યને જ જણાવે છે. આત્મામાં રાગનો નાશ થયો તે જડકર્મનો નાશ જણાવતો નથી. મિથ્યાશ્રદ્ધાનો નાશ થયો તે મિથ્યાત્વકર્મના નાશને બતાવતો નથી પણ તે તે સમયની યોગ્યતા વડે ઉત્પાદ-વ્યયરૂપની પર્યાય તેના દ્રવ્ય સાથે સંબંધ બતાવે છે.

અહીં જ્ઞાનપ્રધાન કથનમાં દ્રવ્યનું બધા પ્રકારનું પરિણમન બતાવવું છે, તેથી મિથ્યાત્વરાગાદિનો ત્યાગ તે પણ સ્વપર્યાય છે–સ્વજ્ઞેય છે. દ્રવ્ય એ રૂપે પરિણમ્યું છે એમ કહી અંશ–અંશી જુદા નથી પણ પરથી જુદા છે, એમ બતાવવું છે અને વ્યય વડે દ્રવ્ય લક્ષિત થાય છે, એમ કહેવું છે. ત્યારે–સમયસારમાં તો રાગનો ત્યાગ પણ નામ માત્ર છે. રાગરૂપે થવાની યોગ્યતા જ જીવમાં નથી–એમ દર્શન પ્રધાન કથન આવે, માટે જ્યાં જેમ

હોય ત્યાં તેમ યથાર્થપણે સમજવું. જ્ઞાનની ઉગ્ર તીખાશથી વસ્તુ સ્વભાવની સૂક્ષ્મતા નીકળે તેનો મહિમા છે.

ઉદયભાવ, શુભરાગ કે વ્યવહારથી ક્ષયોપશમભાવ થતો નથી અને ક્ષયોપશમભાવથી ક્ષાયિકભાવ થતો નથી; ક્ષાયિકની એક સમયની પર્યાયથી પણ બીજા સમયની પર્યાય થતી નથી પરંતુ તે તે સમયની પર્યાયના સામર્થ્યથી તે તે પર્યાય નવી નવી થયા કરે છે અને તે જીવદ્રવ્ય સાથે સંબંધ બતાવે છે. ક્ષયોપશમ પર્યાયનો વ્યય તે ક્ષાયિકરૂપ ઉત્પાદ પર્યાયને બતાવતો નથી પણ દ્રવ્યને બતાવે છે.

શુક્લધ્યાનથી કેવળજ્ઞાન થયું તે વ્યવહાર કથન છે. નિશ્ચયથી તો તે સમયના સામર્થ્યથી થયું છે. વસ્તુ એમ જ છે. જ્ઞાનમાં પણ એમ જ આવ્યું છે ને વાણીમાં પણ તે પ્રમાણે વાણીના કારણે આવ્યું છે. દરેક સમયની પર્યાય તેના સ્વતંત્ર અંતરંગ સ્વરૂપકર્તા-કરણના સામર્થ્ય વડે ઉત્પાદ-વ્યયરૂપ થાય છે ને તે તેના દ્રવ્યને જ જણાવે છે. આવું માને તે દ્રવ્યમાં બુદ્ધિ કરે જ અને તેને સમ્યગ્દર્શન થયા વિના રહે નહિ.

લીલોતરી કપાઈ તે વ્યય, તેના પરમાણુને બતાવે છે, છરીને નહિ; જીવની ઇચ્છા જે પ્રકારે પલટી તે જીવદ્રવ્યને જણાવે છે. બીજા સાથે સંબંધ બતાવે એવું સામર્થ્ય કોઈ ઉત્પાદ વ્યયનું નથી. એમ દ્રવ્ય પર્યાયની એકતાને સ્વતંત્રતા છે છતાં તેને ભૂલીને ‘‘મેં આનું કર્યું–કરાવ્યું, આનાથી સુધર્યું–બગડ્યું, વહેલું થયું–મોડું થયું’’–એ બધો ભ્રમ છે. જે જે પ્રકારની જેણે ઇચ્છા કરી તે તે તેના દ્રવ્યથી સંબંધ (એકતા) બતાવે છે પણ બહારમાં કાંઈ કર્યું–કરાવ્યું એમ તે વિકલ્પ બતાવતો નથી. અભેદ સત્તા વિના કર્ત્તા, કર્મ હોઈ શકે નહિ. બાહ્યમાં ધર્મની પ્રભાવના, દવા, હોસ્પિટલ, બાલમંદિર કોણ કરે ? સહુ દ્રવ્યની પર્યાયનો ફેરફાર તેના દ્રવ્ય સાથે જ સંબંધ જણાવે છે, બીજા સાથે નહિ; કારણ કે વ્યય–પલટન સાથે દ્રવ્યને સ્વરૂપભેદ નથી, પરથી જુદાપણું છે. સમય–સમયની પર્યાયમાં સ્વતંત્ર ઉત્પાદ-વ્યય થાય છે તે તેના દ્રવ્યને બતાવે છે, બીજાને નહિ. એમ દ્રવ્ય ઉપર દ્રષ્ટિ દેતાં વીતરાગી શ્રદ્ધા થાય છે.

ક્ષાયિક સમકિતની પર્યાય ચારિત્રની પર્યાયને પ્રગટ કરે એ મિથ્યા એકાંતવાદ છે, પણ તે દ્રવ્ય-ગુણમાંથી થાય છે. એ પર્યાય બીજા ગુણમાંથી નહિ, પૂર્વ પર્યાયથી નહિ, નિમિત્તથી–રાગથી નહિ પણ સ્વતંત્ર તે સમયના સામર્થ્યથી થાય છે. આમ અનેકાંત સ્વરૂપ જાણે તો વીતરાગી શ્રદ્ધા ને જ્ઞાન થાય અને પછી વીતરાગ ચારિત્રરૂપ આ જીવ જ પરિણમતો થકો સિદ્ધ

પર્યાયને પ્રાપ્ત થાય છે–એમ તે તે પર્યાયથી દ્રવ્ય લક્ષિત થાય છે (જણાય છે).

જ્યારે જીવ ક્ષેત્રાંતર ગતિરૂપ પરિણમે છે ત્યારે તે પરિણામ જીવદ્રવ્યને જણાવે છે પણ ધર્માસ્તિને જણાવતા નથી. જ્યારે સ્વને જાણનારું સમ્યગ્જ્ઞાન થયું ત્યારે તે પરને જાણવાના સામર્થ્યવાળું થાય છે, પણ ખગોળ–ભૂગોળ જાણવાથી જ્ઞાન થતું નથી. જ્ઞાન અને સુખાદિ આત્માના આધારે હોવાથી આત્મા તે રૂપે થાય છે. વળી નિમિત્ત છે, રાગ છે, પૂર્વ પર્યાય આવી હતી માટે વર્તમાનમાં જ્ઞાન, સુખાદિ પરિણામ થાય છે, એમ નથી. **આવો સ્વતંત્ર સ્વભાવનો ઢંઢેરો છે.** આવું સમય સમયનું જ્ઞેય છે, તે સ્વતંત્ર છે, એમ જાણવું તે સમ્યગ્જ્ઞાન–દર્શનનું કારણ છે.

***

# પ્રસાદ નં. ૧૨

## પ્રવચનસાર ગાથા ૯૫ ના પ્રવચનમાંથી.

(કા.સુ. ૧૦, રવિવાર)

દરેક દ્રવ્ય ટકતી એવી દ્રવ્યત્વ અવસ્થાથી ધ્રુવ રહેતું થકું ધ્રૌવ્ય વડે લક્ષિત થાય છે. દરેક આત્મા તથા પરમાણુ વગેરેમાં પોતપોતાના વર્તમાન કર્તા–કરણરૂપ સામર્થ્ય દ્વારા નવી નવી પર્યાય થાય છે ને તેનાથી તેનું દ્રવ્ય એકતારૂપે થયેલું જણાય છે, અન્ય દ્રવ્ય સાથે જરાય સંબંધ થયેલો જણાતો નથી, એ ત્રિકાળી નિયમ છે.

અજ્ઞાનીનું લક્ષ સંયોગ–વિયોગની બાહ્યક્રિયા ઉપર જાય છે અથવા તો કર્મ ઉપર જાય છે. આહાર ન આવ્યો માટે રાગ છૂટ્યો, લૂગડાં, પૈસા વગેરે છૂટ્યાં માટે રાગ છૂટ્યો–એમ પર ઘટ્યું તો રાગ ઘટ્યો એ મિથ્યા માન્યતા છે. જે અવસ્થાનો વ્યય થયો, તે તેના દ્રવ્યને જણાવે છે, બીજાની સત્તાને જણાવતો નથી. રાગ ઘટવાની પર્યાય જીવ દ્રવ્યને જણાવે છે. અરાગી આત્માને લક્ષમાં લે તો રાગ યથાર્થ ઘટ્યો કહેવાય પણ રાગ થવા–ન થવા માટે અજ્ઞાની પરને શોધવા જાય છે, તે ભ્રમ છે.

પર વસ્તુ પેટમાં ન આવી માટે જીવને ઉપવાસરૂપ પરિણામ થયા એ તો પર પર્યાયથી પર પર્યાયવાનને જોવા જાય છે. ઘર છોડી જંગલમાં ગયો માટે શાંતિ થઈ, એમ અજ્ઞાની માને છે પણ કોઈ આત્મા સ્વદ્રવ્ય-ગુણ-પર્યાયને છોડીને બહાર જતો જ નથી. સંયોગથી લાભ–નુકશાનની દ્રષ્ટિવાળો સ્વતંત્ર સ્વદ્રવ્યને ભૂલી પરને જોયા કરે છે.

વસ્ત્ર ઊજળું થયું ને મલિન અવસ્થાનો વ્યય થયો, તે વસ્ત્રને જણાવે છે. પણ વસ્ત્રને ભૂલીને ધોકાને જુએ તે અજ્ઞાનીની સંયોગદ્રષ્ટિ છે. સામાયિક શરીરથી થતી નથી. પરિણામ જોવા જાય તો પરિણામી જે નિત્ય જ્ઞાતા–દ્રષ્ટા ધ્રુવસત્તાવાળો છે, તેનું જ્ઞાન કરવું જોઈએ. રાગનો અંશમાત્ર તેમાં નથી, રાગ ઘટાડનાર આખો રાગરહિત છે. પૂર્ણ જ્ઞાનાનંદમાં શ્રદ્ધાપૂર્વક જેટલા અંશે ઠર્યો તે સામાયિક છે અને ત્યાં રાગની ઉત્પત્તિ જ થતી નથી.

દરેક સમયે દરેક વસ્તુ તેના સ્વભાવથી જ ટકી છે, કોઈના આધારે ટકી નથી. ચોપડી પોતાના આધારે ટકી છે પણ લાકડાની ઘોડીના આધારે નહિ કેમ કે ચોપડીનું ધ્રુવત્વ ચોપડીને જણાવે છે, બીજાને નહિ; તેમ આત્માનું ધ્રુવત્વ શરીર છે માટે છે, તેમ નથી, પણ તે પોતાથી જ ટકી રહેલ છે. રજકણ રજકણના ધ્રુવત્વથી ટકી રહેલ છે પણ તેને ટકી રહેવા માટે કોઈ

સંયોગનો આધાર છે, તેમ તે બતાવતા નથી. જગત સંયોગને જુએ છે પણ સંયોગ તે વસ્તુસ્વભાવ નથી. દરેક વસ્તુ અપરિત્યક્તસ્વભાવી છે તેથી તે તેના સ્વભાવને છોડ્યા વિના ધ્રુવત્વને ધારણ કરીને ટકે છે. જેમ વસ્ત્રનો વસ્ત્રપણે ટકી રહેવાનો સ્વભાવ છે તે વસ્ત્રથી જુદો નથી, ટકવું તે વસ્ત્રનું સત્ત્વ છે; તેમ આત્મા–પરમાણુ વગેરે દ્રવ્ય એકી વખતે નવી નવી અવસ્થાથી ઊપજતું, પૂર્વ અવસ્થાથી વ્યય પામતું અને ટકતી એવી દ્રવ્યત્વ અવસ્થાથી ધ્રૌવ્ય રહેતું થકું તેની સત્તા વડે જણાય છે પણ તેથી જુદું જણાતું નથી. સ્વરૂપથી જ તેવું છે.

આ ઉપરથી એમ નક્કી થાય છે કે દરેક દ્રવ્ય નાનામાં નાના કાળમાં સ્વસામર્થ્યરૂપ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય વડે જ ઓળખાય છે. પર્યાય હોય તે સ્વસત્તાથી હોય, પરથી ન હોય. પોતાથી ટકનાર પદાર્થને કોઈ કાળે બીજાના આધારે ટકવું પડે એવી પરાધીનતા ન હોય. ઇચ્છાના આધારે પર પલટતાં નથી, પરનું હું કરી દઉં એવા અભિમાનવાળાંને પોતાના જ્ઞાતામાત્ર સ્વભાવમાં જોવાનું બનતું નથી.

કોઈને લઈને આત્માનાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય નથી કારણ કે તે સ્વભાવ તો નિરંતર જીવદ્રવ્યને ઓળખાવે છે. તેમાં બીજાનો અધિકાર નથી. શરીરની ક્રિયાનો ફેરફાર શરીરના રજકણને બતાવે છે, જીવના ગુણદોષને અને જીવે શું કર્યું, તે બતાવતા નથી.

વળી જેમ તે જ વસ્ત્ર વિસ્તારવિશેષોરૂપ (ધોળાશાદિ) ગુણો વડે ઓળખાય છે કારણ કે વસ્ત્રને તેના ગુણોથી જુદાઈ નથી, સ્વરૂપથી જ તેવું છે. શરીરમાં પક્ષઘાત આદિ રોગ થાય, બોલીચાલી શકે નહિ, રોગ મટે નહિ. જો શરીર આત્માનું હોય તો તેને આધીન રહેવું જોઈએ પણ તેમ નથી, તે તો તેના ગુણ વડે ઓળખાય છે.

લોકો ગુણદોષને સંયોગો વડે જોવા માગે છે, તે ભ્રમ છે. અરીસામાં પાંચ શરીર દેખાતાં હોય, તેમાં કોઈના શરીરને પોતાનું માની લે, તે ભ્રમ છે. તેમ આત્મા અને દેહાદિના સંયોગમાં આત્માના ગુણો વડે જ આત્મા ઓળખવો જોઈએ, તેને બદલે દેહાદિની ક્રિયાથી આત્મા અને આત્માનું કાર્ય ઓળખાવે તેને સ્વતંત્ર વસ્તુની ખબર નથી. જડ પરમાણુનો સ્વામી તે તે જડદ્રવ્ય છે, તેમાં બીજાનો અધિકાર નથી. દરેક વસ્તુ સ્વતંત્ર તેની મર્યાદામાં કામ કરે છે, તેમાં કોઈનો ટેકો નથી. આ વાતનો પ્રથમ નિર્ણય કરવો જોઈએ. સંયોગો છૂટે, બહારથી નિવૃત્તિ હોય તો સમજાય, એ વાત ખોટી છે. સ્થૂળ સંયોગને જોનારી દ્રષ્ટિ બદલે અને વસ્તુ નિત્ય પોતાથી ટકી રહી છે, એમ અંતર અવલોકનથી વિચારે, તો દરેક દ્રવ્ય સ્વતંત્ર છે તેમ

દેખે. પર વસ્તુ તેના કારણે જ પલટે છે, એમ જ્ઞાની જાણે છે પણ મિથ્યાદ્રષ્ટિ માને છે કે પરવસ્તુ છોડું તો ધર્મ થાય, એમ તે પરાધીનતા માને છે અને તે જ દુઃખ છે.

દરેક પદાર્થમાંથી સમયે સમયે અવસ્થાઓ થયા કરે છે, તે દ્રવ્ય છે. તે વિસ્તારવિશેષોરૂપ ગુણો વડે ઓળખાય છે.

મેં બીજાની વ્યવસ્થા રાખવાનો ભાવ કર્યો માટે બધું સરખું રહ્યું, નહિતર બગડી જાત. અથવા તો ત્યાગ કરી એકાંતમાં જાઉં તો ઠીક થાય– એ બધો ભ્રમ છે કેમ કે જગતનો સંયોગ તો ત્રણે કાળે રહેવાનો છે.

પ્રશ્ન :–મુનિઓ કેમ છોડે છે ?

ઉત્તર :–પરચીજનાં ગ્રહણ–ત્યાગ આત્મા કરી શકતો જ નથી, જે તેની સત્તાથી જુદું છે તે છૂટેલું જ છે.

પ્રશ્ન :–રાગ શી રીતે ઘટે ?

ઉત્તર :–રાગ તો નાસ્તિપક્ષથી વાત છે. રાગ ટાળું તેમ કરવામાં નવી ઇચ્છા થાય છે. અસ્તિ અખંડ જ્ઞાનાનંદમાં રાગ નથી જ એમ જ્ઞાતાપણે ઠરે– એકાગ્ર થાય તો જેટલી રાગની ઉત્પત્તિ ન થાય, તે ત્યાગ છે. તેનો સંબંધ સંયોગ સાથે નથી.

શ્રવણથી જ્ઞાન થતું હોય તો બધાને સરખું જ્ઞાન થવું જોઈએ પણ તેમ થતું નથી માટે સહુ પોતાની યોગ્યતા મુજબ પોતાથી સમજે છે. જેવું સમજે તેવો શ્રવણમાં આરોપ અપાય છે. વિકાર કે અવિકારરૂપે પોતે થાય છે, કોઈ અનુકૂળ–પ્રતિકૂળ સંયોગના કારણે વિકાર–અવિકારની અસ્તિ નથી માટે જે ભાવ થયા તે ભાવ વડે તે વસ્તુ ઓળખાય છે, કોઈ બીજાથી નહિ. દરેક આત્મા અને રજકણ તેની વર્તમાન અવસ્થા અને ત્રિકાળી ગુણો વડે જ ઓળખાય છે. દરેકની નિરંતર પ્રવહતી અવસ્થા તે તે સમયે તેને આધારે થાય છે, બીજાને આધારે થઈ એમ માનવું, તે મોટો ભ્રમ છે.

નદીમાં પાણી વહ્યું જાય છે, તેને જોવામાં ભાર ન લાગે–મમતા ન થાય પણ ઘડો ભરી માથે ઉપાડ્યે ભાર લાગે. તેમ જગતના પદાર્થો પોતપોતાની શક્તિ વડે પરિવર્તન પામી તેની દ્રવ્યસત્તાને બતાવે છે તેને બદલે તેમાં કર્તાપણું–સ્થાપે છે તે ફોગટ માથું મારે છે ને તેથી દુઃખી થાય છે. આટલા મારું માને છે, આ નથી માનતા; આટલાનું મેં કર્યું–કરાવ્યું એ મમતાનો બોજો ઉપાડે છે પણ વિચાર કરે તો તે મમતા ઘટી શકે છે. પોતે તો ધ્રુવ સત્તાવાળો છે તેને જાણે તો કોઈનો બોજો લાગે નહિ-ત્રિકાળીની

રુચિ કરે તો વિકારની અલ્પતા લાગે અને વિકારની રુચિ ટળી ત્રિકાળી સ્વરૂપમાં સુખ ભાસે.

***

# પ્રસાદ નં. ૧૩

## પ્રવચનસાર ગાથા ૯૫ ના પ્રવચનમાંથી.

(કા.સુ. ૧૧, સોમવાર)

દરેક પદાર્થ તેના ગુણ વડે ઓળખાય છે. શરીરમાં રોગ થયો તે વડે આત્મા નહિ પણ જડ પરમાણુ ઓળખાય છે.

હવે પર્યાય વિષે–જેવી રીતે તે જ વસ્ત્ર એક પછી એક થતાં આયતવિશેષોરૂપ તંતુઓ વડે ઓળખાય છે પણ તેનાથી તેને સ્વરૂપભેદ નથી. તેમ આત્મા–પરમાણુ વગેરે પણ તેમાંથી ઉત્પાદ-વ્યયરૂપ પ્રવહતી આયત–વિશેષોરૂપ પર્યાયો વડે ઓળખાય છે, પણ કોઈ સંયોગ વડે નહિ.

ન્યાયશાસ્ત્રોમાં પરોક્ષપ્રમાણમાં નિમિત્તથી અનુમાન કરવાની વાત આવે કે ધૂમાડા વડે અગ્નિ ઓળખાય છે. આમ હોય ત્યાં આમ હોય, સંગીત ઉપરથી સંગીતકારની પરીક્ષા કરી શકાય. તેમ સ્વતંત્ર પદાર્થ નિરૂપણ કર્તા મૂળપુરૂષ સર્વજ્ઞ છે, એમ અનુમાન કરાય છે, પણ પ્રથમ સ્વાનુભવ પ્રત્યક્ષ સ્વ આશ્રિત સ્વભાવનો નિશ્ચય કર્યા પછી ન્યાય–પરીક્ષાનો વ્યવહાર તથા પરનું જ્ઞાન સાચું કહેવાય છે. સ્વજ્ઞાતાને જાણ્યા વિના બધું જાણવું તે પ્રમાણાભાસ છે. ।।૯૫।।

### ગાથા ૯૬

છયે દ્રવ્યોમાં અસ્તિપણું બે પ્રકારે છે :–(૧) સ્વરૂપ અસ્તિત્વ (૨) સાદ્રશ્ય અસ્તિત્વ. તેમાં સ્વરૂપ–અસ્તિત્વ કહે છે. દરેક આત્માદિ ત્રિકાળ પોતાનાં દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવથી અભેદ છે અને પરથી અત્યંત જુદા છે.

અન્વયાર્થ :–સર્વકાળે ગુણો તથા અનેક પ્રકારના પોતાના પર્યાયો વડે તથા ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય વડે દ્રવ્યનું જે અસ્તિપણું તે ખરેખર વસ્તુનો સ્વભાવ છે.

ટીકા :–દરેક દ્રવ્યના સ્વભાવરૂપ એવું સ્વરૂપ–અસ્તિત્વ તે અન્ય સાધનની અપેક્ષા રાખતું નથી, તેથી અનાદિ–અનંત, અકારણીય, એકરૂપ અવસ્થાથી સદાય પરિણમતું હોવાથી તે વિભાવધર્મથી જુદા લક્ષણવાળું છે. વળી તેમાં અધૂરાપણું પણ નથી. દરેક દ્રવ્યમાં તેનો અસ્તિત્વગુણ = હોવાપણું સોળે સોળ આના છે. કોઈ કહે કે બાર આની ‘‘છે’’ પણું છે અને ચાર આની નથી એટલે બાર આની અસ્તિપણું પોતાથી છે ને ચાર આની પોતાથી નથી–એ તો વિરુદ્ધ છે. ‘‘છે’’ તેમાં ઊંધું કે અધૂરું હોય નહિ.

‘‘છે’’પણામાં કોઈ સંયોગ કે આધારની અપેક્ષા જ નથી અને તેથી દરેક દ્રવ્ય તેના અસ્તિત્વ ગુણના કારણે સ્વતંત્રપણે ટકી રહેલ છે.

નિગોદ–એકેન્દ્રિયપણાની અવસ્થા કેટલી ઊંધી ને હીણી અને સિદ્ધદશા કેટલી પૂરી ને સવળી ? પણ તેમાં દ્રવ્યની સત્તા–હોવાપણામાં શું ફેર પડ્યો? તે અસ્તિત્વગુણ તો વિભાવ–ઉણપ રહિત પરિપૂર્ણ એકધારાએ વર્તે છે. ભાવ અને ભાવવાનપણાને લીધે અનેકપણું હોવા છતાં પ્રદેશભેદ નહિ હોવાથી દ્રવ્યની સાથે એકપણું ધરતું, દ્રવ્યનો સ્વભાવ જ કેમ ન હોય ? હોય જ. વળી તે અસ્તિત્વ જેમ આત્મા–પરમાણુ વગેરેનું દરેકમાં ભિન્ન ભિન્ન રહીને તેમાં પૂરું થઈ જાય છે, તેમ દ્રવ્ય-ગુણ-પર્યાયમાંથી કોઈ એકમાં જ અસ્તિત્વ પૂરું થઈ જતું નથી. કારણ કે ત્રણેની સાબિતી પરસ્પર થતી હોવાથી દ્રવ્ય-ગુણ-પર્યાયમાં રહેલ અસ્તિત્વ ગુણ એક જ છે. તેથી ત્રણેનું અસ્તિત્વ એકી સાથે જ વ્યાપેલું છે તેથી એક જ છે અને તે સ્વદ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી જુદા નથી એમ જાણે તો પોતાના ગુણ–પર્યાયનો આધાર પોતે છે, તે ત્રણેની સત્તા મારામાં છે, હું તે સ્વરૂપ છું, ક્યાંય બહાર શોધવા જવું પડે, બીજા સામે જોવું પડે કે કોઈ કાળ અથવા સંયોગની રાહ જોવી પડે એવી અપેક્ષા રાખવાનો મારો સ્વભાવ નથી–એમ સ્વ તરફ ઢળીને દેખે તો પોતે ચિદાનંદ દરિયો જ છે.

જેમ સમુદ્રમાં રહેલ મચ્છ કોઈને કહે કે મને પાણી લાવી આપો. ત્યારે સામેથી કહે, અરે ! પાણી તારી પાસે છે તો પછી બીજા પાસે કેમ માગે છે ? એટલે તારું હોવાપણું સદાય નિરપેક્ષપણે તારામાં જ પૂરેપૂરું છે, બીજા પાસે શા માટે માગવા જાય છે ?

દ્રવ્ય = ગુણોનો પિંડ, તેમાં અન્વયશક્તિરૂપ કાયમ રહેલા છે તે ગુણ અને તેની ક્રમબદ્ધ એક પછી એક જે અવસ્થા, ઉત્પાદ-વ્યયરૂપ થઈ વહ્યા કરે છે તે પર્યાય, તે ત્રણેનું અસ્તિત્વ એક જ છે. આત્મામાં જ્ઞાન, દર્શન, સુખ, ચારિત્ર આદિ અને પરમાણુમાં સ્પર્શ–રસ–ગંધ–વર્ણાદિ જે ગુણો અને તેની પર્યાયો તે નિશ્ચય છે, તે કોઈની અપેક્ષાથી નથી. અહીં સ્વજ્ઞેયમાં દ્રવ્ય-ગુણ-પર્યાયના અભેદ અસ્તિત્વ વડે બધાની પરસ્પર સાબિતી કરવી છે.

દ્રવ્યે, ક્ષેત્રે, કાળે, ભાવે સુવર્ણના અસ્તિત્વ વડે તેના બધા ગુણ–પર્યાયો ઓળખી શકાય છે અને પીળાશાદિ ગુણો તથા કુંડળાદિ પર્યાયો વડે સુવર્ણનું અસ્તિત્વ છે એમ ઓળખાય છે પણ કોઈ સોની આદિ સંયોગથી તે ઓળખતું નથી—એવો સુવર્ણનો સ્વભાવ છે. જેમ સોનું તેના ગુણ–પર્યાયોથી જુદું જોવામાં આવતું નથી તેથી તેના પીળાશાદિ ગુણ અને કુંડળાદિ

અવસ્થાનું કર્તા–સાધન ને આધાર સોનું જ છે, પણ સોની, એરણ, હથોડી વગેરે નહિ. તેમ સ્વદ્રવ્યે–ક્ષેત્રે–કાળે–ભાવે દરેક વસ્તુ તેના ગુણ–પર્યાયોથી જુદી જોવામાં આવતી નથી માટે કોઈ પદાર્થ પરદ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવથી પલટવાના સ્વભાવવાળા નથી. આત્મા પોતે પણ પોતાનાં જ જ્ઞાન, દર્શન, ચારિત્રાદિનો કર્તા–સાધન–આધાર છે. તેમાં કોઈ દેવ-ગુરુ-શાસ્ત્ર, નિરોગ શરીરાદિ કર્તા નથી, સાધન નથી તેમ જ તે ટેકો આપનાર પણ નથી કેમ કે તેમની સત્તાથી તેમના ગુણ–પર્યાયોનું અસ્તિત્વ છે, આ જીવનું અસ્તિત્વ નથી. એક વડે બીજાની સાબિતી જ નથી.

વર્તમાન પર્યાયમાં ધર્મ–અધર્મ ભાવ પોતે કરે તો થાય છે, એની મેળે અથવા કોઈની પ્રેરણાથી કે પ્રભાવથી થઈ જતા નથી. અજ્ઞાની સંયોગબુદ્ધિથી જુએ છે, જ્ઞાની કોઈના અસ્તિત્વને બીજા વડે જોતો નથી. સારા ક્ષેત્ર–કાળમાં ધર્મ થઈ શકે એમ માનનાર મિથ્યાદ્રષ્ટિ છે, કેમ કે વસ્તુસ્વભાવ એવો નથી. હું સત્ય બોલી શકું છું–એમ માનનારે પરમાણુનાં દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવને પોતાથી એકરૂપ માન્યાં છે. હા–હું બોલું એવી ઇચ્છા કરે–તે ઇચ્છા આત્માને જણાવે છે, કારણ કે ભાષાના પરમાણુ દ્રવ્યે–ક્ષેત્રે–કાળે–ભાવે જીવથી જુદું અસ્તિત્વ ધરાવે છે તથા તેના કર્તા–સાધન–આધાર પરમાણુ છે. દરેક ચીજના ગુણ–પર્યાય સમય સમયના દ્રવ્યે–ક્ષેત્રે–કાળે–ભાવે સ્વથી અસ્તિરૂપ છે તથા કર્તા–સાધન–આધારપણે એકમેક છે અને પરથી ત્રિકાળ જુદા છે. એવો જ દરેક વસ્તુનો સ્વભાવ છે, એમ જાણે તો સ્વતંત્ર પરિપૂર્ણ સ્વ-પર જ્ઞેયને જાણવાની પ્રતીતિ થાય.

***

# પ્રસાદ નં. ૧૪

## પ્રવચનસાર ગાથા ૯૬ ના પ્રવચનમાંથી.

(કારતક સુદ ૧૨)

દરેક આત્મા અને પરમાણુ વગેરે તેના ગુણ–પર્યાયોથી દ્રવ્યે–ક્ષેત્રે–કાળે–ભાવે જુદા નથી અને તેઓ જુદા આધારની અપેક્ષા રાખવાવાળા નથી. હવે અહીં ગુણ–પર્યાયને મૂળ કારણપણે લઈને દ્રવ્યને સાબિત કરનારપણે કર્તા–સાધન અને આધારરૂપ બતાવે છે.

જેમ દ્રવ્યે, ક્ષેત્રે, કાળે, ભાવે, પીળાશ આદિ ગુણોથી તથા કુંડળ આદિ પર્યાયોથી સોનું જુદું જોવામાં આવતું નથી પણ સુવર્ણદ્રવ્યને સાબિત કરનારપણે–રચનારપણે–સાધનપણે તથા આધારરૂપે સોનાના ગુણ–પર્યાયો જ છે.

સોનાને તેના ગુણ–પર્યાયો કરે છે અર્થાત્ ગુણ–પર્યાયો મૂળસાધનપણે સોનાને ધારણ કરે છે. તેમ આત્મા વગેરે સર્વ દ્રવ્યને દ્રવ્યે–ક્ષેત્રે–કાળે–ભાવે તેના ગુણ–પર્યાયો જુદા જોવામાં આવતા નથી. કેમ કે જે ગુણ–પર્યાયો છે તે તેના દ્રવ્યને સાબિત કરવારૂપે કર્તા થાય છે, મૂળસાધન થાય છે ને આધાર થઈને ધારણ કરી રાખે છે. આ મહાસિદ્ધાંતમાં સંયોગથી માનનારનું કાંઈ રહેતું નથી.

પરમાણુ સાબિત કરવામાં તેના ગુણ–પર્યાય કર્તા, આધાર ને મૂળસાધન છે. જીવ ઇચ્છા કરે અથવા જ્ઞાન કરે તેથી પરમાણુ સાબિત થાય, એમ નથી, કેમ કે એનાથી એ નથી. અંશી વસ્તુ છે અને અંશ (અવસ્થા) બીજા વડે થાય એમ હોય તો વર્તમાન પર્યાયરૂપ અંશ વિના વસ્તુ શું ? અમે આત્મા છીએ પણ તેનો ધર્મ દેવ-ગુરુ-શાસ્ત્રથી થયો તો પોતે દ્રવ્યે–ક્ષેત્રે–કાળે–ભાવે તેમનાથી જુદો ક્યાં રહ્યો ?

સામાયિક કરી તેમાં દેવ-ગુરુ હતા, શરીર સારું હતું તો સમતા થઈ એણે પોતાનાં દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવથી પોતાનું અસ્તિત્વ ન માન્યું. બાહ્ય સાધનથી, બીજાના આધારથી આત્માનું તથા આત્માના ગુણ–પર્યાયનું અસ્તિત્વ સાબિત થતું નથી. કારણ કે આત્માના જ ગુણ–પર્યાય આત્માને સાબિત કરવાનું મૂળ સાધન છે.

શરીર ચાલે છે તે પરમાણુની પર્યાય નક્કી કરવાનું ખરું સાધન છે પણ જીવ તેને ચાલવાનું કે ચલાવવાનું સાધન છે, એમ સાબિત થતું નથી, કારણ કે દ્રવ્યે–ક્ષેત્રે–કાળે–ભાવે શરીર તેના પરમાણુ દ્રવ્યથી પૃથક્ જોવામાં

આવતું નથી. જો આત્માથી શરીર ચાલતું હોય તો ઇચ્છા મુજબ નિરંતર તે જ સમયે ચાલવું જોઈએ. આ તો મહાન સ્વતંત્રતાનો સિદ્ધાંત છે.

વાહ ! આત્માની જ્ઞાનાદિ પર્યાય કર્તા–આધાર અને મૂળસાધનરૂપ થઈને આત્મદ્રવ્યને ધારણ કરી રાખે છે. દ્રવ્યની વાત કરી છે ત્યાં ''મૂળસાધનપણે'' કહ્યું નથી, પણ અહીં દ્રવ્ય નક્કી કરવામાં ગુણ–પર્યાયને જ મૂળસાધન કહેલ છે.

પરની દયા તે પરને સાબિત કરે છે, આત્માની ઇચ્છા આત્માને સાબિત કરે છે. કોઈ બીજાને નક્કી કરવાનું કર્તા–સાધન અને આધાર કોઈ બીજું દ્રવ્ય થઈ શકતું નથી.

પ્રશ્ન :–શુદ્ધોપયોગ કરવામાં કોઈ સાધન ખરું કે નહિ ?

ઉત્તર :–નહિ. કેમ કે શુભરાગરૂપ વ્યવહાર અથવા કોઈ નિમિત્તના કારણે તેનું અસ્તિત્વ સાબિત થતું નથી. જો પોતે સ્વતંત્રપણે શુદ્ધભાવે પરિણમે તો રાગ અને નિમિત્તને ઉપચારસાધન કહેવાય છે પણ ખરેખર તો તે બધા અવ્યાજબી કારણ છે, કેમ કે તેણે કાંઈ આત્માની શુદ્ધતા બતાવી નથી.

તિજોરીમાં રૂપિયા આવ્યા તે મૂળસાધન થઈને તેના પરમાણુને સાબિત કરે છે. કોઈની બુદ્ધિ હતી માટે તેનું હોવાપણું નથી, તિજોરીથી પૈસા રહે એમ પણ નથી, કેમ કે એમ થાય તો કોઈ કાળે તે જુદા પડે નહિ.

કેવળજ્ઞાન પર્યાય પ્રગટ થઈ તે આત્માના ખરા સાધનપણે થઈને આત્માને સાબિત કરે છે પણ વજ્રર્ષભનારાચસંહનન હતું, કર્મનો અભાવ હતો તેની સાબિતી કરતું નથી. દિવ્ય ધ્વનિની પર્યાય તેના પરમાણુને સાબિત કરે છે પણ ભગવાનના આત્માને નહિ. રોટલીની પર્યાય તેના પરમાણુને સાબિત કરે છે પણ તાવડી, અગ્નિ વગેરેને નહિ.

પ્રશ્ન :–આમાં વ્યવહારશાસ્ત્રમાં કહેલાં નિમિત્ત તો ઊડી જાય છે.

ઉત્તર :–આવું નિશ્ચય સ્વરૂપ જાણે તો પછી નિમિત્તો એના કારણે કેવા પ્રકારનાં હોય તેને વ્યવહારનાં શાસ્ત્રો બતાવે છે. તેનું યથાર્થ જ્ઞાન થાય છે.

શંકાદિ દોષરહિત સ્વ-પર અર્થ નિશ્ચય કરનારું જ્ઞાન તે પ્રમાણ છે. તેમાં પ્રથમ સ્વ કોણ તેનો સારી રીતે નિશ્ચય કર્યા પછી જ પરનું પણ યથાર્થ જ્ઞાન થાય છે ત્યારે પ્રમાણ કહેવાય છે.

જે દ્રવ્ય-ગુણમાંથી પર્યાય આવી તે જ દ્રવ્યને ટકવાનું મૂળ–ખરું સાધન છે, બીજા નહિ, એમ અંતરમાં નક્કી કર તો તારા વર્તમાન અને ત્રિકાળમાં ભેદ નહિ દેખાય, સ્વરૂપથી જ અભેદ અને પરિપૂર્ણતા છે તે

દેખાશે. આવો એક વીતરાગનો જ માર્ગ છે. સ્વલક્ષે આવા આત્માને અભેદરૂપ જાણતાં સ્વ-પર પ્રકાશક જ્ઞાન ખીલ્યું પછી પર કોણ તે જણાઈ જાય છે. પોતે સમજ્યો માટે સામે સમજાવનાર હતા તે સાબિત થતું નથી પણ સમજણની પર્યાય વડે તેનું દ્રવ્ય સાબિત થાય છે.

આ પ્રવચનસારની મૂળગાથાના લખાણ ઉપરથી શ્રી કુંદકુંદાચાર્ય સાબિત થતા નથી પણ તેઓ તેનાથી ભિન્ન જ્ઞાનસ્વરૂપ આત્મા હતા ને તે જ્ઞાનપર્યાયના આધાર વડે, જ્ઞાનરૂપી ખરા સાધન વડે તેઓ ઓળખાતા હતા. જો મૂળસાધનરૂપ સ્વપર્યાય વડે પોતાને જાણે તો પર, પર વડે છે એમ યથાર્થ જ્ઞાન થાય છે. દરેક ક્ષેત્રે કાળે એક જ વાત છે કે સમય સમયની પર્યાય વડે દ્રવ્યનો સદ્ભાવ સાબિત થાય છે, બીજાને શોધવાની અપેક્ષા રહેતી નથી.

"વચનામૃત વીતરાગનાં પરમ શાંત રસ મૂળ" આ શબ્દો તે પરમાણુને સાબિત કરે છે પણ જીવના જ્ઞાનને સાબિત કરતા નથી. કર્તા, આધાર ને સાધન દરેકનાં ત્રિકાળ જુદા જુદા છે–એમ જાણે તો જ્ઞાનનો મહિમા આવે.

મૂળસાધનપણે ગુણ–પર્યાયો છે તે વડે જ દ્રવ્ય સાબિત થાય છે. ત્રણે કાળની પર્યાયોનો પિંડ તે દ્રવ્ય છે. ત્રણકાળની પર્યાયમાંથી એક અંશ (પર્યાય) મૂળસાધનપણે ન માનો તો કોઈ દ્રવ્ય સાબિત થતું નથી.

દરેક દ્રવ્યમાં ભૂતકાળની પર્યાય કરતાં ભવિષ્યકાળની પર્યાય અનંતગુણી છે પણ કેટલાક તેમ નથી માનતા. ભૂતકાળની પર્યાય કરતાં ભવિષ્યની પર્યાય વર્તમાન એક સમય પૂરતી અધિક છે–એમ તેઓ માને છે. પણ એમ માનવાથી–દ્રવ્ય જ સાબિત થતું નથી. મૂળસાધનપણે પર્યાયો છે તેમાંથી એક પણ પર્યાય ઓછી રહે તો દ્રવ્ય જ નક્કી થતું નથી. આ સૂક્ષ્મ વાત છે. એક પરમાણુ, તેના અનંતા ગુણ ને તેની શક્તિરૂપ ત્રિકાળી પર્યાય તેમાંથી એક પર્યાય પણ ઓછી કરો–કાઢી નાખો તો, ગુણ સાબિત થતા નથી ને ગુણ વિના દ્રવ્ય પણ સાબિત થતું નથી.

એક એક સમયનો પર્યાય તે દ્રવ્યને સાબિત કરવામાં અસલી–મૂળસાધન છે, કર્તા છે, આધાર છે. એમાં બીજા કોઈની, કોઈ પ્રકારે અપેક્ષા નથી. આ રીતે પરથી ભેદ થવો ને પોતામાં અભેદનો નિશ્ચય થવો તે સમ્યગ્દર્શન અને સમ્યક્દર્શનનો અનુભવ છે.

પ્રશ્ન :–નિમિત્ત તો યાદ જ કર્યું નથી ?

ઉત્તર :–નિમિત્તની પર્યાયથી તે નિમિત્ત ઓળખાય છે. એનું સાધન–આધાર એ છે, એમ યાદ કર્યું છે. દ્રવ્ય-ગુણ-પર્યાય, ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય તે બધા સત્ છે, અહેતુક છે; તેને પરદ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવનો સંબંધ નથી એમ પ્રથમ નિરપેક્ષ સ્વભાવ સ્વીકાર્યા પછી સંબંધનું જ્ઞાન કરવું તે વ્યવહાર છે.

પ્રશ્ન :–આમા કાંઈ કરવાનું તો રહેતું નથી.

ઉત્તર :–સ્વ તરફ વળવામાં જ આનંદ છે, એમ જાણ્યું એટલે સ્વમાં જ્ઞાતાપણે વળવાનું અને મિથ્યાનો સ્વીકાર નહિ કરવાનું કહે છે.

***

# પ્રસાદ નં. ૧૫

## પ્રવચનસાર ગાથા ૯૬ ના પ્રવચનમાંથી.

(કા.સુ. ૧૩)

દરેક આત્મા તથા પરમાણુ આદિની સમયે સમયે પર્યાય થાય છે, તે દ્રવ્યને સાબિત કરવાનું મૂળસાધન છે. તે ગુણ–પર્યાયથી દ્રવ્યનું અસ્તિત્વ ઓળખાય છે. એવું અસ્તિત્વ તે દ્રવ્યનો સ્વભાવ છે.

કરોડ રૂપિયાની મૂડીમાંથી એક પાઈ ઓછી કરો તો કરોડ રૂપિયા સાબિત થતા નથી. વર્તમાન ઉત્પાદ-વ્યયરૂપ પર્યાય અને તેવી અનંત પર્યાયનો પિંડ તે ગુણ, એવા અનંતા ગુણ–પર્યાયનો પિંડ તે દ્રવ્ય છે. તેમાંથી એક પર્યાય ઓછી કહો અથવા કોઈ પર દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવને આધારે થતી કહો તો કોઈ દ્રવ્ય સાબિત થતું નથી. પર્યાયથી દ્રવ્ય ટકી રહ્યું છે, પર્યાય (દરેક સમયના ઉત્પાદ-વ્યયરૂપ અવસ્થા) તે આધાર છે અને દ્રવ્ય તે આધેય છે.

પર્યાય તે કર્તા છે ને દ્રવ્ય તે કાર્ય છે.

પર્યાય મૂળસાધન છે ને દ્રવ્ય સાધ્ય છે.

આત્માનાં શ્રદ્ધા–જ્ઞાન–ચારિત્ર આદિ ગુણની એક સમયની કોઈપણ પર્યાય બીજા વડે થાય એમ માનો તો તે અંશ–પર્યાય વિના દ્રવ્ય સાબિત થતું નથી. આખું સ્વરૂપ–અસ્તિત્વ ટકતું નથી. જેમ સો વર્ષના બધા સમય થઈને પુરુષનું આયુષ્ય છે. તેમાંથી એક સમયની અવસ્થા કાઢી નાખો અથવા તે પરદ્રવ્ય–ક્ષેત્ર–કાળાદિ વડે ઊપજી એમ માનો તો સો વર્ષનો પુરુષ સાબિત થતો નથી. તેમ આત્મામાં કોઈ કર્મ, શરીર, ક્ષેત્ર, કાળને લીધે રાગદ્વેષ, જ્ઞાન, સુખ–દુઃખ થાય અને કોઈ એક આત્માને કારણે બીજામાં કર્તાપણું, સાધન કે આધારપણું થાય તો કોઈ દ્રવ્ય સાબિત થતું નથી. કોઈને લીધે કોઈનું અસ્તિત્વ નથી કેમ કે અસ્તિત્વગુણ અને ગુણી એવું દ્રવ્ય કોઈની અપેક્ષા રાખતું નથી.

અગ્નિ આવી તો કપડું બળ્યું–એમ માનવામાં આવે તો તેની પર્યાયનો કાળ નહોતો એમ માનવું પડે ને પર્યાય પર વડે માનતાં દ્રવ્યનું ટકી રહેવું બનતું નથી. અગ્નિએ કપડાની પર્યાય અગ્નિરૂપ કરી તો અગ્નિએ કપડાને સાબિત કર્યું પણ તેના પોતાના દ્રવ્યના મૂળસાધનપણે, આધારપણે, કર્તાપણે ટકાવી રાખવાનું કામ અગ્નિએ ન કર્યું.

ગાથામાં ''સર્વકાળે'' એવો શબ્દ છે, તેમાં વર્તમાન કાળ પણ વર્તમાનપર્યાયરૂપે આવી ગયો. તેથી કોઈ પણ દ્રવ્યે–ક્ષેત્રે–કાળે–ભાવે

વર્તમાન ઉત્પાદ-વ્યયરૂપ પર્યાયથી જ દ્રવ્યની સાબિતી થાય છે. કોઈ કાળે દ્રવ્ય તેના ગુણ–પર્યાય વિના સાબિત થતું નથી.

એક સમયની કુંડળાદિ પર્યાય આખા સોનાને ટકાવી રાખે છે– પીળાશાદિ ગુણ અને તેની અવસ્થાઓ ન હોય તો સુવર્ણ જ ન હોય એથી ગુણ–પર્યાયોનું અસ્તિત્વ તે જ દ્રવ્યનું અસ્તિત્વ છે, એવો દરેક દ્રવ્યનો સ્વભાવ છે.

હવે દ્રવ્યનું તથા ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યનું પણ એક જ અસ્તિત્વ છે, એમ દ્રષ્ટાંતપૂર્વક કહે છે.

જેમ સોનાના અસ્તિત્વથી જુદા નથી માટે તેના પીળાશાદિ ગુણો અને કુંડળ વગેરે અવસ્થાઓનું ઊપજવું, બદલવું ને ટકવું સોના વડે સાબિત થાય છે. સોનું જ તેની પર્યાયોના ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યનું કર્તા–સાધન અને આધાર છે, સોની, એરણ,અગ્નિ વગેરે નહિ–કોઈ દ્રવ્યે–ક્ષેત્રે–કાળે કોઈની ભૂલથી વા કોઈના ડહાપણથી સોનાનો ઘડો ફૂટ્યો ને નવો મુગટ થયો એમ નથી.

કોઈ પણ અવસ્થાના વ્યય અને ઉત્પાદનું કારણ–આધાર તે દ્રવ્ય છે, એમ જાણે તેને સમતા આવે. છોકરે ઘી ઢોળ્યું માટે દ્વેષ થયો, રસોઈ સારી થઈ માટે રાગ થયો, બાળક પડી ગયું માટે દ્વેષ થયો એમ પર દ્રવ્ય–ક્ષેત્રાદિથી ઉત્પાદ-વ્યય માનનારો–વર્તમાન સંયોગ અને પર્યાય જોઈને ઇષ્ટ–અનિષ્ટ માનનારો, પર્યાયમૂઢ મિથ્યાદ્રષ્ટિ છે. પરના કારણે રાગ–દ્વેષ, સુખ–દુઃખ થતાં હોય તો બધાને થવા જોઈએ ને સરખા જ થવા જોઈએ.

પૈસાનો વ્યય તેનો આધાર અને કર્તા પરમાણુ છે, બેદરકારી નહિ. માથું ફૂટ્યું તેનો આધાર–કારણ શરીરના રજકણ છે. અનેક આકારનાં ઘરેણાંનો આધાર સોનું જ છે, આમ માને તો દ્રવ્ય સામું જુએ ને તેના આશ્રયે સાચું સમાધાન થાય.

ખીચડીમાં ઘી પડવાથી રાગ કરે ને બહાર ઢળવાથી દ્વેષ કરે, તે અનંતસંસારનું કારણ એવો અનંતાનુબંધી કષાય છે. તેનો આધાર–કર્તા અજ્ઞાની જીવ છે. પર્યાયમાત્રને જોનારો મૂઢ અજ્ઞાની માને છે કે મારા વડે સામા પદાર્થનું અસ્તિત્વ છે તો તેનાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યનો તે આધાર છે, કર્તા છે, સાધન છે. તેનો વિરોધ કર્યો એટલે પોતાનો જ વિરોધ થયો, પરને કારણે કે પરના આધારે કોઈનું ઊપજવું, બદલવું કે ટકવું થાય એ માન્યતા અનંતા પર પદાર્થોની પરાધીનતાની દ્રષ્ટિ તે અનંત સંસારનું કારણ છે.

ગુંડાએ છરી મારી તેના કારણે શરીરમાં ખાડો પડ્યો. આહાર સારો લીધો માટે શરીર સારું થયું કે ભૂખ મટી, આહાર ન લીધો માટે ઉપવાસ

થયો કે પરિણામ સારા રહ્યા, એમ માનનારે કોઈ દ્રવ્યનું સ્વતંત્ર અસ્તિત્વ છે એમ માન્યું જ નહિ.

હવે દ્રવ્યની સાબિતી માટે વર્તમાન પર્યાયનાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય ને મૂળ સાધનપણે–કર્તાપણે–આધારપણે બતાવે છે.

જેમ દ્રવ્યે–ક્ષેત્રે–કાળે–ભાવે કુંડળ આદિ ઉત્પાદોથી, બાજુબંધ આદિ વ્યયોથી ને પીળાશ આદિ ધ્રૌવ્યોથી જે જુદું જોવામાં આવતું નથી એવા સોનાને એ પર્યાયોએ ટકાવી રાખ્યું છે. પૂર્વની અવસ્થાનો વ્યય થાય, નવી અવસ્થાનો ઉત્પાદ થાય અને સુવર્ણત્વ ટકી રહે–તેના આધારે સોનાનું અસ્તિત્વ છે. આવો દરેક જીવ–અજીવ દ્રવ્યોમાં સ્વભાવ છે. આવી શ્રદ્ધામાં જ અનંતા પરની અપેક્ષાવાળી રુચિ ટળીને સ્વસન્મુખ થવાય છે.

પરની અપેક્ષા વિના જ દરેક દ્રવ્યની કોઈ પણ અવસ્થાના ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યથી તેનું હોવાપણું છે, એમ એકેક સમયની પર્યાયદ્વારા દ્રવ્યની સાબિતી તે દ્રવ્યદ્રષ્ટિ છે.

પ્રશ્ન :–દ્રવ્ય હોય તો ગુણ–પર્યાય અને ગુણ–પર્યાય હોય તો દ્રવ્ય –એમ માનતાં તો ઇતરેતરઆશ્રય દોષ આવશે ?

ઉત્તર :–તેઓનું એક જ અસ્તિત્વ હોવાથી આ દોષ આવતો નથી.

સર્વકાળે તે તે પદાર્થોમાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય થાય છે. તે તેનાથી જુદા જોવામાં આવતા નથી પણ તેને લઈને તો દ્રવ્ય ટકે છે. તે મૂળસાધન ન હોય, તે કર્તા–આધાર ન હોય ને બીજા કોઈ હોય તો દ્રવ્યનું અસ્તિત્વ સાબિત થતું નથી. બીજા વડે ઉત્પાદ આદિ કહો તો વસ્તુ રહેતી નથી.

એક પરમાણુની પર્યાય ઉપજવાનું કે બદલવાનું કારણ બીજો પરમાણુ નથી તથા કોઈની ઇચ્છા–જ્ઞાન વગેરે પણ તેનું કારણ નથી. ફૂટવાના સમયે ઘડો ન ફૂટે અને ઠીકરાંનો ઉત્પાદ ન થાય તો વસ્તુનું સ્વરૂપ ટકી શકે નહિ. મૂળકારણને નહિ જોતાં સંયોગથી જોનાર મૂઢજીવને અસલી વસ્તુસ્વરૂપની સત્તા સાંભળવી પણ રુચતી નથી. એ અરુચિ તેના દ્રવ્યને ઓળખાવે છે. દરેક સમયના ઉત્પાદ-વ્યય ને ધ્રૌવ્યથી સર્વકાળે સર્વ દ્રવ્યો ટકી રહ્યાં છે.

ઇચ્છા વડે સોનગઢ અવાતું નથી. ઘણા વખતની ઇચ્છા હતી તે તે સમયની પર્યાયથી તમારા દ્રવ્યની પ્રસિદ્ધિ હતી. બીજા સમયે બીજા સમય દ્વારા તમારું અસ્તિત્વ સાબિત હતું. વર્તમાન આ પર્યાય તમારી સાબિતી માટે મૂળસાધનપણે, કારણપણે ને આધારપણે છે ને તમે આધેય છો, પણ પૂર્વપર્યાય (ઇચ્છા) કરી હતી, જ્ઞાન કર્યું હતું. શુભાશુભ રાગ કર્યો હતો, શ્રવણ કર્યું હતું તેના આધારે તમે વર્તમાન ટક્યા નથી પણ વર્તમાન પ્રગટ

ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યરૂપ પર્યાયના આધારે ટક્યા છો. પર દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવ તો ક્યાંય દૂર રહી ગયા પણ પૂર્વની પર્યાયના આધારે પણ કોઈનું ટકવું નથી. એક સમય તે સૌ સમય, ભેદ અવસ્થા જોય ભૂતકાળથી નહિ, ભાવિકાળથી નહિ પણ મૂળસાધનપણે વર્તમાન જે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યરૂપ જે પર્યાય તે વડે અવસ્થાવાન દ્રવ્યનું અસ્તિત્વ સાબિત થાય છે, એમ જાણે તો દ્રવ્યદ્રષ્ટિ થાય ને પરાધીનતા છૂટે.

***

# પ્રસાદ નં. ૧૬

## પ્રવચનસાર ગાથા ૯૬ ના પ્રવચનમાંથી.

(કા.સુ. ૧૪)

દરેક પદાર્થના અસ્તિત્વસ્વભાવને તેનાં ઉત્પાદો–વ્યયો–ધ્રૌવ્યો મૂળસાધનપણે ધારણ કરે છે. તેઓ દ્રવ્યના અસ્તિત્વથી જુદાં નથી. દયાદાનના શુભરાગનો ઉત્પાદ થયો અને તે સમયે અશુભરાગનો વ્યય થયો, તેણે જીવદ્રવ્યનું અસ્તિત્વ સાબિત કર્યું છે, પરમાં કાંઈ કર્યું નથી.

પ્રશ્ન :–શું રાગની પર્યાય આત્માના અસ્તિત્વને સાબિત કરે છે ?

ઉત્તર :–હા, તે ચારિત્રગુણની વિકારી પર્યાય છે, તે પર્યાય ગુણને સાબિત કરે છે ને ગુણ ગુણીને સાબિત કરે છે. એક સમયનો રાગ તથા તેના અનંત અવિભાગ પ્રતિચ્છેદ છે તેમાં કોઈ એકને ન માનો તો અંશની સત્તા વિના અંશી એવી કોઈ વસ્તુ સાબિત થતી નથી. આગલી પર્યાયનો વ્યય ન હોય તો નવી પર્યાયનો ઉત્પાદ સાબિત થતો નથી અને તેના વિના દ્રવ્ય સાબિત થતું નથી.

એ પ્રકારે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યના અસ્તિત્વ વડે દ્રવ્યનું અસ્તિત્વ સાબિત થાય છે.

પ્રશ્ન :–મુનિના હાથમાં આહાર સમયે કોઈ માંસ મૂકે તો તેમણે હાથ ખેંચી લેવો ? ના પાડવી ? ભાગવું ? મુખથી ના પાડવી ? શું કરવું ?

ઉત્તર :–એવો યોગ એના કારણે મુનિને ન હોય છતાં કાંઈ એવું બને તો તે સમયે મુનિને રાગનો અભાવ હોય તો સ્વદ્રવ્યમાં લક્ષ હોય અને વિકલ્પ હોય તો આ ન હોય એવી ઇચ્છા થાય. પણ ઇચ્છાના કારણે માંસનું ન આવવું તથા શરીરનું ખસવું કે વાણી થવી એમ નથી. તે તો તેના સ્વકાળે જડની સ્વતંત્ર લાયકાત હોય તેમ જ થાય. ઇચ્છા તોડીને મુનિ તો સ્વરૂપનું લક્ષ કરે છે, પરની પર્યાયને ગ્રહણ કરું કે છોડું એવું કર્તાપણું–આધારપણું જીવમાં નથી.

પ્રશ્ન :–ભગવાનની પૂજા માટે આઠ દ્રવ્ય શુદ્ધ લઈ જવાં કે નહિ ? સમયસારજી વાંચવાની ઇચ્છા થઈ તો તે લેવું કે નહિ ?

ઉત્તર :–પોતાને તે તરફનો રાગ છે તેને લઈને તે આવે એવી પરાધીન સત્તા તેની નથી. વર્તમાન ઇચ્છા જીવદ્રવ્યના અસ્તિત્વને સાબિત કરે છે. પર દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવ સાથે તેનો સંબંધ નથી. આંખની પાંપણ

ફરે તેના ઉપર જીવનો અધિકાર નથી, એક પરમાણુની ક્રિયામાં બીજા પરમાણુનો અધિકાર નથી.

પ્રશ્ન :–અમારે કેવી શ્રદ્ધાથી કામ લેવું ?

ઉત્તર :–સ્વદ્રવ્યાશ્રિત શ્રદ્ધાથી એમ માનવું કે મને કોઈએ ઇચ્છા કરાવી નથી ને વિકલ્પ કર્યો તે મારું અસ્તિત્વ બતાવે છે પણ તેને લીધે પાંપણ ચાલે કે રોકાય તેવું સાબિત થતું નથી. સ્થૂળ સંયોગથી જોનાર અજ્ઞાનીને આંમાં એકાંત નિયતવાદ લાગે એવું છે પણ ત્રણે કાળે દરેક દ્રવ્યની પર્યાય નિયત જ હોય ને બીજી રીતે ન હોય–આવા સમ્યક્ અનેકાંતપૂર્વક દ્રવ્યનું અસ્તિત્વ સાબિત થાય છે અને દ્રવ્યદ્રષ્ટિનું નિઃશંક જોર થઈ શકે છે. ll૯૬ll

હવે સાદ્રશ્ય–અસ્તિત્વને કહે છે.

## ગાથા ૯૭

અન્વયાર્થ :–ધર્મને ખરેખર ઉપદેશતા તીર્થંકર ભગવાને આ વિશ્વમાં સદાય ભિન્ન–ભિન્ન સ્વરૂપે અસ્તિત્વવાળા સર્વદ્રવ્યો છે અને તેઓ બીજાના રૂપે નથી એમ કહ્યું છે, છતાં તેઓનું ‘સત્’ એવું સર્વમાં વ્યાપનારું લક્ષણ (સાદ્રશ્ય–અસ્તિત્વ) એક કહ્યું છે. ‘છે’પણું બધાયમાં વર્તે છે, તે સામાન્ય સત્તામાંથી કોઈને કાઢી શકાય નહિ, નિગોદ–એકેન્દ્રિયની મહાદુઃખી દશા ને સિદ્ધની દશા, મહા હિંસક ને અહિંસક, ક્રોધ ને ક્ષમા, સુગંધ ને દુર્ગંધ, તત્ત્વનો મહાવિરોધ કરનાર અને સમજીને હા પાડનાર વગેરે જગતમાં એક સાથે છે. હું જ્ઞાન છું, એ જ્ઞેય છે. આવી વિચિત્રતા કેમ ? એવા વિકલ્પને જ્ઞાનમાં સ્થાન નથી. ‘છે’પણામાં બધા સરખા છે–આવી દ્રષ્ટિ થવી તે વીતરાગતાનું કારણ છે.

પ્રશ્ન :–એક બ્રહ્મમાં બહુ વીતરાગતા થતી હશે ?

ઉત્તર :–ના, તેમાં તો કોઈ દ્રવ્યનું સ્વતંત્ર સ્વરૂપ–અસ્તિત્વ માનેલ નથી. જો બધા એક હોય તો બધા રાગી તો હું રાગી ને એ વીતરાગ થાય તો હું થાઉં. પણ એ બધા રાગી અજ્ઞાન વડે દુઃખી ભલે હોય પણ હું તેનાથી જુદો હોવાથી-સ્વતંત્ર મારા વડે વીતરાગી મુક્ત થઈ શકું છું, એકાંત અદ્વૈતમાં વીતરાગતા અંશમાત્ર પણ આવે નહિ. કેમ કે હું બધા જગતપણે એક છું, જુદો નથી એમ માન્યું તો બીજા તીવ્ર પાપી, દુઃખી, અજ્ઞાની છે તેથી મારાથી વીતરાગી નહિ થવાય. પણ કોઈ કાળે કોઈનું સ્વરૂપ એક થતું નથી. તે ‘છે’ તેમ તેને સામાન્ય જ્ઞેય બનાવીને બધાના જ્ઞાતાદ્રષ્ટા રહેવું તેનું નામ વીતરાગતા છે. એકાંત મહાસત્તા કોઈ સ્વતંત્ર વસ્તુ નથી પણ

તેમાં સર્વની સ્વરૂપ–સત્તા ગૌણ કરીને, સર્વના ‘છે’પણાની એક સત્તા કહેવી છે.

કોઈ સત્યનો વિરોધ કરે, કોઈ બહુમાન કરે, કાલનો મહાપાપી આજ ધર્મી થઈ જાય, કોઈ હજારોવાર કલેશ કરે, તો આમ કેમ ? એ વિકલ્પ જ્ઞાન કરતું નથી કારણ કે એ પણ જગતનાં જ્ઞેયો છે. કોઈ પણ અસ્તિત્વને ‘છે’પણામાંથી નિષેધવું નથી, એવું જે જ્ઞાન તે વીતરાગતાનું કારણ છે.

ટીકા :–આ વિશ્વમાં વિચિત્રતાને વિસ્તારતા (અનેકપણું દર્શાવતા) અન્ય દ્રવ્યોથી સદાય જુદા રહીને વર્તતા એટલે કે પરથી અભાવભાવરૂપે ટકીને વર્તતા, પ્રત્યેક દ્રવ્યની મર્યાદા બાંધતા એવા વિશેષલક્ષણભૂત સ્વરૂપ–અસ્તિત્વ વડે દરેક દ્રવ્ય લક્ષિત થાય છે. એક સમય તે સૌ સમય. એક સમયે જુદા તે ત્રિકાળ સર્વ અવસ્થામાં પરથી જુદા ને સ્વદ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવથી અભેદ રહે છે તેથી કોઈ આત્માના કોઈ ગુણ–પર્યાયની મર્યાદા પર જીવમાં કે કોઈ દેહાદિમાં ન જાય ને કોઈનું કાંઈ આવે નહિ, એવું વસ્તુસ્વરૂપ છે. અનંત સિદ્ધ થયા તેનાથી અનંતાગુણ જીવ એક નિગોદના શરીરમાં છે. તેનાં આહાર, શ્વાસ, આયુ, શરીર બધું સાથે હોવા છતાં કોઈનો અંશ કોઈ બીજામાં ભળી જતો નથી, દરેકની સત્તા જુદી જુદી જ છે.

કોઈ આત્મા શરીરાદિને રાખી શકે નહિ કે ત્યાગી શકે નહિ. પોતાની સત્તામાં ભાવ કરી શકે, પરમાં કદી કોઈ રીતે કાંઈ ન કરી શકે એ જ અસ્તિ–નાસ્તિરૂપ સ્વરૂપ–અસ્તિત્વનું સાચું અનેકાંત છે. આત્મા સૂક્ષ્મ પરમાણુને ન ફેરવી શકે પણ સ્થળૂ શરીરાદિને ફેરવી શકે એમ માનનારે વસ્તુમર્યાદા જાણી નથી. ૩૦ ગાઉ જવું હોય તો ઝડપી ગતિથી પગ ઉપાડવા જોઈએ ને એક ગાઉ જવું હોય તો ધીમી ગતિએ ચાલવું જોઈએ–એ વાત ખોટી છે. જીવ તેવી ઇચ્છા કરી શકે પણ શરીરની ગતિ ન કરી શકે.

દરેક દ્રવ્યની સત્તાની જુદાઈ છે તે મર્યાદાને ન ગણીને ‘સત્’ એવું જે સર્વગત સાદ્રશ્ય–અસ્તિત્વ તે ખરેખર એક જ જાણવું. કોઈ ક્ષોભ વિના તથા આમ કેમ ? એવા વિકલ્પ વિના જાણે એવી દ્રષ્ટિ તે વીતરાગતા છે.

બધી વસ્તુ સત્ છે, તેમાં કોઈ બાકી રહેતું નથી. **‘છે’ એવું સાદ્રશ્યસત્તાનું જ્ઞાન છે. ‘છે’ એવું વચનમાં વાણીના કારણે આવે છે અને જ્ઞેયમાં પણ તેવું જ છે.** જો સર્વ પદાર્થમાં સતરૂપે સરખાપણું ન હોય ને જ્ઞાન સર્વ પદાર્થને લક્ષમાં લેનારું ન હોય તો કોઈ પદાર્થ સત્ અને કોઈ પદાર્થ અસ્તિત્વ વિનાનો અસત્ હોવો જોઈએ પણ કોઈ સમયે કોઈ નથી–એમ બનતું નથી. ‘છે’ એમાં ‘નથી’ એવું જ્ઞાન થતું નથી, પણ પદાર્થ જેમ

છે તેમ જ્ઞાન જાણે છે. સિદ્ધ પણ છે, નિગોદ પણ છે, એ બધું એક સમયે છે. તેમાંથી (‘છે’પણામાંથી) કોઈનો અભાવ કરી શકાય નહિ ને તેમાં જ વીતરાગતા પ્રગટે છે. બધું ‘છે’ એમ ખ્યાલ કરે તો હું મારાપણે છું અને પર પરપણે છે એમ જ્ઞાન જાણે. વળી નવતત્ત્વ છે, તેના જાણનાર પણ છે અને તેના કહેનાર પણ છે.

સિદ્ધ હોવા જોઈએ અને નિગોદ ન હોવા જોઈએ, એમ નથી. સુગંધ હોવી જોઈએ અને દુર્ગંધ ન હોવી જોઈએ, એમ નથી. ધર્મી હોવા જોઈએ અને અધર્મી ન હોવા જોઈએ, એમ નથી. આદર કરનારા હોવા જોઈએ અને અનાદર કરનારા ન હોવા જોઈએ, એમ નથી. પણ બધું છે. ‘છે’પણું કબૂલ કરતાં વીતરાગતા થાય છે.

પ્રશ્ન :–શુદ્ધાત્માનો આદર કરવો ન કરવો ?

ઉત્તર :–સ્વભાવ છે તેમ જાણ્યું તેમાં આદર થઈ જાય છે. વિકલ્પ વડે શુદ્ધાત્માનો આદર થતો નથી. વિકલ્પ મટાડવાથી ‘છે’પણું લક્ષમાં આવે છે. ‘છે’ અપેક્ષાએ સર્વ જ્ઞેયને સરખાં ન માને તો રાગદ્વેષ કે ભલા–બૂરા માનવાપણું થયા વિના રહે નહિ. દ્રવ્ય છે તે ગુણ નથી, ગુણ છે તે પર્યાય પૂરતો નથી. પર્યાય છે તે દ્રવ્ય-ગુણપણે નથી એમ જ્ઞાનમાં જાણે છે છતાં સર્વના–સામાન્ય ‘છે’પણામાંથી કોઈનું ‘છે’પણું બહાર નીકળી જતું નથી. જ્ઞાનમાં, વચનમાં અને સર્વમાં ‘છે’પણું ન આવે તો વિરોધ આવે.

***

# પ્રસાદ નં. ૧૮

## પ્રવચનસાર ગાથા ૯૭ ના પ્રવચનમાંથી.

(કા.વ.૧)

આ વિશ્વમાં અનંત પરમાણુ તથા આત્મા વગેરે છે ને તેની અનેક અવસ્થાના ઘણા પ્રકારો છે, પણ કોઈ નથી એમ નથી. પ્રત્યેક પદાર્થ સ્વસ્વરૂપે ટકી પરથી જુદો છે છતાં બધા છે એમ સામાન્યસંગ્રહરૂપ એક અસ્તિપણામાં જણાઈ રહ્યા છે, વચનમાં પણ એવું બતાવવાનું સામર્થ્ય છે. એમ 'છે'પણાથી કોઈને જુદું નહિ પાડતું પણ બધાનો યથાયોગ્ય 'છે'પણામાં સમાવેશ કરતું વીતરાગી જ્ઞાન કોઈમાં કે કોઈથી રાગદ્વેષની કલ્પના કરતું નથી.

કોઈ આત્માને બીજા આત્મા અથવા દેહાદિ પરમાણુ સાથે સંબંધ નથી, એવું પોતાના આત્માના લક્ષે ભાન થવું તે સમ્યગ્દર્શન છે.

વિકાર કે અવિકાર, સુખ કે દુઃખ, જીવને પોતાને લઈને છે, પરને લઈ નથી. મારા અસ્તિપણામાં હું પણું છું ને પર પરપણે નથી, એમ નથી પણ સર્વ સદાય પોતાની મર્યાદામાં ટકી રહે છે. તે સર્વને સામાન્યસંગ્રહ અસ્તિત્વ દ્રષ્ટિથી જુએ તો સ્વ-પર જ્ઞેયમાં અનેક પ્રકાર જોતાં આ આમ કેમ ? આ જોઈએ ને આ ન જોઈએ, એવી વિસ્મયતા કે ઠીક–અઠીક નહિ કરનારું જ્ઞાન, વીતરાગી વિજ્ઞાનની બહોળતા (વિકાસ) કરે છે પણ ઠીક–અઠીક માની સંકોચાતું કે અટકતું નથી.

દ્રવ્ય તે અનંતગુણનો ભંડાર, ગુણ તે ત્રિકાળી શક્તિ, પર્યાય–તે દ્રવ્યગુણમાંથી સમયે સમયે ઉત્પાદ-વ્યયરૂપ પ્રવહતી અનેક અવસ્થા–તે સ્વજ્ઞેય છે, મારાથી જુદું નથી અને પર તે મારા સ્વજ્ઞેયપણે નથી. મારા જ્ઞેયમાં મારા ગુણપર્યાય સિવાય સ્વપણે જણાય એવું કોઈ જ્ઞેયમાં સામર્થ્ય નથી. મારું સ્વરૂપ મારાપણે જણાય ને પર એનાપણે છે એમ જ જણાય ને એવા સ્વરૂપઅસ્તિત્વને જાણવારૂપે પરિણમવું તે જ્ઞાનનો સ્વભાવ છે. તો પછી વિશ્વના સહુ કોઈને જાણતાં, આ આમ કેમ? એમ અજ્ઞાનમય વિસ્મયનો રાગ જ્ઞાની થવા દેતો નથી. 'સત્' એવું કથન અને 'સત્' એવું જ્ઞાન સર્વ પદાર્થનો ખ્યાલ કરનારું છે. જો એમ ન હોય તો કોઈ પદાર્થ સત્ હોય અને કોઈ અસત્ હોય.

પ્રશ્ન :–જે પદાર્થ સત્ છે તે જ અસત્ હોય ?

ઉત્તર :–હા, સત્ છે તે સ્વ અપેક્ષાએ છે પણ પરની અપેક્ષાએ તે જ અસત્ છે. અહીં તે વાત નથી. અહીં તો સર્વ સત્‌ને સંગ્રહ કરી સામાન્ય સત્ અને તેને જાણનારું જ્ઞાન બતાવવું છે. બધાના ‘છે’પણામાંથી કોઈને જુદો પાડી તેના અસ્તિત્વનો નિષેધ કરવો નથી કેમ કે કોઈ પદાર્થ હોય ને કોઈ પદાર્થ ન હોય, એમ બને નહિ. (આગળ આવશે કે સ્વદ્રવ્યે–ક્ષેત્રે–કાળે–ભાવે જે આત્મા વગેરે સત્ છે–પોતાપણે છે–તે જ પરથી અસત્ છે, એમ માને તો જ અનેકાંતપણું ટકી રહે છે.)

આ આત્માને અન્ય આત્મા તથા જડ કર્માદિ સાથે કાંઈ સંબંધ નથી. ત્રિકાળ જુદે જુદા છે. રાગદ્વેષની પર્યાય મારી વર્તમાન નબળાઈથી છે તથા મારા અનંતગુણ ને તેની પર્યાય મારા અસ્તિત્વમાં મારે લઈને છે, પરને લઈને નથી. ક્ષણિક રાગ મારું ત્રિકાળી સ્વરૂપ નથી, એમ શુદ્ધ આત્માને સ્વીકારતાં સમ્યક્ દર્શન થયા પછી કોઈપણ જ્ઞેયને જાણતાં આમ કેમ ? એમ અજ્ઞાન વડે પરથી રાગાદિ થવાની માન્યતારૂપ આશ્ચર્ય થતું નથી. પછી બધાને જેમ છે તેમ યથાર્થ જાણનારો રહે છે. પછી સત્‌ની રુચિ કામ કરે છે. મારા પરિણામમાં દયા, દાન, વ્રત, કામ, ક્રોધાદિ ભાવ મારા કારણે છે એ પર્યાય સત્‌ને પર્યાયપણે જાણવાની રુચિ તે સત્‌રુચિ છે. પોતાના ગુણને ગુણપણે–દ્રવ્યને દ્રવ્યપણે અને પર્યાયને પર્યાયપણે જાણવાની રુચિ તે સમ્યગ્દર્શન છે. પુણ્ય–પાપ તે વિકાર છે, કાયમી દ્રવ્ય-ગુણરૂપે તે નથી. આમ દ્રવ્યદ્રષ્ટિના વિવેક વડે આખા સ્વજ્ઞેયનો સ્વીકાર થતાં પરનું અભિમાન ગયું.

રાગ પોતાની અવસ્થામાં થાય છે, એમ માને ખરો પણ ત્રિકાળી જ્ઞાનાનંદના લક્ષે રાગાદિનું સ્વામિત્વ ઉડાડે છે. પછી રાગનું જોર રહેતું નથી–મુખ્યતા નથી છતાં એક સમયની અવસ્થા છે, તેનું અસ્તિત્વ જ ન સ્વીકારે તો ત્રિકાળી સ્વરૂપનું અસ્તિત્વ જ રહેતું નથી.

પુણ્ય–પાપ રાગાદિ વિકાર જેટલો જ છું, પરના કારણે મને રાગાદિ થાય, રાગને લઈને પરનું કરી શકું, શુભરાગ છે તેના અવલંબને કે ગુણભેદના આશ્રયે સમ્યગ્દર્શન થાય કે સાચા દેવાદિથી થાય એ બધી મિથ્યા માન્યતા સાચા જ્ઞાન વડે ટાળીને સ્વ આશ્રય વડે સ્વદ્રવ્યને અંગીકાર કરે તો સમ્યગ્દર્શન થાય છે.

આ રીતે સ્વજ્ઞેય જાણે તો રાગ તે સ્વભાવ નથી પણ નબળાઈથી થતી મારી પર્યાય છે, તેમ તેને પણ સ્વજ્ઞેય માને. પરના કારણે કોઈમાં લાભ–નુકશાન વગેરે થનાર નથી, પર્યાયસત્‌ને પણ સત્‌રૂપે જાણનારને

'આમ કેમ?' એવી અજ્ઞાનમય વિસ્મયતા થતી નથી. સ્વજ્ઞેય શુદ્ધિને વધારતું, જ્ઞાનનો મહિમા વિસ્તારતું તેનું જ્ઞાન વીતરાગતા જ લાવે છે.

'સત્' એવું જ્ઞાન સર્વ પદાર્થોને ખ્યાલમાં લેનારું છે. જો તે એમ ન હોય તો કોઈ પદાર્થ સત્ અને કોઈ અસત્ ઠરે, ને કોઈનું અસ્તિત્વ કિંચિત્ એટલે થોડા ટકા સત્ ને થોડા ટકા અસત્ ઠરે ને કોઈ અવાચ્ય હોવો જોઈએ પણ તે તો વિરુદ્ધ જ છે.

ગુણ અનંત ને તેનો આધાર દ્રવ્ય તે સામાન્ય ધ્રુવ છે, તેની સમયવર્તી ક્રમભાવી પર્યાયો તે એક સમય પૂરતું સત્ છે. તેની હયાતી ભાવવાનમાં પોતાથી હોય. રાગાદિ પર્યાય સ્વજ્ઞેય છે પણ પર્યાય તે દ્રવ્ય-ગુણપણે નથી. ત્રિકાળીના જોરમાં તૂટે જ છે તે માટે ભેદ ઉપર જોવા રોકાવું પડતું નથી.

સર્વ પદાર્થના સર્વપ્રકાર એક અસ્તિત્વભાવપણે જાણતાં કોઈ મિથ્યા કલ્પના થતી નથી. જ્ઞાન જેમ છે તેમ જાણે છે. કોઈને નિગોદ પર્યાય, કોઈને પૂર્ણ સિદ્ધ પર્યાય, કોઈ સાધક, કોઈ વિરાધક વગેરે જેમ છે તેમ છે; પરમાણુના અનેક પ્રકાર છે, તે પણ તેનાપણે તેનાથી છે. આ રીતે બધા જ્ઞેય અસ્તિપણે એક સમયમાં છે, તેમાં આમ કેમ ? એવો મિથ્યાત્વના જોરવાળો વિકલ્પ જ્ઞાનીને નથી. નબળાઈથી ઊઠતા વિકલ્પનું જ્ઞાનમાં સમાધાન વર્તે છે. સામાના કારણે મારો ધર્મ–અધર્મ નથી. તેનો ભાવ તેનામાં છે. 'બધું છે' એમ નિશ્ચય થયેલું જ્ઞાન જ્ઞાનની વિશાળતા પ્રગટ કરતું, જ્ઞાનમાં સ્થિર રહેતું, એકલું વીતરાગી વિજ્ઞાન સિદ્ધ કરતું કેવળજ્ઞાનરૂપ થાય છે.

બધા પદાર્થ છે એમ કહેવાની વચનની લાયકાત છે,

બધા પદાર્થ છે એમ જ્ઞાનમાં જાણવાની લાયકાત છે,

બધા પદાર્થ છે તેમાં સત્ સામાન્યરૂપ જ્ઞેયપણાની લાયકાત છે.

આવું છે તો પછી, તેમાં આમ કેમ ? આ ન થવું જોઈએ, આ ન હો, એવા વિકલ્પનો અવકાશ નથી. તે જ્ઞેય છે ને જાણનાર માત્રપણે આ જ્ઞાન છે–તેમાં વિરોધ ક્યાં કરવો ?

અરે ! તમે બગડી ગયા–તો તે પર્યાય પણ અસ્તિરૂપે છે. દૂધ ઢોળ્યું, ઘર બગાડ્યું, સંભાળતાં આવડ્યું નહિ, તમે આમ કેમ કર્યું–પણ એની વર્તમાન યોગ્યતા મુજબ એ ક્યારે ન બદલે? ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય તો અસ્તિસ્વભાવ છે, તેને જાણવાનો જ્ઞાનનો સ્વભાવ છે, તેમાં 'આમ કેમ?' નો વિકલ્પ નથી. કેમ કે એવું જ જાણવાની તે કાળે જ્ઞાનની યોગ્યતા છે. આ

સમયે આમ જ હોય એમ બધાના સત્ સ્વભાવને જાણનાર વીતરાગદ્રષ્ટિવંત છે, તેના જોરે તે વીતરાગતારૂપે પરિણમે છે.

જગતમાં સમ–વિષમ વિચિત્રતા તે તે સમયે જે હોય તે તેના કારણે છે, હું એક પ્રકાર જાણનારપણે છું, તેને દ્રવ્યદ્રષ્ટિની મુખ્યતા રહે છે. સ્વસન્મુખ નિઃશંક રુચિ કામ કરે છે. સાધકદશામાં નબળાઈથી રાગ થાય તે પરના કારણે થતા જોતો નથી પણ તે તે પર્યાયભૂમિકા મુજબ આમ પણ હોય એમ વિવેકપણે ‘છે’પણાનું જ્ઞાન સ્થાયીસમતા–વીતરાગતાને વિસ્તારે છે.

પ્રશ્ન :–સર્વજ્ઞની વાણીમાં અને જ્ઞાનમાં એક સાથે બધું આમ છે તે આવે પણ અલ્પજ્ઞને કેમ આવે ?

ઉત્તર :–સ્વ-પર જ્ઞેય આખાં છે. તેઓ બધાં તેના ગુણ–પર્યાયો સહિત એક સમયમાં આખું–સંપૂર્ણ અસ્તિત્વ ધરાવે છે. જેવા છે તેવા છે એમ અલ્પજ્ઞને સમ્યક્શ્રદ્ધા ને જ્ઞાન છે. કોઈના ગુણ–પર્યાયની અસ્તિ બીજા વડે ન હોય એ નિર્ણયમાં સાચો પુરુષાર્થ છે.

ભક્તિના ભાવ થયા ત્યાં તો ભગવાનનાં દર્શન થયાં. સાક્ષાત્ તીર્થંકર પ્રભુની હાજરી; વાહ ! એનાથી મને ભક્તિભાવ ઊછળ્યો એમ અનંતાનુબંધી સહિતનું આશ્ચર્ય જ્ઞાનીને થતું નથી. કેમ કે પરને લઈને મને કાંઈ થાય એમ તે માનતો નથી. કોઈ ક્રોધી દુશ્મન મારવા આવતો એકાએક દેખાયો તો ભય એના કારણે નથી. અલ્પ નબળાઈને લઈને અસ્થિરતા થઈ તે જ્ઞેયમાં જાય છે. જ્ઞાનની તે સમયની લાયકાત તેને જ જાણવાની છે. દુશ્મન કે મિત્ર કોઈ નથી. હું સ્વ–જ્ઞેય ને બીજાં બધાં પર જ્ઞેય–બધું એક સમયે છે. સૌ તેની યોગ્યતા મુજબ ક્યારે ન પલટે? જ્યાં દેખે ત્યાં આ સમયે આમ જ હોય એમ જાણતા જ્ઞાનીને ‘આમ કેમ?’ એ જાતનો મિથ્યાદ્રષ્ટિનો રાગ થતો નથી. કેવળી જાણે તેમ જાણનાર છું એવી વીતરાગદ્રષ્ટિ છે.

બધું એક સાથે છે ને તેવું જ જ્ઞાનમાં તથા કથનમાં આવે છે. સર્વપદાર્થનો ‘છે પણે’ એક સાથે ખ્યાલ કરનાર હોવાનું નક્કી થઈ શકે છે.

વસ્તુસ્વભાવ સિદ્ધ છે તેનું જ્ઞાન–શ્રદ્ધાન કરવું તે ધર્મ છે. ‘છે’ તેવા સ્વરૂપને સ્વસન્મુખ થઈ જાણનાર છું એવી શ્રદ્ધા–જ્ઞાનમાં જે રહ્યો તેને સાચાં દાન, તપ, વ્રત, સામાયિક, પ્રતિક્રમણરૂપ ધર્મ સમકિતપણે આવ્યો ને મિથ્યારૂપ ભાવો ગયા. સ્વરૂપના ગ્રહણમાં મિથ્યાત્વના ત્યાગનું પચ્ચખાણ ને ચોવીહાર આવ્યા. પરનાં ગ્રહણ–ત્યાગ મારામાં નથી એમ એકલા

જાણનાર સ્વભાવનું ગ્રહણ આવ્યું તે અપૂર્વ ધર્મ છે. નવતત્ત્વરૂપ આખું જગત જેમ છે તેમ છે એમ જ્ઞાન કરે તો સાચું જ્ઞાન થાય.

સંખ્યાથી અનેક અને ઘણા પ્રકારનાં વૃક્ષોને સરખાપણે દેખાડનાર સંગ્રહરૂપ સામાન્ય અસ્તિત્વ વડે જોતાં જુદાં જુદાં વૃક્ષો છે તેનું અનેકપણું ઢંકાઈ જાય છે તેમ દરેક પદાર્થનું જુદા–જુદાપણું ત્રિકાળ છે છતાં બધાને 'છેપણે' જોતાં અનેકપણું ઢંકાઈ જાય છે.

સિદ્ધ પણ છે, નિત્ય નિગોદમાં મહાદુઃખી પણ છે, સાધક–બાધક પણ છે, કોઈ એકાવતારી છે–અભવ્ય પણ છે, તત્ત્વજ્ઞાનનો મહા વિરોધ કરનાર પણ છે, હા પાડનાર પણ છે, બધું એક સમયે 'છે'માં સમાઈ જાય છે. તેમાં આમ કેમ? એવો મિથ્યાત્વજન્ય ક્ષોભ જ્ઞાનીને થતો નથી તેથી આમાં 'આમ કેમ?' એવા અનેકપણારૂપ વિકલ્પને તે ઢાંકી દે છે અર્થાત્ થવા જ દેતો નથી.

તીર્થંકર ભગવાન મોક્ષ જાય ને સમવસરણ વીંખાઈ જાય, ચક્રવર્તી દીક્ષા લે અને નવનિધાન ચાલ્યા જાય ને બધું સૂનું લાગે. 'આમ કેમ?' એમ મિથ્યાજન્ય વિસ્મય જ્ઞાનીને થતું નથી. તેના કાળે તેમ જ હોય ને જ્ઞાન એમ જ જાણે તે જ્ઞાતાનો ધર્મ છે. બાકી બહારનાં ક્રિયાકાંડના લક્ષે શુભ અશુભ રાગ કરે તેની ધર્મ માર્ગમાં કોઈ કિંમત નથી.

**વીતરાગીવિજ્ઞાન પ્રકાશનહાર શ્રીસદ્ગુરુદેવનો જય હો !**

***

# પ્રસાદ નં. ૧૯

## પ્રવચનસાર ગાથા ૯૭ ના પ્રવચનમાંથી.

(કારતક વદ ૨, રવિવાર)

દ્રવ્ય-ગુણ-પર્યાય વડે દરેકનું સ્વપણે અસ્તિત્વ છે, પરપણે નથી. એવા વિરોધરહિત આત્મામાં સત્ દ્રષ્ટિ થયા પછી, સત્ કહેતાં તેમાં કોઈ પણ સત્ બાકી રહેતું નથી. આ આત્મામાં વિકાર કે અવિકાર જેમ છે તેમ છે તથા બીજા આત્મા તથા પરમાણુ આદિની જે અવસ્થાઓ જે કાળે જેમ થાય છે તેમ જ છે, તેમ માનવું તે વીતરાગી શ્રદ્ધા છે ને એ પ્રમાણે જ્ઞાન સ્વીકારે તે વીતરાગતા છે.

જે જે સમયે જે અવસ્થા હોય તે તેમ જ હોય, તેમાં 'આમ કેમ?' એવા વિકલ્પને અવકાશ નથી. કોઈ જ્ઞેયમાં અનુકૂળ–પ્રતિકૂળ માની રાગદ્વેષનો વિસ્મય થતો નથી. જાણવું મારું સ્વરૂપ છે, તેમાં કોઈને ઇષ્ટ–અનિષ્ટ માનવાનો વિકલ્પ નથી. નબળાઈથી રાગ થયો તે પણ 'છે' એમ જાણનારમાત્ર સ્વભાવ છે. અનંતા પુદ્ગલો તથા જીવની જે સમયે જે અવસ્થાઓ થાય છે તે એમ જ છે. તેનો ફેરફાર કરવાની મારી તાકાત નથી. એ બધા તેની યોગ્યતા પ્રમાણે જ છે એમ જાણનાર સ્વભાવ જ મારો છે.

કોઈને અનુકૂળ–પ્રતિકૂળ માને નહિ, એ ન હોય, વહેલા અથવા મોડા થાય તો ઠીક એવું માને નહિ. હું તો મારા જ્ઞાયકસ્વભાવમાં રહી સ્વ-પર જ્ઞેયોને 'છે' એમ જાણનાર જ છું, એનું નામ ધર્મ છે–વીતરાગતા છે–એમ ત્રણેકાળના ત્રિલોકીનાથ ભગવાને જાણ્યું છે ને તેમની વાણીમાં પણ એમ જ આવ્યું છે.

વિષય ગૂઢ છે. અનંતકાળે સત્ શું છે તે જાણ્યું નથી. જગતના પદાર્થો તેની કાયમી શક્તિથી ટકીને પલટ્યા કરે છે. તેને પલટવાનો, રાખવાનો કે દૂર કરવાનો બીજા કોઈનો અધિકાર નથી. કાયમી શક્તિથી શક્તિવાન પદાર્થ ટકી રહ્યો છે, એમ માનવું તેનું નામ સમ્યગ્દર્શન છે. એ સમજ્યા વિના ધર્મના નામે જે કાંઈ કરે તેમાં રાગ મંદ પાડે તો પુણ્ય છે, સંસાર છે, ધર્મ નથી. સત્ એવા સર્વ પદાર્થ અને સત્ એવું જ્ઞાન છે, તે સર્વ પદાર્થો આમ જ છે તેનો ખ્યાલ કરનારું છે, પણ આ હોય કે આ ન હોય એમ કરનારું નથી. સ્વરૂપે જુદા જુદા બધા પદાર્થો ટકી રહ્યા છે તેને એક

સમયમાં 'છે' એમ જાણનાર તે આત્મા છે, એવા વીતરાગસ્વભાવની પ્રતીતિ તે સમ્યગ્દર્શન છે.

તીર્થંકર ભગવાન છે માટે રાગ ઊપજે છે, એમ જ્ઞાની માને નહિ. જેને રાગાદિ ભાવ ઊપજે છે તેને પોતાની તે સમયની લાયકાતથી જ ઊપજે છે. કોઈ દુશ્મન આવે, પ્રતિકૂળતા દેખાડે; શરીરમાં રોગ આવે તો એ પણ તેના કારણે છે, તેમાં ખેદનો અંશ ન આવે. એકલું આત્માશ્રિત જ્ઞાન છે તે આવે. નબળાઈથી રાગ થઈ આવે તો તે પણ 'છે' એમ જ્ઞેય કરીને સ્વસન્મુખ એવી વીતરાગદ્રષ્ટિ વડે સ્વ-પર પ્રકાશક જ્ઞાનની નિર્મળતા કરે છે.

સત્ પદાર્થ, સત્ એવું જ્ઞાન, સત્ એવું બધું એક જ સમયમાં છે, એમ કહેનારી વાણી પણ સત્ પદાર્થમાં આવી જાય છે, છતાં જુદી પાડી છે. સત્ જ્ઞાન સામે સર્વ જ્ઞેય એમ જ હોય. કોઈનો ફેરફાર કરવાનું માને નહિ. માત્ર જાણનારું સત્-જ્ઞાનસ્વભાવી તે હું છું એવી સત્ય પ્રતીતિને ભગવાને સમ્યગ્દર્શન કહ્યું છે.

સત્–છતું એવું જ્ઞાન દરેક આત્માનો કાયમી સ્વભાવ છે. સાધક અવસ્થામાં કોઈ શુભ–અશુભ રાગ થતાં 'આમ કેમ?' એમ માને નહિ. આ પ્રકારનો રાગ આ સમયે છે તેમ તે વખતે જાણવાની મારા જ્ઞાનની લાયકાત છે. જાણનાર સ્વભાવમાં આ હોય ને આ નહિ, એમ નથી. તો પરનું કરું, બીજાની દયા–સેવા કરી શકું એ ક્યાં હતું ? જાણનાર માત્ર સત્ જ્ઞાનને ભૂલીને આનું મેં કર્યું, મારું આણે કર્યું એમ માને તે જ ભ્રમ છે. એનું એના કારણે એના યોગ્યકાળે થયું ને મારું મારાથી થયું એમ જાણે તે સમ્યગ્દ્રષ્ટિ છે.

જગતની વસ્તુ ત્રિકાળી છે. પોતાના આધારે ટકીને નિરંતર પલટે છે, તેનો કોઈ ઈશ્વર આદિ કર્તા–હર્તા-ધર્તા નથી. અનાદિ અનંત જડ–ચેતન બધાં પોતાપણે છે ને તેની સ્વભાવશક્તિ ત્રિકાળી છે. તેની પલટવાની શક્તિ દરેક સમયે સ્વતંત્ર છે તેને ભૂલી હું બીજાને બગાડું કે સુધારું, સારાં નિમિત્તો મેળવું, ને ખરાબને છોડું–એમ માનનાર સત્ એવા જ્ઞાનને સ્વીકારતો નથી. અનંતા સ્વતંત્ર સત્નો નિષેધ કરે છે.

સર્વજ્ઞ ભગવાન એક સમયમાં સર્વને જાણે છે પણ કોઈના કર્તા–હર્તા–ધર્તા નથી. કોઈનો ધર્મ એમણે ટકાવી રાખ્યો નથી, પણ ધર્મીએ શું કરવું તે સર્વજ્ઞ કહે છે. અમે સત્જ્ઞાનથી સર્વને 'છે' એમ જાણીએ છીએ. દ્રવ્ય-ગુણ-પર્યાયવત્ છએ દ્રવ્ય બધું છત્તું–સત્ છે, જ્ઞાનપણ છતું છે. તે જણાવાયોગ્ય સર્વ પદાર્થો સદાય સ્વતંત્ર છે, તેને સર્વજ્ઞ દેખે તેમ દેખ.

જાણનાર છો તો સત્‌જ્ઞાનપણે જાણનાર રહે, નબળાઈથી રાગ થાય તેને પણ સ્વજ્ઞેયપણે દેખ ને રાગ વિનાનો ત્રિકાળી જ્ઞાનસ્વભાવ તે હું છું, એમ જાણ. કોઈ વડે કોઈનું ઊપજવું, બદલવું કે ટકવું નથી, એમ જાણ.

સર્વજ્ઞ, પોતાનું જ્ઞાન, સાચા ગુરુ અને સત્‌શાસ્ત્ર શી રીતે છે, તે બધું આમાં આવી જાય છે કેમ કે સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર, સર્વ પદાર્થનું સત્ જેમ છે તેમ બતાવે છે. જેની જે સમયે જે પર્યાય હોય તે તેમ જ હોય, તેમાં બીજો કોઈ ફેરફાર કરી શકે નહિ. સત્‌જ્ઞાન છે તે સ્વ-પર જ્ઞેય જે રીતે, જેમ છે તેમ જાણી લે છે. કોઈમાં કાંઈ કરે–કરાવે એવી તાકાત કોઈના જ્ઞાનમાં નથી, રાગમાં પણ નથી. જ્ઞાન એમ જ જાણે ને સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર એવું સત્ સ્વરૂપ બતાવે એવું જાણે તેણે સાચા દેવ-ગુરુ-શાસ્ત્રને સ્વીકાર્યા છે.

અહીં તો મહા સાદ્રશ્ય–અસ્તિત્વને સ્વીકારે છે એવી પારમેશ્વરી વ્યવસ્થા છે, એમ બતાવે છે. દરેક પદાર્થની જે સમયે જે જે પ્રકારે અવસ્થા થવાયોગ્ય હોય તે જ રીતે તેના કારણે થાય તે તેની સ્વતંત્ર મહિમાવંત વ્યવસ્થા છે, તેમાં બીજા કોઈનો અધિકાર નથી.

છરી વાગી તેના કારણે ખેદ નથી થયો, પોતાની નબળાઈથી ખેદ છે અને તેમ જાણવાનો તે કાળે તેના જ્ઞાનનો સ્વભાવ છે. અજ્ઞાની–સંયોગને જોનાર આ ન માને તો પણ એમ જ છે. દરેક વસ્તુની પર્યાય સમયે સમયે તેની લાયકાત વડે નવી નવી થાય છે. તેમાં ભવી–અભવી, સિદ્ધ–સાધક, પુણ્ય–પાપ બધું છે તેને ‘છે’ એમ જાણે. કોલસાને સોનાપણે ન જાણે પણ તે સમયે તે તેપણે છે, એમ જાણે. જાણે માટે ફેરવી દે એમ નથી. મહાવિચિત્ર અનુકૂળ–પ્રતિકૂળ અનેક પ્રકારે દેખે, ઘોર ઉપસર્ગ દેખે તો આનું આ કાળે આમ જ હોય, એમ જાણે તો તેનું જોર સત્‌જ્ઞાન ઉપર જાય છે. ‘આમ કેમ?’ એવો પરના કારણે વિકલ્પ ઉઠાવે તો રાગ ઉપર જોર જાય છે, પણ આ સમયે છતું જ્ઞેય અને છતું જ્ઞાન તેની પર્યાય આમ જ હોય, સત્‌ને બતાવતું કથન તે આમ જ હોય તે રીતે જાણવાવાળો સ્વભાવ સ્વીકારે તે સમ્યગ્દર્શન છે.

બધામાં–સર્વગત લક્ષણ એક છે–એમ ભગવાને કહ્યું છે. જ્ઞાને જાણ્યું છે અને વાણી વાણીના કારણે આવે છે. અજ્ઞાની કહે મારાથી વાણી થાય પણ એમ નથી. આત્મા તો સદાય અરૂપી છે તેમાં વાણી ભરી નથી, એ એનાથી છે, હું મારાથી છું–એમ સત્‌જ્ઞાન જાણે છે. સ્વ-પર જ્ઞેયમાં અધૂરી, પૂરી, વિકારી કે અવિકારી પર્યાય જેમ છે તેમ સત્‌પણે–તે સમયના છતા–ભાવપણે–છતા જ્ઞાનવડે જાણે છે તેમાં ફેરફાર કરવાનો ભાવ ન રાખતાં જાણનાર માત્રપણે રહેવું તેનું નામ સમ્યગ્દર્શન–જ્ઞાન છે. તેમાં જ

સત્પુરુષાર્થપૂર્વક કેવળજ્ઞાનીની શ્રદ્ધા અને પોતાના જ્ઞાયકપણાની શ્રદ્ધા છે, એમ અનંતા સર્વજ્ઞ ભગવાને કહ્યું છે.

પ્રશ્ન :–શું કેવળી થઈ ગયો ?

ઉત્તર :–હા. આ રીતે સત્ જ્ઞાન અને સત્ પદાર્થની શ્રદ્ધા કરનાર જ કેવળી થાય છે, બીજો નહિ.

જેમ છે તેમ જાણનાર સત્યાર્થ પ્રકાશક જ્ઞાન તે તારો સ્વભાવ છે, તે જ સ્વસામર્થ્ય છે. તે પરમાં કાંઈ કરે નહિ, મારા કારણે એ નહિ, એના કારણે હું નહિ–એમ માનતાં અનંતા પરનો અહંકાર ઊડી જાય છે. પરથી લાભ-નુકશાન થશે એવી ઓશિયાળ કે દીનતા ટળી જાય છે. કોઈ પ્રતિકૂળતા મળશે તો શું થશે ? એવો ભય કે ખેદ જે સત્જ્ઞાનસ્વભાવ માને તેને હોય નહિ. બધું ‘છે’ એમ જાણતાં કાંઈ બધા એક થઈ જતા નથી. બધા છે તે એક સમયે એકસાથે પોતપોતાના કાળે પ્રવર્તે છે. તે બધાનું જ્ઞાન થાય છે પણ તે જ્ઞાન કોઈ સાથે ભળી જતું નથી.

સામાન્ય સત્ એકપણે હોવાનું માનવા છતાં દરેકનું જુદાપણું–અનેકપણું નાશ પામતું નથી. દરેક રજકણે રજકણ જુદા છે, કર્મનો ઉદય છે માટે રાગી જીવને રાગ છે, એમ નથી અને રાગ છે માટે સાધકદશામાં સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર ઉપર રાગ થાય છે, એમ પણ નથી. રાગ તે સમયે કરે તો જ થાય છે અને ન કરે તો ન થાય. વળી રાગ છે માટે તેને જાણનારું જ્ઞાન છે, એમ નથી. સર્વ જ્ઞેયોને જાણવા છતાં સર્વથી જ્ઞાનસ્વભાવ અધિક છે.

રાગ છે માટે નવાં કર્મો આવે છે ને કર્મ છે માટે બંધાઉં છું, એમ જ્ઞાની માનતા નથી. એ ‘છે’ તેની કબૂલાત છે. ટાઢા–ઊના, ખાટા–મીઠા વગેરે પદાર્થો એક સમયે એના સ્થાનમાં તે તે બધા છે, એમ જાણતાં સત્ જ્ઞાન એમાં ભળી જતું નથી. એમ સત્જ્ઞાન, સત્જ્ઞેય ને સત્વાણી છે. બધું છતું–સત્ બતાવનાર એ જ્ઞાન વીતરાગતાનું કારણ છે. આમાં જ ધર્મ આવ્યો. બહારમાં શરીરની ક્રિયાઆશ્રિત સામાયિક, ઉપવાસ, વ્રત, તપ અનાદિના માની રાખેલા છે, તેમાં ધર્મ નથી. રાગ ઘટાડે તો પુણ્ય છે. લોકોએ ધર્મ સાંભળ્યો જ નથી. એક સેકન્ડનો ધર્મ મોક્ષ નક્કી કરે.

પ્રશ્ન :–સ્વરૂપ–અસ્તિત્વ જ્ઞાનનો વિષય અને સાદ્રશ્ય–અસ્તિત્વ દર્શનનો વિષય છે ?

ઉત્તર :–ના. બન્ને જ્ઞાનનો જ વિષય છે. સામાન્ય–વિશેષ, એક–અનેક, છે એમ ભેદ પાડીને જાણે તે જ્ઞાન છે ને ભેદ પાડ્યા વિના સામાન્ય જ દેખે

તે દર્શનચેતના છે. જ્ઞાન સ્વ-પર જ્ઞેયને છે, એમ જાણે છે તેમાં શ્રદ્ધા, દર્શનચેતના બધું આવી જાય છે.

અહીં જ્ઞાનપ્રધાન સમ્યગ્દર્શનની વાત છે. સૂક્ષ્મ જ્ઞાન નિર્મળ થતાં જ્ઞાન આત્માને જ આધારે છે–એમ જ્ઞાની જાણે છે. પૂર્ણ વીતરાગતાના લક્ષે–પૂર્ણના લક્ષે જ્ઞેયને જાણવાનો આ અધિકાર છે.

એ રીતે બધાને 'છે' એમ અટક્યા વગર સત્‌જ્ઞાન જાણે એનું નામ મોક્ષમાર્ગ છે. એ બધા એનાથી છે. એ બધાને જાણનારો હું આત્મા છું. જો બધા સ્વતંત્ર જુદેજુદા છે એમ ન જાણે તો પોતે છે તેની–અને પોતાના આધારે જ્ઞાન છે તેની અને સર્વ છે તેની ઓળખ ન થાય. વીતરાગમાર્ગ સિવાય બીજે આવી વ્યવસ્થા હોય જ નહિ. વીતરાગમાર્ગ તે વાડો નથી, પક્ષ નથી, પણ વસ્તુસ્વભાવનું દર્શન છે.

વર્તમાન મહાવિદેહક્ષેત્રમાં સાક્ષાત્ સીમંધર ભગવાન વિચરે છે. તેવા અનંત તીર્થંકર થઈ ગયા, તેઓ પણ આમ જ કહે છે. કોઈ દ્રવ્ય-ગુણ-પર્યાય બીજાની સાથે સંબંધ પામી એકમેક થઈ જતા નથી. એક સત્‌પણું મુખ્ય કરીએ ત્યારે અનેકપણું ગૌણ થાય છે પણ કોઈનો અભાવ થતો નથી.

એક નિગોદ શરીરમાં અનંત આત્મા છે, તે પોતપોતાની પૂર્ણ શક્તિથી ટકી રહ્યા છે. ક્ષેત્રે સાથે હોવા છતાં સ્વરૂપે અનંત આત્મા સદાય જુદે જુદા છે.

૨૦ વર્ષનો પુત્ર મર્યો માટે હું દુઃખી, એમ ધર્મી જીવ માને નહિ. પરના કારણે સુખીદુઃખી માને તે મૂઢ છે. ધર્મી કોઈને પિતા–પુત્ર, શત્રુ–મિત્ર, અનુકૂળ–પ્રતિકૂળ માનતા જ નથી. એ એના કારણે અને હું મારા કારણે. કોઈના કારણે કોઈમાં ફેરફાર થવાનું માને તેણે કોઈ સત્‌ને માન્યું નથી. સહુના કારણે સૌ છે. આવું સમય સમયનું સ્વતંત્ર સત્ છે, તેનું જ્ઞાન કરવું એનું નામ ધર્મ છે.

***

# પ્રસાદ નં. ૨૦

## પ્રવચનસાર ગાથા ૯૮ ના પ્રવચનમાંથી.

(કા.વ. ૩)

દરેક પદાર્થ છે તેમ જ જાણે એવી જ્ઞાનમાં તાકાત છે એટલે સત્‌જ્ઞાન–સામર્થ્યથી ભરેલો આત્મા, આત્મા તરફ વળે છે એનું નામ બધાને જાણનાર થઈ રહે છે. રાગને જાણતાં તેમાં એકતાનું કામ ન કરે, બધાને જાણે પણ કોઈમાં–ફેરફારનું કામ ન કરે, એનું નામ વીતરાગ દ્રષ્ટિ છે.

એક દ્રવ્યથી બીજા દ્રવ્યની, કોઈના ગુણથી બીજાના ગુણની કે પર્યાયની ઉત્પત્તિ થઈ શકતી નથી, તે કહે છે. દ્રવ્યમાંથી સમયે સમયે નવી નવી પર્યાય ઉત્પન્ન થયા કરે છે પણ તેથી બીજી નવી વસ્તુ થતી નથી. જેમ લોટમાંથી રોટલી થાય છે તેમ રોટલીમાંથી જીવનાં જ્ઞાન–સુખાદિ ઊપજતાં નથી, કોઈ સંયોગથી ગુણ ભેગા થઈ દ્રવ્ય વધે કે પુષ્ટ થાય એવું નથી. દરેક દ્રવ્યમાં તેની અનંત શક્તિ છે, તેમાંથી ક્રમબદ્ધ પર્યાય નવી નવી ઊપજે છે. ‘છે’માંથી થાય છે, બીજાથી નહિ.

બહારમાં વ્રત–તપના શુભભાવ કરે તો પુણ્ય બંધાય છે પણ અવિકારી વિકાસ વધતો નથી. આત્માનું ઉપધાન થતું નથી. ધર્મી જીવને એક સાથે નિર્મળ પર્યાય ઘણી વધી જાય અને પુદ્‌ગલમાં વર્ણાદિની એકદમ વૃદ્ધિ દેખાય, તેમાં ‘છે’ તે પ્રગટ થાય છે. બહારથી કોઈ આવીને કામ કરી જાય, એમ નથી. કોઈ ગુણ (દ્રવ્ય)થી ગુણ જુદા રહેતા નથી પણ આત્માના કે પુદ્‌ગલના જે જે અનંતગુણો છે તે પરથી જુદા રહીને સ્વદ્રવ્યથી જ કામ કરે છે. નવી પર્યાય ઊપજે છે તે તેના દ્રવ્યને સાબિત કરે છે પણ તે બીજા દ્રવ્ય–ક્ષેત્રને સાબિત કરતી નથી. શરીરમાં આત્મા છે માટે લોહી છે, એમ નથી પણ લોહી છે તે પરમાણુની સત્તા સાબિત કરે છે. આત્મામાં જ્ઞાન–ચારિત્ર આદિ પર્યાય ઓછી હતી ને વધી તો તે દેવ-ગુરુ-શાસ્ત્ર, આહાર, પાણી, પ્રકાશ વગેરેમાંથી આવી છે, એમ નથી પણ પોતાના દ્રવ્ય-ગુણનું અનંત સામર્થ્ય છે, તેનાથી પર્યાયની ઉત્પત્તિ થાય છે અને દ્રવ્યથી અસ્તિત્વ કોઈ જુદો પદાર્થ નથી, તે કહે છે.

## ગાથા ૯૮

**અન્વયાર્થ :**–આત્માદિ દરેક દ્રવ્ય સ્વભાવથી જ સિદ્ધ–નક્કી છે અને સત્તાગુણ વડે અનાદિથી સત્ છે. એમ જિનોએ ખરેખર કહ્યું છે–આગમથી નક્કી છે. જે ન માને તે સંયોગથી જોનાર ખરેખરો પર્યાયમૂઢ છે.

**ટીકા :**–ખરેખર અનાદિ સત્ દ્રવ્યો હોવાથી દ્રવ્યોથી બીજાં દ્રવ્યની કે ગુણની ઉત્પત્તિ થતી નથી કારણ કે સર્વ દ્રવ્યો સ્વભાવથી જ તેના ગુણ–પર્યાયથી સાબિત થયેલાં છે. કોઈ ઈશ્વર કર્તા છે માટે થયાં, એમ નથી.

આવું અનાદિ–અનંત વ્યવસ્થિતપણે પોતપોતાની સત્તાથી છે. દ્રવ્ય તેના ગુણ–પર્યાયથી જ સ્વયં સાબિત છે. કોઈ પરમેશ્વર તેનો કર્તા નથી પણ તેની નવી નવી પર્યાયનો ઉત્પાદ ને જૂનીનો વ્યય કરનાર ખુદ તે દ્રવ્ય છે. જડ પરમાણુ વગેરે તેના જડપણામાં ખુદા છે, ચેતન પોતાના ગુણ–પર્યાયોમાં ખુદ સ્વયંસિદ્ધ છે, એમ ન માને તે સ્વ-પર કાંઈ માનતો નથી. પુત્ર, પૈસા, રોટલા તે કાંઈ બીજેથી નવા આવતા નથી પણ તે પુદ્‌ગલપરિવર્તનના કાળે તે દ્રવ્યની પર્યાય તેમાં થવા યોગ્ય હતી તે જ થઈ છે. કોઈ જીવ કે પુદ્‌ગલ અને તેના ગુણ નવા આવતા નથી. તે તે દ્રવ્યની નવી નવી પર્યાયનું ઊપજવું તેનાથી થાય છે અને દરેક ગુણ–ગુણી પોતાથી અભેદ અને અનાદિ–અનંત હોવાથી નવી નવી અવસ્થા કરવામાં અને જૂની બદલવામાં કોઈ બીજા સાધનની અપેક્ષા રાખતા નથી. દરેક આત્મા વગેરે ગુણ–પર્યાયસ્વરૂપ એવા પોતાના સ્વભાવને જ–કે જે મૂળસાધન છે તેને–ધારણ કરીને પોતાની મેળે નક્કી થયેલા વર્તે છે. બીજા કોઈના દ્રવ્ય-ગુણ-પર્યાયના આધાર કે પ્રભાવથી કોઈનું ટકવું નથી. બધા અનાદિ–અનંત પોતાથી જ ટકી રહ્યા છે.

આત્મા અને પરમાણુઓ વડે પોતપોતાની નવી નવી અવસ્થા થાય છે. તે દ્રવ્યાંતર–અનેરું દ્રવ્ય નથી પણ અનિત્ય હોવાથી પર્યાય છે. દ્રવ્ય ગુણ કાયમી છે ને એકેક સમયપૂરતી નવી નવી થાય તે પર્યાય છે. લોહીમાંથી રાખ થાય. વનસ્પતિના ટુકડા થાય તે નવું દ્રવ્ય થયું નથી પણ દ્રવ્યમાંથી નવી પર્યાય થઈ છે. પર્યાયમાંથી પર્યાય થાય નહિ.

બે પરમાણુ ભેગા થયા તો નવું દ્રવ્ય થયું નથી, પણ પર્યાય થઈ છે. બે પરમાણુના સ્કંધ પર્યાયનો વ્યય થઈ ત્રણ અણુનો સ્કંધરૂપ પર્યાય થાય છે તે પર્યાયમાંથી પર્યાય થઈ નથી, પણ દ્રવ્યમાંથી થઈ છે.

પ્રશ્ન :–પર્યાયમાંથી પર્યાય થાય ?

ઉત્તર :–ના. પણ કોઈ માને છે કે પ્રથમ ૧૦ પરમાણુનો પિંડ હતો. તેમાં પાંચ પરમાણુનો પિંડ ભળ્યો, તો પૂર્વ પર્યાયથી નવી પર્યાય થઈ તો તેમ નથી, પણ તેના દ્રવ્ય-ગુણના આશ્રયે નવી નવી પર્યાય થાય છે.

ચોમાસામાં ઘણાં રજકણ એના કારણે ભેગાં થઈ તીડ, અણશિયા, દેડકાં વગેરે બની જાય છે. હજારો વનસ્પતિ ઊગી નીકળે છે તો શું જગતમાં જીવ અને રજકણો ન હતા ને નવા ઊપજ્યા ? અથવા દ્રવ્યમાંથી દ્રવ્ય નવા થયાં ? દ્રવ્ય-ગુણ કોઈના નવા થતા નથી. દ્રવ્યમાંથી પર્યાય નવી થાય છે. પરમાણુ જે વર્તમાન સ્થૂળરૂપે પહેલાં દેખાતા ન હતા ને પછી દેખાયા તે તેના કાળે તેની યોગ્યતાના કારણે સૂક્ષ્મમાંથી સ્થૂળ અવસ્થારૂપે થયા છે. વાદળ વગેરે તથા મનુષ્ય શરીર વગેરે પર્યાયો નવી નવી થાય છે, દ્રવ્ય નહિ.

હવે જેમ દ્રવ્ય ત્રિકાળી હોવાથી નવું ન થાય તેમ સત્તા નામનો ગુણ પણ ગુણી એવા દ્રવ્યમાં અનાદિ સ્વભાવથી જ સાબિત છે. કેમ કે દરેક દ્રવ્યનો 'સત્ છે' એવો ભાવ દ્રવ્યના સત્તાસ્વરૂપ સ્વભાવનો જ બનેલો છે. દ્રવ્યથી સત્તા કોઈ જુદી ચીજ નથી કે જેના જોડાણથી દ્રવ્ય સત્તાવાન કહેવાય ? કોઈ માને છે કે સંયોગથી ગુણ નવા આવે છે. જેમ કે માટીમાં પહેલાં ગંધ ન હતી, પાણી પાણી પડતાં નવી ગંધ જણાઈ, તો તેમ નથી પણ ગંધ ગુણની અવ્યક્ત પર્યાય હતી તે સ્થૂળરૂપે વ્યક્ત થઈ છે. ગુણ તો ગુણીથી જુદા હોતા નથી.

(૧) જેમ લાકડીના સંયોગથી માણસને લાકડીવાળો કહેવાય તેમ સત્તા અને સત્દ્રવ્યનું જોડાઈને સત્તાવાનપણું થયું નથી. આત્મા અને તેના જ્ઞાનાદિ ગુણ અથવા સત્તાગુણ પરથી જોડાયા નથી, અનાદિ સ્વભાવથી એકરૂપ છે. 'લાકડી' અને 'લાકડીવાળા'ની માફક 'સત્તા' અને 'સત્' બાબતમાં યુતસિદ્ધપણું નથી.

(૨) અયુતસિદ્ધપણા વડે પણ સત્ અને સત્તા ભેગા થયા નથી. આત્મા અને સત્તા પરથી તો જોડાયા સાબિત થતા નથી પણ અગ્નિમાં ઉષ્ણતા છે એમ દ્રવ્યમાં સત્તા જોડાયેલ છે કે નહિ ? ના.

ગુણીમાં ગુણ છે એમ કહો તો અમે પૂછીએ છીએ કે એમ શાથી માનો છો? જો ગુણ–ગુણી ભેદના આશ્રયે માનો છો તો ક્યો ભેદ? પ્રદેશભેદ કે–અતાદ્ભાવિક? થાળીમાં બોરની જેમ ગુણ–ગુણીમાં પ્રદેશભેદ તો નથી કારણ કે યુતસિદ્ધપણું પહેલાં જ નિષેધ્યું છે અને અતાદ્ભાવિક ભેદ એટલે પ્રદેશે જુદા નહિ પણ ગુણ તે દ્રવ્ય નહિ ને દ્રવ્ય તે ગુણ નહિ. એમ દ્રવ્ય

અને સત્તામાં એવો કથંચિત્ ભેદ કહે તો તે યોગ્ય જ છે. એકાંતે ભેદ નથી, અનેકાંત છે.

જ્યારે દ્રવ્યને પર્યાય પ્રાપ્ત કરે છે ત્યારે ધોળું આ વસ્ત્ર છે અને આ આનો ધોળાશ ગુણ છે, એમ પર્યાયાર્થિક નયથી–ભેદદ્રષ્ટિથી જોવામાં આવે ત્યારે ‘આ આનો ગુણ છે, ગુણવાળું આ દ્રવ્ય છે’ એમ અતાદ્‌ભાવિક ભેદ પ્રગટ–મુખ્ય થાય છે. પણ જ્યારે દ્રવ્યને દ્રવ્ય પ્રાપ્ત કરે છે–એમ અભેદપણું જોનાર દ્રવ્યાર્થિકનયથી જોવામાં આવે ત્યારે સમસ્ત ભેદ વાસનાનો અભિપ્રાયગુણભેદનો વિકલ્પ રહેતો નથી ને તેથી ભેદ આશ્રિત પ્રતીતિ પણ ડૂબી જાય છે. ગુણ અને ગુણનાં લક્ષણ જુદાં છે, એવા ભેદને ગૌણ કરનાર અભેદ દ્રષ્ટિમાં ગુણભેદના વિકલ્પ રહેતાં નથી. પરની તો વાત જ કરી નથી. ગુણ–ગુણીનો પ્રદેશભેદ તો નથી જ. ગુણભેદ પણ ભેદદ્રષ્ટિને મુખ્ય કરતાં માલૂમ પડે છે પણ અભેદદ્રષ્ટિથી જોતાં એવો ભેદ દ્રવ્યમાં ડૂબી જતાં વિકલ્પ ઊઠતો નથી. પરદ્રવ્ય ક્ષેત્ર ઉપર તો જોવાની વાત જ નથી.

ડુંગરે યાત્રા કર્યે આકુળતા થાય કેમ કે તેમાં પરાશ્રય છે, આકુળતા ટાળી સુખરૂપ થવું હોય તો આ **અનંતગુણના પિંડરૂપ સ્વદ્રવ્યને ડુંગરે યાત્રા કરે.** તેને અભેદપણે દેખ. નિર્વિકલ્પમાં ગુણ–ગુણી ભેદ રહેતા નથી. જેમ જળરાશિથી જળકલ્લોલ જુદા નથી અર્થાત્ સમુદ્રથી તરંગો જુદાં નથી તેમ દ્રવ્યથી ગુણપર્યાયો જુદા જોવામાં આવતા નથી. દ્રવ્ય અને તેના અનંતગુણરાશિથી ઉત્પન્ન થતી તેની પર્યાયો જુદી નથી પણ એક સત્‌ની અભેદ સત્તા છે, તેમાં બીજા સાથે સંયોગથી ગુણ–પર્યાય થાય એવું નથી.

***

# પ્રસાદ નં. ૨૧

## પ્રવચનસાર ગાથા ૯૮ ના પ્રવચનમાંથી.

(કારતક વદ ૪, મંગળવાર)

દરેક આત્મા તથા પરમાણુ આદિ પદાર્થો અનાદિ સ્વ–સત્તાસ્વભાવથી રચાયેલા છે, માટે દ્રવ્ય સ્વયમેવ સત્‌ છે એમ જે નથી માનતો તે આત્માને માનતો નથી. પ્રત્યેક પરમાણુની ક્રિયા તે પરમાણુથી થાય. આત્માની ક્રિયા આત્માથી જ થાય. દરેક પૂરેપૂરા સામર્થ્યવાળા અનાદિ સત્‌ હોવાથી પોતે જ પોતપોતાના ઈશ્વર છે. તેથી બીજા કોઈ સંયોગ, ક્ષેત્ર, કાળ વગેરે સાધનની અપેક્ષા રાખતા નથી અને પોતાની નવી નવી અવસ્થાઓ પોતે કરે છે. એનું નામ સમ્યક્‌ અનેકાંત છે અને તે જ ધર્મ છે. આમ જે નથી માનતો તે એકાંતવાદી પરસમય છે, મૂઢ છે. આ પ્રમાણે માન્યા વિના ધર્મ નથી. તેનાં પૂજા, દયા, દાન, ભક્તિ આદિ એકડા વિનાના મીંડા છે.

*

ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યસ્વરૂપ હોવા છતાં દરેક વસ્તુ ‘સત્‌’ છે એમ દર્શાવે છે :–

### ગાથા ૯૯

અન્વયાર્થ :–આત્મા વગેરે સ્વભાવમાં ટકેલા હોવાથી ‘સત્‌’ છે. દ્રવ્યનો જે સમયે સમયે ઉત્પાદ-વ્યય-ધ્રુવસહિત પરિણામ તે સ્વભાવ છે.

ટીકા :–આ જગતને વિષે સ્વભાવમાં નિત્ય ટકી રહેતાં હોવાથી, નવા ઉત્પન્ન નહિ થતાં હોવાથી દ્રવ્ય ‘સત્‌’ છે. ને સ્વભાવ દ્રવ્યનો ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યની એકતારૂપ પરિણામ છે, તો કોઈ વડે કરાતો નથી. દેહાદિ પુદ્‌ગલના પરિણામ છે. તેમાં હાથ–પગની ક્રિયાનું બદલવું, થવું–તે પરિણામમાં પુદ્‌ગલ દ્રવ્ય ટકી રહ્યું છે. તેનાથી રાગ નહિ અને રાગથી તેનો ઉત્પાદ નહિ. પૈસાનું જવું, બંધ પાકીટનું ખૂલવું, તેમાં બંધનો વ્યય, ખૂલ્યું તે ઉત્પાદ ને રજકણપણે ટક્યું તે ધ્રૌવ્ય. એ જીવની ઇચ્છાને આધીન નથી.

પ્રશ્ન :–શું દાન દેવાથી દુઃખ થતું હશે ?

ઉત્તર :–હા. એનો હું સ્વામી છું. મેં આપ્યું એમ એકત્વબુદ્ધિથી ચૈતન્યજ્ઞાતા જ છે એ ભૂલ્યો તે આકુળતા જ છે–દુઃખ છે. પૈસા, હાથ વગેરે આત્માના છે જ નહિ. ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય વિના કોઈ વસ્તુ ટકે નહિ. પોતપોતાની પારમેશ્વરી વ્યવસ્થા સર્વ પદાર્થ પોતામાં સ્વભાવથી જ કર્યા

કરે છે, એમ માનવું તે સાચી દ્રષ્ટિ છે. અને બીજા કોઈના કારણે વસ્તુ ટકે, બદલે કે ઉત્પન્ન થાય છે, એમ માનવું તે મિથ્યાત્વ છે.

દાન દેવાના ભાવ કર્યા માટે પૈસા ત્યાં ગયા અને દાન દેવાના ભાવ ન કર્યા માટે પૈસા અહીં રહ્યા, એમ નથી. કાયોત્સર્ગ કરવાનો ભાવ કર્યો તેથી શરીર સ્થિર રહ્યું, એમ નથી પણ સૌના કારણે તેના કાળે તેમ થયું છે. એક દ્રવ્યની વ્યવસ્થા બીજો કરાવી દે તો તે 'સત્' રહેતું નથી. સામાયિકમાં ૧૦ મનના, ૧૦ વચનના અને ૧૨ કાયાના દોષ હું કરું અને હું ટાળું–એમ માને તે મિથ્યાદ્રષ્ટિ છે. પોતે પ્રમાદભાવ કરે તેટલો પર્યાયમાં પોતાનો દોષ છે. જડને લઈને કાંઈ થાય તેનો દોષ ચેતનમાં આવે એવું નથી.

એકેન્દ્રિય પંચેન્દ્રિયના ઉઘાડવાળા જીવ અને તે ઉપરનાં શરીર એ બધાં સ્વતંત્ર દ્રવ્ય તેના ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યસ્વભાવની એકતારૂપ પરિણામ વડે ટકી રહ્યા છે માટે સત્ છે.

દવા લાવી શકાય નહિ, રોગ મટાડી શકાય નહિ, લાકડું ચૂલામાં નાખી શકાય નહિ, રાંધી શકાય નહિ. એ બધી અવસ્થામાં રહેલા દરેક પરમાણુઓ બીજા પરમાણુથી ત્રિકાળ જુદા છે. એકેક પરમાણુદ્રવ્ય તેના ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યની એકતા વડે અને પરસત્તાથી જુદાપણું ટકાવીને પોતાના વ્યવસ્થિત પરિણામસ્વભાવમાં ટકી રહ્યા છે માટે સત્ છે. એમ દરેક જીવનું પણ સમજી લેવું.

હવે દ્રવ્યનું વાસ્તુ–દ્રવ્યનું સ્વક્ષેત્ર (સ્વઆશ્રય–ઘર–સ્થાન) સમગ્રપણા વડે (અખંડતા વડે) એક હોવા છતાં, વિસ્તાર ક્રમમાં પ્રવર્તી રહેલા જે તેના સૂક્ષ્મ અંશો તે પ્રદેશો છે. (મૂળ પાઠમાં સૂક્ષ્મ એકેક સમયવર્તી ઉત્પાદ વ્યય ધ્રૌવ્ય પરિણામની વાત છે. તે અહીં સ્થૂળપણે સ્વક્ષેત્રનું દ્રષ્ટાંત આપી સમજાવે છે.) આત્મા નિશ્ચયે અસંખ્યાતપ્રદેશી છે, તે જ તેનું સ્વદળ–સ્વસ્થાન છે. છયે દ્રવ્યોમાં જે દ્રવ્યનું જેટલું કદ–પહોળાઈ તે જ તેનું સ્વક્ષેત્ર–રહેઠાણ છે. કોઈ બીજામાં–બીજાના આધારે રહેતું નથી. દરેક વસ્તુ સ્વદ્રવ્ય જેવડા સ્વક્ષેત્રમાં વસે છે ને તેનો નાનામાં નાનો સૂક્ષ્મ ભાગ તે પ્રદેશ છે. તેમ દ્રવ્યની ત્રિકાળી યથાસ્થિત પર્યાયોની અખંડતાની અપેક્ષાએ એક પરિણામધારા હોવા છતાં, તે ત્રિકાળી પર્યાયોના પ્રવાહક્રમમાં ચોક્કસપણે એક પછી એક ઉત્પન્ન થતા એકેક સૂક્ષ્મ સમયવર્તી જે સૂક્ષ્મ અંશો તે નિત્ય પરિણામી દ્રવ્યના ક્રમસર થતા પરિણામો છે.

*   *   *




નિવૃત્તિ નિવાસ ૧ મકાન = એક દ્રવ્ય

એક લાઈનમાં ૯ ઓરડાએ રોકેલી જગ્યા–પ્રદેશ = દ્રવ્યનો વિસ્તાર, ક્ષેત્ર

એક માળ (ઉપર) પછી બીજો માળ–એમ ૯ માળ = દ્રવ્યના પ્રવાહક્રમમાં પ્રવર્તનારા એક પછી એક થતા પરિણામો.

*

ગાથા ૯૯ અખંડ અંક. વિસ્તારક્રમ અખંડ. પ્રવાહક્રમ અખંડ.

આમ માનવું તે સમ્યગ્દર્શન.

*

જેમ આત્મા પોતાના અસંખ્ય પ્રદેશદળથી અખંડિતપણે એક છે, (અસંખ્ય ખંડ નથી) છતાં વિસ્તારક્રમમાં વર્તતા તેના અસંખ્યપ્રદેશ એક પછી એક ક્રમબદ્ધ છે ને તેનો જે સૂક્ષ્મ અંશ તે પ્રદેશ છે. તેમ આત્માના ત્રણકાળના ક્રમપ્રવાહરૂપ–લંબાઈરૂપ સમગ્ર પર્યાયો એક–અખંડિત હોવા છતાં તેના એક પછી એક પર્યાય સમયવર્તી થાય તે સૂક્ષ્મ અંશો તે પરિણામો છે. તેમાં ક્રમ ફરે નહિ. જે કાળે છે તે જ છે. આમાં અજ્ઞાનીને એકાંત નિયતવાદ જેવું લાગે છે પણ વસ્તુનો સ્વભાવ તો ત્રણેકાળે સ્વક્ષેત્રે વિસ્તારક્રમથી અને ત્રિકાળી સમગ્ર પર્યાયોના પ્રવાહક્રમથી વ્યવસ્થિત જ છે.–અવ્યવસ્થિત નથી, એનું નામ સમ્યક્ નિયતવાદ છે.

સમગ્ર સ્વક્ષેત્રના વિસ્તારક્રમનો અંશ તે પ્રદેશ,

સમગ્ર ત્રિકાળવર્તી વૃત્તિ (પરિણતિ) પ્રવાહનો એકેક સમયવર્તી અંશ તે પરિણામ.

સૌના કારણે સૌ પદાર્થના પરિણામ ક્રમપ્રવાહથી વર્તી રહ્યા છે. ઉચિત નિમિત્ત તેના કારણે ઉપસ્થિત હોય છે પણ કોઈની રાહ જોવી પડતી નથી. સર્વજ્ઞે ત્રિકાળવર્તી જ્ઞાનદ્વારા પદાર્થના ત્રિકાળી પ્રવાહક્રમમાં જે પદાર્થના જે સમયે જે પ્રકારે પરિણામ જોયા છે, તેમાં ફેરફાર કોણ કરી શકે?

કોઈપણ દ્રવ્યનો સમય સમયવર્તી જે જે પરિણામ છે તેમાં તેના સ્વભાવથી દ્રવ્ય વસે છે–ટકે છે. તેમાં બીજા કોઈનો અધિકાર નથી. તું જ્ઞાન છો અને એ જ્ઞેય છે. બીજા સામું જોવાનું નથી.

ત્રિકાળી પરિણામીના પ્રવાહક્રમમાં ઘઉં–લોટ–રોટલીની અવસ્થાનો વર્તમાન અંશ તે અંશી–દ્રવ્યનો અંશ છે. અંશમાં અંશી રહ્યો છે, તેની કોઈ ના પાડે તો અંશી એવું દ્રવ્ય સાબિત થતું નથી.

સ્વદ્રવ્યને સાબિત કરવામાં તેનો વર્તમાન અંશ તે પરિણામ છે તે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યની એકતારૂપ છતાં સ્વભાવમાં ત્રિકાળી સ્વભાવવાન ટકી રહેલો જોવામાં આવે છે એવું જ્ઞેય અને જ્ઞાન તેની પ્રતીતિપૂર્વક અભેદ દ્રવ્યમાં દ્રષ્ટિ તે સમ્યગ્દર્શન છે.

***

# પ્રસાદ ૨૮

## વીતરાગીવિજ્ઞાનમાં જણાતો વિશ્વના જ્ઞેય પદાર્થોનો સ્વભાવ.

## શ્રી પ્રવચનસાર ગાથા ૯૯ ઉપરનાં પૂ. ગુરુદેવશ્રીનાં પ્રવચનોનો સારાંશ.

(કારતક વદ ૪, મંગળવાર)

**દ્રવ્યો સ્વભાવ વિષે અવસ્થિત, તેથી 'સત્' સૌ દ્રવ્ય છે;**
**ઉત્પાદ—ધ્રૌવ્ય—વિનાશયુત પરિણામ દ્રવ્યસ્વભાવ છે. ૯૯.**

આ ગાથા અલૌકિક છે. આ ગાથામાં આચાર્યદેવે વસ્તુના સ્વભાવનું રહસ્ય મૂકી દીધું છે. ઉત્પાદ-વ્યય-ધ્રુવયુક્ત પરિણામ તે વસ્તુનો સ્વભાવ છે ને તે સ્વભાવમાં દ્રવ્ય નિત્ય અવસ્થિત છે, તેથી દ્રવ્ય સત્ છે.

અહીં દ્રવ્યના સમયસમયના પરિણામમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ સમજાવવા માટે આચાર્યદેવ ક્ષેત્રનો દાખલો આપે છે. દ્રવ્યનું (-આત્માનું) અસંખ્યપ્રદેશી ક્ષેત્ર એક સાથે પહોળું–પથરાયેલું છે તેથી તે ઝટ લક્ષમાં આવે, માટે તે ક્ષેત્રનો દાખલો આપીને પરિણામનાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ સમજાવે છે.

જેમ દ્રવ્યને આખા વિસ્તારક્ષેત્ર તરીકે લક્ષમાં લ્યો તો તેનું વાસ્તુ (ક્ષેત્ર) એક છે, તેમ આખા દ્રવ્યના ત્રણેકાળના સમયસમયના પરિણામોને એક સાથે લક્ષમાં લ્યો તો તેની વૃત્તિ એક છે; છતાં, જેમ ક્ષેત્રમાં પ્રદેશક્રમ છે તેમ દ્રવ્યના પરિણમનમાં પ્રવાહક્રમ છે. દ્રવ્યના વિસ્તારક્રમનો અંશ તે પ્રદેશ છે તેમ દ્રવ્યના પ્રવાહક્રમનો અંશ તે પરિણામ છે.

જુઓ, આ જ્ઞેય અધિકાર છે. બધાંય જ્ઞેયો સત્ છે ને તેને જાણનારું જ્ઞાન છે. બધાંય જ્ઞેયો જેમ છે તેમ એક સાથે જ્ઞાનમાં જણાય છે. અહીં આત્મા જ્ઞાનનો સાગર છે અને સામે સ્વ-પર સમસ્ત જ્ઞેયોનો સાગર પડ્યો છે. બસ, આમાં એકલી વીતરાગતા જ આવી. જ્ઞેયમાં 'આ આમ કેમ' એવો રાગદ્વેષ કે ફેરફાર કરવાનું ન રહ્યું. અહો ! આચાર્યદેવે ગાથાએ ગાથાએ વીતરાગી સુખડીના થર નાખ્યા છે. એકેક ગાથામાંથી વીતરાગતાના ચોસલા નીકળે છે.

સમયસારના સર્વવિશુદ્ધજ્ઞાન અધિકારમાં દ્રવ્ય પોતાના ક્રમબદ્ધ પરિણામથી ઊપજે છે–એ વાત કરીને ત્યાં સમ્યગ્દર્શનનો આખો વિષય બતાવ્યો છે. દ્રવ્યદ્રષ્ટિ કરાવી છે અને અહીં જ્ઞાનપ્રધાન કથન છે તેથી બધાં દ્રવ્યો પરિણમન સ્વભાવમાં રહેલાં છે–એમ કહીને પૂર્ણ જ્ઞાન અને પૂર્ણ જ્ઞેય

બતાવ્યા છે; એવા સર્વ જ્ઞેયોના સ્વભાવની અને તેને જાણનારા જ્ઞાનસ્વભાવની શ્રદ્ધા કરવી તે સમ્યગ્દર્શન છે.

*

(કારતક વદ ૫, બુધવાર)

દરેક આત્મા, દરેક પરમાણુ અને ધર્માસ્તિકાય વગેરે દ્રવ્યો છૂટા છૂટા સ્વયંસિદ્ધ પદાર્થ છે. સામાન્યપણે જોતાં તે દ્રવ્યોનું ક્ષેત્ર અખંડ એક છે, છતાં તે ક્ષેત્રના વિસ્તારનો જે સૂક્ષ્મ અંશ તે પ્રદેશ છે. છ દ્રવ્યોમાંથી પરમાણુ અને કાળનું તો ક્ષેત્ર એક પ્રદેશ જ છે. આત્માનું અસંખ્યપ્રદેશી ક્ષેત્ર છે. તે ક્ષેત્ર સમગ્રપણા વડે એક હોવા છતાં તેનો છેલ્લો અંશ તે પ્રદેશ છે. એ પ્રમાણે અહીં ક્ષેત્રનું તો દ્રષ્ટાંત છે, ને સિદ્ધાંત તરીકે વસ્તુના ઉત્પાદ-વ્યય-ધ્રુવપરિણામ સમજાવવા છે. જેમ અસંખ્યપ્રદેશી વિસ્તાર એક સાથે લેતાં દ્રવ્યનું ક્ષેત્ર એક છે તેમ એકેક દ્રવ્યની અનાદિઅનંત પરિણમનધારા સમગ્રપણા વડે એક છે ને તે આખા પ્રવાહનો નાનામાં નાનો એક અંશ તે પરિણામ છે. એકેક પરિણામને જુદો પાડ્યા વગર સમગ્રપણે દ્રવ્યના અનાદિઅનંત પ્રવાહને જોતાં તે એક છે; અનાદિ નિગોદથી માંડીને અનંત સિદ્ધદશા સુધી દ્રવ્યનો પરિણમનપ્રવાહ એક જ છે. જેમ આખું ક્ષેત્ર પથરાયેલું એક સાથે પડ્યું છે તેમાં પ્રદેશભેદથી ન જુઓ તો દ્રવ્યનું ક્ષેત્ર એક જ છે, તેમ ત્રિકાળી દ્રવ્યના પ્રવાહમાં પરિણામનો ભેદ ન પાડો તો આખોય પ્રવાહ એક જ છે અને તે ત્રિકાળીક પ્રવાહક્રમનો એકેક અંશ તે પરિણામો છે.

(આ વિસ્તારક્રમ અને પ્રવાહક્રમનું સ્વરૂપ, પ્રવચન વખતે તો પૂ. ગુરુદેવશ્રી હાથની ચેષ્ટાઓ દ્વારા સુંદર રીતે સમજાવતા હતા પણ તે ચેષ્ટા લખાણમાં કઈ રીતે આવે ? અહીં ચિત્ર દ્વારા તેનો સામાન્ય ખ્યાલ આપવા પ્રયત્ન કર્યો છે.)



અહીં પ્રદેશોનો વિસ્તારક્રમ તે ક્ષેત્ર અપેક્ષાએ છે ને પરિણામોનો પ્રવાહક્રમ તે પરિણમન અપેક્ષાએ છે. અહીં ક્ષેત્રનું દ્રષ્ટાંત આપીને આચાર્યદેવ પરિણામોનું સ્વરૂપ સમજાવવા માગે છે.

આ જ્ઞાનમાં જણાવાયોગ્ય જ્ઞેય પદાર્થોનું વર્ણન છે. કોઈ કહે કે આવી સૂક્ષ્મ વાત કેમ જણાય ?–પણ ભાઈ, એ બધાં જ્ઞેયો છે માટે જરૂર જણાય તેવાં છે ને તારો જ્ઞાનસ્વભાવ બધાં જ્ઞેયોને જાણે તેવો છે. આત્મા જ્ઞાતા છે ને પોતે સ્વજ્ઞેય પણ છે તથા અન્ય જીવ–પુદ્ગલાદિ પરજ્ઞેયો છે. તે જ્ઞાન અને જ્ઞેયને કેવાં પ્રતીતિમાં લેવાથી સમ્યક્ત્વ થાય તેની આ વાત છે.

ધર્માસ્તિકાય વગેરેના અસંખ્ય પ્રદેશો એમ ને એમ પડ્યા–પાથર્યા છે, આકાશના અનંત પ્રદેશો એમ ને એમ પડ્યા–પાથર્યા છે, તેમાં કદી એક પણ પ્રદેશનો ક્રમ આડોઅવળો થતો નથી; તેમ દ્રવ્યનો અનાદિઅનંત પ્રવાહક્રમ પણ કદી તૂટતો નથી. પ્રવાહક્રમ કહીને આચાર્યદેવે અનાદિઅનંત જ્ઞેયને એકસાથે સ્તબ્ધ–બતાવી દીધાં છે. ‘પ્રવાહક્રમ’ કહેતાં બધાય પરિણામોનો ક્રમ વ્યવસ્થિત જ છે, કોઈ પણ પરિણામ–કોઈ પણ પર્યાય આડા અવળા થતા જ નથી. આ પ્રતીતમાં જ દ્રવ્યદ્રષ્ટિ અને વીતરાગતા છે.

સમય સમયના પરિણામનો એકદમ સૂક્ષ્મ સિદ્ધાંત સમજાવવા માટે પ્રદેશોનો દાખલો આપ્યો છે, તે પણ સૂક્ષ્મ પડે એવો છે. અંદર પોતાના લક્ષમાં જો વસ્તુનો ખ્યાલ આવે તો સમજાય તેવું છે. ‘આ સ્વરૂપ આ રીતે કહેવા માગે છે’ એમ પોતાને અંદર ભાસ થવો જોઈએ. જુઓ, સમજવા માટે સીડીનું દ્રષ્ટાંત લઈએ :




જેમ ક્ષેત્રથી જોતાં આખી સીડી એમ ને એમ પડી છે, તેનો એક નાનો અંશ તે પ્રદેશ કહેવાય; તેમ જ સીડીની લંબાઈથી જોતાં એક પછી એક પગથિયાનો પ્રવાહ છે, આખી સીડીનો પ્રવાહ એક છે, અને તેનું એકેક પગથિયું તે તેના પ્રવાહનો અંશ છે. તે પગથિયાના પ્રવાહનો ક્રમ તૂટે નહિ. બે પગથિયા વચ્ચે પણ ઝીણા ઝીણા ભાગ પાડો તો અનેક ભાગ પડે છે, તે ચડતો ચડતો એકેક સૂક્ષ્મ ભાગ તે પરિણામ સમજવો. તેમ આત્મા અસંખ્ય પ્રદેશોમાં પથરાયેલો એક છે ને તેના ક્ષેત્રનો એકેક અંશ તે પ્રદેશ છે; તેમ

જ આખા દ્રવ્યની હયાતી અનાદિઅનંત પ્રવાહપણે એક છે ને તે પ્રવાહનો એકેક સમયનો અંશ તે પરિણામ છે. તે પરિણામોનો પ્રવાહક્રમ સીડીના પગથિયાની જેમ ક્રમબદ્ધ છે, તે પરિણામોનો ક્રમ આઘો પાછો ન થાય એટલે બધુંય જેમ છે તેમ જાણવાનો જ આત્માનો સ્વભાવ છે. એ સિવાય વચ્ચે બીજું કાંઈ ઘાલે તો તેને વસ્તુના સત્ સ્વભાવની શ્રદ્ધા નથી. અને વસ્તુ જેમ હોય તેમ જાણે–માને તો જ્ઞાન–શ્રદ્ધા સાચાં થાય ને ! વસ્તુ હોય તેના કરતાં બીજી રીતે માને તો જ્ઞાન–શ્રદ્ધા સાચાં થાય નહિ એટલે ધર્મ થાય નહિ.

અહીં ક્ષેત્રના દ્રષ્ટાંતે પરિણામનું સ્વરૂપ સમજાવ્યું છે.

જેમ દ્રવ્યનું ક્ષેત્ર તે વિસ્તાર, ને વિસ્તારક્રમના અંશો તે પ્રદેશો.

તેમ દ્રવ્યનું પરિણમન તે પ્રવાહ, ને પ્રવાહક્રમના અંશો તે પરિણામો.

એ પ્રમાણે ક્ષેત્રના દ્રષ્ટાંતે પરિણામો સિદ્ધ કરીને એક વાત પૂરી કરી. હવે તે પરિણામોનો એકબીજામાં અભાવ બતાવે છે. ‘‘જેમ વિસ્તારક્રમનું કારણ પ્રદેશોનો પરસ્પર વ્યતિરેક છે, તેમ પ્રવાહક્રમનું કારણ પરિણામોનો પરસ્પર વ્યતિરેક છે.’’

દ્રવ્યમાં વિસ્તારક્રમ એટલે કે ક્ષેત્ર અપેક્ષાએ પહોળાઈનું કારણ પ્રદેશોનું પરસ્પર જુદાપણું છે. પહેલા પ્રદેશનો બીજામાં અભાવ, બીજાનો ત્રીજામાં અભાવ એમ પ્રદેશોના ભિન્ન ભિન્નપણા વડે વિસ્તારક્રમ રચાયેલો છે. જો પ્રદેશોનો એકબીજામાં અભાવ ન હોય, ને એક પ્રદેશ તે બીજા પ્રદેશમાં પણ ભાવપણે વર્તતો હોય એટલે કે બધા થઈને એક જ પ્રદેશ હોય તો દ્રવ્યનો વિસ્તાર જ ન થાય પણ દ્રવ્ય એક જ પ્રદેશી થઈ જાય. માટે વિસ્તારક્રમ કહેતાં જ પ્રદેશો એકબીજાપણે નથી એમ આવી જાય છે. ‘વિસ્તારક્રમ’ તે અનેકતા સૂચવે છે, કેમ કે એકમાં ક્રમ ન હોય. હવે અનેકતા ક્યારે નક્કી થાય ? કે બધામાં એકતા ન હોય પણ ભિન્નતા હોય, તો જ અનેકતા નક્કી થાય ને અનેકતા હોય તો જ વિસ્તારક્રમ હોય; માટે વિસ્તારક્રમનું કારણ પ્રદેશોનો પરસ્પર વ્યતિરેક છે.

એ જ પ્રમાણે વિસ્તારક્રમની જેમ પ્રવાહક્રમનું સ્વરૂપ હવે કહેવાય છે. ‘પ્રવાહક્રમ’ કહેતાં જ પરિણામોની અનેકતા સાબિત થાય છે અને પરિણામોની અનેકતા કહેતાં જ એકનો બીજામાં અભાવ સાબિત થાય છે. કેમ કે જો એકનો બીજામાં અભાવ હોય તો જ અનેકપણું થાય. જો તેમ ન હોય તો તો બધું એક જ થઈ જાય. માટે વિસ્તારક્રમમાં જેમ એક પ્રદેશનો બીજામાં અભાવ છે તેમ પ્રવાહક્રમમાં એક પરિણામનો બીજામાં અભાવ છે.

અને એ પ્રમાણે પરિણામોમાં એકના બીજામાં અભાવથી અનાદિ અનંત પ્રવાહક્રમ રચાયેલો છે. આવો દ્રવ્યનો સ્વભાવ છે, આવા પરિણામ-સ્વભાવમાં દ્રવ્ય રહેલું છે.

અહીં વિસ્તારક્રમ તો દ્રષ્ટાંતરૂપ છે ને પ્રવાહક્રમ સિદ્ધાંતરૂપ છે. દ્રષ્ટાંત સર્વપ્રકારે લાગું ન પડે. પુદ્‌ગલ અને કાળદ્રવ્યનો તો વિસ્તાર એક પ્રદેશી જ છે તેથી તેમાં પ્રદેશોના પરસ્પર વ્યતિરેકનું દ્રષ્ટાંત લાગુ ન પડે, પણ પ્રવાહક્રમનો જે સિદ્ધાંત છે તે તો બધાંય દ્રવ્યોમાં એકસરખી રીતે લાગુ પડે છે.

જેમ ૨૫ ઓરડાના વિસ્તારવાળી ઓસરી ક્યારે થાય ? કે જો તે ઓરડાઓ ક્રમસર એકબીજાથી જુદા જુદા હોય તો. તેમ આત્મામાં અસંખ્યપ્રદેશી વિસ્તારવાળું ક્ષેત્ર ક્યારે થાય ? કે જો એક પ્રદેશનો બીજામાં અભાવ હોય ને તે બધા પ્રદેશો વિસ્તારક્રમમાં સળંગપણે એકબીજા સાથે સંકળાયેલા હોય.

એ જ પ્રમાણે દ્રવ્યનો અનાદિઅનંત લાંબો પ્રવાહક્રમ ક્યારે થાય ? કે જો એક પરિણામનો બીજા પરિણામમાં અભાવ હોય તો. પહેલો પરિણામ બીજા પરિણામમાં નથી, બીજો ત્રીજામાં નથી–એમ પરિણામોમાં વ્યતિરેક હોવાથી દ્રવ્યમાં પ્રવાહક્રમ છે. દ્રવ્યનાં અનાદિઅનંત પ્રવાહમાં એક પછી એક પરિણામ ક્રમે થયા કરે છે; આવાં દ્રવ્યો તે જ્ઞેયો છે. જ્ઞેય દ્રવ્યની જેમ છે તેમ પ્રતીત કરતાં શ્રદ્ધામાં નિર્વિકલ્પતા અને વીતરાગતા થાય તે મોક્ષનો માર્ગ છે.

અહો ! એક જ દ્રવ્યના એક પરિણામમાં બીજા પરિણામનો પણ જ્યાં અભાવ છે ત્યાં એક દ્રવ્યની અવસ્થામાં બીજું દ્રવ્ય કાંઈ કરે એ વાત તો ક્યાં ઊભી જ રહે છે ? એક તત્ત્વ બીજા તત્ત્વમાં કાંઈ કરે અથવા તો એક દ્રવ્યના ક્રમ પરિણામોમાં ફેરફાર કરી શકાય–એમ જે માને છે તેને જ્ઞેયતત્ત્વની ખબર નથી, તેમ જ જ્ઞેયોને જાણનારા પોતાના જ્ઞાનતત્ત્વની પણ ખબર નથી.

કોઈ એમ માને કે 'મેં મારી બુદ્ધિથી પૈસા મેળવ્યા.' તો તેમ નથી. કેમ કે બુદ્ધિના જે પરિણામ થયા તે આત્માના પ્રવાહક્રમમાં આવેલો પરિણામ છે ને પૈસા આવ્યા તે પુદ્‌ગલના પ્રવાહક્રમમાં આવેલો પુદ્‌ગલનો પરિણામ છે. બન્ને દ્રવ્યો પોતપોતાના પ્રવાહક્રમમાં ભિન્નભિન્નપણે વર્તી રહ્યાં છે. આત્મા પોતાના પરિણામપ્રવાહમાં રહેલો છે, ને જડ પદાર્થો જડના પરિણામપ્રવાહમાં રહેલા છે. બન્ને પદાર્થોનું ભિન્ન ભિન્ન અસ્તિત્વ છે. જેણે

પદાર્થોનું આવું સ્વરૂપ જાણ્યું તેને 'હું પરમાં કાંઈ ફેરફાર કરું કે પરના કારણે મારામાં કાંઈ ફેરફાર થાય'–એવી મિથ્યાબુદ્ધિ તો ટળી ગઈ, એટલે તે બધાં દ્રવ્યોનો જ્ઞાતા રહી ગયો. કેવળી ભગવાન વીતરાગપણે બધાના જ્ઞાતા છે તેમ આ પણ જ્ઞાતા જ છે. હજી સાધક છે તેથી અસ્થિરતાના રાગદ્વેષ થાય છે પરંતુ તે પણ જ્ઞાનનું જ્ઞેય છે, જ્ઞાન અને રાગની એકતાપૂર્વક રાગદ્વેષ થતા નથી પણ જ્ઞાનના જ્ઞેયપણે રાગદ્વેષ થાય છે. એટલે અભિપ્રાયથી (શ્રદ્ધાથી) તો તે સાધક પણ પૂરો જ્ઞાતા જ છે.

યથાર્થ વસ્તુસ્વરૂપ જાણતાં પોતે છએ દ્રવ્યોનો જ્ઞાતા થઈ ગયો ને છએ દ્રવ્યો જ્ઞાનનાં જ્ઞેય થયાં. આ તરફ પોતે એક જ્ઞાતા, અને સામે છએ દ્રવ્યો જ્ઞેય, એમ જ્ઞાતાપણું બતાવવા 'સ્વાત્માનુભવ મનન'માં કહ્યું છે કે **आत्मा सप्तम द्रव्य हो जाता है.**

અહો ! જ્ઞાન જ્ઞાતા તરીકે છે, તે જ્ઞાનની પ્રતીત તે નિર્વિકલ્પ સમ્યક્ત્વનું કારણ છે. સમયે સમયે ઉત્પાદવ્યયધ્રુવરૂપ આવા દ્રવ્યસ્વભાવને નક્કી કરે તો જ્ઞાન જાણવાનું જ કામ કરે; ને જ્ઞેયમાં 'આમ કેમ' એવો મિથ્યાબુદ્ધિનો વિકલ્પ ન આવે. અસ્થિરતાનો વિકલ્પ આવે તે તો જ્ઞાનનું જ્ઞેય થઈ જાય છે, કેમ કે જ્ઞાનમાં સ્વપરપ્રકાશક સામર્થ્ય પ્રગટી ગયું એટલે તે રાગને પણ જ્ઞાનથી ભિન્ન જ્ઞેય તરીકે જાણે છે એટલે તે વિકલ્પમાં 'આવો વિકલ્પ કેમ?' એવું વિકલ્પનું જોર આવતું નથી. પરંતુ 'આ રાગ પણ જ્ઞેયપણે સત્ છે' એમ જ્ઞાન જાણી લ્યે છે એટલે જ્ઞાનની જ અધિકતા રહે છે–બીજી રીતે કહીએ તો જ્ઞાન અને રાગનું ભેદજ્ઞાન થઈ જાય છે અને પછી પણ એવા જ્ઞાનસ્વભાવના આધારે જ્ઞેયોને જાણતાં તે જ્ઞાનનો વિકાસ થઈને તેની સૂક્ષ્મતા અને વીતરાગતા વધતી જાય છે ને ક્રમે ક્રમે પૂર્ણ વીતરાગતા અને કેવળજ્ઞાન થતાં આખો લોકાલોક જ્ઞેયપણે એકસાથે જ્ઞાનમાં ડૂબી જાય છે.–એવો આ અધિકાર છે.




જ્ઞાનસમુદ્ર ભગવાન આત્મા ઊછળી રહ્યો છે;
તેમાં આખો લોકાલોક જ્ઞેયપણે ડૂબી ગયો છે.

અહીં આત્મામાં કેવળજ્ઞાનનું આખું દળ, ને સામે લોકાલોક જ્ઞેયનું દળ. બસ, જ્ઞેયજ્ઞાયકસ્વભાવ રહી ગયો. જ્ઞેયજ્ઞાયકપણામાં રાગદ્વેષ કરવાનું કે ફેરફાર કરવાનું ક્યાં રહ્યું ? અહો ! આવા સ્વભાવની હા તો પાડ. એની હામાં વીતરાગી શ્રદ્ધા છે ને તેમાં જ વીતરાગતા અને કેવળજ્ઞાનનાં બીજડાં છે.

*

બે વાત થઈ છે. (૧) પ્રથમ તો, ક્ષેત્રના દ્રષ્ટાંતે દ્રવ્યના અનાદિઅનંત પ્રવાહની એક સમગ્રવૃત્તિ બતાવી અને તે પ્રવાહક્રમના સૂક્ષ્મ અંશો તે પરિણામો છે—એમ બતાવ્યું. એ રીતે દ્રવ્યને સત્ સાબિત કર્યું. તેમાં સળંગ હયાતી અપેક્ષાએ **એકપણું** ને પરિણામોની અપેક્ષાએ **અનેકપણું**—એમ સત્‌માં એક—અનેકપણું પણ સાબિત કર્યું.

(૨) ત્યારપછી પરિણામોનો પરસ્પર વ્યતિરેક સાબિત કર્યો.

એ પ્રમાણે બે વાત સિદ્ધ કરી, તેનો વિસ્તાર કરીને હવે તેમાંથી ઉત્પાદ-વ્યય-ધ્રુવ કાઢે છે.

“જેમ તે પ્રદેશો પોતાના સ્થાનમાં સ્વ—રૂપથી ઉત્પન્ન ને પૂર્વરૂપથી વિનષ્ટ હોવાથી તથા સર્વત્ર (બધેય) પરસ્પર અનુસ્યૂતિથી રચાયેલા એક વાસ્તુપણા વડે અનુત્પન્ન—અવિનષ્ટ હોવાથી ઉત્પત્તિ—સંહાર—ધ્રૌવ્યાત્મક છે. તેમ તે પરિણામો પોતાના અવસરમાં સ્વ—રૂપથી ઉત્પન્ન ને પૂર્વરૂપથી વિનષ્ટ હોવાથી તથા સર્વત્ર પરસ્પર અનુસ્યૂતિથી રચાયેલા એકપ્રવાહપણા વડે અનુત્પન્ન-અવિનષ્ટ હોવાથી ઉત્પત્તિ-સંહાર-ધ્રૌવ્યાત્મક છે.” (પૃષ્ઠ ૧૬૪—૧૬૫)

આમાં પ્રદેશોની વાત દ્રષ્ટાંતરૂપ છે ને પરિણામોની વાત સિદ્ધાંતરૂપ છે.

પ્રશ્ન :—આ શું વિષય ચાલે છે ?

ઉત્તર :—આ વસ્તુના સ્વભાવની વાત ચાલે છે. ઉત્પાદ-વ્યય-ધ્રુવરૂપ પરિણામ તે પદાર્થોનો સ્વભાવ છે અને તે સ્વભાવમાં સદાય રહેલું દ્રવ્ય સત્ છે—એ વાત અહીં સાબિત કરવી છે. તેમાં પ્રથમ આટલી વાત તો સિદ્ધ કરી ગયા કે—દ્રવ્યની વૃત્તિ અનાદિઅનંત અખંડપણે એક હોવા છતાં, તેના પ્રવાહક્રમનો અંશ તે પરિણામ છે. તે તે પરિણામો એકબીજામાં પ્રવર્તતા નથી પણ તેમનો એકબીજામાં અભાવ છે. તેમાંથી હવે વિસ્તાર કરીને ઉત્પાદ-વ્યય-ધ્રુવ કાઢે છે. તેમાં પણ પહેલાં ક્ષેત્રનું દ્રષ્ટાંત આપે છે.

આખા દ્રવ્યના એક ક્ષેત્રને લ્યો તો તેના પ્રદેશો ઉત્પત્તિ–વિનાશ રહિત છે અને તે પ્રદેશોનો પરસ્પર વ્યતિરેક હોવાથી, તે પ્રદેશો પોતપોતાના સ્વ ક્ષેત્રમાં પોતાપણે સત્ છે ને પૂર્વના પ્રદેશપણે તે અસત્ છે—એટલે કે તે પ્રદેશો પોતાપણે ઉત્પાદરૂપ છે ને પૂર્વના પ્રદેશની અપેક્ષાએ વ્યયરૂપ છે. એ રીતે બધાય પ્રદેશો ઉત્પાદ વ્યયરૂપ છે ને સર્વ પ્રદેશોનો વિસ્તાર સાથે લેતાં દ્રવ્યના પ્રદેશો ધ્રુવરૂપ છે. એ રીતે તે બધાય પ્રદેશો એક સમયમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવરૂપ છે. (અહીં પ્રદેશોનાં જે ઉત્પાદ-વ્યય-ધ્રુવ કહ્યાં છે તે ક્ષેત્ર અપેક્ષાએ સમજવાં) તેના દાખલે સમયસમયના પરિણામોમાં પણ ઉત્પાદ-વ્યય-ધ્રુવપણું છે. અનાદિઅનંત એક પ્રવાહની અપેક્ષાએ પરિણામો ઉત્પત્તિ–વિનાશરહિત ધ્રુવ છે ને તે પરિણામો પોતપોતાના સ્વકાળમાં ઉત્પાદરૂપ છે તથા પૂર્વ પરિણામ અપેક્ષાએ વ્યયરૂપ છે. એ રીતે બધાય પરિણામો ઉત્પાદ-વ્યય-ધ્રુવરૂપ છે. ને એવા ઉત્પાદ-વ્યય-ધ્રુવરૂપ પરિણામો તે વસ્તુનો સ્વભાવ છે.

અહીં પહેલાં સમુચ્ચય ક્ષેત્રની ને સમુચ્ચય પરિણામોની ભેગી વાત લઈને ઉત્પાદ-વ્યય-ધ્રુવ સિદ્ધ કર્યાં છે. એક પરિણામ જુદો પાડીને તેની વાત પછી લેશે. આ વાત એકલા આત્માની નથી પણ બધાય દ્રવ્યોના સ્વભાવની છે. પણ અહીં આત્માની મુખ્યતાથી વાત કરવામાં આવે છે.

જેમ આત્માના અસંખ્ય પ્રદેશોમાં એક સમયમાં ક્ષેત્ર અપેક્ષાએ ઉત્પાદ-વ્યય-ધ્રુવ લાગુ પડે છે તેમ આત્માના પ્રવાહક્રમમાં વર્તનારા બધાય પરિણામો પોતપોતાના અવસરમાં સ્વ-રૂપથી ઉત્પન્ન છે, પૂર્વરૂપથી વિનષ્ટ છે ને અખંડ ધારાવાહી પ્રવાહ તરીકે તેઓ ઉત્પન્ન કે વિનષ્ટ નથી, એટલે તે પરિણામો ઉત્પાદ-વ્યય-ધ્રુવરૂપ છે.

પ્રદેશોનો દાખલો છે તેમાં ક્ષેત્ર અપેક્ષાએ ઉત્પાદ-વ્યય-ધ્રુવરૂપ છે ને સિદ્ધાંતમાં પરિણામ અપેક્ષાએ (–પ્રવાહ અપેક્ષાએ, કાળ અપેક્ષાએ) ઉત્પાદ-વ્યય-ધ્રુવ છે.

જુઓ તો ખરા ! ક્રમબદ્ધ પોતાના અવસરમાં બધા પરિણામોના ઉત્પાદ-વ્યય-ધ્રુવ કહીને આખા ત્રિકાળી દ્રવ્યને જ્ઞેય તરીકે સામે રાખી દીધું છે. સર્વજ્ઞની અને જ્ઞાનસ્વભાવની પ્રતીત વગર આ વાત કોઈ રીતે અંદર બેસે તેવી નથી. આની પ્રતીતમાં સમ્યગ્દર્શન છે ને ચોસઠ પહોરી પીપર ઘૂંટાતી હોય તેમ, આના ઘૂંટણમાં એકલી વીતરાગતા જ ઘૂંટાય છે. અહો ! અદ્ભુત વાત મૂકી છે.

*

(કારતક વદ ૬, ગુરુવાર)

દ્રવ્યના બધા પરિણામો પોતપોતાના અવસરમાં સ્વરૂપથી ઉત્પન્ન છે, પૂર્વરૂપથી વિનષ્ટ છે ને એક સળંગ પ્રવાહની અપેક્ષાએ તેઓ ઉત્પત્તિ—વિનાશ રહિત ધ્રુવ છે.

અહીં પરિણામોનો સ્વઅવસર કહીને આચાર્યદેવે અદ્‌ભૂત વાત કરી છે. જેટલા એક દ્રવ્યના પરિણામો તેટલા જ ત્રણકાળના સમયો, ને જેટલા ત્રણકાળના સમયો તેટલા જ એક દ્રવ્યના પરિણામો. બસ ! આટલું નક્કી કરે તો પોતાના જ્ઞાયકપણાની પ્રતીતિ થઈ જાય. દ્રવ્યના દરેક પરિણામને પોતપોતાનો અવસર ભિન્ન છે. સામે ત્રણકાળના પરિણામો એક સાથે જ્ઞેય છે ને અહીં આત્મા તેનો જાણનાર છે. આવા જ્ઞેયજ્ઞાયકપણામાં વચ્ચે રાગ ન રહ્યો, એકલી વીતરાગતા જ આવી. પહેલાં આવી શ્રદ્ધા કરતાં વીતરાગી શ્રદ્ધા થાય છે ને પછી જ્ઞાનસ્વભાવમાં સ્થિરતા થતાં વીતરાગી ચારિત્ર થાય છે.

અહો ! આ દ્રવ્યના પરિણામોનો સ્વઅવસર કહો કે ક્રમબદ્ધ પરિણામ કહો, તેની પ્રતીત કરતાં પરિણામી એવા ત્રિકાળી દ્રવ્ય ઉપર જ દ્રષ્ટિ જાય છે. પરિણામોના સ્વ અવસરની આ વાત સ્વીકારતાં તો, 'નિમિત્ત આવે તો પરિણામ થાય, કે નિમિત્તને લીધે અહીં પરિણામમાં ફેરફાર થાય, કર્મના ઉદયથી વિકાર થાય કે વ્યવહાર કરતાં કરતાં પરમાર્થ પ્રગટે અથવા તો પર્યાયના આધારે પર્યાય થાય' એવી કોઈ વાત ઊભી રહેતી નથી. બધા પરિણામો પોતપોતાના અવસરે દ્રવ્યમાંથી પ્રગટે છે. જ્યાં દ્રવ્યના દરેક પરિણામો પોતપોતાના અવસરે 'સત્‌' છે ત્યાં વળી નિમિત્ત સામે જોવાનું જ ક્યાં રહ્યું ? અને 'હું પરમાં ફેરફાર કરું કે પરથી મારામાં ફેરફાર થાય'—એ વાત પણ ક્યાં રહી?–માત્ર જ્ઞાતા અને જ્ઞેયપણું જ રહે છે, એ જ મોક્ષનો માર્ગ છે, એ જ સમ્યક્‌ પુરુષાર્થ છે.

ત્રણકાળના પરિણામો છે તે દ્રવ્યના પ્રવાહરૂપી સાંકળના અંકોડા છે. જેમ સાંકળના અંકોડા આઘાપાછા ન થાય, જેમ છે તેમ જ રહે છે તેમ દ્રવ્યના અનાદિઅનંત પરિણામો પોતાના અવસરથી આઘાપાછા ન થાય. દરેક પરિણામ પોતપોતાના અવસરમાં સત્‌ છે. આમાં ત્રણકાળના પરિણામોની એક સળંગ સાંકળ લઈને ઉત્પાદ-વ્યય-ધ્રુવની વાત કરી છે. દ્રવ્ય પોતાના પરિણામસ્વભાવમાં રહેલું છે. અત્યારે પરિણામનો સ્વભાવ શું છે તે વાત ચાલે છે. પહેલાં પરિણામોનો ઉત્પાદ-વ્યય-ધ્રુવસ્વભાવ સાબિત કરે છે; અને પછી, દ્રવ્ય તે પરિણામસ્વભાવમાં રહેલું હોવાથી તે દ્રવ્ય પણ ઉત્પાદ-વ્યય-ધ્રુવવાળું સત્‌ છે—એમ છેલ્લે સાબિત કરશે. જ્ઞાતા, વસ્તુના

આવા સ્વભાવને જાણે ને જ્ઞેયોમાં ફેરફાર કરવાનું ન માને તે સમ્યક્ત્વ છે, ને પદાર્થોના સ્વભાવનો જ્ઞાતા રહે તેમાં વીતરાગતા છે.

આ પ્રવચનસારમાં પહેલાં તો જ્ઞાનતત્ત્વપ્રજ્ઞાપનમાં આત્માનો જ્ઞાનસ્વભાવ નક્કી કર્યો છે, ને પછી બીજા અધિકારમાં જ્ઞેયતત્ત્વોનું વર્ણન કર્યું છે. આત્માનો સ્વભાવ જ્ઞાન જ છે ને જીવ–અજીવમાં પોતપોતાના અવસરે થતાં ત્રણકાળના પરિણામો તે જ્ઞેયો છે. આવી પ્રતીતિ કરતાં ક્યાંય ફેરફાર કે આઘુંપાછું કરવાની બુદ્ધિ ન રહી,–રાગદ્વેષની બુદ્ધિ ન રહી એટલે જ્ઞાન સ્વમાં ઠર્યું. આ જ વીતરાગતા અને કેવળજ્ઞાનનું કારણ છે.

પદાર્થોનો જેવો સત્ સ્વભાવ હોય તેવો માને તો સત્ માન્યતા કહેવાય, પણ પદાર્થોના સત્સ્વભાવથી બીજી રીતે માને તો તે માન્યતા મિથ્યા છે. આ સત્‌ની શ્રદ્ધા કરાવે છે. 'સત્' તે દ્રવ્યનું લક્ષણ છે અને તે સત્ ઉત્પાદ-વ્યય-ધ્રુવવાળું છે. આવા દ્રવ્યના સત્સ્વભાવની પ્રતીતિ કરવી તે સમ્યગ્દર્શન છે. એ જ ખરું **तत्त्वार्थश्रद्धानं सम्यग्दर्शनं** છે. અત્યારે વાત તો પરિણામોની ચાલે છે, પણ પરિણામના નિર્ણયમાં પરિણામી દ્રવ્યનો નિર્ણય પણ આવી જ જાય છે. પરિણામ તો ક્ષણિક છે, પણ તે પરિણામ કોના ?—કે ત્રિકાળી દ્રવ્યના. પરિણામ અદ્ધરથી થતા નથી પણ પરિણામીના પરિણામ છે; એટલે પરિણામનો નિર્ણય કરતાં પરિણામી દ્રવ્યનો જ નિર્ણય થાય છે ને એકલા પરિણામ ઉપરથી રુચિ ખસીને ત્રિકાળી દ્રવ્યસ્વભાવ તરફ રુચિ અને જ્ઞાન વળે છે.—એ જ સમ્યગ્દર્શન અને વીતરાગતાનું મૂળ છે.

આ ૯૯મી ગાથા ઘણી ઊંચી છે. આમાં વસ્તુસ્થિતિનું સ્વરૂપ અલૌકિક રીતે વર્ણવ્યું છે. બધાંય દ્રવ્યો 'સત્' છે. ઉત્પાદ-વ્યય-ધ્રુવ સહિત પરિણામ તે તેનો સ્વભાવ છે. ને એવા સ્વભાવમાં સદાય વર્તતું હોવાથી દ્રવ્ય પણ ઉત્પાદ-વ્યય-ધ્રુવવાળું છે—એમ આ ગાથામાં સિદ્ધ કરવું છે.

(૧) ટીકામાં પહેલાં તો દ્રવ્યમાં સમગ્રપણાવડે અનાદિઅનંત પ્રવાહની એકતા ને પ્રવાહક્રમના સૂક્ષ્મ અંશો તે પરિણામો—એમ બતાવ્યું.

(૨) પછી પ્રવાહક્રમમાં વર્તતા પરિણામોનો પરસ્પર વ્યતિરેક સિદ્ધ કર્યો.

(૩) પછી સમુચ્ચયપણે આખાય દ્રવ્યના ત્રિકાળી પરિણામોને ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યાત્મક સિદ્ધ કર્યા. (તેના દ્રષ્ટાંતમાં, દ્રવ્યના બધાય પ્રદેશો ને ક્ષેત્ર અપેક્ષાએ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યાત્મક સિદ્ધ કર્યા.)

(૪) પછી એક જ પરિણામમાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યાત્મકપણું બતાવ્યું. (તેના દ્રષ્ટાંતમાં, એકેક પ્રદેશમાં, ક્ષેત્ર અપેક્ષાએ ઉત્પાદ-વ્યય-ધ્રુવ બતાવ્યાં.)

(૫) એ પ્રમાણે પરિણામના ઉત્પાદ-વ્યય-ધ્રુવ સિદ્ધ કર્યા પછી, છેલ્લે ઉત્પાદ-વ્યય-ધ્રુવાત્મક પરિણામના પ્રવાહમાં દ્રવ્ય સદાય વર્તી રહ્યું છે. એટલે દ્રવ્ય ઉત્પાદ-વ્યય-ધ્રુવ સહિત હોવાથી 'સત્' છે–એમ આખું દ્રવ્ય લઈને ઉત્પાદ-વ્યય-ધ્રુવ સિદ્ધ કર્યા છે.

ઉપર જે પાંચ બોલ કહ્યા, તેમાંથી અત્યારે આ ત્રીજા બોલનું વિવેચન ચાલે છે. <u>પોતપોતાના અવસરમાં ત્રિકાળીક બધા પરિણામોનાં</u> ઉત્પાદ-વ્યય-ધ્રુવની એકસાથે વાત કરીને અહીં એકલો જ્ઞાયકભાવ જ બતાવ્યો છે. અહીં આખોય જ્ઞાયકભાવ અને સામે આખુંય જ્ઞેય એક સાથે લઈ લીધું.

અહીં પરિણામોમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ સમજાવવા માટે પ્રદેશોનો દાખલો લીધો છે. અહીં કોઈ એમ કહે કે—બીજો કોઈ સહેલો દાખલો ન આપતાં આચાર્યદેવે પ્રદેશોનો આવો સૂક્ષ્મ દાખલો કેમ આપ્યો ?—તો કહે છે કે ભાઈ ! તું ધીરો થા. આચાર્યદેવે પ્રદેશોનો દાખલો યોગ્ય જ આપ્યો છે. કેમ કે દ્રવ્યનું આખું ક્ષેત્ર એક સાથે અક્રમે પથરાયેલું પડ્યું છે ને પરિણામોની વ્યક્તતા તો ક્રમે ક્રમે થાય છે, માટે પ્રદેશોનો દાખલો ઝટ સમજાય તેવો છે ને પરિણામોની વાત તેનાથી સૂક્ષ્મ છે. અહીં પરિણામોનાં ઉત્પાદ-વ્યય-ધ્રુવની સૂક્ષ્મ અને ગંભીર વાત સમજાવવી છે. તેથી દાખલો પણ પ્રદેશોનો સૂક્ષ્મ જ લેવો પડે. જો બાહ્ય—સ્થૂળ દાખલો આપવા જાય તો સિદ્ધાંતની જે સૂક્ષ્મતા અને ગંભીરતા છે તે ખ્યાલમાં ન આવે, માટે એવા સૂક્ષ્મ દ્રષ્ટાંતની જ અહીં જરૂર છે.

આત્મા જ્ઞાનસ્વભાવ છે. તે <u>જ્ઞાનનો ગુણ</u> 'જાણવું' તે છે એટલે કે જ્ઞાન જાણવાનું જ કામ કરે છે. આત્મામાં ને પરમાં ક્રમે ક્રમે જે અવસ્થા થાય તે જ્ઞેય છે. તેને જેમ હોય તેમ માત્ર જાણવાનો જ્ઞાનનો ગુણ છે પણ તેમાં કાંઈ ફેરફાર કરે એવો જ્ઞાનનો ગુણ નથી. જ્ઞાનનો ગુણ એટલે કે જ્ઞાનનો સ્વભાવ; રાગાદિ પરિણામ થયા તેને પણ જાણવાનો જ્ઞાનનો ગુણ છે, પણ તે રાગને પોતાનો ત્રિકાળી સ્વભાવ માને એવો જ્ઞાનનો ગુણ નથી, તેમ જ તે રાગ પરિણામને ફેરવીને આઘોપાછો કરે એવો પણ જ્ઞાનનો ગુણ નથી. બસ ! સ્વ કે પર, વિકારી કે અવિકારી બધાંય જ્ઞેયોને જાણવાનો જ જ્ઞાનનો ગુણ છે. રાગાદિ પરિણામ જેટલો જ હું—એમ જ્ઞાન માને નહિ.–આવા જ્ઞાન સ્વભાવની પ્રતીત તે જ વીતરાગતાનું મૂળ છે.

આ જગતમાં અનંતા જીવ, અનંત પુદ્ગલો, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ અને અસંખ્યાત કાળાણું—એવા છ પ્રકારના પદાર્થો છે. તેમાંથી એકેક આત્માનો જ્ઞાનગુણ છએ પદાર્થોની ક્રમસર થતી બધી અવસ્થાઓને તથા દ્રવ્યગુણને જાણનારો છે; આવો દરેક આત્માનો જ્ઞાનસ્વભાવ છે. આવા જ્ઞાનસ્વભાવને જે જાણે તે જીવ રાગપરિણામને જાણે ખરો પણ તે રાગને પોતાનું મૂળ સ્વરૂપ ન માને—રાગને ધર્મ ન માને, તેમ જ રાગપરિણામને આઘોપાછો કરવાનો પણ સ્વભાવ ન માને. તેના અવસરમાં તે રાગપરિણામ પણ સત્ છે ને તેને જાણનારું જ્ઞાન પણ સત્ છે; દ્રવ્યના ત્રિકાળી પ્રવાહક્રમમાં તે રાગપરિણામ પણ સત્પણે આવી જાય છે, તેથી તે પણ જ્ઞાનનું જ્ઞેય છે. રાગ હતો માટે રાગનું જ્ઞાન થયું —એમ નથી પણ જ્ઞાનનો જ સ્વભાવ જાણવાનો છે. આખા સ્વજ્ઞેયને જાણનારું જ્ઞાન તે રાગને પણ સ્વજ્ઞેયના અંશ તરીકે જાણે છે. ત્રિકાળી અંશીના જ્ઞાનસહિત અંશનું પણ જ્ઞાન કરે છે. જો રાગને સ્વજ્ઞેયના અંશ તરીકે સર્વથા જાણે જ નહિ તો તે જ્ઞાનમાં આખુંય સ્વજ્ઞેય પૂરું થતું નથી એટલે તે જ્ઞાન સાચું થતું નથી; તેમ જ જો તે રાગરૂપ અંશને જ આખું સ્વજ્ઞેય માની લ્યે ને ત્રિકાળી દ્રવ્ય-ગુણને સ્વજ્ઞેય ન બનાવે તો તે જ્ઞાન પણ મિથ્યા છે. દ્રવ્ય-ગુણ ને સમસ્ત પર્યાયો એ ત્રણે થઈને સ્વજ્ઞેય પૂરું થાય છે. તેમાં અંશી—ત્રિકાળી દ્રવ્યગુણની રુચિ સહિત અંશને તેમ જ પરજ્ઞેયને જાણવાનું કામ સમ્યગ્જ્ઞાન કરે છે. યથાર્થ જ્ઞાનમાં જ્ઞેયોનો કેવો સ્વભાવ જણાય છે, તેનું આ વર્ણન છે.

બધાય પદાર્થોનો સ્વભાવ ઉત્પાદ-વ્યય-ધ્રુવયુક્ત છે; દરેક પદાર્થમાં સમયે સમયે પરિણામ થાય છે; તે પરિણામો ક્રમે કરીને અનાદિઅનંત થયા કરે છે એટલે સ્વ—અવસરે થતા પરિણામોનો પ્રવાહ અનાદિઅનંત છે. તે પ્રવાહક્રમના નાનામાં નાના એકેક અંશો પણ ઉત્પાદ-વ્યય-ધ્રુવસ્વરૂપ સ્વભાવવાળા છે. અનાદિઅનંતકાળના દરેક સમયમાં તે તે સમયનો પરિણામ સ્વયં સત્ છે. આવા સત્ પરિણામોને જ્ઞાન જાણે પણ તેમાં કાંઈ ફેરફાર કરી શકે નહિ. જેમ અગ્નિ કે બરફ વગેરે પદાર્થોને આંખ દેખે છે પણ તેમાં કાંઈ ફેરફાર કરતી નથી, તેમ જ્ઞાનની પર્યાય પણ જ્ઞેયોને સત્પણે જેમ છે તેમ જાણે જ છે. તેમાં કાંઈ ફેરફાર કરતી નથી. સ્વ—અવસરમાં જ્યારે જે પરિણામ છે તે વખતે તે જ પરિણામ હોય—બીજા પરિણામ ન હોય, એમ જ્યાં જ્ઞાનમાં નક્કી કર્યું ત્યાં કોઈ પણ જ્ઞેયને આડુંઅવળું કરવાની મિથ્યાબુદ્ધિપૂર્વકના રાગદ્વેષ થતા નથી.

અહા ! જુઓ તો ખરા ! ક્રમબદ્ધપર્યાયના નિર્ણયમાં કેટલી ગંભીરતા છે ! દ્રવ્યની પર્યાય પરથી ફરે એ તો વાત છે જ નહિ, પણ દ્રવ્ય પોતે પોતાની પર્યાયને આડીઅવળી ફેરવવા માગે તોય ફરે નહિ. જેમ ત્રિકાળી દ્રવ્ય પલટીને બીજારૂપે થઈ જતું નથી તેમ તેનો એકેક સમયનો અંશ—પરિણામ પણ પલટીને બીજારૂપે થતો નથી. 'મારે જીવ નથી રહેવું પણ અજીવ થઈ જવું છે' એમ જીવને ફેરવીને કોઈ અજીવ કરવા માગે તો શું તે ફરી શકે ? ન જ ફરે. જીવ પલટીને કદી અજીવપણે ન થાય ને અજીવ પલટીને કદી જીવપણે ન થાય. જેમ ત્રિકાળી સત્ નથી ફરતું તેમ તેનું વર્તમાન સત્ પણ નથી ફરતું. જેમ ત્રિકાળી દ્રવ્ય ફરતું નથી તેમ દ્રવ્યની એકેક સમયની અનાદિઅનંત અવસ્થાઓ પણ જે સમયે જેમ છે તેમાં ફેરફાર કે આઘુંપાછું થઈ શકે નહિ. ત્રિકાળી પ્રવાહના વર્તમાન અંશો પોતપોતાના કાળે સત્ છે. બસ, પરમાં કે સ્વમાં ક્યાંય ફેરફારની બુદ્ધિ ન રહી એટલે જ્ઞાન જાણનાર જ રહી ગયું. પર્યાયબુદ્ધિમાં અટકવાનું ન રહ્યું. આમ જ્ઞાન જાણવાનું કામ કરે; એવા જ્ઞાનસ્વભાવની પ્રતીત કરવી તે સમ્યગ્દર્શન છે. હજી કેવળજ્ઞાન થયા પહેલાં એ જીવ કેવળી ભગવાનનો લઘુનંદન થઈ ગયો. શ્રદ્ધા અપેક્ષાએ તો તે સાધક પણ સર્વનો જ્ઞાયક થઈ ગયો છે.

બધા પદાર્થોના ઉત્પાદ-વ્યય-ધ્રુવસ્વભાવને નક્કી કરતાં, સ્વમાં કે પરમાં ફેરફારની બુદ્ધિ ન રહી પણ જ્ઞાનમાં જાણવાનું જ કામ રહ્યું. એટલે જ્ઞાનમાં 'આમ કેમ' એવો ખદબદાટ નીકળી ગયો ને જ્ઞાન ધીરું થઈને પોતામાં ઠર્યું.—આમાં જ જ્ઞાનનો પરમ પુરુષાર્થ છે. આમાં જ મોક્ષમાર્ગનો ને કેવળજ્ઞાનનો પુરુષાર્થ આવી જાય છે. પરમાં કર્તા બુદ્ધિવાળાને જ્ઞાનસ્વભાવની પ્રતીત નથી બેસતી ને તેને જ્ઞાનના સ્વભાવનો જ્ઞાયકપણાનો પુરુષાર્થ પણ નથી જણાતો.

અહો, બધાંય દ્રવ્યો પોતપોતાના અવસરમાં થતા પરિણામે વર્તી રહ્યાં છે, તેમાં તું ક્યાં ફેરફાર કરીશ ? ભાઈ, તારો સ્વભાવ તો જોવાનો છે. તું જોનારને જોનાર જ રાખ. જોનારને ખદબદાટ કરનાર ન કર. જોનારા સ્વભાવની પ્રતીત તે જ સમ્યગ્દર્શન છે. પરમાં હું ફેરફાર કરું કે પર મારામાં ફેરફાર કરે—એ મિથ્યાદ્રષ્ટિનો ભાવ છે, તેને જ્ઞાન અને જ્ઞેયના સ્વભાવની પ્રતીત નથી. જગતના જડ કે ચેતન બધાંય દ્રવ્યો પોતાના પ્રવાહમાં વર્તે છે, તેમાં જે જે અંશ વર્તમાન વર્તે છે તેને કોઈ આઘોપાછો ફેરવી શકે નહિ. હું ધ્યાન રાખીને શરીરને સરખું રાખી દઉં, એમ કોઈ માને તો તે મિથ્યાદ્રષ્ટિ છે. શરીરના એકેક પરમાણુઓ તેના પોતાના પ્રવાહક્રમમાં

વર્તી રહ્યા છે. તેના ક્રમને કોઈ ફેરવી શકે નહિ. ક્યાંય પણ ફેરફાર કરે એવું આત્માના કોઈ ગુણનું કાર્ય નથી, પણ આત્મા સ્વને જાણતાં પરને જાણે, એવું તેના જ્ઞાનગુણનું સ્વ-પરપ્રકાશક કાર્ય છે. એની પ્રતીત એ જ મુક્તિનું કારણ છે.

દરેક દ્રવ્ય ત્રણેકાળે પરિણમ્યા કરે છે; તેના ત્રણેકાળના પ્રવાહમાં રહેલા બધાય પરિણામો ઉત્પાદ-વ્યય-ધ્રુવરૂપ છે. પોતાના સ્વકાળમાં તે બધાય પરિણામો પોતાની અપેક્ષાએ ઉત્પાદરૂપ છે, પૂર્વના પરિણામોની અપેક્ષાએ વ્યયરૂપ છે, તેમ જ પરસ્પર—સંબંધવાળા સળંગ પ્રવાહ અપેક્ષાએ તેઓ ધ્રુવ છે. દ્રવ્યના બધાય પરિણામો પોતપોતાના કાળમાં સત્ છે. તે પરિણામો પોતે પોતાની અપેક્ષાએ અસત્ (અર્થાત્ વ્યયરૂપ) નથી પણ પોતાની પહેલાંના–પૂર્વ પરિણામની અપેક્ષાએ તે અસત્ (–વ્યયરૂપ) છે. ને પહેલાં—પછીના ભેદ પાડ્યા વગર સળંગ પ્રવાહને જુઓ તો બધાય પરિણામો ધ્રુવ છે. જ્યારે જુઓ ત્યારે દ્રવ્ય પોતાના વર્તમાન પરિણામમાં વર્તી રહ્યું છે. <u>દ્રવ્ય ત્રિકાળ હોવા છતાં જ્યારે જુઓ ત્યારે તે વર્તમાન પરિણામમાં વર્તી રહ્યું છે, કાંઈ ભૂતમાં કે ભવિષ્યમાં તે વર્તતું નથી.</u> દ્રવ્યના ત્રણેકાળના જે જે વર્તમાન પરિણામ છે તે પોતાની પહેલાંના પરિણામના અભાવસ્વરૂપ છે ને સ્વપરિણામપણે તે ઉત્પાદરૂપ છે તથા તે જ સળંગ પ્રવાહપણે ધ્રુવરૂપ છે.

જુઓ, આમાં એ વાત તો આવી ગઈ કે પૂર્વ પરિણામના અભાવસ્વરૂપ વર્તમાન પરિણામ છે. માટે પૂર્વના સંસ્કાર વર્તમાન પર્યાયમાં આવતા નથી, તેમ જ પૂર્વનો વિકાર વર્તમાનમાં આવતો નથી; પૂર્વે વિકાર કર્યો હતો માટે અત્યારે વિકાર થાય છે—એમ નથી. વર્તમાન—વર્તમાન પરિણામ સ્વતંત્રપણે દ્રવ્યના આશ્રયે થાય છે. આ નિર્ણય થતાં જ્ઞાન અને શ્રદ્ધા દ્રવ્યસ્વભાવમાં જ વળી જાય છે. જેમ ત્રિકાળી જડદ્રવ્ય પલટીને ચેતન, કે ચેતનદ્રવ્ય પલટીને જડ ન થાય તેમ તેનો વર્તમાન એકેક અંશ પણ પલટીને બીજા અંશપણે ન થાય. જે જે સમયનો જે અંશ છે તે તે તે–પણે જ સત્ રહે. બસ ! ભગવાન સર્વજ્ઞપણે જાણનાર છે, તેમ આવી પ્રતીત કરનાર પોતે પણ પ્રતીતમાં જાણનાર જ રહ્યો.

પરને કારણે પરમાં કાંઈ થાય એ તો વાત ક્યાંય રહી ગઈ, પરંતુ દ્રવ્ય પોતે પોતાના કોઈ અંશને આઘોપાછો કરે એવી તે દ્રવ્યની પણ તાકાત નથી. પહેલાંનો અંશ પછી ન થાય, પછીનો અંશ પહેલાં ન થાય. —આ નક્કી કરનારને અંશબુદ્ધિ ટળીને અંશીની દ્રષ્ટિ થતાં સમ્યક્ત્વપરિણામનો ઉત્પાદ ને મિથ્યાપરિણામનો વ્યય થઈ જાય છે.

પ્રભુ ! તું આત્મા વસ્તુ છે. તારો જ્ઞાનગુણ તારા આધારે રહ્યો છે, તે જાણવાના સ્વભાવવાળો છે ને તારા ત્રણકાળના પરિણામો પોતપોતાના અવસર પ્રમાણે દ્રવ્યમાંથી થયા કરે છે. તારા પોતાના વર્તમાન વર્તતા અંશને ઓછો—વધારે કે આગળ—પાછળ કરી શકે એવો તારો સ્વભાવ નથી. તેમ પરના પરિણામમાં પણ ફેરફાર થઈ શકતો નથી. સ્વ-પર સમસ્ત જ્ઞેયોને જેમ છે તેમ જાણવાનો જ તારો સ્વભાવ છે. આવા જાણકસ્વભાવની પ્રતીતમાં જ આત્માનું સમ્યક્ત્વ છે.

પ્રશ્ન :—મિથ્યાત્વપરિણામને ફેરવીને સમ્યક્ત્વ કરું—એમ તો થાય ને?

ઉત્તર :—જુઓ, જાણવાના સ્વભાવની પ્રતીત કરતાં સમ્યગ્દર્શન થયું તેમાં મિથ્યાત્વ ટળેલું જ છે. સમ્યક્ત્વપરિણામનો ઉત્પાદ થયો તે વખતે મિથ્યાત્વપરિણામ વર્તમાન હોતા નથી, માટે તેને ફેરવવાનું પણ ક્યાં રહ્યું ? મિથ્યાત્વ ટાળીને સમ્યક્ત્વ કરું એવા લક્ષે સમ્યક્ત્વ થતું નથી પણ દ્રવ્ય સામે દ્રષ્ટિ થતાં સમ્યક્ત્વનો ઉત્પાદ થાય છે. તેમાં પૂર્વના મિથ્યાત્વપરિણામનો અભાવ થઈ જ ગયો છે માટે તે પરિણામને પણ ફેરવવાનું રહેતું નથી. મિથ્યાત્વ ટળીને સમ્યક્ત્વ પર્યાય થઈ તેને પણ આત્મા જાણે છે પણ પરિણામના કોઈ ક્રમને તે આઘાપાછા ફેરવતો નથી.

અહો, જે જે પદાર્થનો જે વર્તમાન અંશ તે કદી ફરે નહિ.—આમાં એકલું વીતરાગી વિજ્ઞાન જ આવે છે. પર્યાય ફેરવવાની બુદ્ધિ નહિ ને ‘આમ કેમ’ એવો વિષમભાવ નહિ એટલે શ્રદ્ધા અને ચારિત્ર બન્નેનો મેળ થઈ ગયો. આ ૯૯મી ગાથામાં બે નવડા ભેગા થાય છે, તે તેમાંથી, સમ્યક્દર્શન અને સમ્યક્ચારિત્ર બન્ને ભેગાં થઈ જાય તેવા ઊંચા ભાવો નીકળે છે. જેમ ‘નવ’નો આંક અફર ગણાય છે, તેમ આ ભાવો પણ અફર છે.

ત્રિકાળી દ્રવ્યના એકેક સમયના પરિણામ સત્ છે એ ‘સત્’ જેને નથી બેઠું ને પર્યાયોમાં ફેરફાર કરવાનું માને છે તેને વસ્તુના સ્વભાવની, સર્વજ્ઞદેવની, ગુરુની કે શાસ્ત્રની વાત બેઠી નથી અને ખરેખર તેણે તે કોઈને માન્યાં નથી.

ત્રિકાળી વસ્તુનું વર્તમાન ક્યારે ન હોય ?—સદાય હોય. વસ્તુનો કોઈ પણ વર્તમાન અંશ લ્યો તે ઉત્પાદ-વ્યય-ધ્રુવરૂપ છે. વસ્તુને જ્યારે જુઓ ત્યારે તે વર્તમાન વર્તતી છે. એ વર્તમાનને અહીં સ્વયંસિદ્ધ સત્ સાબિત કરે છે. જેમ ત્રિકાળી સત્ પલટીને ચેતનમાંથી જડ થઈ જતું નથી, તેમ તેનો એકેક વર્તમાન અંશ છે તે સત્ છે, તે અંશ પણ પલટીને આઘોપાછો થતો

નથી. આવો વસ્તુસ્વભાવ જાણ્યો તેને પોતાના એકલા જ્ઞાયકપણાની પ્રતીત થઈ, તે જ ધર્મ થયો અને તેણે દેવ-ગુરુ-શાસ્ત્રને પણ ખરેખર માન્યાં કહેવાય.

ત્રણેકાળના સમયમાં ત્રણેકાળના પરિણામો ઉત્પાદ-વ્યય-ધ્રુવરૂપ છે; કોઈપણ એક સમયનો જે પરિણામ છે તે પરિણામ પહેલાં ન હતો ને પછી ઊપજ્યો, એટલે પૂર્વપરિણામની પછીના તરીકે તે ઉત્પાદરૂપ છે તથા તે પરિણામ વખતે પૂર્વના પરિણામનો વ્યય છે.—પૂર્વના પરિણામનો વ્યય થઈને તે પરિણામ ઊપજ્યો છે માટે પૂર્વના પરિણામની અપેક્ષાએ તે જ પરિણામ વ્યયરૂપ છે, ને ત્રણેકાળના પરિણામના સળંગ પ્રવાહની અપેક્ષાએ તે પરિણામ ઊપજ્યો પણ નથી ને વિનાશરૂપ પણ નથી,—છે તેમ છે એટલે કે ધ્રુવ છે. એ રીતે અનાદિઅનંત પ્રવાહમાં જ્યારે જુઓ ત્યારે દરેક પરિણામ ઉત્પાદ-વ્યય-ધ્રુવસ્વભાવરૂપ છે.

કોઈ પણ વસ્તુના પર્યાયમાં ફેરફાર કરવાની હોંશ તે પર્યાયબુદ્ધિનું મિથ્યાત્વ છે. તેને જ્ઞાનસ્વભાવની પ્રતીત નથી તેમ જ જ્ઞેયોના ઉત્પાદ-વ્યય-ધ્રુવસ્વભાવની પણ ખબર નથી. અરે ભગવાન ! વસ્તુ 'સત્' છે ને ? તો તે સત્‌ના જ્ઞાન સિવાય તેમાં બીજું તું શું કરીશ ? તું સત્‌માં ફેરફાર કરવાનું માનીશ તો કાંઈ સત્ તો નહિ ફરે પણ તારું જ્ઞાન અસત્ થશે. જે પ્રમાણે વસ્તુ સત્ છે તે પ્રમાણે તેને કેવળજ્ઞાનમા ભગવાને જાણી, તે જ વાણી દ્વારા કહેવાયું છે, નવું નથી કહેવાયું. ભગવાને તો માત્ર જેમ સત્ હતું તેમ જ્ઞાન કર્યું છે, વાણી જડ છે તે પણ ભગવાને કરી નથી. ભગવાનનો આત્મા પોતાના કેવળજ્ઞાનપરિણામમાં વર્તી રહ્યો છે ને વાણીની પર્યાય પરમાણુઓના પરિણમન પ્રવાહમાં વર્તી રહી છે તથા સમસ્ત પદાર્થો પોતાના સત્‌માં વર્તી રહ્યા છે. જ્ઞાયકમૂર્તિ આત્મા તો જાણવાનું કામ કરે છે કે 'આમ સત્ છે.' બસ ! આનું નામ સમ્યગ્દર્શન અને વીતરાગતાનો માર્ગ છે.

ભગવાન કેવા છે ? કે 'સર્વજ્ઞ'—સર્વના જાણનારા; કોઈમાં ફેરફાર કે રાગદ્વેષ કરનારા નહિ. ભગવાનની જેમ મારા આત્માનો સ્વભાવ પણ જાણવાનો છે—એમ તું પણ તારા આત્માના જાણનાર સ્વભાવની શ્રદ્ધા કર ને પદાર્થોમાં ફેરફાર કરવાની બુદ્ધિ છોડ. જેણે પોતાના જ્ઞાનસ્વભાવની શ્રદ્ધા કરી તે અસ્થિરતાના રાગદ્વેષનો પણ જાણનાર જ રહ્યો. જેણે આવા જ્ઞાનસ્વભાવને માન્યો તેણે જ અરિહંતદેવને માન્યા, તેણે જ આત્માને માન્યો, તેણે જ ગુરુને તથા શાસ્ત્રને માન્યા, તેણે જ નવપદાર્થોને માન્યા,

તેણે છ દ્રવ્યોને તથા તેમના વર્તમાન અંશને માન્યા; તેનું જ નામ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે.

'જાણવું' તે આત્માનો સ્વભાવ છે. બસ, જાણવું તે જ આત્માનો પુરુષાર્થ, તે જ આત્માનો ધર્મ, તેમાં જ મોક્ષમાર્ગ ને તેમાં જ વીતરાગતા. અનંતા સિદ્ધ ભગવાન પણ સમયે સમયે પૂરું જાણવાનું જ કાર્ય કરી રહ્યા છે.

જ્ઞાનમાં સ્વ-પર બન્ને જ્ઞેયો છે. 'જ્ઞાન જાણનાર છે' એમ જાણ્યું તેમાં જ્ઞાન પણ સ્વજ્ઞેય થયું. જ્ઞાનને રાગાદિનું કરનાર કે ફેરવનાર માને તો તેણે જ્ઞાનના સ્વભાવને જાણ્યો નથી,–પોતે પોતાને સ્વજ્ઞેય બનાવ્યું નથી એટલે તેનું જ્ઞાન મિથ્યા છે. વસ્તુના બધાય પરિણામો પોતપોતાના સમયમાં સત્ છે—એમ કહેતાં જ પોતાનો જ્ઞાયક જ સ્વભાવ છે—એમ તેમાં આવી જાય છે.

*

આ ગાથામાં ક્ષેત્રનો દાખલો આપીને પહેલાં દ્રવ્યનું ત્રિકાળી સત્પણું બતાવ્યું, તેના ત્રિકાળી પ્રવાહક્રમના અંશો બતાવ્યા છે ને તે અંશોમાં (–પરિણામોમાં) અનેકતારૂપ પ્રવાહક્રમનું કારણ તેમનો પરસ્પર વ્યતિરેક છે એમ સિદ્ધ કર્યું અને ત્યારપછી આખા દ્રવ્યના બધાય પરિણામોને સ્વ—અવસરમાં વર્તનારા, ઉત્પાદ-વ્યય-ધ્રુવરૂપ બતાવ્યા. એટલી વાત પૂરી થઈ.

હવે એકેક સમયના વર્તમાન પરિણામને લઈને તેમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવપણું બતાવે છે. પહેલાં <u>સમગ્ર પરિણામોની</u> વાત હતી ને હવે અહીં <u>એક જ પરિણામની</u> વાત છે અને પછી છેલ્લે પરિણામી દ્રવ્યની જ વાત લઈને દ્રવ્યનાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ બતાવશે.

"વળી જેમ વાસ્તુનો જે નાનામાં નાનો (છેવટનો) અંશ પૂર્વપ્રદેશના વિનાશસ્વરૂપ છે તે જ (અંશ) ત્યારપછીના પ્રદેશના ઉત્પાદસ્વરૂપ છે તથા તે જ પરસ્પર અનુસ્યૂતિથી રચાયેલા એકવાસ્તુપણા વડે અનુભયસ્વરૂપ છે (અર્થાત્ બેમાંથી એક્કે સ્વરૂપે નથી), તેમ પ્રવાહનો જે નાનામાં નાનો અંશ પૂર્વપરિણામના વિનાશસ્વરૂપ છે તે જ ત્યારપછીના પરિણામના ઉત્પાદસ્વરૂપ છે તથા તે જ પરસ્પર અનુસ્યૂતિથી રચાયેલા એકપ્રવાહપણા વડે અનુભયસ્વરૂપ છે." (પૃષ્ઠ ૧૬૫)

અસંખ્યપ્રદેશી આત્માનો કોઈ પણ એક પ્રદેશ લ્યો તો તે પ્રદેશ, ક્ષેત્ર અપેક્ષાએ પૂર્વના પ્રદેશના વ્યયરૂપ છે. પોતે પોતાના ક્ષેત્રના ઉત્પાદરૂપ છે

ને સળંગ ક્ષેત્ર અપેક્ષાએ તે જ ધ્રુવ છે.—એ દ્રષ્ટાંત છે. તેમ અનાદિ અનંત પ્રવાહક્રમમાં વર્તમાન વર્તતો કોઈ પણ એક પરિણામ પૂર્વના પરિણામના વ્યયરૂપ છે, ત્યારપછીના પરિણામની અપેક્ષાએ એટલે કે પોતે પોતાની અપેક્ષાએ ઉત્પાદસ્વરૂપ છે ને પહેલાં—પછીનો ભેદ પાડ્યા વગર આમાં પ્રવાહક્રમના અંશ તરીકે જુઓ તો તે પરિણામ ધ્રુવરૂપ છે. એ રીતે એકેક પરિણામમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ છે.

સમસ્ત પરિણામોનાં ઉત્પાદ-વ્યય-ધ્રુવની વાત લીધી ત્યારે 'પોતપોતાના અવસરમાં' એમ કહીને તે દરેકનો સ્વતંત્ર સ્વકાળ બતાવ્યો હતો અને અહીં એક પરિણામની વિવક્ષા લઈને વાત કરતાં તે શબ્દો ન વાપર્યા. કેમ કે વર્તમાન એક જ પરિણામ લીધો તેમાં જ તેનો વર્તમાન સ્વકાળ આવી ગયો.

વર્તમાન વર્તતો પરિણામ પૂર્વ પરિણામના અભાવરૂપ જ છે. એટલે પૂર્વના વિકારનો અભાવ કરું—એ વાત રહેતી નથી ને વર્તમાન પરિણામ વર્તમાનમાં સત્‌રૂપ છે એમાં પણ ફેરફાર કરવાનું રહેતું નથી. આમ સમજતાં એકલા વર્તમાનપરિણામની દ્રષ્ટિ ન રહેતાં પરિણામી દ્રવ્યની દ્રષ્ટિથી પરિણામ અને પરિણામીની એકતા થતાં સમ્યક્ત્વનો ઉત્પાદ થાય છે, તેમાં પૂર્વના મિથ્યાત્વનો વ્યય છે જ, મિથ્યાત્વને ટાળવું નથી પડતું. કોઈ પરિણામને હું ફેરવી શકું નહિ, માત્ર જાણું—એવો મારો સ્વભાવ છે. એમ જ્ઞાનસ્વભાવની પ્રતીતમાં સમ્યક્ત્વ પરિણામનો ઉત્પાદ છે ને તેમાં મિથ્યાત્વનો વ્યય છે જ. એટલે મિથ્યાત્વ ટાળું ને સમ્યક્ત્વ પ્રગટ કરું એ વાત નથી રહેતી. જ્યાં આવી બુદ્ધિ થઈ ત્યાં તે સમયનો સત્ પરિણામ પોતે જ સમ્યક્ત્વના ઉત્પાદરૂપ ને મિથ્યાત્વના વ્યયરૂપ છે. તથા એકબીજા સાથે સંકળાયેલા પરિણામોના સળંગ પ્રવાહ તરીકે તે પરિણામ ધ્રુવ છે.—એ રીતે એકેક પરિણામ ઉત્પાદ-વ્યય-ધ્રુવયુક્ત સત્ છે.

જેમ વસ્તુ સત્ છે તેમ તેનું વર્તમાન પણ સત્ છે. વસ્તુના ત્રિકાળી પ્રવાહમાં એકેક સમયનો અંશ તે સત્ છે; વર્તમાન સમયનો પરિણામ પૂર્વને લઈને નથી પણ પૂર્વના અભાવથી જ પોતાપણે સત્ છે. તે વર્તમાન અંશ પરથી નથી પણ પોતાથી છે. એકેક સમયનો વર્તમાન અંશ નિરપેક્ષપણે પોતાથી જ ઉત્પાદ-વ્યય-ધ્રુવરૂપ સત્ છે.

સર્વજ્ઞ સિવાય વસ્તુસ્વરૂપનું આવું વર્ણન બીજે હોય નહિ. ભાઈ ! તું શું કર ? જગતના તત્ત્વો સત્ છે, તેની પહેલી પર્યાયને લીધે પણ બીજી પર્યાય થતી નથી તો વળી તું તેમાં શું કર ? તું તો માત્ર જાણનાર જ રહે.

એ સિવાય જો બીજું માન તો, વસ્તુમાં કાંઈ ફેરફાર થવાનો નથી પણ તારું જ્ઞાન મિથ્યા થશે.

વસ્તુનો વર્તમાન અંશ છે તે સત્ છે, એમ અહીં તો વર્તમાન એકેક સમયના પરિણામને સત્ સિદ્ધ કરવા છે. દ્રવ્યના આધારે અંશ છે—એ વાત અત્યારે નથી લેવી. જો દ્રવ્યને લઈને પરિણામનું સત્પણું હોય તો તો બધા પરિણામ એકસરખા જ થાય. માટે દ્રવ્યને લઈને પરિણામનું સત્ છે એમ ન લેતાં, એકેક સમયના પરિણામ પોતે સત્ છે અને દ્રવ્ય જ તે વર્તમાન પરિણામપણે વર્તતું સત્ છે—એમ લીધું છે. પ્રવાહનો વર્તમાન અંશ તે અંશને લઈને જ છે. અહો, એકેક સમયનું અકારણીય સત્ સાબિત કર્યું છે. સમય સમયનું સત્ અહેતુક છે. બધાં પદાર્થોના ત્રણેકાળના વર્તમાનનો દરેક અંશ નિરપેક્ષ સત્ છે, જ્ઞાન તેને જેમ છે તેમ જાણે પણ ફેરવે નહિ. જ્ઞાને જાણ્યું માટે તે અંશ તે પ્રમાણે છે—એમ નથી. તે પોતે સ્વયં સત્ છે.

વર્તમાન પરિણામ પૂર્વપરિણામના વ્યયરૂપ છે એટલે વર્તમાન પરિણામને પૂર્વપરિણામની પણ અપેક્ષા ન રહી, તો પછી પર પદાર્થને કારણે તેમાં કાંઈ થાય—એ વાત ક્યાં રહી ? કેવળી ભગવાનને પહેલાં સમયે કેવળજ્ઞાન થયું માટે બીજા સમયે તે કેવળજ્ઞાન રહ્યું—એમ નથી. પણ બીજા સમયના તે વર્તમાન પરિણામનું કેવળજ્ઞાન તે સમયના અંશથી જ સત્ છે. પહેલા સમયના સત્ને લીધે બીજા સમયનું સત્ નથી. એ જ પ્રમાણે સિદ્ધભગવાનને પહેલા સમયની સિદ્ધપર્યાય હતી માટે બીજા સમયે સિદ્ધપર્યાય થઈ—એમ નથી. સિદ્ધમાં ને બધાંય દ્રવ્યોમાં એકેક સમયનો અંશ સત્ છે.

અહીં એક અંશના પરિણામના ઉત્પાદ-વ્યય-ધ્રુવમાં 'પોતાના અવસરમાં' એવી ભાષા ન વાપરી, કેમ કે વર્તમાન વર્તતા એક પરિણામની વાત છે, ને વર્તમાનમાં જે પરિણામ વર્તે છે તે જ તેનો સ્વકાળ છે. ત્રણેકાળના દરેક પરિણામનું જે વર્તમાન છે તે વર્તમાન જ તેનો સ્વકાળ છે. પોતાના વર્તમાનને છોડીને તે આઘોપાછો થાય નહિ. એમ વર્તમાન એકેક પરિણામનો ઉત્પાદ-વ્યય-ધ્રુવસ્વભાવ છે.

આ ગાથામાં અત્યાર સુધીમાં ચાર બોલ આવ્યા—

૧. દ્રવ્યનો સળંગ પ્રાવહ એક છે ને તેના ક્રમે થતા અંશો તે પરિણામો છે.

૨. તે પરિણામોમાં અનેકતા છે. કેમ કે પરસ્પર વ્યતિરેક છે.

૩. ત્રણેકાળના પરિણામોનું આખું દળ લઈને બધા પરિણામોમાં સામાન્યપણે ઉત્પાદ-વ્યય-ધ્રુવપણું કહ્યું.

૪. આખા પ્રવાહનો એક અંશ લઈને એકેક પરિણામમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ કહ્યાં.

—એમ ચાર પ્રકાર થયા. એ પ્રમાણે પરિણામનું ઉત્પાદ-વ્યય-ધ્રુવપણું નક્કી કરીને, હવે છેલ્લે પરિણામી દ્રવ્યમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ સિદ્ધ કરે છે.

"આ પ્રમાણે સ્વભાવથી જ ત્રિલક્ષણ પરિણામપદ્ધતિમાં (પરિણામોની પરંપરામાં) વર્તતું દ્રવ્ય સ્વભાવને નહિ અતિક્રમતું હોવાથી સત્ત્વને ત્રિલક્ષણ જ અનુમોદવું."

દ્રવ્યના બધાય પરિણામો ઉત્પાદ-વ્યય-ધ્રુવસ્વરૂપ છે ને તે પરિણામોના ક્રમમાં વર્તતું દ્રવ્ય પણ ઉત્પાદ-વ્યય-ધ્રુવવાળું જ છે. જો પરિણામની જેમ દ્રવ્ય પણ ઉત્પાદ-વ્યય-ધ્રુવવાળું ન હોય તો તે પરિણામોની પરંપરામાં જ વર્તી જ ન શકે. દ્રવ્ય છે તે ઉત્પાદ-વ્યય-ધ્રુવરૂપ બધાય પરિણામોની પરંપરામાં વર્તે છે તેથી તેને પણ ઉત્પાદ-વ્યય-ધ્રુવ છે. પરિણામોની પદ્ધતિ કહી છે એટલે જેમ સાંકળના અંકોડા આઘાપાછા થતા નથી તેમ પરિણામોનો પ્રવાહક્રમ બદલાતો નથી. જે વખતે દ્રવ્યનો જે પરિણામ પ્રવાહક્રમમાં હોય તે વખતે તે દ્રવ્યનો તે જ પરિણામ હોય, બીજો પરિણામ ન હોય. જુઓ, આ વસ્તુના સ્વભાવનું વર્ણન છે. વસ્તુનો સત્ સ્વભાવ છે. સત્ તે ઉત્પાદ-વ્યય-ધ્રુવવાળો પરિણામ છે ને તેને ભગવાન દ્રવ્યનું લક્ષણ કહે છે.—सत्द्रव्यलक्षणं. તારો સ્વભાવ જાણવાનો છે. જેમ સત્ છે તેમ તું જાણ. સતને આડુંઅવળું કરવાની બુદ્ધિ કરીશ તો તારા જ્ઞાનમાં મિથ્યાત્વ થશે. વસ્તુઓ સત્ છે ને હું તેનો જાણનાર છું—એવી શ્રદ્ધા થયા પછી અસ્થિરતાનો વિકલ્પ ઊઠે, પણ તેમાં મિથ્યાત્વનું જોર ન આવે. એટલે આવી જ્ઞાન અને જ્ઞેયની શ્રદ્ધાના જોરે તે અસ્થિરતાનો વિકલ્પ પણ તૂટીને વીતરાગતા ને કેવળજ્ઞાન થયે જ છૂટકો?—એવી આ અલૌકિક વાત છે.

*

(કારતક વદ ૯, રવિવાર)

## ગાથા : ૯૯

## આ વિષય બહુ સૂક્ષ્મ, પરમ સત્ય અને ગંભીર છે.

સર્વજ્ઞદેવે કેવળજ્ઞાનમાં વસ્તુનો સ્વભાવ જેવો છે તેવો પૂર્ણ જાણ્યો ને તેવો જ વાણીમાં આવી ગયો. જેવો વસ્તુનો સ્વભાવ છે તેવો જાણીને માને તો જ્ઞાન અને શ્રદ્ધા સમ્યક્ થાય. વસ્તુના સ્વભાવને જેવો હોય તેવો ન જાણે ને બીજી રીતે માને તો સમ્યગ્જ્ઞાન ને સમ્યક્શ્રદ્ધા થાય નહિ અને તેના

વગર વ્રત—તપાદિ સાચાં હોય નહિ. વસ્તુના સ્વભાવની સ્થિતિ શું છે અને તેના નિયમો કેવા સત્ય છે, તેનું આ વર્ણન છે. આ સમજવા માટે જ્ઞાનમાં એકાગ્ર થવાની જરૂર છે.

જુઓ, અત્યારસુધી શું કહેવાયું છે ? દરેક ચેતન ને જડ પદાર્થો સ્વયં સત્ છે. તેમાં એકેક સમયમાં પરિણામ થાય છે, તે પરિણામ ઉત્પાદ-વ્યય-ધ્રુવવાળા છે. મૂળ વસ્તુ ત્રિકાળ છે, તે વસ્તુ અસંયોગી—સ્વયંસિદ્ધ છે. તે કોઈથી બનેલી નથી ને તેનો ક્યારેય નાશ નથી. જ્યારે જુઓ ત્યારે તે સત્પણે વર્તમાન વર્તી રહી છે.

એકેક સમયના પરિણામમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ થાય છે. તેમાં વસ્તુ વર્તી રહી છે. દરેક દ્રવ્યમાં, ત્રણ કાળના જેટલા સમયો છે તેટલા પરિણામો છે. જેમ સોનાનાં સો વર્ષો લઈએ, તો તે સો વર્ષમાં થયેલી કડું, કુંડળ, હાર વગેરે બધી અવસ્થાનો એક પિંડ તે સોનું છે, તેમ દરેક દ્રવ્ય ત્રણકાળના બધા પરિણામોનો પિંડ છે. તે પરિણામો ક્રમેક્રમે—એક પછી એક થાય છે. ત્રણકાળના સમસ્ત પરિણામોનો પ્રવાહ તે દ્રવ્યનો પ્રવાહક્રમ છે, ને તે પ્રવાહક્રમનો એક સમયનો અંશ તે પરિણામ છે. ત્રણકાળના જેટલા સમયો છે તેટલા જ દરેક દ્રવ્યના પરિણામો છે. તે એકેક પરિણામમાં ઉત્પાદ, વ્યય ને ધ્રુવ એવા ત્રણ પ્રકાર સિદ્ધ કર્યા છે. પોતપોતાના નિશ્ચિત અવસરમાં દરેક પરિણામ ઉત્પાદ-વ્યય-ધ્રુવવાળા છે. કોઈથી કોઈના પરિણામનો ઉત્પાદ થાય કે કોઈ પરિણામો આઘા પાછા થાય એ વાત તો ક્યાંય ઊડી ગઈ; કોઈ પરિણામો આઘાપાછા ન થાય એ નિર્ણયમાં તો સર્વજ્ઞતાનો નિર્ણય ને જ્ઞાયકદ્રવ્યની દ્રષ્ટિ થઈ જાય છે.

આત્મામાં વર્તમાન જે જ્ઞાનઅવસ્થા છે તે અવસ્થામાં જ્ઞાનગુણ વર્તી રહ્યો છે. બીજી અવસ્થા થશે ત્યારે તેમાં વર્તમાન વર્તશે ને ત્રીજી અવસ્થા વખતે તે ત્રીજી અવસ્થામાં વર્તમાન વર્તશે. એ રીતે, બીજી—ત્રીજી—ચોથી એમ બધીયે અવસ્થાઓના પ્રવાહનો પિંડ તે જ્ઞાનગુણ છે. એવા અનંતગુણોનો પિંડ તે દ્રવ્ય છે. દ્રવ્યના સમયે સમયે જે પરિણામો થાય છે તે પરિણામો પોતાની અપેક્ષાએ ઉત્પાદરૂપ છે. પૂર્વના અભાવની અપેક્ષાએ વ્યયરૂપ છે ને સળંગપ્રવાહમાં વર્તનારા અંશપણે તે ધ્રુવ છે. આવો ઉત્પાદ-વ્યય-ધ્રુવવાળો પરિણામ છે, તે દરેક દ્રવ્યનો સ્વભાવ છે. ને એવા સ્વભાવમાં દ્રવ્ય નિત્ય વર્તી રહ્યું છે તેથી દ્રવ્ય પોતે પણ ઉત્પાદ-વ્યય-ધ્રુવસ્વભાવવાળું છે—એમ અનુમોદવું.

દરેક ચીજ પલટતી–નિત્ય છે. જો વસ્તુ એકલી 'નિત્ય' જ હોય તો તેમાં દુઃખ—સુખ ઇત્યાદિ કાર્ય થઈ શકે નહિ અને જો વસ્તુ એકાંત

'પલટતી' જ હોય તો તે ત્રિકાળ ટકી શકે નહિ. બીજી ક્ષણે તેનો સર્વથા અભાવ થઈ જાય. માટે વસ્તુ એકલી નિત્ય, કે એકલી પલટતી નથી, પણ નિત્ય ટકીને ક્ષણે ક્ષણે તે પલટે છે. એ પ્રમાણે નિત્ય—પલટતી વસ્તુ કહો કે 'ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યયુક્ત સત્' કહો તેનું આ વર્ણન છે. નાનામાં નાના કાળમાં થતા પરિણામમાં વર્તતું—વર્તતું દ્રવ્ય નિત્ય ટકી રહ્યું છે. તેના એકેક પરિણામમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવપણું છે એ વાત થઈ ગઈ છે ને તે દ્રવ્ય પોતે પણ ઉત્પાદ-વ્યય-ધ્રુવવાળું છે—એ વાત ચાલે છે.

બધા પદાર્થો સત્ છે. પદાર્થ છે એમ કહેતાં જ તેનું સત્પણું આવી જાય છે. પદાર્થોનું સત્પણું પૂર્વે (૯૮મી ગાથામાં) સિદ્ધ કરી ગયા છે. પદાર્થો સત્ છે. ને સત્ તે ઉત્પાદ-વ્યય-ધ્રુવસહિત છે. કોઈપણ વસ્તુ હોય તે વર્તમાન—વર્તમાનપણે વર્તતી રહે ને ?—કાંઈ ભૂત કે ભવિષ્યમાં ન રહે. વસ્તુ તો વર્તમાનમાં જ વર્તે અને તે એકેક સમયનું વર્તમાન પણ જો ઉત્પાદ-વ્યય-ધ્રુવવાળું ન હોય તો વસ્તુનું ત્રિકાળ વર્તવાપણું સાબિત ન થાય એટલે સમયે સમયે થતા ઉત્પાદ-વ્યય-ધ્રુવવાળા પરિણામમાં જ વસ્તુ વર્તે છે. જેમ દ્રવ્ય ત્રિકાળી સત્ છે તેમ તેના ત્રણેકાળના પરિણામ પણ એકેક સમયનું સત્ છે. એકેક પરિણામને ઉત્પાદ-વ્યય-ધ્રુવયુક્ત સત્ સાબિત કરીને અહીં પરિણામમાં વર્તનારા દ્રવ્યને ઉત્પાદ-વ્યય-ધ્રુવયુક્ત સત્ સાબિત કરે છે.

દ્રવ્યનો એક વર્તમાન વર્તતો પરિણામ પોતાપણે ઉત્પાદરૂપ છે, પોતાની પહેલાંના પરિણામ અપેક્ષાએ વ્યયરૂપ છે ને સળંગ પ્રવાહમાં તે ધ્રુવ છે. એ પ્રમાણે પરિણામ ઉત્પાદ-વ્યય-ધ્રુવવાળો છે ને તે પરિણામમાં દ્રવ્ય વર્તતું હોવાથી દ્રવ્ય પણ ઉત્પાદ-વ્યય-ધ્રુવવાળું જ છે. પરિણામના ઉત્પાદ-વ્યય-ધ્રુવ સિદ્ધ કરતાં, તે પરિણામમાં વર્તનારા પરિણામીના ઉત્પાદ-વ્યય-ધ્રુવ પણ સિદ્ધ થઈ જ જાય છે. માટે કહ્યું કે દ્રવ્યને ત્રિલક્ષણ અનુમોદવું. અનુમોદવું એટલે હોંશથી માનવું, આનંદથી સંમત કરવું.

જો સમય સમયના પરિણામની આ વાત સમજે તો ક્યાંય પરમાં ઘાલમેલ કરવાનો અહંકાર રહે નહિ ને એકલા રાગાદિ પરિણામ ઉપર પણ દ્રષ્ટિ રહે નહિ પણ પરિણામી એવા ત્રિકાળી દ્રવ્યની દ્રષ્ટિ થઈ જાય ને દ્રવ્યદ્રષ્ટિ થતાં આનંદનો અનુભવ થયા વિના રહે નહિ. માટે કહ્યું કે......આનંદથી સંમત કરવું.

જેમ ત્રિકાળી સત્માં જે ચૈતન્ય છે તે ચૈતન્ય જ રહે છે ને જડ તે જડ જ રહે છે. ચૈતન્ય મટીને જડ નથી થતું ને જડ મટીને ચૈતન્ય નથી થતું. તેમ એક સમયના સત્માં પણ જે પરિણામ જે સમયમાં સત્ છે તે પરિણામ

તે સમયે જ થાય. આઘોપાછો ન થાય. જેમ ત્રિકાળી સત્ છે તેમ વર્તમાન પણ સત્ છે. જેમ ત્રિકાળી સત્ પલટીને બીજારૂપે થઈ જતું નથી તેમ વર્તમાન સત્ પણ પલટીને ભૂત કે ભવિષ્યપણે થઈ જતું નથી. ત્રણેકાળના સમય સમયના વર્તમાન પરિણામ તેનો સ્વ—સમય (સ્વકાળ) છોડીને પહેલાં કે પછીનાં સમયે ન થાય. જેટલા ત્રણકાળના સમયો તેટલા દ્રવ્યના પરિણામો; તેમાં જે સમયનો જે વર્તમાન પરિણામ છે તે પરિણામ પોતાનું વર્તમાન છોડીને ભૂત કે ભવિષ્યમાં ન થાય. બસ ! દરેક પરિણામ પોતપોતાના કાળમાં વર્તમાન સત્ છે. તે સત્‌ને કોઈ ફેરવી ન શકે. સત્‌ને ફેરવવાનું માને તે મિથ્યાદ્રષ્ટિ છે. તેને જ્ઞાતાસ્વભાવની પ્રતીત નથી. જેમ ચેતનને ફેરવીને જડ કરી શકાતું નથી તેમ દ્રવ્યના ત્રિકાળી પ્રવાહમાં તે તે સમયના વર્તમાન પરિણામને આઘાપાછા ફેરવી ન શકાય. અહો ! લોકોને પોતાના જ્ઞાનસ્વભાવની પ્રતીત નથી એટલે જ્ઞેયોના આવા વ્યવસ્થિત સ્વભાવની પ્રતીત નથી બેસતી.

જેમ વસ્તુ અનાદિ—અનંત છે તેમ તેનું એકેક સમયનું વર્તમાન પણ પ્રવાહપણે અનાદિ—અનંત છે. વસ્તુ અને વસ્તુનું વર્તમાન—તે પહેલાં—પછી નથી. વસ્તુનું વર્તમાન ક્યારે ન હોય ? ક્યારેય પણ વર્તમાન વગરની વસ્તુ હોય જ નહિ. બન્ને એમ ને એમ અનાદિઅનંત છે. ત્રણેકાળમાંથી એક પણ સમયના વર્તમાનને કાઢી નાખો તો ત્રિકાળી વસ્તુ જ સિદ્ધ થઈ શકે નહિ. ત્રણેકાળના વર્તમાનનો પિંડ તે સત્ દ્રવ્ય છે, ને તે ત્રણેકાળનો દરેક વર્તમાન પરિણામ પોતાના અવસરમાં સત્ છે. તે પોતાપણે ઉત્પાદરૂપ છે. પૂર્વની અપેક્ષાએ વ્યયરૂપ છે ને સળંગ વસ્તુના વર્તમાનપણે ધ્રુવરૂપ છે. આવા ઉત્પાદ-વ્યય-ધ્રુવયુક્ત પરિણામ તે સત્ છે ને તે દ્રવ્યનો સ્વભાવ છે. આવા સત્‌ને કોણ ફેરવે ? સત્‌ને જેમ હોય તેમ જાણે પણ સત્‌ને કોઈ ફેરવી શકે નહિ.

વસ્તુના દ્રવ્ય-ગુણ-પર્યાયનો જેવો સ્વભાવ છે તેવો જ્ઞાન જાણે છે. અંશને અંશ તરીકે જાણે છે ને ત્રિકાળીને ત્રિકાળ તરીકે જાણે છે. એવો સ્વભાવ જાણતાં એકલા અંશની રુચિ ન રહેતાં ત્રિકાળી સ્વભાવની રુચિ તરફ શ્રદ્ધા ઢળી જાય છે. અંશને અંશ તરીકે ને અંશીને અંશી તરીકે શ્રદ્ધામાં લેતાં શ્રદ્ધાનું આખું જોર અંશ ઉપરથી ખસીને ત્રિકાળી દ્રવ્ય-ગુણ તરફ ઢળી જાય છે. એ જ સમ્યગ્દર્શન છે.

દ્રવ્ય, ગુણ ને પર્યાય એ ત્રણેય સ્વજ્ઞેય છે. એક સમયમાં દ્રવ્ય-ગુણ-પર્યાયનો પિંડ તે આખું સ્વજ્ઞેય છે. તેમાં પર્યાય તે એક સમય પૂરતી છે એમ જાણતાં તેના ઉપર એક સમય પૂરતું જ જોર રહ્યું ને દ્રવ્યને ત્રિકાળી

જાણતાં તેના ઉપર ત્રિકાળી જોર આવ્યું, એટલે તેની જ મુખ્યતા થઈ અને તેની રુચિમાં શ્રદ્ધાનું બળ વળી ગયું. આ રીતે સ્વજ્ઞેયને જાણતાં સમ્યક્ત્વ આવી જાય છે. માટે આ જ્ઞેય—અધિકારનું બીજું નામ સમ્યક્ત્વ—અધિકાર પણ છે.

સ્વજ્ઞેય પરજ્ઞેયથી તદ્દન જુદું છે. અહીં રાગ પણ સ્વજ્ઞેયમાં આવે છે. સમયસસારમાં દ્રવ્યદ્રષ્ટિની પ્રધાનતાથી કથન છે ત્યાં સ્વભાવદ્રષ્ટિમાં રાગની ગૌણતા થઈ જાય છે માટે ત્યાં તો રાગ આત્મામાં થતો જ નથી. રાગ જડ સાથે તાદાત્મ્યવાળો છે—એમ કહેવામાં આવે છે ત્યાં દ્રષ્ટિ અપેક્ષાએ રાગને પરમાં નાખી દીધો ને શુદ્ધ દ્રવ્યની દ્રષ્ટિ કરાવી અને અહીં આ પ્રવચનસારમાં જ્ઞાનઅપેક્ષાએ કથન છે. તેથી આખુંય સ્વજ્ઞેય બતાવવા રાગને પણ સ્વજ્ઞેયમાં લીધો. દ્રષ્ટિ અપેક્ષાએ રાગ પરમાં જાય છે ને જ્ઞાનઅપેક્ષાએ રાગ સ્વજ્ઞેયમાં આવે છે પરંતુ રાગમાં જ સ્વજ્ઞેય પૂરું થઈ જતું નથી. રાગરહિત દ્રવ્ય-ગુણ-સ્વભાવ તે પણ સ્વજ્ઞેય છે. એમ દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેને સ્વજ્ઞેય તરીકે જાણ્યાં ત્યાં રાગમાંથી એકત્વબુદ્ધિ છૂટીને રુચિનું જોર દ્રવ્ય તરફ વળી ગયું. એકલા રાગને આખું તત્ત્વ સ્વીકારતાં સ્વજ્ઞેય આખું પ્રતીતમાં આવતું ન હતું ને દ્રવ્ય-ગુણ-પર્યાયરૂપ આખા સ્વજ્ઞેયની પ્રતીત થતાં તે પ્રતીતનું જોર ત્રિકાળી તરફ વધી જાય છે એટલે ત્રિકાળીની મુખ્યતા થઈને તે તરફ રુચિનું જોર વળે છે. એ રીતે આમાં પણ દ્રવ્યદ્રષ્ટિ આવી જાય છે.

સ્વદ્રવ્ય-ગુણ-પર્યાય એ બધું થઈને સ્વજ્ઞેય છે; રાગ પણ સ્વજ્ઞેય છે પણ એમ જાણતાં રુચિનું જોર રાગથી ખસીને અંતરમાં વળી જાય છે. ત્રિકાળી તત્ત્વને ભૂલીને એકલા પ્રગટ અંશને જ જ્ઞેય તરીકે સ્વીકારતી તે મિથ્યારુચિ હતી; દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેને જ્ઞેય તરીકે જાણી ને વ્યક્ત—શક્તિરૂપ અંતર્ સ્વભાવ તરફ ઢળી જાય છે ત્યારે જ સ્વજ્ઞેયને આખું પ્રતીતમાં લીધું છે અને ત્યારે જ તેણે ભગવાને કહેલું દ્રવ્ય-ગુણ-પર્યાયનું સ્વરૂપ સાંભળ્યું—એમ કહેવાય છે.

જેમ ગોળને ગોળ તરીકે જાણે ને ઝેરને ઝેર તરીકે જાણે તો તે જ્ઞાન બરાબર છે પણ ગોળને ઝેર તરીકે જાણે ને ઝેરને ગોળ તરીકે જાણે તો તે જ્ઞાન ખોટું છે. તેમ દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણે થઈને એક સમયમાં આખું સ્વજ્ઞેય છે. તેમાં દ્રવ્યને દ્રવ્ય તરીકે જાણે, ગુણને ગુણ તરીકે જાણે ને પર્યાયને પર્યાય તરીકે જાણે તો જ્ઞાન સાચું થાય પણ જ્ઞાન જેમ છે તેમ ન જાણે ને ક્ષણિક પર્યાયને જ આખું તત્ત્વ માની લ્યે અથવા તો ક્ષણિક પર્યાયને સર્વથા જાણે જ નહિ—તો જ્ઞાન સાચું ન થાય અને પદાર્થના સાચા

જ્ઞાન વિના શ્રદ્ધા પણ સાચી ન થાય ને જ્ઞાન—શ્રદ્ધાન વિના સમ્યક્ચારિત્ર, વીતરાગતા કે મુક્તિ થાય નહીં.

ત્રિકાળી તત્ત્વની રુચિ તરફ વળીને આખું સ્વજ્ઞેય પ્રતીતમાં આવ્યું ત્યારે પરજ્ઞેયને જાણવાની જ્ઞાનની યથાર્થ તાકાત ખીલી. જ્ઞાનની વર્તમાન દશા રાગસન્મુખ અટકીને તેને આખું સ્વજ્ઞેય માનતી તે જ્ઞાન મિથ્યા હતું. તેનામાં સ્વ-પર પ્રકાશક જ્ઞાનસામર્થ્ય ન હતું ને જ્ઞાનની વર્તમાન દશામાં અંતરની આખી વસ્તુને જ્ઞેય બનાવીને તે તરફ વળી જતાં તે જ્ઞાન સમ્યક્ થયું ને તેનામાં સ્વ-પર પ્રકાશક તાકાત ખીલી ગઈ.

પરિણામના પ્રવાહક્રમમાં વર્તનારું દ્રવ્ય છે—એમ નક્કી કર્યું ત્યાં રુચિનું જોર તે દ્રવ્ય તરફ ઢળતાં રુચિ સમ્યક્ થઈ ગઈ. તે પર્યાયમાં રાગનો અંશ વર્તે છે તે પણ જ્ઞાનના ખ્યાલથી બહાર નથી. જ્ઞાન તેને પણ સ્વજ્ઞેયપણે સ્વીકારે છે. આમ આખા સ્વજ્ઞેયને (–દ્રવ્ય-ગુણને તથા વિકારી—અવિકારી પર્યાયોને) કબૂલતાં રુચિ તો દ્રવ્ય-ગુણ તરફ વળીને સમ્યક્ થઈ ગઈ ને જ્ઞાનમાં દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેનું જ્ઞાન સાચું થયું. આવું આ જ્ઞેયઅધિકારનું વર્ણન છે.

જ્ઞેયના ત્રણે અંશને (–દ્રવ્ય-ગુણ-પર્યાયને) કબૂલે તે જ્ઞાન સમ્યક્ છે. એક અંશને જ (રાગને જ) કબૂલે તો તે જ્ઞાન મિથ્યા છે અને સર્વથા રાગ વગરનું જ કબૂલે તો તે જ્ઞાન પણ મિથ્યા છે; કેમ કે રાગપરિણામ પણ સાધકને વર્તે છે તે રાગ પરિણામને સ્વજ્ઞેય તરીકે ન જાણે તો રાગપરિણામમાં વર્તનારા દ્રવ્યને પણ ન માન્યું.

રાગપરિણામ પણ દ્રવ્યના ત્રણકાળના પરિણામની પદ્ધતિમાં (પરંપરામાં) આવી જાય છે. રાગ પરિણામ કાંઈ દ્રવ્યના પરિણામની પરંપરાથી જુદો નથી. ત્રણેકાળના પરિણામોની પરંપરામાં વર્તીને જ દ્રવ્ય ટકી રહ્યું છે.

નિગોદ કે સિદ્ધ—કોઈ પણ પરિણામ ઉત્પાદ-વ્યય-ધ્રુવરૂપ છે ને તે પરિણામમાં દ્રવ્ય તરફ વર્તી રહ્યું છે. પરિણામની જે ઢબ છે—જે ક્રમ છે—જે પરંપરા છે—જે સ્વભાવ છે—તેમાં દ્રવ્ય અવસ્થિત છે. તે દ્રવ્ય પોતાના ઉત્પાદ-વ્યય-ધ્રુવરૂપ પરિણામસ્વભાવને અતિક્રમતું નથી. અહીં સ્વભાવ કહેતાં શુદ્ધપરિણામ જ ન સમજવા પણ વિકારી કે અવિકારી બધાય પરિણામો તે દ્રવ્યનો સ્વભાવ છે ને તે સ્વજ્ઞેયમાં આવી જાય છે. અને જે આવું જાણે તેને શુદ્ધ પરિણામની ઉત્પત્તિ થવા માંડે છે. સ્વજ્ઞેયમાં પરજ્ઞેય નહિ ને પરજ્ઞેયમાં સ્વજ્ઞેય નહિ—આમ જાણવું તેમાં જ વીતરાગીશ્રદ્ધા આવી

જાય છે. કેમ કે મારું સ્વજ્ઞેય પરજ્ઞેયોથી જુદું છે એમ નક્કી કરતાં કોઈ પણ પરજ્ઞેયના અવલંબનનો અભિપ્રાય ન રહ્યો એટલે સ્વદ્રવ્યના અવલંબને સમ્યક્શ્રદ્ધા થઈ. આખું દ્રવ્ય તે પરિણામી ને તેનો એક અંશ તે પરિણામ; તેમાં આખા પરિણામીની અંતર્દ્રષ્ટિ વગર પરિણામનું સાચું જ્ઞાન થાય નહીં. પરિણામોની પરંપરાને દ્રવ્ય છોડતું નથી પણ તે પરંપરામાં જ વર્તે છે એટલે લક્ષનું જોર ક્યાં ગયું ? —દ્રવ્ય ઉપર એ રીતે આમાંય દ્રવ્યદ્રષ્ટિ જ આવી જાય છે.

દ્રવ્ય તો ઘણી શક્તિનો ત્રિકાળી પિંડ છે ને પરિણામ તો એક સમયપૂરતો અંશ છે એમ જાણ્યું ત્યાં શ્રદ્ધાનું જોર ઘણી શક્તિના પિંડ તરફ વળી ગયું. એટલે દ્રવ્યની પ્રતીત થઈ અને દ્રવ્ય—પર્યાય બન્નેનું યથાર્થ જ્ઞાન થયું.

દરેક વસ્તુ પોતાના પરિણામસ્વભાવમાં વર્તી રહી છે તે પરિણામનાં ત્રણ લક્ષણ (–ઉત્પાદ-વ્યય-ધ્રુવાત્મક) છે તેથી તે પરિણામમાં વર્તતી વસ્તુમાં પણ એ ત્રણે લક્ષણ આવી જ જાય છે. કેમ કે વસ્તુનું હોવાપણું પરિણામસ્વભાવથી જુદું નથી. વસ્તુ છે એમ કહેતાં જ તેમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ આવી જાય છે. ઉત્પાદ-વ્યય-ધ્રુવ વગર વસ્તુ છે એમ સિદ્ધ ન થાય. પરિણામ છે એમ કહેતાં તે પરિણામ પણ ઉત્પાદ-વ્યય-ધ્રુવવાળો છે. હોવાપણું (–સત્) ઉત્પાદ-વ્યય-ધ્રુવ વગર હોતું નથી. માટે સત્ત્વને ત્રિલક્ષણ અનુમોદવું.

પહેલાં યથાર્થ શ્રવણ કરીને વસ્તુને બરાબર જાણે કે આ આમ જ છે. તો જ્ઞાન નિઃશંક થાય ને જ્ઞાન નિઃશંક થાય તો જ અંતરમાં તેનું ઘોલન કરીને નિર્વિકલ્પ અનુભવ કરે પણ જ્યાં જ્ઞાન જ ખોટું હોય અને આમ હશે કે તેમ એમ શંકામાં ઝૂલતું હોય ત્યાં અંતરમાં ઘોલન ક્યાંથી ચાલે ? નિઃશંક જ્ઞાન વગરનું ઘોલન પણ ખોટું હોય એટલે કે મિથ્યાજ્ઞાન ને મિથ્યાશ્રદ્ધા હોય. પહેલાં શું વસ્તુસ્થિતિ છે તે બરાબર ખ્યાલમાં લેવી જોઈએ. વસ્તુને બરાબર ખ્યાલમાં લીધા વિના ઘોલન કોનું કરશે ?

પરિણામને વસ્તુ ઓળંગતી નથી. કેમ કે પરિણામ સત્ છે. વસ્તુ જો પરિણામને ઓળંગે તો તો "સત્"ને જ ઓળંગે. એટલે વસ્તુ "છે" એમ સાબિત ન થાય. ત્રણેકાળના પરિણામના પ્રવાહમાં વસ્તુ વર્તે છે.

અહો, આ તો આખો જ્ઞેયનો પિંડ પ્રતીતમાં લેવાનો માર્ગ કહો કે આખા જ્ઞાયકપિંડની દ્રષ્ટિ કરો, સમ્યક્ નિયતવાદ કહો કે યથાર્થ

મોક્ષમાર્ગનો પુરુષાર્થ કહો, વીતરાગતા કહો કે ધર્મ કહો—તે બધું આમાં આવી જાય છે.

શ્રી આચાર્યદેવ કહે છે કે વસ્તુનો સ્વભાવ જ આ (ઉપર કહ્યો તેવો) છે. આવો વસ્તુસ્વભાવ આનંદપૂર્વક માનવો—સંમત કરવો. જે આવા વસ્તુસ્વભાવને જાણે તેને અપૂર્વ આનંદ પ્રગટ્યા વગર રહે નહિ. જ્યાં વસ્તુને ત્રિલક્ષણ જાણી ત્યાં વસ્તુ પોતે સમ્યક્સ્વભાવમાં ઢળ્યા વગર રહે નહિ.—વસ્તુ સમ્યક્સ્વભાવપણે પરિણમે એટલે અપૂર્વ આનંદનો અનુભવ થાય જ. માટે અહીં કહ્યું કે આવા વસ્તુસ્વભાવને આનંદથી માન્ય કરવો.

જુઓ, તે તે પરિણામને વસ્તુ ઓળંગતી નથી એટલે દ્રષ્ટિ ક્યાં ગઈ ? વસ્તુ દ્રષ્ટિ ગઈ,–પરિણામ—પરિણામીની એકતા થઈ, એટલે આખું સત્ એકાકાર થઈ ગયું. આખું સ્વજ્ઞેય અભેદ થઈ ગયું. આવા સ્વજ્ઞેયને જાણે અને માને ત્યાં વસ્તુસ્વભાવની સમ્યક્પ્રતીતિ અને અપૂર્વ આનંદનો અનુભવ થયા વિના રહે નહીં.

જેમ કેવળજ્ઞાન લોકાલોક—જ્ઞેયને સત્પણે જાણે છે તેમ સમ્યગ્દ્રષ્ટિ પણ તેને જ્ઞેય તરીકે કબૂલે છે. ને તેને જાણનારા પોતાના જ્ઞાનસ્વભાવને પણ તે સ્વજ્ઞેય તરીકે કબૂલે છે. ત્યાં તેની રુચિ સ્વભાવવાન્ એવા અંતર્દ્રવ્ય તરફ વળે છે તે રુચિના જોરે નિર્વિકલ્પતા થયા વિના રહે નહિ. નિર્વિકલ્પતામાં આનંદનો અનુભવ પણ ભેગો જ હોય.

પ્રશ્ન :—કેટલા કાળમાં કેટલા જીવ મોક્ષે જાય ? એવી કાંઈ વાત આમાં આવતી નથી ?

ઉત્તર :—આટલા કાળમાં આટલા જીવ મોક્ષે જાય—એવી ગણતરીની અહીં મુખ્યતા નથી પણ કેમ મોક્ષ થાય ? તેની મુખ્ય વાત છે. પોતે આવા યથાર્થ સ્વભાવને ઓળખે તો પોતાને સમ્યક્ ને વીતરાગતા થાય અને પોતાનો મોક્ષ થાય. આત્માનો મોક્ષ ક્યારે થાય—એમ કાળની મુખ્યતા નથી પણ આત્માનો મોક્ષ કઈ રીતે થાય તે જ મુખ્ય પ્રયોજન છે ને તેની જ આ વાત ચાલે છે.

જે રીતે સત્ છે તે રીતે કબૂલે તો જ્ઞાન સત્ થાય ને શાંતિ આવે. આ ગાથામાં બે સમ—અંક છે ૯૯ અને તે પણ બે નવડા—નવ પ્રકારના ક્ષાયિકભાવ છે માટે નવડો તે ક્ષાયિકભાવસૂચક છે ને બે નવડા ભેગા થયા એટલે સમભાવ—વીતરાગતા બતાવે છે. ક્ષાયિકસમ્યક્ત્વ ને ક્ષાયિકચારિત્ર બન્ને સાથે આવી જાય તેવી અપૂર્વ વાત છે. આંકડો તો જે તે છે પણ અહીંથી પોતાના ભાવનો આરોપ કરવો છે ને !

વર્તમાન—વર્તમાન વર્તતા પરિણામમાં વસ્તુ વર્તી રહી છે એટલા આખી વસ્તુ જ વર્તમાનમાં વર્તે છે. તે વસ્તુ ઉત્પાદ-વ્યય-ધ્રુવવાળી છે. અહીં ઉત્પાદ-વ્યય-ધ્રુવ કહીને સત્‌ને સાબિત કરે છે.

આત્મા સત્, જડ, સત્, એક દ્રવ્યના અનંત ગુણો સત્, ત્રણકાળના સ્વઅવસરમાં થતાં પરિણામો સત્, એકેક સમયના પરિણામ ઉત્પાદ-વ્યય-ધ્રુવાત્મક સત્ ! બસ, આ સત્‌માં કાંઈ ફેરફાર થાય નહિ.—આમ સ્વીકાર્યું ત્યાં મિથ્યાત્વને ફેરવીને સમ્યક્ત્વ કરું એ વાત ન રહી. કેમ કે જેણે એમ સ્વીકાર્યું તેણે પોતાના જ્ઞાયકભાવને જ સ્વીકાર્યો ને તે દ્રવ્યસ્વભાવ તરફ વળ્યો. ત્યાં વર્તમાન પરિણામમાં સમ્યક્ત્વનો ઉત્પાદ થયો ને તે પરિણામમાં પૂર્વના મિથ્યાત્વપરિણામનો તો અભાવ જ છે. પૂર્વના તીવ્ર પાપના પરિણામ વર્તમાન પરિણામમાં નડતા નથી કેમ કે વર્તમાનમાં તેનો અભાવ છે. પૂર્વના તીવ્ર પાપના પરિણામ અત્યારે નડશે એમ જેણે માન્યું તેને તે વર્તમાન ઊંધી માન્યતા નડે છે, પણ પૂર્વના પાપ તો તેને પણ નડતાં નથી. પૂર્વના તીવ્ર પાપના પરિણામ અત્યારે નડશે એમ જેણે માન્યું તેણે દ્રવ્યને ત્રિલક્ષણ નથી જાણ્યું. જો ત્રિલક્ષણદ્રવ્યને જાણે તો તે ત્રિલક્ષણ દ્રવ્યના વર્તમાન ઉત્પાદ—પરિણામમાં પૂર્વપરિણામનો વ્યય છે માટે પૂર્વપરિણામ નડે છે એમ તે ન માને, પણ સમય સમયના વર્તમાન પરિણામને સ્વતંત્ર સત્ જાણે અને તેની દ્રષ્ટિ તે પરિણામ જેના છે એવા દ્રવ્ય ઉપર જાય એટલે દ્રવ્યદ્રષ્ટિમાં તેને વીતરાગતાનો જ ઉત્પાદ થતો જાય—આ રીતે આમાં મોક્ષમાર્ગ આવી જાય છે.

વીતરાગતા કે રાગ, જ્ઞાન કે અજ્ઞાન, સિદ્ધ કે નિગોદ કોઈપણ એક સમયના પરિણામને જો કાઢી નાખો તો દ્રવ્યનું સત્પણું જ સિદ્ધ થતું નથી. કેમ કે તે તે સમયના પરિણામમાં દ્રવ્ય વર્તી રહ્યું છે. માટે પોતાના ક્રમબદ્ધ પરિણામોના પ્રવાહમાં વર્તમાન વર્તી રહેલા દ્રવ્યને ઉત્પાદ-વ્યય-ધ્રુવવાળું જ આનંદથી માનવું.

સ્વભાવમાં અવસ્થિત રહેલું દ્રવ્ય સત્ છે—એ વાત સિદ્ધ કરવા માટે પહેલાં તો ઉત્પાદ-વ્યય-ધ્રુવયુક્ત પરિણામ કહીને સ્વભાવ સિદ્ધ કર્યો ને તે સ્વભાવમાં દ્રવ્ય—નિત્ય—અવસ્થિત છે—એમ હવે સિદ્ધ કર્યું.

પહેલાં પરિણામોના ઉત્પાદ-વ્યય-ધ્રુવ સિદ્ધ કરવા માટે પ્રદેશોનો દાખલો હતો તે પરિણામની વાત પૂરી થઈ ને હવે દ્રવ્યનાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ મોતીના હારનો દાખલો આપીને સમજાવશે.

*

## વ્યાખ્યાન પછીની ચર્ચામાંથી

પહેલાં વર્તમાનને સિદ્ધ કર્યું ને પછી તે વર્તમાનમાં વર્તનારો સિદ્ધ કર્યો. પરિણામ કોના ?—કે પરિણામીના....ઉત્પાદ-વ્યય-ધ્રુવયુક્ત વર્તમાનપરિણામ અને તે પરિણામમાં વર્તનારું ઉત્પાદ-વ્યય-ધ્રુવયુક્ત દ્રવ્ય—તે આખું સ્વજ્ઞેય છે. એની પ્રતીત તે આખા સ્વજ્ઞેયની પ્રતીત છે. આખા સ્વજ્ઞેયની પ્રતીત કરતાં રુચિનું જોર વર્તમાન અંશ ઉપરથી ખસીને ત્રિકાળી દ્રવ્ય તરફ વળે છે. એ જ સમ્યગ્દર્શન છે.

પરિણામનાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ નક્કી કરતાં પણ દ્રષ્ટિ દ્રવ્ય ઉપર જાય છે. કેમ કે દ્રવ્ય પોતાના પરિણામસ્વરૂપને છોડતું નથી.

પરિણામસ્વભાવમાં કોણ વર્તે છે ?—દ્રવ્ય.

પરિણામને કોણ છોડતું નથી ?—દ્રવ્ય.

—એટલે એમ નક્કી કરતાં દ્રષ્ટિ દ્રવ્ય ઉપર જાય છે ને દ્રવ્યદ્રષ્ટિ થતાં જ પરિણામમાં સમ્યક્ત્વનો ઉત્પાદ ને મિથ્યાત્વનો વ્યય થઈ જાય છે. એ રીતે દ્રવ્યની દ્રષ્ટિમાં જ સમ્યક્ત્વનો પુરુષાર્થ આવી જાય છે. એ સિવાય મિથ્યાત્વ ટાળવા માટે ને સમ્યક્ત્વ પ્રગટ કરવા માટે બીજો કોઈ જુદો પુરુષાર્થ કરવાનો નથી રહેતો.

**દ્રવ્યદ્રષ્ટિ તે જ સમ્યગ્દ્રષ્ટિ છે.**

*

## પ્રભુ શ્રી વીર વર્દ્ધમાન વૈરાગ્યમંગલદિન.

(કારતક વદ ૧૦, સોમવાર, ગાથા ૯૯)

જેણે ધર્મ કરવો હોય તેણે કેવું વસ્તુસ્વરૂપ જાણવું જોઈએ. તેની આ વાત છે. ધર્મ તે આત્માની પર્યાય છે. એટલે તે આત્મામાં જ થાય. આત્માનો ધર્મ પરમાં ન થાય તેમ જ પરવડે પણ ન થાય. તેમ જ તે ધર્મ પર્યાયમાંથી પણ થતો નથી, પણ દ્રવ્યમાંથી થાય છે; ધર્મ તો પર્યાયમાં જ થાય છે પણ તે પર્યાયવડે (એટલે કે પર્યાય સામે જોવાથી કે પર્યાયનો આશ્રય કરવાથી) ધર્મ ન થાય પણ દ્રવ્યની સન્મુખતાથી પર્યાયમાં ધર્મ થાય છે. પરનો તો આત્મામાં અભાવ છે એટલે પર સામે જોવાથી ધર્મ થતો જ નથી.

હવે પોતાની અવસ્થામાં જેને ધર્મ કરવો છે તેને અધર્મને ટાળવો છે ને ધર્મપણે થઈને આત્માને સળંગ ટકાવી રાખવો છે. જુઓ આમાં ધર્મ કરવો છે. એમ કહેતાં તેમાં નવી પર્યાયના ઉત્પાદનો સ્વીકાર આવી જાય

છે. અધર્મને ટાળવો છે તેમાં પૂર્વપર્યાયના વ્યયનો સ્વીકાર આવી જાય છે અને આત્માને સળંગ ટકાવી રાખવો છે એમાં સળંગ પ્રવાહ અપેક્ષાએ ધ્રુવનો સ્વીકાર આવી જાય છે. એ રીતે ધર્મ કરવાની ભાવનામાં વસ્તુના ઉત્પાદ-વ્યય-ધ્રુવસ્વભાવનો સ્વીકાર આવી જાય છે. વસ્તુમાં જો ઉત્પાદ-વ્યય-ધ્રુવ ન થતા હોય તો અધર્મ ટળીને ધર્મની ઉત્પત્તિ થાય નહિ ને આત્મા સળંગ ટકી શકે નહિ અને તે ઉત્પાદ-વ્યય-ધ્રુવ પણ જો કાળના નાનામાં નાના ભાગમાં ન થતાં હોય તો એક સમયમાં અધર્મ ટાળીને ધર્મ થઈ ન શકે. માટે ધર્મ કરનારે વસ્તુને સમયે સમયે ઉત્પાદ-વ્યય-ધ્રુવસ્વભાવવાળી જાણવી જોઈએ.

દ્રવ્ય-ગુણ કાયમ છે ને પર્યાય ક્ષણિક છે. તે ત્રણેને જાણીને કાયમી દ્રવ્ય તરફ વર્તમાન પર્યાયને વાળ્યા વગર ધર્મ થતો નથી. વસ્તુમાં અવસ્થા તો નવી નવી થયા જ કરે છે. જો નવી અવસ્થા ન થાય તો ધર્મ કેમ પ્રગટે ? તથા જો જૂની અવસ્થાનો અભાવ ન થાય તો અધર્મ કેમ ટળે ? અને જો સળંગપણે પરિણામોમાં ધ્રુવતા ન રહેતી હોય તો દ્રવ્ય ટકે ક્યાં ? માટે વસ્તુમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ એ ત્રણેને જાણવાં જોઈએ. ઉત્પાદ-વ્યય-ધ્રુવ એ ત્રણ લક્ષણ છે ને પરિણામ તે લક્ષ્ય છે; તથા પરિણામમાં વસ્તુ વર્તે છે તેથી તે વસ્તુ પણ ઉત્પાદ-વ્યય-ધ્રુવ એવાં ત્રિલક્ષણવાળી જ છે.

કોઈ પણ પરિણામ લ્યો તો પ્રવાહની અત્રુટધારામાં તે ધ્રુવ છે. પોતાના સ્વકાળ અપેક્ષાએ તે ઉત્પાદરૂપ છે ને પૂર્વપરિણામ અપેક્ષાએ તે વ્યયરૂપ છે. એ રીતે પરિણામ ઉત્પાદ-વ્યય-ધ્રુવયુક્ત સત્ છે. ઉત્પાદ-વ્યય-ધ્રુવ લક્ષણ છે ને પરિણામ તે લક્ષ્ય છે. પરિણામ કોઈ બીજા પદાર્થને લઈને થતા નથી પણ તે સ્વયં પોતાના અવસરમાં સત્ છે. ભગવાનની વીતરાગી મૂર્તિને કારણે કે ગુરુના ઉપદેશને કારણે જીવને રાગના કે જ્ઞાનના પરિણામ થયા—એમ નથી. તેમ જ પરજીવ બચ્યો માટે અહીં અનુકંપાના ભાવ થયા—એમ નથી. પણ જીવના પ્રવાહક્રમમાં તે તે ભાવવાળા પરિણામ સત્ છે. કોઈ પણ દ્રવ્યના પરિણામની સળંગ ધારામાં એક પણ સમયની ત્રૂટ પડતી નથી. જો આમ પરિણામને ઓળખે તો તે પરિણામોના પ્રવાહમાં વર્તતા દ્રવ્યને પણ ઓળખે, કેમ કે પોતાના પરિણામના સ્વભાવને કોઈ દ્રવ્ય છોડતું નથી—ઉલંઘતું નથી.

આવો વસ્તુસ્વભાવ સમજ્યા વિના ક્યાંય બહારથી ધર્મ આવી જવાનો નથી. જેમ સાંઠીના ભારા વેંચતા વેંચતાં લખપતિ ન થવાય પણ હીરામાણેકનાં પારખાં કરતાં શીખે તો તેના વેપારથી લખપતિ થવાય. (આ

તો દ્રષ્ટાંત છે.) તેમ અંતરના ચૈતન્ય—હીરાને પરખવાની કળામાં જ ધર્મની કમાણી થાય તેમ છે. એ સિવાય કોઈ બાહ્ય ક્રિયાકાંડથી કે શુભરાગથી ધર્મની કમાણી થતી નથી. જુઓ, આ તો દ્રવ્યાનુયોગનો સૂક્ષ્મ વિષય છે એટલે અંદર ઝીણી દ્રષ્ટિ કરે તો સમજાય તેવું છે.

વસ્તુમાં જે કાળે જે પરિણામ થાય છે તે સત્ છે, ત્રણ કાળના પરિણામો પોતપોતાના કાળે સત્ છે ને એવા પરિણામમાં દ્રવ્ય વર્તમાન—વર્તમાન વર્તી રહ્યું છે. તે દ્રવ્ય ઉત્પાદ-વ્યય-ધ્રુવ એવાં ત્રણ લક્ષણવાળું છે. ઉત્પાદ, વ્યય ને ધ્રુવ એમ ત્રણ જુદા જુદા લક્ષણ નથી. પણ ઉત્પાદ-વ્યય ને ધ્રુવ એ ત્રણે થઈને દ્રવ્યનું એક લક્ષણ છે.

ભાઈ ! તારા જ્ઞાનમાં તું એવો નિર્ણય કર કે દ્રવ્યમાં જે સમયે જે પરિણામ છે તે સમયે તે જ સત્ છે. તેનો હું જ્ઞાતા છું. તેમાં કોઈ ફેરફાર કરનાર નથી.—આમ જાણતાં પર્યાયના રાગનું સ્વામીપણું ને અંશબુદ્ધિ ટળી જાય છે ને દ્રવ્યના લક્ષે સમ્યક્ત્વ ને વીતરાગતા થાય છે, તે જ ધર્મ છે.

દરેક દ્રવ્ય ભિન્ન ભિન્ન છે; તે ભિન્ન દ્રવ્યનાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ વડે તે તે દ્રવ્યની સત્તા ઓળખાય છે. એક દ્રવ્યનાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ વડે બીજા દ્રવ્યની સત્તા ઓળખાતી નથી. શરીરમાં રોટલા ન આવ્યા તે પરિણામ વડે પુદ્‌ગલદ્રવ્યની સત્તા ઓળખાય છે. પણ તેના વડે જીવના ધર્મ પરિણામ ઓળખાતા નથી. રોટલા ન આવ્યા ત્યાં પુદ્‌ગલદ્રવ્ય જ તેની પરિણામધારામાં વર્તતું થકું તે પરિણામ વડે લક્ષિત થાય છે અને તે વખતે આત્મા પોતાના પરિણામ વડે લક્ષિત થાય છે. જે દ્રવ્યના જે પરિણામ હોય તેના વડે તે દ્રવ્યને ઓળખવું જોઈએ, તેને બદલે એક દ્રવ્યના પરિણામ બીજા દ્રવ્યે કર્યા—એમ જે માને છે તેણે વસ્તુના પરિણામસ્વભાવને જાણ્યો નથી એટલે કે સત્‌ને જ જાણ્યું નથી. વસ્તુ સત્ છે ને સત્‌નું લક્ષણ ઉત્પાદ-વ્યય-ધ્રુવ છે. એટલે વસ્તુમાં સ્વભાવથી જ સમયે સમયે ઉત્પાદ-વ્યય-ધ્રુવ થયાં જ કરે છે. તો બીજો તેમાં શું કરે ?—કાં તો જ્ઞાતા રહીને વીતરાગભાવ કરે ને કાં તો ફેરફાર કરવાનું અભિમાન કરીને મિથ્યાભાવને કરે પણ પર પદાર્થમાં તો કાંઈ પણ ફેરફાર કરી શકતો નથી.

જીવના વ્રત કરવાના ભાવને લીધે દ્વારિકાનગરી સળગતી બચી ગઈ ને વ્રત કરનાર કોઈ ન રહ્યો તેથી તે દ્વારિકા સળગી—એમ જે માને છે તેને વસ્તુના સ્વભાવની ખબર નથી. અથવા તો કોઈ જીવના ક્રોધી પરિણામને લીધે દ્વારિકા સળગી—એમ પણ નથી. દ્વારિકા નગરીનો એકેક પુદ્‌ગલ પોતાના પરિણામની ધારામાં વર્તી રહેલ દ્રવ્ય છે તેના પ્રવાહક્રમમાં તેના સ્વકાળે તેના પરિણામ થયા છે ને વ્રત કે ક્રોધાદિ જીવના પરિણામ થયા

તેમાં તે જીવદ્રવ્ય વર્તે છે. સૌ દ્રવ્ય પોતપોતાના પરિણામમાં ભિન્ન ભિન્ન વર્તે છે. તેમાં એકના પરિણામને લીધે બીજાના પરિણામ થાય કે અટકે એમ માનનાર મૂઢ છે; ભગવાને કહેલા ત્રિલક્ષણ વસ્તુસ્વભાવને તેણે નથી જાણ્યો.

વસ્તુ સમયે સમયે પોતાનાં ઉત્પાદ-વ્યય-ધ્રુવને કરે કે પરનાં ઉત્પાદ-વ્યય-ધ્રુવને કરવા જાય ? પરવસ્તુ પણ તેના સ્વભાવથી જ ઉત્પાદ-વ્યય-ધ્રુવવાળી છે. વસ્તુ પોતાના વર્તમાન પરિણામને ઓળંગીને બીજાના પરિણામ કરવા જાય એમ કદી બને નહીં. નિમિત્તના બળથી ઉપાદાનના પરિણામ થાય એ વાત આમાં ક્યાંય રહેતી નથી. દરેક વસ્તુ પોતે નિત્ય—પરિણામી સ્વભાવવાળી છે—પરિણમતો—પરિણમતો નિત્ય સ્વભાવ છે. આવા સ્વભાવમાં સદાય રહેલી વસ્તુ પોતે ઉત્પાદ-વ્યય-ધ્રુવ સહિત છે—એમ આનંદથી માનવું—અનુમોદવું.

*

હવે મોતીના હારનું દ્રષ્ટાંત આપીને વસ્તુનાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ સમજાવે છે.

“જેમ જેણે (અમુક) લંબાઈ ગ્રહણ કરેલી છે એવા લટકતા મોતીના હારને વિષે, પોતપોતાનાં સ્થાનોમાં પ્રકાશતાં સમસ્ત મોતીઓમાં, પછીપછીનાં સ્થાનોએ પછીપછીનાં મોતીઓ પ્રગટ થતાં હોવાથી અને પહેલાંપહેલાંના મોતીઓ નહિ પ્રગટ થતાં હોવાથી તથા બધેય પરસ્પર અનુસ્યૂતિ રચનારો દોરો અવસ્થિત હોવાથી ત્રિલક્ષણપણું પ્રસિદ્ધ પામે છે......”(પૃષ્ઠ : ૧૬૫—૧૬૬)

હારમાં એક—બે મોતી નથી પણ ઘણાં મોતીઓનો હાર છે અને તે હાર એમ ને એમ પડેલો નથી પણ લટકતો લીધો છે. ૧૦૮ મોતીનો હાર લ્યો તો તેમાં બધાંય મોતી પોતપોતાના સ્થાને પ્રકાશે છે ને પછીપછીના સ્થાને પછીપછીનું મોતી પ્રકાશે છે એટલે તે મોતી અપેક્ષાએ હારનો ઉત્પાદ છે તથા એક પછી એક બીજા મોતીને લક્ષમાં લેતાં પહેલાનું મોતી લક્ષમાંથી છૂટી જાય છે એટલે પહેલાંનું મોતી પછીના સ્થાને પ્રકાશતું નથી તે અપેક્ષાએ હારનો વ્યય છે અને બધા મોતીઓમાં પરસ્પર સંબંધ જોડનારો સળંગ દોરો હોવાથી હાર ધ્રુવરૂપ છે—એ રીતે હાર ઉત્પાદ-વ્યય-ધ્રુવ એવાં ત્રણ લક્ષણવાળો નક્કી થાય છે. હારનું દરેક મોતી પોતપોતાના સ્થાનમાં છે, પહેલું મોતી બીજે ન



હોય, બીજું ત્રીજે ન હોય. જ્યાં જે છે ત્યાં જ તે છે; પહેલાંના સ્થાનમાં પહેલું મોતી છે, પછીના સ્થાનમાં પછીનું મોતી છે. ને હારનો સળંગ દોરો બધેય છે. મોતીની માળા ગણતાં પછીપછીનું મોતી આંગળીના સ્પર્શમાં આવતું જાય છે તે અપેક્ષાએ ઉત્પાદ, પહેલાં પહેલાનું મોતી છૂટતું જાય છે તે અપેક્ષાએ વ્યય, ને માળાના પ્રવાહ તરીકે પ્રત્યેક મોતીમાં વર્તતી માળા ધ્રુવ છે—એ રીતે તેમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવરૂપ ત્રિલક્ષણપણું પ્રસિદ્ધિ પામે છે.

એ પ્રમાણે દ્રષ્ટાંત કહ્યું, હવે સિદ્ધાંત કહે છે—

મોતીના હારની જેમ, જેણે નિત્યવૃત્તિ ગ્રહણ કરેલી છે એવા રચાતા (પરિણમતા) દ્રવ્યને વિષે, પોતપોતાના અવસરોમાં પ્રકાશતા (પ્રગટતા) સમસ્ત પરિણામોમાં, પછીપછીના અવસરોએ પછીપછીના પરિણામો પ્રગટ થતા હોવાથી અને પહેલાં પહેલાંના પરિણામો નહિ પ્રગટ થતા હોવાથી તથા બધેય પરસ્પર અનુસ્યૂતિ રચનારો પ્રવાહ અવસ્થિત (–ટકતો) હોવાથી ત્રિલક્ષણપણું પ્રસિદ્ધિ પામે છે. (પૃ. ૧૬૬)

દ્રષ્ટાંતમાં અમુક લંબાઈવાળો હાર હતો, સિદ્ધાંતમાં નિત્યવૃત્તિવાળું દ્રવ્ય છે.

દ્રષ્ટાંતમાં લટકતો હાર હતો, સિદ્ધાંતમાં પરિણમતું દ્રવ્ય છે.

દ્રષ્ટાંતમાં મોતીઓને પોતપોતાનું સ્થાન હતું, સિદ્ધાંતમાં પરિણામોને પોતપોતાનો અવસર છે.

ઉત્પાદ-વ્યય-ધ્રુવસ્વભાવવાળું આખું દ્રવ્ય સત્ છે, તેમાં ક્યાંય ફેરફાર થતો નથી—આમ આખું સત્ લક્ષમાં આવ્યા વિના જ્ઞાનમાં ધીરજ થાય નહિ. જેને પરમાં ક્યાંય ફેરફાર કરવાની બુદ્ધિ છે તેનું જ્ઞાન અધીરું—આકુળવ્યાકુળ છે ને સત્‌ને જાણતાં ક્યાંય ફેરફારની બુદ્ધિ ન રહી એટલે જ્ઞાન ધીરું થઈને પોતામાં ઠર્યું—જ્ઞાતાપણે રહ્યું. એમને એમ આખું દ્રવ્ય ઉત્પાદ-વ્યય-ધ્રુવસ્વભાવથી સત્ પડ્યું છે—એમ દ્રવ્યમાં દ્રષ્ટિ જતાં સમ્યક્ત્વનો ઉત્પાદ ને મિથ્યાત્વનો વ્યય થયો ને પછી પણ તે દ્રવ્યની સન્મુખતાથી ક્રમે ક્રમે વીતરાગતા વધતી જાય છે—આવો ધર્મ છે.

દરેક દ્રવ્ય નિત્ય—ટકતું છે; નિત્ય—ટકતું દ્રવ્ય લટકતા હારની જેમ સદાય પરિણમતું છે; તેના પરિણામો પોતપોતના અવસરમાં પ્રકાશે છે. જેમ માળામાં મોતીઓનો ક્રમ નક્કી ગોઠવાયેલો છે. માળા ફરતાં તે ક્રમ આડોઅવળો થતો નથી. તેમ દ્રવ્યના દરેક પરિણામનો નિશ્ચિત સ્વઅવસર છે. દ્રવ્યના ત્રણકાળના પરિણામોનો પોતપોતાનો જે અવસર છે તે અવસરમાં જ તે થાય છે. આડાઅવળા થતા નથી.—આવો નિશ્ચય કરતાં જ જ્ઞાનમાં વીતરાગતા થાય છે. આ નક્કી કરતાં અનંતું વીર્ય પરથી પાછું

ખસીને દ્રવ્ય તરફ વળી ગયું. પર્યાય મૂઢતાનો નાશ થઈ ગયો ને દ્રવ્યની સન્મુખતાથી વીતરાગતાની ઉત્પત્તિ થવા લાગી. સામા પદાર્થના પરિણામો તેના અવસરે ને મારા પરિણામો મારા અવસરે,—એમ નક્કી કર્યું. એટલે પરમાં કે સ્વમાં ક્યાંય પરિણામના ફેરફારની બુદ્ધિ ન રહેતાં જ્ઞાન જ્ઞાનમાં જ એકાગ્રતા પામે છે. તેને જ ધર્મ અને મોક્ષમાર્ગ કહેવાય છે.

એક તરફ કેવળજ્ઞાન, ને સામે દ્રવ્યના ત્રણકાળના સ્વઅવસરમાં થતાં સમસ્ત પરિણામો એમાં ફેરફાર થવાપણું છે જ નહીં. લોકો પણ ઉતાવળે આંબા ન પાકે એમ કહીને ત્યાં ધીરજ રાખવાનું કહે છે તેમ દ્રવ્યના પરિણામમાં ફેરફાર ન થાય એમ વસ્તુસ્થિતિની પ્રાપ્તિ કરતાં જ્ઞાનમાં ધીરજ આવી જાય છે અને જ્યાં જ્ઞાન ધીરું થઈને સ્વમાં વળવા લાગ્યું ત્યાં મોક્ષપર્યાય થતાં વાર લાગે નહિ. આ રીતે ક્રમબદ્ધપર્યાયની પ્રતીતમાં મોક્ષમાર્ગ આવી જાય છે.

દ્રવ્યના બધા પરિણામો સ્વઅવસરમાં પ્રકાશે છે એ સામાન્યપણે વાત કરી, તેમાં હવે ઉત્પાદ-વ્યય-ધ્રુવ ઉતારે છે. દ્રવ્ય જ્યારે જુઓ ત્યારે વર્તમાન પરિણામમાં વર્તે છે. વર્તમાનમાં તે કાળના જે પરિણામ છે તે કાળે તે જ પ્રકાશે છે અને તેની પહેલાંના પરિણામો તે વખતે પ્રકાશતા નથી. પહેલાં પરિણામનાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ સિદ્ધ કરતી વખતે વર્તમાનપરિણામ પૂર્વ પરિણામના વ્યયરૂપ છે એમ કહ્યું હતું અને અહીં દ્રવ્યનાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ સિદ્ધ કરવામાં કથનશૈલી ફેરવીને એમ કહ્યું કે વર્તમાન પરિણામ વખતે પૂર્વના પરિણામ પ્રગટ થતા નથી—માટે તે પૂર્વપરિણામની અપેક્ષાએ દ્રવ્ય વ્યયરૂપ છે. જે પરિણામમાં દ્રવ્ય વર્તી રહ્યું હોય તે પરિણામની અપેક્ષાએ દ્રવ્ય ઉત્પાદરૂપ છે, તેની પહેલાંના પરિણામ કે જે અત્યારે પ્રગટ નથી તેની અપેક્ષાએ દ્રવ્ય વ્યયરૂપ છે, ને બધાય પરિણામમાં સળંગ વહેતા દ્રવ્યના પ્રવાહની અપેક્ષાએ તે ધ્રુવરૂપ છે—એ પ્રમાણે દ્રવ્યનું ત્રિલક્ષણપણું જ્ઞાનમાં નક્કી થાય છે. આવો જ્ઞેયોનો નિર્ણય કરનારું જ્ઞાન સ્વમાં ઠરે છે, તેનું નામ **तत्त्वार्थश्रद्धानं सम्यग्दर्शन** છે.

મોતીની માળા લઈને જાપ જપતો હોય, તેમાં પહેલાં એક મોતી આંગળીના સ્પર્શમાં હોય ને પછી તે છૂટીને બીજું મોતી આંગળીનાં સ્પર્શમાં આવે, તે વખતે પહેલું મોતી સ્પર્શમાં હોતું નથી એટલે પહેલા મોતીના સ્પર્શની અપેક્ષાએ માળાનો વ્યય થયો, બીજા મોતીના સ્પર્શની અપેક્ષાએ માળાનો ઉત્પાદ થયો અને માળા તરીકેનો પ્રવાહ તો ચાલુ જ રહ્યો તેથી માળા ધ્રુવ રહી. એ પ્રમાણે એક પછી એક થતા પરિણામમાં વર્તનારા દ્રવ્યમાં પણ ઉત્પાદ, વ્યય ને ધ્રુવ સમજવા.

કોઈ કહે કે ઉત્પાદ-વ્યય તો પર્યાયના જ થાય છે ને દ્રવ્ય તો ધ્રુવ જ છે, તેમાં પરિણમન ન હોય તો તેમ નથી. દ્રવ્ય એકાંત નિત્ય નથી પણ નિત્યઅનિત્યસ્વરૂપ છે. એટલે પરિણામ બદલતાં તે પરિણામમાં વર્તતું દ્રવ્ય પણ પરિણમે છે. જો પરિણામનો ઉત્પાદ થતાં દ્રવ્ય પણ નવા પરિણામે ઊપજતું ન હોય તો તો દ્રવ્ય ભૂતકાળમાં રહી જાય એટલે કે વર્તમાન—વર્તમાનપણે તે વર્તી શકે નહિ, ને તેનો અભાવ જ થાય. માટે પરિણામના ઉત્પાદ-વ્યય થતાં દ્રવ્ય પણ ઉત્પાદ-વ્યયપણે પરિણમે જ છે. દ્રવ્યના પરિણમન વગર પરિણામના ઉત્પાદ-વ્યય થાય નહિ અને દ્રવ્યની સળંગ ધ્રુવતા પણ નક્કી ન થાય. માટે દ્રવ્ય ઉત્પાદ-વ્યય-ધ્રુવવાળું જ છે; પર્યાયમાં જ ઉત્પાદ-વ્યય છે ને દ્રવ્ય તો ધ્રુવ જ રહે છે, તેમાં ઉત્પાદ-વ્યય થતા જ નથી—એમ નથી. પરિણામના ઉત્પાદ-વ્યય-ધ્રુવમાં વર્તતું દ્રવ્ય પણ એક સમયમાં ત્રિલક્ષણવાળું છે.

અહો, સ્વ કે પર દરેક દ્રવ્યના પરિણામ પોતપોતાના કાળે થાય છે, પરદ્રવ્યના પરિણામ તે દ્રવ્યનાં ઉત્પાદ-વ્યય-ધ્રુવથી થાય છે, ને મારા પરિણામ મારા દ્રવ્યમાંથી ક્રમસર થાય છે.—આમ નક્કી કરતાં પર દ્રવ્ય ઉપરથી દ્રષ્ટિ ખસી ને સ્વ તરફ વળ્યો. હવે સ્વમાં પણ પર્યાય ઉપરથી દ્રષ્ટિ ખસી ગઈ કેમ કે તે પર્યાયમાંથી પર્યાય પ્રગટતી નથી પણ દ્રવ્યમાંથી પર્યાય પ્રગટે છે, એટલે દ્રવ્ય ઉપર દ્રષ્ટિ ગઈ એને ત્રિકાળી સત્‌ની પ્રતીતિ થઈ. ત્રિકાળી સત્‌ની આવી પ્રતીતિ થતાં દ્રવ્ય પોતાના પરિણામમાં સ્વભાવની ધારાએ વહેતું, ને વિભાવધારાનો નાશ કરતું પરિણમે છે. માટે દ્રવ્યને ત્રિલક્ષણ અનુમોદવું.

પહેલાં પરિણામનાં ઉત્પાદ-વ્યય-ધ્રુવની વાત કરી હતી અને અહીં દ્રવ્યનાં ઉત્પાદ-વ્યય-ધ્રુવની વાત કરી.

દ્રવ્યની સત્તા એટલે કે દ્રવ્યનું હોવાપણું ઉત્પાદ-વ્યય-ધ્રુવવાળું છે. એકલા ઉત્પાદરૂપે, વ્યયરૂપે કે ધ્રુવરૂપે દ્રવ્યની સત્તા નથી પણ ઉત્પાદ-વ્યય-ધ્રુવ એવાં ત્રણ લક્ષણવાળી જ દ્રવ્યની સત્તા છે. ઉત્પાદ, વ્યય અને ધ્રુવ એવી ત્રણ જુદી જુદી સત્તા નથી પણ તે ત્રણે થઈને એક જ સત્તા છે.

પહેલાં તો જે પરિણામ ઊપજ્યાં તે પોતાની અપેક્ષાએ ઉત્પાદરૂપ, પૂર્વની અપેક્ષાએ વ્યયરૂપ અને સળંગ પ્રવાહની અપેક્ષાએ ધ્રુવરૂપ—એમ પરિણામની વાત લીધી હતી અને અહીં તો હવે છેલ્લો સરવાળો કરીને દ્રવ્યમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ ઉતારતાં એમ કહ્યું કે દ્રવ્યમાં પછી પછીના પરિણામ પ્રગટ થાય છે તેથી દ્રવ્યનો ઉત્પાદ છે, પહેલાં પહેલાંના પરિણામ

ઊપજતા નથી તેથી દ્રવ્ય જ વ્યયરૂપ છે, અને સર્વ પરિણામમાં સળંગપણે વર્તતું હોવાથી દ્રવ્ય જ ધ્રુવ છે. એ રીતે દ્રવ્યને ત્રિલક્ષણ અનુમોદવું.

અહો ! બધાંય દ્રવ્યો પોતાના વર્તમાન પરિણામપણે ઊપજે છે. પૂર્વના પરિણામ વર્તમાનમં નથી રહેતા એટલે પૂર્વપરિણામપણે વ્યય પામે છે. ને સળંગપણે બધાય પરિણામના પ્રવાહમાં દ્રવ્ય ધ્રુવપણે વર્તે છે. બસ ! ઉત્પાદ-વ્યય-ધ્રુવપણે વર્તતાં દ્રવ્યો નકોર સત્ છે. આવા નકોર સત્‌માં કાંઈ આઘુપાછું થાય નહિ. પોતાના જ્ઞાનમાં આવા નકોર સત્‌ને સ્વીકારતાં, ફેરફાર કરવાની બુદ્ધિ કે આમ કેમ એવી વિસ્મયતા ટળી, તેમાં જ સમ્યક્શ્રદ્ધા અને વીતરાગતા આવી ગઈ એટલે જ્ઞાયકપણું તે મોક્ષનો માર્ગ થયો.

આ વસ્તુવિજ્ઞાન કહેવાય છે. પદાર્થનો જેવો સ્વભાવ છે તેવું જ તેનું જ્ઞાન કરવું તે પદાર્થવિજ્ઞાન છે. આવા પદાર્થવિજ્ઞાન વગર કદી શાંતિ થાય નહિ. જ્યાં દરેક વસ્તુ ઉત્પાદ-વ્યય-ધ્રુવસ્વભાવવાળી છે એમ જાણ્યું ત્યાં વસ્તુના જુદાપણાની વાડ બંધાઈ ગઈ. મારાં ઉત્પાદ-વ્યય-ધ્રુવમાં પરનો અભાવ ને પરનાં ઉત્પાદ-વ્યય-ધ્રુવમાં મારો અભાવ, મારા દ્રવ્ય-ગુણ-પર્યાયમાં હું, ને પરના દ્રવ્ય-ગુણ-પર્યાયમાં પર,—આમ નક્કી કરતાં પરના દ્રવ્ય-ગુણ-પર્યાયનું સ્વામિત્વ છોડીને પોતે પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયનો રખોપિયો થયો. સ્વદ્રવ્ય તરફ વળતાં પોતે પોતના દ્રવ્ય-ગુણ-પર્યાયનો રક્ષક થયો. એટલે કે ધ્રુવદ્રવ્યના આશ્રયે નિર્મળપર્યાયનો ઉત્પાદ થવા માંડ્યો. તે જ ધર્મ છે. પહેલાં પરનું હું ફેરવું—એમ માનતો ત્યારે પરાશ્રયબુદ્ધિથી વિકારભાવોની જ ઉત્પત્તિ થતી હતી ને પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયની રક્ષા કરતો ન હતો તેથી તે અધર્મ હતો.

આચાર્યભગવાને આ ગાથામાં સત્‌ને ઉત્પાદ-વ્યય-ધ્રુવયુક્ત બનાવીને અદ્ભ ત વાત કરી છે. વર્તમાન વર્તમાન સમયના પરિણામની આ વાત છે. કેમ કે આખું દ્રવ્ય વર્તમાન પરિણામમાં વર્તી રહ્યું છે. દ્રવ્યમાં સ્વકાળે સદાય વર્તમાન પરિણામ થાય છે. જ્યારે જુઓ ત્યારે દ્રવ્ય પોતાના વર્તમાનપરિણામમાં જ વર્તી રહ્યું છે. એવા વર્તમાન વર્તતા દ્રવ્યની પ્રતીત તે વીતરાગતાનું મૂળ છે.

પરિણામનો સ્વ—અવસર કહ્યો ત્યાં પરિણામનું જે વર્તવાપણું તે જ તેનો અવસર છે, અવસર અને પરિણામ—એમ બે જુદી ચીજ નથી. જેનો જે અવસર છે તે વખતે તે પરિણામ વર્તે છે. તે પરિણામમાં વર્તતું દ્રવ્ય ઉત્પાદરૂપ છે. તેની પહેલાંના પરિણામમાં દ્રવ્ય વર્તતું નથી. તેથી તે

વ્યયરૂપ છે અને બધેય સળંગપણાની અપેક્ષાએ દ્રવ્યરૂપ છે. એ રીતે દ્રવ્યમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવરૂપ ત્રિલક્ષણપણું પ્રસિદ્ધિ પામે છે.

જીવ અને અજીવ બધાં દ્રવ્યો અને તેના અનાદિઅનંત પરિણામો સત્ છે. તે સત્ સ્વયંસિદ્ધ છે. તે સત્નો કોઈ બીજો રચનાર કે પરિણમાવનાર નથી. જેમ કોઈ દ્રવ્ય પોતાનું સ્વરૂપ છોડીને આડુંઅવળું ન થાય તેમ દ્રવ્યના કોઈ પરિણામ પણ આડાઅવળા ન થાય. દ્રવ્યમાં પોતાના કાળે દરેક પરિણામ ઊપજે છે. પૂર્વના પરિણામ નથી ઊપજતા અને દ્રવ્ય સળંગ ધારાએ રહ્યા કરે છે. આવા ઉત્પાદ-વ્યય-ધ્રુવ સ્વભાવવાળા દ્રવ્યને જાણવાથી, પોતાના જ્ઞાયકસ્વભાવની પ્રતીત થાય છે ને તે જ્ઞાયકસ્વભાવની સન્મુખતાથી ભગવાન આત્મા સ્વભાવધારાએ વહે છે. વિભાવધારાથી વ્યય પામે છે ને તે પ્રવાહમાં પોતે સળંગપણે ધ્રુવ રહે છે. એ રીતે વીતરાગતા થઈને કેવળજ્ઞાન અને મુક્તિ થાય છે.

***

# પ્રસાદ નં. ૨૯

## પદાર્થનો પરિણામ સ્વભાવ

(કારતક વદ ૧૧, મંગળવાર)

## પ્રવચનસાર ગાથા ૯૯ ભાવાર્થ.

દરેક દ્રવ્ય સદાય સ્વભાવમાં રહે છે તેથી સત્ છે. તે સ્વભાવ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યસ્વરૂપ પરિણામ છે. દરેક વસ્તુ ત્રણેકાળે પોતાના સ્વભાવમાં એટલે કે પોતાના પરિણામમાં રહે છે; સોનું, પોતાના કુંડળ, હાર વિગેરે પરિણામમાં વર્તે છે. કુંડળ કે હાર વિગેરે પરિણામથી જુદું સોનું વર્તતું નથી. કોઈપણ પદાર્થ પોતાના પરિણામ સ્વભાવને ઓળંગીને પરિણામને સ્પર્શતો નથી. દરેક વસ્તુ જુદી—જુદી પોતાના પરિણામમાં જ રહે છે. આત્મા પોતાના જ્ઞાન કે રાગાદિ પરિણામમાં રહેલો છે, પણ શરીરની અવસ્થામાં આત્મા રહેલો નથી. શરીરની અવસ્થામાં પુદ્ગલો રહેલા છે અને શરીરના અનંત રજકણોમાં પણ ખરેખર તો દરેક રજકણ ભિન્નભિન્ન પોત—પોતાની અવસ્થામાં રહ્યો છે. આવો વસ્તુસ્વભાવ જોનારને પરમાં ક્યાંય એકત્વબુદ્ધિ થતી નથી ને પર્યાયબુદ્ધિના રાગદ્વેષ થતા નથી.

આત્મા અને દરેક પદાર્થ સમયે સમયે પોતાની નવી અવસ્થાપણે ઊપજે છે, જૂની અવસ્થાપણે વ્યય પામે છે અને સળંગ વસ્તુપણે ધ્રુવ્ય રહે છે. એકેક સમયના પરિણામ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય સહિત છે. એવા પરિણામ તે સ્વભાવ છે ને વસ્તુ સ્વભાવવાન્ છે. કોઈપણ વસ્તુ પોતાનો સ્વભાવ છોડીને બીજાના સ્વભાવમાં વર્તે અથવા તો બીજાના સ્વભાવને કરે—એમ કદી બને નહિ. સ્વભાવવાન્—દ્રવ્ય પોતાના પરિણામસ્વભાવમાં રહેલું છે. શરીરની અવસ્થાઓ છે તે પુદ્ગલના પરિણામ છે, તેમાં પુદ્ગલો વર્તે છે, આત્મા તેમાં વર્તતો નથી; છતાં આત્મા તે શરીરની અવસ્થામાં કાંઈ કરે—એમ જેણે માન્યું તેની મિથ્યા માન્યતા છે. જેમ અફીણના કડવાશ વિગેરેના ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય પરિણામમાં અફીણ જ રહેલું છે. તેમાં કોઈ ગોળ રહેલો નથી અને ગોળના ગળપણ વિગેરેના ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યપરિણામમાં ગોળ જ રહેલો છે, તેમાં કાંઈ અફીણ રહેલું નથી. તેમ આત્માના જ્ઞાન વિગેરેના ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યપરિણામ સ્વભાવમાં આત્મા રહેલો છે, તેમાં કાંઈ ઇન્દ્રિયો કે શરીરાદિ રહેલા નથી માટે તેમનાથી આત્મા જાણતો નથી અને પુદ્ગલના શરીર વિગેરેના ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યપરિણામસ્વભાવમાં પુદ્ગલો જ રહેલા છે. તેમાં કાંઈ આત્મા રહેલો નથી. માટે આત્મા શરીરાદિની ક્રિયાને

કરતો નથી. આમ દરેક પદાર્થ પોતપોતાના સ્વભાવમાં જ રહેલો છે. બસ, આવા પદાર્થના સ્વભાવને જાણવો તે વીતરાગિ વિજ્ઞાન છે, તેમાં જ ધર્મ આવે છે.

દરેક પદાર્થની મર્યાદા—હદ પોતપોતાના સ્વભાવમાં રહેવાની છે. પોતાના સ્વભાવની હદમાંથી બહાર નીકળીને પરમાં કાંઈ કરે એવી કોઈ પદાર્થની તાકાત નથી. —આમ વસ્તુસ્થિતિ હોય તો જ દરેક તત્ત્વ પોતાના સ્વતંત્ર અસ્તિત્વપણે રહી શકે. આજ વાત અસ્તિ—નાસ્તિરૂપ અનેકાંતથી કહીએ તો, દરેક પદાર્થ પોતાના સ્વચતુષ્ટયમાંથી (દ્રવ્ય—ક્ષેત્ર—કાળ ને ભાવથી) અસ્તિરૂપ છે, ને પરના ચતુષ્ટયથી તે નાસ્તિરૂપ છે. આ પ્રમાણે દરેક તત્ત્વ ભિન્ન ભિન્ન ટકી રહ્યું છે એમ નક્કી કરતાં, સ્વતત્ત્વને પરતત્ત્વથી જુદું જાણ્યું ને પોતાના સ્વભાવમાં વર્તતા સ્વભાવવાન્ દ્રવ્યની દ્રષ્ટિ થઈ, એ જ સમ્યક્રૂચી અને સમ્યગ્જ્ઞાન તથા વીતરાગતાનું કારણ છે.

જેવી વસ્તુ હોય તેવી જાણવી તે જ સમ્યગ્જ્ઞાન છે. જેમ લૌકિકમાં ગોળને ગોળ જાણે ને અફીણને અફીણ જાણે તો ગોળ અને અફીણનું સાચું જ્ઞાન છે. જગતના પદાર્થોમાં જડ—ચેતન દરેક પદાર્થ સ્વતંત્ર છે, દરેક પદાર્થ પોતે પોતાના ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યસ્વભાવથી ટકેલો છે—એમ જાણવું તે સમ્યગ્જ્ઞાન છે. ને એક પદાર્થમાં પરને લઈને કાંઈ થાય એમ માને તો તે મિથ્યાત્વ છે, તેણે પદાર્થના સ્વભાવને જેમ છે તેમ જાણ્યો નથી, પણ વિપરીત માન્યો છે.

આત્માનો જ્ઞાયક સ્વભાવ છે ને પદાર્થોનો જ્ઞેય સ્વભાવ છે; પદાર્થોમાં ફેરફાર આઘું પાછું એવો તેમનો સ્વભાવ નથી, ને તેમના સ્વભાવમાં કાંઈ ફેરફાર કરે એવો જ્ઞાનનો સ્વભાવ નથી. જેમ આંખ અફીણને અફીણ તરીકે ને ગોળને ગોળ તરીકે દેખે, પણ અફીણને ફેરવીને ગોળ ન બનાવે ને ગોળને ફેરવીને અફીણ ન બનાવે, તેમ જ તે અફીણ પણ પોતાનો સ્વભાવ છોડીને ગોળપણે થાય નહિ ને ગોળ પોતાનો સ્વભાવ છોડીને અફીણપણે થાય નહિ. તેમ આત્માનો જ્ઞાનસ્વભાવ બધાય સ્વ-પર જ્ઞેયોને જેમ છે તેમ જાણે, પણ ક્યાંય કાંઈ ફેરફાર કરે નહિ. તેમ જ જ્ઞેયો પણ પોતાના સ્વભાવને બીજારૂપે થાય નહિ. બસ, જ્ઞાન અને જ્ઞેયના આવા સ્વભાવની પ્રતીત તે વીતરાગીશ્રદ્ધા છે. આવું જ્ઞાન તે વીતરાગી વિજ્ઞાન છે.

સ્વતંત્ર જ્ઞેયોને જેવાં હોય તેવાં જાણવાં તે સમ્યગ્જ્ઞાનની ક્રિયા છે. જ્ઞાન શું કાર્ય કરે ? કે જાણવાનું કાર્ય કરે. એ સિવાય ક્યાંય ફેરફાર કરવાનું કામ જ્ઞાન ન કરે. દરેક પદાર્થ સ્વયંસિદ્ધ સત્ છે, ને તેનામાં પર્યાય ધર્મ છે, તે પર્યાયો ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યસ્વભાવવાળા છે. એટલે પદાર્થમાં સમયે

સમયે પર્યાયનાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય થાય છે. તેમાં તે પદાર્થ વર્તી રહ્યો છે. આમ સ્વતંત્ર દ્રવ્ય—સ્વભાવને જાણવો તે સમ્યગ્જ્ઞાન છે. જો એકેક પર્યાયની સ્વતંત્રતા ન જાણે તો તેણે દ્રવ્યની સ્વતંત્રતાને પણ જાણી નથી. કેમ કે સત્ પોતાના પરિણામમાં વર્તીને ટકેલું છે. જો વસ્તુ પોતાને ટકવા માટે બીજાના પરિણામનો આશ્રય માગે તો તે વસ્તુ જ સત્ નથી રહેતી. સતનો સ્વભાવ પોતાના જ પરિણામમાં વર્તવાનો છે. સત્ પોતે સ્વયં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યાત્મક છે. સત્‌ને પોતાના પરિણામનો ઉત્પાદ જો બીજાથી થતો હોય તો તે પોતે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યયુક્ત સત્ જ નથી રહેતું. માટે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યયુક્ત સત્ છે એમ માનતાં જ પરિણામની સ્વતંત્રતાનો સ્વીકાર તો આવી જ ગયો અને પરિણામ પરિણામમાંથી આવતા નથી પણ પરિણામી દ્રવ્યમાંથી આવે છે એટલે તેની દ્રષ્ટિ પરિણામી ઉપર ગઈ, તે સ્વદ્રવ્યની સન્મુખ થયો, સ્વદ્રવ્યની સન્મુખતામાં સમ્યક્ શ્રદ્ધા—જ્ઞાન—ચારિત્રની ઉત્પત્તિ થાય છે, તે મોક્ષનું કારણ છે.

પ્રશ્ન :—સોનું અને ત્રાંબુ એ બન્નેનું મિશ્રણ થતાં તો તેઓ એકબીજામાં ભળી ગયાં ને ?

ઉત્તર :—ભાઈ ! વસ્તુસ્થિતિ સમજો. સોનું અને ત્રાંબુ ભેગાં કદી થતાં જ નથી. સંયોગ દ્રષ્ટિથી સોનું અને ત્રાંબુ ભેગાં થયાં એમ કહેવાય છે, પણ પદાર્થના સ્વભાવની દ્રષ્ટિથી તો સોનું ત્રાંબુ કદી ભેગાં થયાં જ નથી; કેમ કે જે સોનાના રજકણો છે તેઓ પોતાના સોના પરિણામમાં જ વર્તે છે; એક રજકણ બીજા રજકણના પરિણામમાં વર્તતો નથી. સોનાના બે રજકણોમાંથી પણ તેનો એક રજકણ બીજા રજકણમાં વર્તતો નથી. જો એક પદાર્થ બીજામાં, ને બીજો પદાર્થ ત્રીજામાં ભળી જાય તો તો જગતમાં કોઈ સ્વતંત્ર વસ્તુ જ ન રહે. વળી સોનું અને ત્રાંબુ મિશ્ર થયાં એમ કહેતાં પણ તે બન્નેની એકતા સાબિત થતી નથી પણ તે બન્નેની ભિન્નતા જ સાબિત થાય છે, કેમ કે “મિશ્ર” બેનું હોય, એકમાં “મિશ્ર” ન કહેવાય માટે મિશ્ર કહેતાં જ પદાર્થોનું ભિન્ન ભિન્ન હોવાપણું સાબિત થઈ જાય છે.

દરેક વસ્તુ પોતાના સ્વભાવપણે સત્ રહે છે. બીજો ઉંધુ માને તો તેથી કાંઈ વસ્તુનો સ્વભાવ ફરી ન જાય. અફીણને કોઈ ગોળ માને તો તેથી કાંઈ અફીણની કડવાશ મટી ન જાય; અફીણને ગોળ માનીને ખાય તો તે કડવું જ લાગે તેમ તત્ત્વને જેમ છે તેમ સ્વતંત્ર ન માનતા પરના આધારે ટકેલું માને તો, વસ્તુ તો કાંઈ પરાધીન થઈ જતી નથી પણ, તેણે સત્‌ની વિપરીત માન્યતા કરી તેથી તેનું જ્ઞાન મિથ્યા થાય છે અને તે મિથ્યાજ્ઞાનના ફળમાં તેને ચોરાશીના અવતાર થાય છે. કોઈ જીવ પુણ્યનો

શુભરાગ કરીને એમ માને કે હું ધર્મ કરું છું, તો કાંઈ તેને તે રાગથી ધર્મ ન થાય, પણ તેણે વસ્તુસ્વરૂપને વિપરીત જાણ્યું તેથી તે અજ્ઞાનના ફળમાં તેને ચોરાશીના અવતારમાં રખડવાનું થશે.

પરિણામ તે સ્વભાવ છે અને સ્વભાવવાન્ તે દ્રવ્ય છે, એમ જાણીને સ્વભાવવાન્ દ્રવ્યની રુચિ થતાં જ સમ્યક્ત્વનો ઉત્પાદ, તે જ સમયે મિથ્યાત્વનો વ્યય અને સળંગપણે આત્માની ધ્રૌવ્યતા છે. દરેક વસ્તુ સત્ છે. સત્ ત્રિકાળ સ્વયંસિદ્ધ છે. જો સત્ ત્રિકાળી ન હોય તો તે અસત્ ઠરે. પણ વસ્તુ કદી અસત્ હોય નહિ. વસ્તુ ત્રિકાળી છે એટલે તેનો કોઈ કર્તા નથી, કેમ કે ત્રિકાળીનો રચનાર ન હોય. જો રચનાર કહો તો તે પહેલાં વસ્તુ ન હતી એમ ઠરે એટલે વસ્તુનું નિત્યપણું ન રહે. વસ્તુ ત્રિકાળ સતે છે અને તે વસ્તુ પરિણામ સ્વભાવવાળી છે. ત્રિકાળી દ્રવ્ય જ પોતાના ત્રણેકાળના વર્તમાન—વર્તમાન પરિણામને રચે છે, તે પરિણામો પણ સ્વઅવસરમાં સત્ છે, માટે તે પરિણામનો રચનાર પણ બીજો કોઈ નથી. જેમ ત્રિકાળી દ્રવ્યનો કર્તા કોઈ બીજો ઈશ્વર વિગેરે નથી, તેમ તે ત્રિકાળી દ્રવ્યના વર્તમાન પરિણામનો પણ કર્તા કોઈ બીજો (નિમિત્ત, કર્મ કે જીવ વિગેરે) નથી. પોતાના એકેક સમયનાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યમાં ટકે છે માટે દ્રવ્ય સત્ છે. જો દ્રવ્ય બીજાનાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યને અવલંબે તો તે પોતે સત્ રહી શકે નહીં. માટે જે જીવ દ્રવ્યને ખરેખર સત્ જાણતો હોય તે દ્રવ્યનો કે દ્રવ્યની કોઈ પર્યાયનો કર્તા બીજાને ન માને; દ્રવ્યનો કે દ્રવ્યની કોઈ પર્યાયનો કર્તા બીજાને માને તે જીવે ખરેખર સતને જાણ્યું નથી.

અહો, વસ્તુના સત્ સ્વભાવને જાણ્યા વિના બહારના ક્રિયાકાંડના લક્ષે અનંતકાળ ગાળ્યો પણ વસ્તુનો સ્વભાવ સત્ છે તેને ન જાણ્યો, તેથી જીવ સંસારમાં રખડી રહ્યો છે.

પરિણામમાં વસ્તુ પરિણમે છે, વસ્તુ પરિણામથી જુદી રહેતી નથી. એકેક સમયના પરિણામ વખતે આખી વસ્તુ સાથે વર્તી રહી છે—આમ જાણે તો, ક્ષણિક રાગ જેટલો જ પોતને ન માનતાં તે વખતે આખી વસ્તુ રાગ રહિત પડી છે—તેનો વિશ્વાસ કરે, એટલે રાગની રુચિનું જોર તૂટીને આખી વસ્તુ ઉપર રુચિનું જોર વળ્યું. એટલે કે સમ્યક્ રુચિ ઉત્પન્ન થઈ, રાગ અને આત્માનું ભેદજ્ઞાન થયું. હું પરમાં નથી વર્તતો, મારા પરિણામમાં પરવસ્તુ નથી વર્તતી, પણ હું મારા પરિણામમાં જ વર્તું છું—આમ પરિણામ અને પરિણામીની સ્વતંત્રતા જાણતા, રુચિ પરમાં નથી જતી. પરિણામ ઉપર પણ નથી રહેતી પણ પરિણામી દ્રવ્યમાં ઘુસી જાય છે, એટલે કે સમ્યક્ રુચિ થાય છે.

પરિણામમાં વસ્તુ વર્તે છે. બસ ! આમ નક્કી કરવામાં પર્યાયબુદ્ધિ ટળીને વસ્તુદ્રષ્ટિ થઈ જાય છે, તેમાં જ વીતરાગતા રહેલી છે. મારી ભવિષ્યની કેવળજ્ઞાન પર્યાયમાં પણ આ દ્રવ્ય જ વર્તશે—માટે ભવિષ્યની કેવળજ્ઞાનપર્યાયને જોવાનું ન રહ્યું; પણ દ્રવ્ય સામે જ જોવાનું રહ્યું; દ્રવ્યની સન્મુખતામાં અલ્પકાળે કેવળજ્ઞાન થયા વિના રહે નહિ.

અહો, હું મારા પરિણામસ્વભાવમાં છું. પરિણામ તે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યસ્વરૂપ છે, તેમાં જે આત્મ દ્રવ્ય વર્તે છે—આમ સ્વવસ્તુની દ્રષ્ટિ થતાં પરથી લાભ નુકશાન માનવાનો મિથ્યાભાવ ન રહ્યો; ત્યાં સમ્યગ્જ્ઞાનપર્યાયપણે ઉત્પાદ છે, મિથ્યાજ્ઞાનપર્યાયપણે વ્યય છે, ને જ્ઞાનના સળંગ પરિણામપણે ધ્રૌવ્યતા છે.—એ રીતે આમાં ધર્મ આવે છે.

પરિણામીના પરિણામ છે—એમ ન માનતા જેણે પરને લઈને પરિણામ માન્યા તેણે પરિણામીને દ્રષ્ટિમાં ન લીધો, પણ પોતાના પરિણામ પર કરે એમ માન્યું એટલે સ્વ-પરને એક માન્યા, તેથી તે મિથ્યાદ્રષ્ટિ છે. પરિણામ પરિણામીના છે—એમ પરિણામ અને પરિણામીની સ્વતંત્રતાની રુચિમાં સ્વદ્રવ્યની સમ્યકરુચિ ઉત્પન્ન થઈને મિથ્યા રુચિનો નાશ થઈ જાય છે.

જુઓ, આ વસ્તુસ્થિતિનું વર્ણન છે. જૈનદર્શન કોઈ વાડો કે કલ્પના નથી પણ વસ્તુઓ જેવા સ્વભાવે છે તેવી સર્વજ્ઞભગવાને જોઈ છે, ને તે જ જૈનદર્શનમાં કહી છે. જૈનદર્શન કહો કે વસ્તુનો સ્વભાવ કહો. તેવું જ્ઞાન કર તો તારું જ્ઞાન સાચું થશે ને ભવનું પરિભ્રમણ ટળશે. જો વસ્તુના સ્વભાવને વિપરીત માનીશ તો અસત્વસ્તુની માન્યતાથી તારું જ્ઞાન મિથ્યા થશે અને તારું પરિભ્રમણ મટશે નહિ; કેમ કે મિથ્યાત્વને જ મોટું પાપ ગણવામાં આવ્યું છે, તે જ અનંતસંસારનું મૂળ છે.

ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યયુક્ત પરિણામ છે તે સ્વભાવ છે અને સ્વભાવ છે તે સ્વભાવવાન્‌ને લીધે છે—આમ સ્વભાવ અને સ્વભાવવાન્‌ને દ્રષ્ટિમાં લેતાં, ક્યાંય પરનાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યને હું કરું કે મારાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યને પર કરે એ વાત રહેતી નથી. એટલે પોતે પોતાના સ્વભાવવાન્ તરફ વળીને જ્ઞાતા થઈ જાય છે. તેમાં જ ધર્મ આવી ગયો. લોકોએ બહારમાં ધર્મ માન્યો છે, પણ વસ્તુ સ્થિતિ અંતરની છે. લોકોએ માનેલા ધર્મમાં અને વસ્તુસ્થિતિમાં આથમણો—ઉગમણો ફેર છે.

વસ્તુ તેને કહેવાય કે જે પોતના ગુણ—પર્યાયમાં વસે, પોતાના ગુણ—પર્યાયથી બહાર વસ્તુ કાંઈ ન કરે ને વસ્તુના ગુણ—પર્યાને બીજો ન

કરે. આવા ભિન્ન ભિન્ન તત્ત્વાર્થનું શ્રદ્ધાન તે સમ્યગ્દર્શન છે. સમ્યગ્દર્શન થયા પછી શ્રાવકનાં અને મુનિનાં વ્રત વગેરે હોય. સમ્યગ્દર્શન વગર વ્રતાદિ માને તે તો છાર પર લીંપણું જાણો. આત્માની પ્રતીત થયા વગર ક્યાં રહીને વ્રતાદિ કરશે ?

જેમ ગાડા નીચે ચાલતું કૂતરું જાણે કે મારે લઈને ગાડું ચાલે છે, પણ ગાડાના પરિણામમાં તેના દરેક પરમાણુ વર્તી રહ્યા છે, ને કૂતરાના રાગાદિ પરિણામમાં કૂતરું છે. ગાડું અને કૂતરું કોઈ એક બીજાના પરિણામમાં વર્તતા નથી. છતાં કૂતરું મફતનું માને છે કે મારાથી ગાડું ચાલે છે. તેમ પર વસ્તુના પરિણામ સ્વયં તેનાથી થાય છે, તેને દેખીને અજ્ઞાની જીવ મફતનો એમ માને છે પરનાં પરિણામ મારાથી થાય પણ તેમ થતું નથી. દરેક તત્ત્વના પરિણામ સત્ છે. તેમાં બીજો શું કરે ? આવો સ્વતંત્ર વસ્તુનો સ્વભાવ છે. તે જ સર્વજ્ઞ ભગવાને જ્ઞાનમાં જોયો છે. કાંઈ ભગવાને જોયો માટે તેવો વસ્તુનો સ્વભાવ છે એમ નથી, તેમ જે તેવો વસ્તુનો સ્વભાવ છે માટે તેવું ભગવાનને તેનું જ્ઞાન થયું—એમ પણ નથી. જ્ઞેય વસ્તુનો સ્વભાવ સત્ છે ને જ્ઞાન પણ સત્ છે. પ્રથમ આવા સત્ સ્વભાવને સમજો. જે આવા સ્વભાવને સમજે તેણે જ વસ્તુને વસ્તુગતે ઓળખી કહેવાય.

કર્મ—પરિણામમાં પુદ્‌ગલો વર્તે છે, ને આત્માના પરિણામમાં આત્મા વર્તે છે; કોઈ એકબીજાના પરિણામમાં વર્તતા નથી એટલે કર્મો આત્માને રખડાવતાં નથી. પોતાના સ્વતંત્ર પરિણામને ન જાણતાં, કર્મ મને રખડાવે એમ માન્યું છે તે ઊંધી માન્યતાથી જ જીવ રખડી રહ્યો છે. પણ કર્મે તેને રખડાવ્યો નથી; તે રખડવાના પરિણામમાં આત્મા વર્તી રહ્યો છે. સમયે સમયે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય થવાનો દરેક વસ્તુનો સ્વભાવ છે–એ સમજે તો પરિણામી દ્રવ્ય ઉપર દ્રષ્ટિ જાય છે અને દ્રવ્યદ્રષ્ટિમાં સમ્યક્ત્વ ને વીતરાગતાનો ઉત્પાદ થાય છે, તે ધર્મ છે.

જો દ્રવ્યના એક સમયનું સત્ બીજાથી થાય તો તે દ્રવ્યનું વર્તમાન સત્પણું નથી રહેતું; અને વર્તમાન સત્‌નો નાશ થતાં ત્રિકાળી સત્‌નો પણ નાશ થઈ જાય છે, અર્થાત્ વર્તમાન પરિણામને સ્વતંત્ર સત્ માન્યા વિના ત્રિકાળી દ્રવ્યનું સત્પણું સાબિત થતું નથી; માટે દ્રવ્યનું વર્તમાન બીજાથી (નિમિત્તથી) થાય એ માન્યતામાં મિથ્યાત્વ થાય છે, તેમાં સત્‌નો સ્વીકાર આવતો નથી. સત્‌નો તો નાશ થતો નથી પણ જેણે સત્‌ને ઊંધું માન્યું તેની માન્યતામાં સત્‌નો અભાવ થાય છે. ત્રિકાળી સત્ સ્વતંત્ર, કોઈના કર્યા વગરનું છે તેમ જ એકેક સમયનું વર્તમાન સત્ પણ સ્વતંત્ર, કોઈના કર્યા વગરનું છે.–આવા સ્વતંત્ર સત્‌ને ઊંધું–પરાધીન માનવું તે મિથ્યાત્વ છે, તે

જ મોટો અધર્મ છે. લોકો કાળાબજાર વગેરેમાં તો અધર્મ માને છે પણ ઊંધી માન્યતાથી આખા વસ્તુસ્વરૂપને હણી નાખે છે તે ઊંધી માન્યતાના પાપની ખબર નથી. મિથ્યાત્વ તે તો ધર્મનો મોટો કાળો બજાર છે, તે કાળાબજારથી ચોરાશીના અવતારની જેલ મળે છે. સત્‌ને જેમ છે તેમ માને તો મિથ્યાત્વરૂપ કાળાબજારનું મોટું પાપ ટળે ને સાચો ધર્મ થાય. માટે સર્વજ્ઞદેવે કહેલા વસ્તુસ્વભાવને સમજવો જોઈએ.

***

# પ્રસાદ નં. ૩૫

## અહો ! વીતરાગી તાત્પર્ય.

## (પ્રવચનસાર ગાથા : ૯૯ ભાવાર્થ)

(કારતક વદ ૧૨, બુધવાર)

દરેક દ્રવ્ય સદાય સ્વભાવમાં રહે છે તેથી તે સત્ છે. વસ્તુ પોતાના પરિણામમાં વર્તમાન રહેતી હોય તો સત્ રહે ને ? જો વર્તમાન પરિણામમાં ન રહેતી હોય તો વસ્તુ સત્ કઈ રીતે રહે ? ઉત્પાદ-વ્યય-ધ્રુવવાળો પરિણામ તે વસ્તુનો સ્વભાવ છે, ને તે વર્તમાન પરિણામમાં વસ્તુ સદાય વર્તી રહી છે. તેથી તે સત્ છે.

આત્માનું ક્ષેત્ર અસંખ્યપ્રદેશી એક છે, ને તે ક્ષેત્રનો નાનામાં નાનો અંશ તે પ્રદેશ છે. તેમ આખા દ્રવ્યની પ્રવાહ—ધારા એક છે, ને તે પ્રવાહધારાનો નાનામાં નાનો અંશ તે પરિણામ છે.

ક્ષેત્ર અપેક્ષાએ દ્રવ્યનો સૂક્ષ્મ અંશ તે પ્રદેશ છે.

કાળ અપેક્ષાએ દ્રવ્યનો સૂક્ષ્મ અંશ તે પરિણામ છે.

આ તો જ્ઞાયકસ્વભાવની દ્રષ્ટિ કરાવવા માટે વર્ણન છે. પરિણામ પરિણામીમાંથી આવે છે.—એવા પરિણામી દ્રવ્યની દ્રષ્ટિ કર તો તે પરિણામીના આશ્રયે સમ્યગ્દર્શન—જ્ઞાન—ચારિત્ર પરિણામ ઊપજે, ટકે ને વધીને પૂર્ણ થાય.

એકેક પરિણામ પોતાના સ્વકાળમાં ઊપજે છે. પૂર્વ પરિણામથી વ્યયરૂપ છે ને સળંગ પ્રવાહમાં તે ધ્રુવ છે. કેવળજ્ઞાન પરિણામ પોતાના સ્વરૂપ અપેક્ષાએ સ્વકાળે ઉત્પાદરૂપ છે, પૂર્વની અલ્પજ્ઞપર્યાય અપેક્ષાએ તે વ્યયરૂપ છે, ને દ્રવ્યના સળંગ પ્રવાહમાં તો તે કેવળજ્ઞાનપરિણામ ધ્રુવ છે; એ રીતે બધાય પરિણામો પોતપોતના વર્તમાન કાળમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવવાળા છે, ને તે તે વર્તમાન પરિણામમાં વસ્તુ વર્તી રહી છે, એટલે કે વસ્તુ વર્તમાનમાં જ પૂરી છે. એવી વસ્તુની દ્રષ્ટિ કર તો તેના આશ્રયે ધર્મ થાય છે. જ્ઞાની કેવળ જ્ઞાનપર્યાયના કાળને શોધતા નથી (અર્થાત્ તેના ઉપર દ્રષ્ટિ કરતા નથી) કેમ કે તે પર્યાય અત્યારે તો સત્ નથી પણ ભવિષ્યમાં તેના સ્વકાળે તે સત્ છે, માટે જ્ઞાની તો વર્તમાનમાં સત્ એવા ધ્રુવદ્રવ્યને જ શોધે છે (–ધ્રુવ ઉપર દ્રષ્ટિ કરે છે). આ અપેક્ષાએ નિયમસારમાં ઉદય—ઉપશમ—ક્ષયોપશમ ને ક્ષાયિક એ ચારે ભાવોને વિભાવભાવ કહ્યા છે. જે પર્યાય વર્તમાન ઉત્પાદપણે વર્તે છે તે તો અંશ છે;

કેવળજ્ઞાન—પર્યાય પણ અંશ છે—તે વર્તમાન પ્રગટ નથી અને ભવિષ્યમાં પ્રગટ થશે—એમ પરિણામનાકાળ ઉપર જોવાનું નથી રહેતું પણ વર્તમાન પરિણામ વખતે ધ્રુવપણે આખું દ્રવ્ય વર્તી રહ્યું છે તે દ્રવ્યની પ્રતીત કરવાનું આમાં આવે છે. દ્રવ્યની દ્રષ્ટિ થતાં વીતરાગતા થાય છે. શાસ્ત્રોનું તાત્પર્ય વીતરાગતા છે. વીતરાગતાને તાત્પર્ય કહેતાં સ્વભાવની દ્રષ્ટિ કરવી એ જ તાત્પર્ય છે—એમ આવ્યું. કેમ કે વીતરાગતા તો સ્વભાવની દ્રષ્ટિથી જ થાય છે. અંતરમાં દ્રવ્યસ્વભાવ ઉપર લક્ષ રહેતાં વીતરાગતા થઈ જાય છે; આથી ધ્રુવદ્રવ્યસ્વભાવની દ્રષ્ટિ તે જ સર્વસ્વ કાર્યકર થઈ. પર્યાયને શોધવાનું ન રહ્યું એટલે કે પર્યાયની દ્રષ્ટિ ન રહી. ધ્રુવસ્વભાવની દ્રષ્ટિ રાખીને પર્યાયનો જ્ઞાતા રહ્યો, તેમાં વીતરાગતા થતી જાય છે.

વીતરાગતા થાય તે તાત્પર્ય છે, પણ તે વીતરાગતા કેમ થાય ? વીતરાગપર્યાયને શોધતાં (એટલે કે તે પર્યાયની સામે જોતાં) વીતરાગતા નથી થતી પણ ધ્રુવતત્ત્વના આશ્રયે રહેતાં પર્યાયમાં વીતરાગતારૂપ તાત્પર્ય થઈ જાય છે. એ રીતે દ્રવ્ય ઉપર દ્રષ્ટિ થવી તેમાં જ તાત્પર્ય આવી જાય છે. એટલે શાસ્ત્રનું તાત્પર્ય વીતરાગતા છે એમ કહો, કે શાસ્ત્રનું તાત્પર્ય સ્વભાવદ્રષ્ટિ છે એમ કહો, બન્ને એક જ છે. શ્રીમદ્ રાજચંદ્રજીએ કહ્યું છે કે—

**“જિનપદ નિજપદ એકતા, ભેદભાવ નહિ કાંઈ,**
**લક્ષ થવાને તેહનો કહ્યા શાસ્ત્ર સુખદાઈ.”**

જેવો ભગવાનનો આત્મા, તેવો જ પોતાનો આત્મા, તેના સ્વભાવમાં કાંઈ ભેદ નથી. એવા સ્વભાવનું લક્ષ કરવું તે જ શાસ્ત્રોનો સાર છે.

અહીં પરિણામોના ઉત્પાદ-વ્યય-ધ્રુવની વાત ચાલે છે. તેમાંથી વીતરાગી તાત્પર્ય કઈ રીતે નીકળે છે તે બતાવ્યું. પરિણામોનું ધ્રુવપણું તો સળંગ પ્રવાહ અપેક્ષાએ છે. હવે પરિણામોનો પ્રવાહક્રમ એક સાથે તો વર્તતો નથી, એટલે પરિણામોનું ધ્રુવપણું નક્કી કરવા જતાં ધ્રુવસ્વભાવ ઉપર દ્રષ્ટિ જાય છે. ધ્રુવસ્વભાવની દ્રષ્ટિ વગર પરિણામના ઉત્પાદ-વ્યય-ધ્રુવ નક્કી થઈ ન શકે. પરિણામને ધ્રુવ ક્યારે કહ્યો ?—કે પરિણામોના આખા પ્રવાહની અપેક્ષાએ તેને ધ્રુવ કહ્યો; આખો પ્રવાહ એક સમયમાં પ્રગટી જતો નથી એટલે પરિણામની ધ્રુવતા નક્કી કરવા જનારની દ્રષ્ટિ એકેક પરિણામ ઉપરથી ખસીને ધ્રુવ દ્રવ્ય ઉપર ગઈ. પરિણામ ઉપરની દ્રષ્ટિથી (–પર્યાયદ્રષ્ટિથી) પરિણામની ધ્રુવતા નક્કી નહિ થાય. પરિણામોનો સળંગ પ્રવાહ કાંઈ એક જ પરિણામમાં તો નથી, એટલે સળંગની—ત્રિકાળી

દ્રવ્યની-ધ્રુવસ્વભાવની દ્રષ્ટિ થયા વગર પરિણામના ઉત્પાદ-વ્યય-ધ્રુવ પણ ખ્યાલમાં આવે તેમ નથી.

વસ્તુ એક સમયમાં પૂરી છે; તેના પરિણામમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવપણું છે. તે ઉત્પાદ-વ્યય-ધ્રુવપણું નક્કી કરતાં દ્રવ્ય ઉપર જ દ્રષ્ટિ જાય છે. વર્તમાન પરિણામથી ઉત્પાદ છે, પૂર્વ પરિણામથી વ્યય છે ને ધ્રુવ તો સળંગ પ્રવાહ અપેક્ષાએ છે. એટલે સળંગ પ્રવાહની દ્રષ્ટિમાં જ ધ્રુવસ્વભાવ ઉપર દ્રષ્ટિ ગઈ અને ત્યારે જ પરિણામના ઉત્પાદ-વ્યય-ધ્રુવ નક્કી થયા.

આમાં પુરુષાર્થ ક્યાં કામ કરે છે ?—કે આમ નક્કી કર્યું ત્યાં પુરુષાર્થ દ્રવ્યસન્મુખ જ કામ કરવા માંડ્યો, ને વીતરાગતા જ થવા માંડી. પરિણામ તેના સ્વકાળમાં થાય છે તે તો થયા જ કરે છે પણ તેમ નક્કી કરનારની દ્રષ્ટિ ધ્રુવ ઉપર પડી છે. દ્રવ્યદ્રષ્ટિ થયા વગર આ વાત બેસે તેવી નથી.

આ જ્ઞેયઅધિકારમાં એકલા પરપ્રકાશકની વાત નથી, પણ સ્વસન્મુખ સ્વપ્રકાશક સહિત પરપ્રકાશકની વાત છે. જ્યાં પોતના ધ્રુવસ્વભાવની સન્મુખતાથી સ્વપ્રકાશક થયો ત્યાં આખા જગતના બધા પદાર્થો પણ આવા જ છે—એવું પર પ્રકાશકપણું પણ જ્ઞાનમાં ખીલી જ જાય છે. દ્રવ્ય પણ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યાત્મક છે. તે ઉત્પાદ-વ્યય-ધ્રુવ ક્યારે નક્કી થાય ? જ્ઞાયક ચૈતન્યદ્રવ્યની યથાર્થરુચિ અને તે તરફ વલણ થતાં બધું નક્કી થઈ જાય છે. જેમ સ્વના જ્ઞાનસહિત જ પરનું સાચું જ્ઞાન થાય છે, તેમ ધ્રુવની દ્રષ્ટિથી જ ઉત્પાદ-વ્યયનું સાચું જ્ઞાન થાય છે.

વસ્તુસ્વરૂપ એવું છે કે ક્યાંય પર ઉપર તો જોવાનું નથી, ને પોતાની એકલી પર્યાય સામે પણ જોવાનું નથી; વિકલ્પ ટાળીને નિર્વિકલ્પતા કરું —એવા લક્ષે નિર્વિકલ્પતા થતી નથી પણ ધ્રુવના લક્ષે નિર્વિકલ્પતા થઈ જાય છે. એટલે પર્યાયના ઉત્પાદ-વ્યયની સામે પણ જોવાનું નથી. પર્યાયોના પ્રવાહક્રમમાં દ્રવ્ય વર્તી રહ્યું છે. કઈ પર્યાય વખતે આખું દ્રવ્ય નથી ?—જ્યારે જુઓ ત્યારે દ્રવ્ય આખે આખું વર્તમાનમાં છે; એવા દ્રવ્યની સન્મુખતા થતાં પ્રવાહક્રમ નક્કી થાય છે. પછી તે પ્રવાહનો ક્રમ ફેરવવાની બુદ્ધિ રહેતી નથી પણ જ્ઞાતાપણાનો જ અભિપ્રાય રહે છે. ત્યાં તે **<u>પ્રવાહક્રમ એમ ને એમ રહી જાય છે ને દ્રવ્યદ્રષ્ટિ થઈ જાય છે. તે દ્રવ્યદ્રષ્ટિમાં ક્રમે ક્રમે વીતરાગી પરિણામોનો જ પ્રવાહ ઊગ્યા કરશે. આવો આ ૯૯મી ગાથાનો સાર છે.</u>**

અહો ! અપાર વસ્તુ છે, કેવળજ્ઞાનનો ખજાનો ભર્યો છે. તેમાંથી જેટલું રહસ્ય કાઢો તેટલું નીકળે તેમ છે. અંદર ડોકિયું કરે તો પાર આવે તેવું છે.

*

અહો ! આચાર્ય ભગવંતોએ અમૃતનાં ઢાંકણાં ખોલી નાખ્યાં છે—અમૃતનો પ્રવાહ રેલાવ્યો છે.

સામાન્યમાંથી વિશેષ થાય છે એમ કહો,

વસ્તુ ઉત્પાદ-વ્યય-ધ્રુવયુક્ત છે એમ કહો કે

દ્રવ્યમાંથી ક્રમબદ્ધપર્યાયની પ્રવાહધારા વહે છે. એમ કહો—એનો નિર્ણય કરવામાં ધ્રુવસ્વભાવ ઉપર જ દ્રષ્ટિ જાય છે. ધ્રુવસ્વભાવની રુચિમાં જ સમ્યક્ત્વ અને વીતરાગતા થાય છે. આ તો અંતરરુચિની ને અંતર્દૃષ્ટિની ચીજ છે, માત્ર શાસ્ત્રની પંડિતાઈની આ ચીજ નથી.

આ વસ્તુના સમય સમયના પરિણામમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવની સૂક્ષ્મ વાત છે. કુંભાર ઘડો ન કરે ને કર્મો જીવને વિકાર ન કરાવે—એ તો ઠીક પણ આ તો તેનાથી પણ સૂક્ષ્મ વાત છે. સર્વજ્ઞતામાં જણાયેલો વસ્તુસ્વભાવનો એકદમ સૂક્ષ્મ નિયમ અહીં બતાવી દીધો છે. માટી પોતે પિંડદશાનો નાશ થઈને ઘડા દશાપણે ઊપજે છે ને માટીપણાના પ્રવાહ અપેક્ષાએ તે ધ્રુવ છે. તેમ બધાય પદાર્થો ઉત્પાદ-વ્યય-ધ્રુવસ્વભાવવાળાં છે.—આવો ઉત્પાદ-વ્યય-ધ્રુવસ્વભાવ સમજતાં પોતાને પર સામે જોવાનું રહેતું નથી; કેમ કે પરના ઉત્પાદ-વ્યય-ધ્રુવને પોતે કરતો નથી ને પોતાના ઉત્પાદ-વ્યય-ધ્રુવ પરથી થતા નથી, તેથી પોતાના ઉત્પાદ-વ્યય-ધ્રુવને માટે ક્યાંય પર સામે જોવાનું નથી રહેતું પણ પોતાની સામે જ જોવાનું રહે છે. હવે પોતે પોતાના પરિણામને જોવા જતાં જ્ઞાન અંતરમાં પરિણામીસ્વભાવ તરફ વળે છે, ને તે પરિણામીના આધારે વીતરાગી પરિણામનો પ્રવાહ નીકળ્યા કરે છે. એ રીતે, ધ્રુવના આશ્રયે વીતરાગી પરિણામનો પ્રવાહ નીકળ્યા કરે—તેની આ વાત છે.

આત્મા બીજાનું કાંઈ કરી શકતો નથી એમ કહેતાં જ બીજા કોઈ સામે જોવાનું રહેતું નથી, પણ પોતાની સામે જોવાનું આવે છે. પોતામાં, પોતાના પરિણામ પોતાથી થાય છે—એમ નક્કી કરતાં અંદરમાં જ્યાંથી પરિણામની ધારા વહે છે એવા ધ્રુવદ્રવ્ય સામે જોવાનું રહ્યું ને ધ્રુવ સામે જોતાં જ (–ધ્રુવસ્વભાવની દ્રષ્ટિ થતાં જ) સમ્યક્ પર્યાયનો ઉત્પાદ થાય છે. જો ધ્રુવ સામે ન જુએ તો પર્યાયદ્રષ્ટિમાં મિથ્યા પર્યાયનો ઉત્પાદ થાય છે. માટે વસ્તુના આવા ઉત્પાદ-વ્યય-ધ્રુવ સ્વભાવને સમજતાં ધ્રુવસ્વભાવની દ્રષ્ટિથી સમ્યક્—વીતરાગી પર્યાયનો ઉત્પાદ થાય—તે જ સર્વનું તાત્પર્ય છે.

**ગાથા ૯૯ સમાપ્ત.** ***

# પ્રસાદ નં ૩૬

## ઉત્પાદ વ્યય ધ્રુવ સ્વભાવ

## (પ્રવચનસાર ગાથા : ૧૦૦)

(કારતક વદ ૧૩, ગુરુવાર)

૯૯ મી ગાથામાં વસ્તુના ઉત્પાદ-વ્યય-ધ્રુવસ્વભાવને અલૌકિક રીતે સિદ્ધ કર્યો. હવે તે ઉત્પાદ-વ્યય-ધ્રુવ એકબીજા વગર હોતા નથી, પણ એક સાથે જ ત્રણે હોય છે—એ વાતને ૧૦૦મી ગાથામાં દ્રઢ કરે છે.

**ઉત્પાદ ભંગ વિના નહિ, સંહાર સર્ગ વિના નહિ;**
**ઉત્પાદ તેમ જ ભંગ, ધ્રૌવ્ય—પદાર્થ વિણ વર્તે નહિ. ૧૦૦.**

ઉત્પાદ ભંગ વિનાનો હોતો નથી; ભંગ ઉત્પાદ વિનાનો હોતો નથી અને ઉત્પાદ તેમ જ ભંગ એ બંને, ધ્રુવ પદાર્થ વિના હોતા નથી.

વસ્તુના સમય સમયના પરિણામમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવની આ વાત છે. આત્માના સમ્યક્ત્વનો ઉત્પાદ મિથ્યાત્વના વ્યય વગર હોતો નથી. મિથ્યાત્વનો નાશ સમ્યક્ત્વના ઉત્પાદ વગર હોતો નથી. અને સમ્યક્ત્વનો ઉત્પાદ તથા મિથ્યાત્વનો વ્યય—એ બંને, આત્માની ધ્રુવતા વગર હોતા નથી. આત્મા વસ્તુમાં સમ્યક્ત્વનો ઉત્પાદ, મિથ્યાત્વનો વ્યય અને સળંગ પ્રવાહ અપેક્ષાએ આત્માની ધ્રુવતા છે. એ પ્રમાણે દરેક વસ્તુમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ ત્રણે સાથે જ હોય છે.

આત્મામાં સાચી સમજણનો ઉત્પાદ થાય ને ભ્રમણાનો વ્યય ન થાય—એમ ન બને. સ્વભાવની સાચી સમજણ અત્યારે થાય ને ભ્રમણા પછી ટળે—એમ બનતું નથી. સ્વભાવની રુચિ થાય ને પરની રુચિ ન ટળે એમ બને નહિ. મિથ્યાત્વના વ્યય વગર સમ્યક્ત્વનો ઉત્પાદ હોતો નથી. સંસારદશાના નાશ વગર સિદ્ધદશાનો ઉત્પાદ હોતો નથી. સિદ્ધદશાનો ઉત્પાદ તે સંસારદશાના વ્યયસ્વરૂપ છે. સ્વભાવની રુચિનો ઉત્પાદ થતાં પુણ્ય—પાપની રુચિનો વ્યય થાય છે એટલે જે સમ્યક્ રુચિનો ઉત્પાદ છે તે જ મિથ્યારુચિનો વ્યય છે અને બધાય પરિણામ વખતે દ્રવ્ય અપેક્ષાએ ધ્રુવતા છે. આ પ્રમાણે વસ્તુમાં દરેક સમયે ઉત્પાદ-વ્યય-ધ્રુવ એક સાથે જ હોય છે. ઉત્પાદ, વ્યય અને ધ્રુવ એકબીજા વગર હોતાં નથી.

દ્રવ્યના જે પરિણામમાં સમ્યક્ત્વનો ઉત્પાદ છે તે જ પરિણામમાં મિથ્યાત્વનો વ્યય છે. સમ્યક્ શ્રદ્ધાપણે દ્રવ્યનો જે ઉત્પાદ છે તે જ મિથ્યાત્વપણે વિનાશ છે; એ રીતે જે ઉત્પાદ છે તે જ વ્યય છે. જે વખતે જે

પરિણામ ઉત્પાદરૂપ છે તે વખતે તો તે ઉત્પાદરૂપ જ છે તે પોતે કાંઈ વ્યયરૂપ નથી, પણ પૂર્વપરિણામ અપેક્ષાએ તે વ્યયરૂપ છે. એકને એક અપેક્ષાએ એક પરિણામમાં ઉત્પાદ-વ્યય ન કહેવાય. વર્તમાન પરિણામ અપેક્ષાએ દ્રવ્યનો જે ઉત્પાદ છે તે જ પૂર્વપરિણામ અપેક્ષાએ દ્રવ્યનો વ્યય છે અને દ્રવ્યપણાની અપેક્ષાએ દ્રવ્ય ધ્રુવ છે—એ રીતે દ્રવ્યના ઉત્પાદ-વ્યય ને ધ્રુવ ત્રણે ભિન્ન ભિન્ન નથી પણ અવિનાભાવી છે.

અહીં ઉત્પાદ-વ્યય ને ધ્રુવ ત્રણેનું અવિનાભાવીપણું કહીને દ્રવ્ય અપેક્ષાએ એકતા બતાવે છે ને ૧૦૨ મી ગાથામાં ઉત્પાદ-વ્યય-ધ્રુવને સમયભેદ નથી એમ કહીને કાળ અપેક્ષાએ તેમની એકતા બતાવશે. અહીં કહે છે કે જે ઉત્પાદ છે તે જ વ્યય છે ને જે ઉત્પાદ-વ્યય છે તે જ સ્થિતિ છે. ગાથા ૧૦૨માં કહેશે કે જે ક્ષણે ઉત્તરપર્યાયનો ઉત્પાદ છે તે જ ક્ષણે પૂર્વ પર્યાયનો વ્યય છે ને તે જ ક્ષણે દ્રવ્યપણાની ધ્રુવતા છે.

પરિણામ પરિણામીના છે; પરિણામીને જોયા વિના પરિણામને જોવાય નહિ. પરિણામના ઉત્પાદ-વ્યય-ધ્રુવને જોનારની દ્રષ્ટિ પરિણામી દ્રવ્ય ઉપર જાય છે અને દ્રવ્યદ્રષ્ટિમાં વીતરાગી તાત્પર્ય સિદ્ધ થઈ જાય છે.

દરેક પદાર્થ સત્ છે, તે પદાર્થ પોતે પોતાના ઉત્પાદ-વ્યય-ધ્રુવને કરે છે, બીજો કોઈ પદાર્થ તેના ઉત્પાદ-વ્યય-ધ્રુવને કરતો નથી. કુંભાર ઘડાની ઉત્પત્તિ કરે એ તો વાત જ નથી કેમ કે ઘડો તે માટીનો ઉત્પાદ છે, તેમાં માટી વર્તે છે, કાંઈ કુંભાર તેમાં નથી વર્તતો. કુંભારના ઉત્પાદ-વ્યય-ધ્રુવ કુંભારમાં છે, ને ઘડો વગેરેના ઉત્પાદ-વ્યય-ધ્રુવ માટીમાં છે. ઘડાની રચનાપણે કોણ ઊપજ્યું ?–માટી કે કુંભાર ? ઘડાની રચનાપણે માટી જ ઊપજી છે, કુંભાર કાંઈ ઘડાની રચનાપણે નથી ઊપજ્યો. કુંભાર ન હોય તો ઘડો ન થાય એમ અહીં કુંભાર અને ઘડાનું અવિનાભાવીપણું નથી લીધું, કેમ કે તે તો બંને સ્વતંત્ર સત્ છે. અહીં તો, માટીમાં ઘડાની ઉત્પત્તિ પિંડના વ્યય વગર હોય નહિ એમ કહીને સત્‌માં ઉત્પાદ-વ્યય-ધ્રુવનું અવિનાભાવીપણું બતાવે છે. એ પ્રમાણે જગતના બધા સત્ પદાર્થોમાં પોતાના ઉત્પાદ-વ્યય ને ધ્રુવ એકબીજા વગર હોતા નથી. પરંતુ પરની સાથે તો તેને કાંઈ સંબંધ નથી.

આ તો સમય સમયના ઉત્પાદ-વ્યય-ધ્રુવની સૂક્ષ્મ વાત છે. વસ્તુના ઉત્પાદ-વ્યય-ધ્રુવ સ્વભાવને સમજતાં, પોતાને પર સામે જોવાનું રહેતું નથી; પોતે પોતાના પરિણામને જોવા જતાં જ્ઞાન અંતરમાં પરિણામીસ્વભાવ તરફ વળે છે ને તે પરિણામી ધ્રુવદ્રવ્યના આશ્રયે વીતરાગીપરિણામોનો પ્રવાહ થયા કરે છે.

દરેક દ્રવ્ય પોતે જ સત્ છે એટલે તેના સ્વભાવથી જ તે ઉત્પાદ-વ્યય-ધ્રુવવાળું છે.–આમ નક્કી કર્યું ત્યાં, એક દ્રવ્ય બીજા દ્રવ્યમાં કાંઈ ન કરી શકે એ વાત પણ આવી જ ગઈ. આત્મા બીજાનું કાંઈ કરી શકતો નથી એમ સમજતાં જ બીજાની સામે જોવાનું રહેતું નથી પણ પોતાના દ્રવ્ય સામે જોવાનું આવે છે. પરની સામે જોઈને હું પરનું કરી શકતો નથી–એમ યથાર્થ ન માની શકાય, પણ પરની સન્મુખતાથી ખસીને પોતાના તરફ વળે ત્યારે જ પરનું હું નથી કરી શકતો–એમ ખરેખર માન્યું કહેવાય. પરનું હું નથી કરતો ને મારા પરિણામને પર નથી કરતું, તો મારા પરિણામને કોણ કરેછે ?–ક્યાંથી પરિણામો આવે છે ? –એમ નક્કી કરતાં અંદરમાં જ્યાંથી પરિણામ આવે છે એવા ધ્રુવ સામે જોવાનું રહ્યું. એટલે, પોતાના પરિણામ પોતાથી જ થાય છે–એમ માનનારની દ્રષ્ટિ ધ્રુવ દ્રવ્ય ઉપર પડી છે. ધ્રુવ સામે જોતાં જ સમ્યક્ પર્યાયનો ઉત્પાદ થાય છે ને તે ઉત્પાદ મિથ્યાપર્યાયના વ્યયસ્વરૂપ છે. જો ધ્રુવ સામે ન જુએ તો મિથ્યાપર્યાયનો ઉત્પાદ થાય છે. વસ્તુસ્વભાવ સમજતાં ધ્રુવસ્વભાવની દ્રષ્ટિથી સમ્યક્–વીતરાગી પર્યાયોનો ઉત્પાદ થાય તે જ તાત્પર્ય છે.

*

દરેક પર્યાય સમયે સમયે ઉત્પાદ-વ્યય-ધ્રુવસ્વરૂપ છે; જો તે ઉત્પાદ-વ્યય-ધ્રુવ ત્રણેને એક સાથે જ ન માનો તો વસ્તુ જ સિદ્ધ થતી નથી. વસ્તુના પોતાના ઉત્પાદ-વ્યય ને ધ્રુવ એકબીજા વગર ન હોય, પણ પર વસ્તુના ઉત્પાદ-વ્યય-ધ્રુવની સાથે તેને કાંઈ સંબંધ નથી–આમ સમજે તો પર સાથેના કર્તાપણાની માન્યતા છૂટી જાય ને પોતાના સમય સમયના પરિણામની સ્વતંત્રતા માને અને સમય સમયના પરિણામ પરિણામી દ્રવ્યમાંથી આવે છે એટલે પરિણામી દ્રવ્ય ઉપર દ્રષ્ટિ જતાં સમ્યક્ત્વનો ઉત્પાદ તથા મિથ્યાત્વનો વ્યય થઈ જાય છે. તે ધર્મ છે–એ રીતે ધર્મની આ વાત ચાલે છે.

ઉત્પાદ વ્યય વગર હોતો નથી. વ્યય ઉત્પાદ વગર હોતો નથી.

ઉત્પાદ અને વ્યય ધ્રુવ વગર હોતા નથી. ધ્રુવ ઉત્પાદ અને વ્યય વગર હોતું નથી.

**જે ઉત્પાદ છે તે જ વ્યય છે. જે વ્યય છે તે જ ઉત્પાદ છે.**

જે ઉત્પાદ અને વ્યય તે જ ધ્રુવ છે. જે ધ્રુવ છે તે જ ઉત્પાદ અને વ્યય છે.

–એ પ્રમાણે વસ્તુમાં ઉત્પાદ-વ્યય ને ધ્રુવ ત્રણે એક સાથે જ હોય છે. કઈ રીતે ? તે બતાવવા માટે અહીં માટીનું દ્રષ્ટાંત આપે છે.

માટીમાં જે ઘડાનો ઉત્પાદ છે તે જ પૂર્વની પિંડદશાનો વ્યય છે; જે પિંડનો વ્યય છે તે જ ઘડાનો ઉત્પાદ છે; જે ઘડાનો ઉત્પાદ ને પિંડનો વ્યય છે તે જ માટીની ધ્રુવતા છે; અને જે માટીની ધ્રુવતા છે તે જ ઘડાનો ઉત્પાદ અને પિંડનો વ્યય છે.–એ રીતે દરેક દ્રવ્યમાં ઉત્પાદ-વ્યય ને ધ્રુવ એક સાથે જ વર્તી રહ્યાં છે.

અહીં આચાર્યદેવ તે વાત વિસ્તારથી સમજાવે છે.

## (૧) જે ઉત્પાદ છે તે જ વ્યય છે.

માટીમાં ઘટ અવસ્થાનો જે ઉત્પાદ છે તે જ પિંડ અવસ્થાનો વ્યય છે. કારણ કે ભાવનું ભાવાંતરના અભાવ સ્વભાવે અવભાસન છે. ભાવનું એટલે કે વર્તમાન ઉત્પાદનું, ભાવાંતરના એટલે કે પૂર્વ પર્યાયના, અભાવ સ્વભાવે એટલે કે વ્યયરૂપે અવભાસન થાય છે–જણાય છે; એક ભાવની ઉત્પત્તિ થઈ તે તેની પહેલાંના ભાવનો નાશ થઈને થાય છે. અહીં એ ધ્યાન રાખવું કે વર્તમાનપર્યાયનો ઉત્પાદ તે વર્તમાન પર્યાયના જ વ્યયરૂપ નથી, પણ વર્તમાન પર્યાયનો ઉત્પાદ તે પૂર્વ પર્યાયના વ્યયરૂપ છે. મોક્ષભાવનો ઉત્પાદ થયો તે સંસારભાવના અભાવસ્વરૂપ છે. સમ્યગ્જ્ઞાનરૂપ ભાવ પ્રગટ્યો તે અજ્ઞાનભાવના અભાવસ્વરૂપે છે; જ્ઞાન પર્યાયનો ઉત્પાદ થાય અને તેમાં પૂર્વની અજ્ઞાનપર્યાય પણ રહે–એમ કદી બનતું નથી. દરેક પરિણામ ઉત્પાદ-વ્યય-ધ્રુવસ્વરૂપ છે.

આ પ્રમાણે એકેક સમયના દરેક પરિણામના ઉત્પાદ-વ્યય-ધ્રુવની સ્વતંત્રતાને સમજે તો સમયસમયના પરિણામના ઉત્પાદ-વ્યય-ધ્રુવનો આધાર જે દ્રવ્ય છે તે દ્રવ્ય ઉપર રુચિ જાય છે, તેની આ વાત છે.

કોઈ માણસ એમ કહે કે અમુક માણસ પહેલાં મારું નહોતો માનતો અને હવે માને છે. તો ત્યાં તે માણસમાં માનવાની પર્યાયનો ભાવ થયો, તેમાં નહિ માનવાના ભાવનો અભાવ થયો અને માણસપણે તે ધ્રુવ રહ્યો. એ રીતે વસ્તુમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ ત્રણે એકબીજાની સાથે જ હોય છે.

એક પદાર્થના ઉત્પાદ-વ્યયને લીધે બીજા પદાર્થની પર્યાયના ઉત્પાદ-વ્યય થાય–એમ નથી. પુદ્ગલમાં મિથ્યાત્વ કર્મનો વ્યય થયો માટે અહીં જીવની પર્યાયમાં મિથ્યાત્વ ટળ્યું–એમ નથી. પણ પોતાની પર્યાયમાં સમ્યક્ત્વનો ઉત્પાદ થયો તે જ મિથ્યાત્વના વ્યયસ્વરૂપ છે; સમ્યક્ત્વનો ઉત્પાદ મિથ્યાત્વના વ્યય વિના હોતો નથી. એક સાથે બે અવસ્થા રહેતી

નથી, પણ બીજી અવસ્થા થતાં પહેલી અવસ્થાનો અભાવ થઈ જાય છે. સિદ્ધપર્યાય થાય ને સંસારપર્યાય પણ રહે એમ ન બને, પણ સિદ્ધપર્યાય થતાં સંસારપર્યાયનો તે જ વખતે વ્યય થઈ જાય છે. વીતરાગપર્યાય થાય ને રાગપર્યાય પણ રહે–એમ ન બને. વીતરાગપર્યાયમાં રાગપર્યાયનો અભાવ છે.

કોઈ કહે કે–થોડોક રાગ ને થોડીક વીતરાગતા એમ તો સાધકને બને છે ? તો તેનું સમાધાન : ત્યાં ઉત્પાદરૂપ પર્યાય એક જ છે, ને તે પર્યાયમાં પૂર્વની પર્યાયનો અભાવ છે. એકલી રાગપર્યાય લ્યો તો તે રાગપર્યાયમાં પણ તેની પહેલાંના રાગનો તો અભાવ જ છે. જે નવી પર્યાય ઉત્પન્ન થઈ તે પૂર્વ પર્યાયનો વ્યય થઈને થઈ છે; એટલે કે વર્તમાન પર્યાયનો ઉત્પાદ પૂર્વ પર્યાયના વ્યયસ્વરૂપ છે.

સ્વભાવની રુચિ ઉત્પન્ન થતાં વિભાવની રુચિ ટળી જ જાય છે. એ પ્રમાણે બીજા ભાવનો ઉત્પાદ પહેલા ભાવના વ્યય વગર હોતો નથી. સ્વભાવની સમ્યક્ રુચિના ઉત્પાદ વખતે તેની સાથે આસક્તિના રાગનો ઉત્પાદ હોઈ શકે, પણ તેની સાથે વિકારની રુચિનો પણ ઉત્પાદ ભેગો ન હોઈ શકે. રુચિ તો સમ્યક્ત્વગુણની પર્યાય છે ને આસક્તિનો રાગ તે તો ચારિત્રગુણની પર્યાય છે–એમ ગુણભેદ છે; ને દરેક ગુણનો ઉત્પાદ સ્વતંત્ર છે; માટે પરિણામના ઉત્પાદમાં સ્વભાવની રુચિ અને આસક્તિનો રાગ–એ બંને તો સાધકને એક સાથે હોઈ શકે; પણ સમ્યક્રુચિ અને મિથ્યારુચિ–એમ એક જ ગુણની બે પર્યાયો એક સાથે ઉત્પાદરૂપ ન હોય પણ એકનો વ્યય થઈને બીજી પર્યાયનો ઉત્પાદ થાય છે. સમ્યક્ત્વગુણની પર્યાયમાં સવળી રુચિ અને ઊંધી રુચિ એ બંનેનો ઉત્પાદ એક સાથે ન હોય, પણ ઊંધી રુચિના વ્યયપૂર્વક સવળી રુચિનો ઉત્પાદ હોય છે. આ રીતે એકનો ઉત્પાદ તે બીજાનો (-પૂર્વનો) વ્યય છે. માટીમાં ઘડારૂપ અવસ્થાની જે ઉત્પત્તિ છે તે જ પિંડરૂપ અવસ્થાનો વિનાશ છે. ઘડાની ઉત્પત્તિ અને પિંડનો વિનાશ–એ બંને જુદા જુદા નથી. એટલે, પછીની પર્યાયનો જે ઉત્પાદ છે તે પહેલાંની પર્યાયના વ્યયસ્વરૂપ જ છે.

આ રીતે, ઉત્પાદ સાથે વ્યયનું અવિનાભાવીપણું બતાવીને પહેલો બોલ કહ્યો.

હવે બીજા બોલમાં, વ્યય સાથે ઉત્પાદનું અવિનાભાવીપણું બતાવે છે.

## (૨) જે વ્યય છે તે જ ઉત્પાદ છે.

વ્યય ઉત્પાદ વિના હોતો નથી. પૂર્વની પર્યાયનો વ્યય નવી પર્યાયના ઉત્પાદ વગરનો હોય નહિ. પહેલી પર્યાયનો વ્યય તે બીજી પર્યાયના ઉત્પાદસ્વરૂપ છે. માટીના પિંડનો જે વ્યય છે તે જ ઘડાનો ઉત્પાદ છે. કોઈ કહે કે આત્મામાંથી અજ્ઞાનનો નાશ તો થયો છે પણ હજી સાચું જ્ઞાન પ્રગટ્યું નથી–તો તેની એ વાત ખોટી છે; તેણે વસ્તુના ઉત્પાદ-વ્યય-ધ્રુવસ્વભાવને જાણ્યો નથી.

આ ઉત્પાદ-વ્યય-ધ્રુવસ્વભાવના નિર્ણયમાં તો સમયસમયના ઉપાદાનની સ્વતંત્રતાનું જ્ઞાન છે. અહીં ઘડો થવાની વાતમાં કુંભારને તો યાદ પણ કર્યો નથી; કેમ કે અહીં વસ્તુસ્વભાવની વાત છે, તેથી ઘડો માટીના ઉત્પાદસ્વભાવથી થાય છે એ જ વાત લીધી. આમ ઉપાદાનની સ્વતંત્રતાને જાણે તો જ સંયોગરૂપ નિમિત્તને જાણી શકે.

જો પોતાને જોવાની આંખ ઊઘડે તો પછી બીજાને જોઈ શકે,

તેમ જો ઉપાદાનને ઓળખે તો જ નિમિત્તને ઓળખે;

સ્વપ્રકાશક જ્ઞાન થાય તો જ તે પરને જાણી શકે;

સ્વભાવને જાણે તો જ સંયોગને જાણી શકે;

દ્રવ્ય તરફ વળે તો જ પર્યાયને જાણી શકે,

નિશ્ચયને જાણે તો જ વ્યવહારનું સાચું જ્ઞાન થાય.

–એક સિદ્ધાંતમાં આ બધાય બોલ સમાઈ જાય છે.

પહેલા બોલમાં ઉત્પાદ વ્યય વિના હોતો નથી–એમ કહ્યું.

બીજા બોલમાં વ્યય ઉત્પાદ વિના હોતો નથી–એમ કહ્યું.

મિથ્યાશ્રદ્ધાનો નાશ થયો છે પણ હજી નિઃશંકતા થઈ નથી એમ ન બને; કેમ કે મિથ્યાશ્રદ્ધાનો નાશ નિઃશંકતાની ઉત્પત્તિ વગર હોતો નથી. જે ક્ષણે પરની રુચિ ગઈ તે જ ક્ષણે સ્વની રુચિ થઈ. અલ્પજ્ઞતાનો અભાવ તે સર્વજ્ઞતાના ઉત્પાદરૂપ છે.–એ પ્રમાણે એકનો વ્યય બીજાના ઉત્પાદસહિત જ હોય છે. નાસ્તિ અપેક્ષાએ મિથ્યાત્વનો વ્યય અને અસ્તિ અપેક્ષાએ સમ્યક્ત્વની ઉત્પત્તિ; એકની નાસ્તિ થઈ તે બીજા ભાવની અસ્તિ બતાવે છે. માટીમાં પિંડ અવસ્થા ટળી અને ત્યારપછીની ઘડારૂપ અવસ્થા થઈ, એ બંને વચ્ચે ભેદ નથી; એક ભાવનો અભાવ તે ત્યારપછીના ભાવની ઉત્પત્તિવાળો છે. બીજા ભાવની ઉત્પત્તિ વગરનો વિનાશ હોતો નથી. એટલે કર્મનો નાશ થાય તો મિથ્યાત્વભાવ ટળે–એમ કર્મ સામે જોવાનું ન રહ્યું પણ

પોતાની પર્યાયમાં સમ્યક્ત્વના ઉત્પાદ વગર મિથ્યાત્વનો વ્યય નથી–એટલે પોતાના પરિણામમાં જોવાનું આવ્યું.

ઉત્પાદ વ્યય વિના નહિ ને વ્યય ઉત્પાદ વિના નહિ. પછીના ભાવનો જે ઉત્પાદ છે તે જ પહેલાંના ભાવનો વિનાશ છે; ને પહેલાંના ભાવનો જે વિનાશ છે તે જ પછીના ભાવનો ઉત્પાદ છે.–એ પ્રમાણે બે પ્રકારથી ઉત્પાદ-વ્યયનું અવિનાભાવીપણું બતાવ્યું. હવે ઉત્પાદ-વ્યય સાથે ધ્રુવનું અવિનાભાવીપણું બતાવે છે.

## (૩) જે ઉત્પાદ અને વ્યય છે તે જ ધ્રુવ છે.

માટીમાં પિંડનો વ્યય અને ઘડાનો ઉત્પાદ થાય છે તે જ માટીની સ્થિતિ છે. કારણ કે વ્યતિરેકો દ્વારા જ અન્વય પ્રકાશે છે. વ્યતિરેકો એટલે ઉત્પાદ-વ્યય અને અન્વય એટલે ધ્રુવ. પિંડના વ્યયથી ને ઘડાના ઉત્પાદથી માટીનું સદ્રશ હોવાપણું જણાય છે. પિંડ અવસ્થા મટીને ઘડો થયો પણ માટી દેખાતી નથી–એમ ન બને. માટીની ધ્રુવતા વિના ઘડાની ઉત્પત્તિ અને પિંડનો વ્યય શેમાં થાય ? ધ્રુવતા વગર ઉત્પાદ-વ્યય થઈ શકતા નથી.

અહીં તો કહ્યું કે ઉત્પાદ-વ્યય દ્વારા તે પદાર્થની ધ્રુવતા પ્રકાશે છે. ઘડાના ઉત્પાદ વડે માટીની ધ્રુવતા પ્રકાશે છે, પણ ઘડાના ઉત્પાદ વડે કુંભારે ઘડો કર્યો–એમ પ્રકાશતું નથી. પુદ્‌ગલમાં કર્મ અવસ્થાનો વ્યય અને બીજી અવસ્થાનો ઉત્પાદ થાય તે દ્વારા પુદ્‌ગલપરમાણુનું ધ્રુવપણું જણાય છે. તેના દ્વારા આત્માનો ભાવ જણાતો નથી.

આત્મામાં મિથ્યાત્વનો વ્યય અને સમ્યક્ત્વનો ઉત્પાદ થયો તે દ્વારા આત્માની ધ્રુવતા જણાય છે, પણ કર્મનો નાશ થયો તે દ્વારા આત્માની ધ્રુવતા જણાતી નથી

દરેક વસ્તુમાં પોતાના ઉત્પાદ-વ્યય-ધ્રુવ એક સાથે જ હોય છે.–આ સમજે તો પદાર્થનું ભેદજ્ઞાન થઈ જાય છે, અને ક્યાંય પરમાં ઘાલમેલ કરવાનું મિથ્યા–અભિમાન ટળી જાય છે.

વસ્તુમાં ઉત્પાદ-વ્યય ને ધ્રુવ એ ત્રણે એક સાથે છે : પૂર્વપર્યાયથી વ્યયરૂપ, વર્તમાન પર્યાયપણે ઉત્પાદરૂપ અને પહેલા–પછીના સળંગ પ્રવાહમાં દ્રવ્યપણાની ધ્રુવતા છે. ઉત્પાદ અને વ્યય બંનેનો સમય ભિન્ન નથી પણ એકનો વ્યય તે બીજાનો ઉત્પાદ છે–એમ તેમનામાં વ્યતિરેકપણું છે ને તે વ્યતિરેકોમાં અન્વયપણે રહેલું દ્રવ્ય ધ્રુવ છે. આ તે જ છે એવું ધ્રુવપણું ઉત્પાદ-વ્યય દ્વારા જણાય છે.

ત્રણ પ્રકાર કહ્યા, હવે ચોથા પ્રકારમાં ધ્રુવ સાથે ઉત્પાદ-વ્યયનું અવિનાભાવીપણું બતાવે છે.

## (૪) જે ધ્રુવ (–સ્થિતિ) છે તે જ ઉત્પાદ અને વ્યય છે.

માટીની જે ધ્રુવતા છે તે જ ઘડાનો ઉત્પાદ અને પિંડનો વ્યય છે કારણ કે ધ્રુવને છોડીને ઉત્પાદ-વ્યય થતા નથી. ધ્રુવ ઉત્પાદ-વ્યય વગરનું હોતું નથી. જ્યાં ધ્રુવતા હોય ત્યાં એક પર્યાયનો ઉત્પાદ ને પૂર્વ પર્યાયનો વ્યય થાય છે. ધ્રુવવસ્તુ છે પણ કોઈ અવસ્થા નથી–એમ ન બને. ધ્રુવ ટકતી વસ્તુમાં કોઈ નવી અવસ્થાનો ઉત્પાદ અને જૂની અવસ્થાનો વ્યય થાય જ. ઉત્પાદ-વ્યય વગર એકલું ધ્રુવ ન હોય. ધ્રુવને છોડીને–ધ્રુવથી જુદા એકલા ઉત્પાદ-વ્યય ન થાય. દ્રવ્યની ધ્રુવતા રહીને ઉત્પાદ-વ્યય થાય છે.

*

એ પ્રમાણે ઉત્પાદ વ્યય ને ધ્રુવ ત્રણે એક સાથે જ છે. જો એમ ન માનવામાં આવે ને ઉત્પાદ-વ્યય-ધ્રુવ એ ત્રણેને એકબીજા વગરના–ભિન્ન ભિન્ન જ માનવામાં આવે તો તેમાં દોષો આવે છે. શું દોષ આવે છે તે હવે બતાવશે.

*

# પ્રસાદ નં. ૩૭

## उत्पादव्ययध्रौव्ययुक्तंसत्

(પ્રવચનસાર ગાથા ૧૦૦ : કારતક વદ ૧૪, શુક્રવાર)

વસ્તુમાં ઉત્પાદ-વ્યય ને ધ્રુવ એ ત્રણે એક સાથે જ હોય છે. જો એમ ન માનવામાં આવે ને ઉત્પાદ-વ્યય-ધ્રુવ એ ત્રણેને એકબીજા વગરના ભિન્ન-ભિન્ન જ માનવામાં આવે તો તેમાં દોષા આવે છે. તે દોષો અહીં બતાવે છે–

## (૧) એકલો ઉત્પાદ માનવામાં આવતા દોષ.

જો વ્યય અને ધ્રુવ વગરનો એકલો ઉત્પાદ જ માનવામાં આવે તો એક તો ઉત્પાદનકારણ વગર તે ઉત્પાદ જ સિદ્ધ નહિ થાય અથવા તો અસત્‌નો જ ઉત્પાદ થશે. મિથ્યાત્વનો વ્યય તે સમ્યક્ત્વના ઉત્પાદનું કારણ છે. ને આત્માની ધ્રુવતાના આધારે સમ્યક્ત્વનો ઉત્પાદ થાય છે. આત્માની ધ્રુવતાના આધાર વગર અને મિથ્યાત્વના વ્યય વગર એકલા સમ્યક્ત્વના ઉત્પાદને જ શોધે તો તે ઉત્પાદ નહિ મળે. ધ્રુવના આધાર વગર શેમાં ઉત્પાદ થશે ? અને મિથ્યાત્વપર્યાયનો અભાવ થયા વગર સમ્યક્ત્વ પર્યાયનો ઉત્પાદ ક્યાંથી થશે ? નવી પર્યાય ઉત્પન્ન થવાનું કારણ જૂની પર્યાયનો વ્યય છે, ને નવી પર્યાયને ઉત્પન્ન થવાનો આધાર ધ્રુવ છે. ધ્રુવના આધાર વગર જ જો ઉત્પાદ થાય તો તો અસત્‌નો ઉત્પાદ થાય. જો મિથ્યાત્વનો વ્યય ન હોય તો સમ્યક્ત્વનો ઉત્પાદ જ ન થાય; અને આત્માની ધ્રુવતા વગર જ જો કોઈ સમ્યક્ત્વનો ઉત્પાદ માને તો તેને અસત્‌ની ઉત્પત્તિ થવાનો પ્રસંગ આવે.

માટીના પિંડના અભાવ વિના ને માટીની સળંગતા વિના ઘડાનો ઉત્પાદ નહિ મળે. તેમ આત્મામાં વસ્તુની ધ્રુવતા અને અધર્મના નાશ વગર ધર્મનો ઉત્પાદ નહિ થાય. ધ્રુવ ત્રિકાળી દ્રવ્યના અવલંબન વગર ધર્મની ઉત્પત્તિ નહિ થાય. જો ધ્રુવના આધાર વગર જ ઉત્પત્તિ થાય તો અસત્‌ની ઉત્પત્તિ થાય.

જુઓ, સુખ જોઈએ છે ને ? તો તે સુખ ક્યાં શોધવું ?–કે સુખનો આધાર ધ્રુવ આત્મા છે, ને સુખનું કારણ દુઃખનો નાશ છે;–તેમાં સુખને શોધે તો સુખ મળશે. ઘરના આધારે કે શરીર–સ્ત્રી–પૈસા વગેરેમાંથી સુખ નહિ મળે. પણ આત્માની ધ્રુવતાના આધારે અને આકુળતાના અભાવમાં સુખ મળશે. ધ્રુવતા તે સુખના ઉત્પાદનો આધાર છે, ને આકુળતાનો વ્યય તે

સુખની ઉત્પત્તિનું કારણ છે. એ બન્નેને ન માને તો સુખની ઉત્પત્તિ જ ન થાય. પરના આશ્રયના વ્યયથી ને પોતાની ધ્રુવતાના આશ્રયથી સુખનો ઉત્પાદ થાય છે. એટલે સુખ માટે ધ્રુવની રુચિ જ કરવાનું આવ્યું. અહીં કેટલાક દાખલા કહેવાયા, તે પ્રમાણે બધાંય દ્રવ્યોમાં સમયે સમયે જે ઉત્પાદ થાય છે તે ધ્રુવ અને વ્યય વગર થતો નથી. એમ સમજવું. ભાઈ ! જો તારે શાંતિ પ્રગટ કરવી હોય તો તું તારા ધ્રુવતત્ત્વમાં તે શોધ. ધ્રુવતત્ત્વના આધારે જ શાંતિની ઉત્પત્તિ થશે. અશાંતિનો અભાવ તે શાંતિની ઉત્પત્તિનું કારણ કહ્યું છે પણ તે અશાંતિનો અભાવ અને શાંતિની ઉત્પત્તિ ક્યારે થાય ?–કે જો ધ્રુવતત્ત્વની દ્રષ્ટિ કરે તો, એ રીતે શાંતિ માટે ધ્રુવસ્વભાવની દ્રષ્ટિ કરવાનું જ આવ્યું.

આત્મા અને જડ દરેક પદાર્થમાં સમયે સમયે ઉત્પાદ-વ્યય-ધ્રુવ થઈ રહ્યાં છે. જો તે ઉત્પાદ-વ્યય-ધ્રુવ સ્વતંત્ર ન હોય ને બીજાને લઈને હોય તો તે પદાર્થ જ સ્વયંસિદ્ધ ન રહે. દરેક પદાર્થનાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ પોતાને આધીન જ છે. એક સમયમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ તે વસ્તુનો સ્વભાવ જ છે. ૯૯ મી ગાથામાં દ્રવ્ય ઉત્પાદ-વ્યય-ધ્રુવવાળું છે એટલું જ સાબિત કર્યું હતું ને આ ૧૦૦ મી ગાથામાં વધારે સ્પષ્ટતા કરીને દ્રવ્યનાં ઉત્પાદ-વ્યય-ધ્રુવને એક સાથે બતાવે છે. જો ઉત્પાદ-વ્યય-ધ્રુવને એક સાથે જ ન માનો તો વસ્તુ જ સાબિત થતી નથી, ને દોષ આવે છે, તેનું આ વર્ણન ચાલે છે.

કોઈ એકલા ઉત્પાદને જ માને, ને તેની સાથે જ વ્યય તથા ધ્રુવને ન માને તો શું થાય ?–તે કહે છે. પિંડનો અભાવ તે ઘડાનું ઉત્પાદનકારણ છે, તે ઉત્પાદનકારણ વગર ઘડાની ઉત્પત્તિ જ ન થાય. અથવા તો ધ્રુવ એવી માટી વગર જ ઘડા ઉત્પન્ન થવા માંડે. આત્મામાં સમ્યગ્દર્શનની ઉત્પત્તિ ચેતનની નિત્યતાના આધાર વિના, અને મિથ્યાત્વના વ્યય વિના થઈ શકે નહીં. પર પદાર્થની રુચિરૂપ પૂર્વની મિથ્યાભ્રાંતિના નાશ વિના સમ્યક્ત્વની ઉત્પત્તિ શોધે તો તે મળશે નહીં ને ચૈતન્યસ્વરૂપ ધ્રુવ આત્માના અવલંબન વિના પણ સમ્યગ્દર્શન નહિ મળે.

સમ્યક્ત્વની ઉત્પત્તિની સાથે જ આત્માની ધ્રુવતા અને મિથ્યાત્વનો વ્યય હોય છે. તે બન્નેને માન્યા વિના સમ્યક્ત્વનો ઉત્પાદ સિદ્ધ નહિ થાય. માટીમાં, માટીપણાની ધ્રુવતા અને પિંડ–અવસ્થાના વ્યય વગર ઘડાની ઉત્પત્તિ સિદ્ધ થાય નહીં. અને જો જગતમાં ઘડારૂપ એક ભાવની ઉત્પત્તિ ન થાય તો જગતમાં સમ્યક્ત્વ, સિદ્ધદશા વગેરે કોઈ ભાવોની ઉત્પત્તિ જ નહિ થાય. તેમ જ જો માટી વગર જ ઘડો થાય તો આકાશનું ફૂલ પણ થાય એટલે કે વસ્તુની હયાતી વગર–અદ્ધરથી જ નવા નવા ભાવો ઉત્પન્ન થવા

માંડે,–આત્મા વગર જ સમ્યક્ત્વ ઊપજે.–એ રીતે મોટો દોષ આવે છે. આત્માની ધ્રુવતાના અવલંબન વગર જ કદી સમ્યક્ત્વની ઉત્પત્તિ થાય નહીં. પરથી લાભ થશે એવી જે મિથ્યારુચિ છે તે પરસન્મુખરુચિના અભાવ વગર અને સ્વદ્રવ્યની ધ્રુવતાના અવલંબન વગર સમકિતની ઉત્પત્તિ થઈ શકશે નહીં.

તેમ સમ્યગ્જ્ઞાનની ઉત્પત્તિ બાબત : ધ્રુવ જ્ઞાનાનંદ આત્માના અવલંબનથી અને અજ્ઞાનના વ્યયથી સમ્યગ્જ્ઞાનની ઉત્પત્તિ થાય છે. ધ્રુવ ચેતન વિના અને અજ્ઞાનના વ્યય વિના સમ્યગ્જ્ઞાનની ઉત્પત્તિ શોધો તે તે મળશે નહીં.

તેમ ચારિત્રની ઉત્પત્તિ બાબત : બહારની ક્રિયામાં કે શરીરની નગ્નઅવસ્થામાં આત્માનું ચારિત્ર નથી. ચારિત્ર એટલે આત્માની વીતરાગપર્યાય; તે વીતરાગપર્યાય રાગના અભાવથી અને ધ્રુવ ચિદાનંદ આત્માના અવલંબનથી ઊપજે છે. મહાવ્રત વગેરેના રાગથી તે ઊપજતી નથી. ધ્રુવતાનું અવલંબન અને રાગનો અભાવ–એ બન્ને વિના વીતરાગભાવની ઉત્પત્તિ થઈ શકે નહીં.

એ જ પ્રમાણે કેવળજ્ઞાનની ઉત્પત્તિ ધ્રુવ ચૈતન્યસ્વભાવના અવલંબન વિના અને પૂર્વની અપૂર્ણ જ્ઞાનદશાના વ્યય વિના થતી નથી. આત્માની ધ્રુવતા રહીને અને અલ્પજ્ઞતાનો વ્યય થઈને પૂર્ણજ્ઞાનની ઉત્પત્તિ થાય છે.

છેલ્લી સિદ્ધદશા–તે પણ આત્માની ધ્રુવતા અને સંસારદશાનો વ્યય–એ બન્ને સહિત જ થાય છે.

આમાં ધ્રુવતા તે ભાવ-સાધન છે ને વ્યય તે અભાવ-સાધન છે.

ઉપરનાં દ્રષ્ટાંતો પ્રમાણે જગતના જડ કે ચેતન બધા ભાવોના ઉત્પાદમાં સમજવું. કોઈ પણ ભાવનો ઉત્પાદ વસ્તુની ધ્રુવતા વિના અને પૂર્વ ભાવના વ્યય વિના હોતો નથી.

જો માટી વગર જ ઘડા ઉત્પન્ન થવા માંડે તો તો આકાશપુષ્પની જેમ વસ્તુ વગર જ જગતમાં અવસ્થાઓ થવા માંડશે. જેમ આકાસનાં ફૂલ નથી તેમ ધ્રુવસ્વભાવ વગર પર્યાયનો ઉત્પાદ થતો નથી. ધ્રુવ આત્માના અવલંબન વગર સમ્યક્ત્વપર્યાયનો ઉત્પાદ થાય નહિ. જગતમાં જો સસલાનાં શીંગડાં થાય, કાચબાના વાળ થાય કે આકાશનાં ફૂલ થાય તો ધ્રુવના અવલંબન વગર સમ્યક્ત્વ થાય–તે વાત કદી બને નહિ. ધ્રુવતત્ત્વ વગર એકલા શૂન્યમાંથી જ કોઈ ભાવની ઉત્પત્તિ થાય નહીં. માટે ઉત્પાદ સાથે ધ્રુવ તેમ જ વ્યયને પણ માનવો જોઈએ. આવું જ ઉત્પાદ-વ્યય-

ધ્રુવરૂપ વસ્તુસ્વરૂપ છે. સર્વજ્ઞદેવના જ્ઞાનમાં આ જ પ્રમાણે જણાયું છે. તેમની વાણીમાં આ જ રીતે આવ્યું છે, સંતોએ પણ એ જ રીતે જાણીને કહ્યું છે ને શાસ્ત્રોમાં પણ એ જ કહ્યું છે–આવા વસ્તુસ્વરૂપને જે નથી જાણતો તે ખરેખર દેવ-ગુરુ-શાસ્ત્રને જાણતો નથી.

જુઓ ભાઈ ! સત્ સરળ છે, સહજ છે, સુગમ છે. પણ અજ્ઞાનતાથી વિષમ માની લીધું છે તેથી કઠણ લાગે છે. સત્સમાગમે ધીરો થઈને સમજે તો સત્ સહેલું છે, સહજ છે. આ વસ્તુસ્વભાવ સમજ્યા વગર કોઈ રીતે કલ્યાણ થતું નથી.

વસ્તુ એક સમયમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવસ્વરૂપ છે. વિકારની રુચિનો અભાવ અને નિત્ય આત્માના અવલંબન વગર સમ્યક્ત્વની ઉત્પત્તિ થતી નથી. વસ્તુમાં જો ધ્રુવ અને વ્યય ન હોય તો ઉત્પાદ થાય નહિ. એ પ્રમાણે એક ઉત્પાદની વાત કરી અને એકલો ઉત્પાદ માનવામાં દોષ આવે છે તે બતાવ્યું. હવે વ્યયની વાત કરે છે.

## (૨) એકલો વ્યય માનવામાં આવતા દોષ.

ધ્રુવ અને ઉત્પાદ વગરનો એકલો વ્યય માનવામાં પણ દોષ આવે છે. ધ્રુવ અને ઉત્પાદ વગર એકલો વ્યય ન હોય. કોઈ કહે : માટીમાં પિંડ પર્યાયનો નાશ થયો પણ ઘટપર્યાયની ઉત્પત્તિ ન થઈ તેમ જ માટી કાયમ ન રહી; તો એમ ન બને. એ જ પ્રમાણે કોઈ કહે કે અમને પર પદાર્થોની રુચિનો નાશ થઈ ગયો છે પણ સ્વપદાર્થની રુચિ ઊપજી નથી ને આત્માનું કાયમપણું ભાસ્યું નથી. તો તેની વાત ખોટી છે. જે ક્ષણે પરમાં સુખબુદ્ધિનો નાશ થયો તે જ ક્ષણે આત્માની રુચિ ન થાય અને આત્માની ધ્રુવતાનો આધાર ન ભાસે–એમ બને નહિ. સમ્યક્ત્વનો ઉત્પાદ ને આત્માની ધ્રુવતા વગર મિથ્યાત્વનો વ્યય હોય નહિ. પિંડ દશાના નાશનું કારણ ઘડાની ઉત્પત્તિ છે. તેમ જ તે ઘડામાં માટીપણું ચાલુ રહીને પિંડનો વ્યય થાય છે; પિંડનો વ્યય થતાં માટી ધ્રુવ રહે છે. જો વસ્તુમાં નવા ભાવની ઉત્પત્તિ અને વસ્તુની ધ્રુવતા ન માનો તો જગતમાં કારણના અભાવને લીધે કોઈ ભાવોનો નાશ ન જ થાય અથવા તો સત્‌નો જ સર્વથા નાશ થઈ જાય. સ્વની રુચિના ઉત્પાદ વગર અને ધ્રુવ આત્માના અવલંબન વગર જ જો કોઈ મિથ્યારુચિનો વ્યય કરવા માગે તો વ્યય થઈ શકે જ નહિ અથવા તો મિથ્યારુચિના નાશ ભેગો–આત્માનોય નાશ થઈ જાય. માટે ધ્રુવ અને ઉત્પાદ એ બન્ને ભાવો વગરનો એકલો વ્યય હોતો નથી એમ બધા ભાવોમાં સમજવું.

સર્વજ્ઞદેવે જોયેલું અને કહેલું વસ્તુનું સ્વરૂપ ત્રિકાળ સનાતન આ પ્રમાણે વર્તી રહ્યું છે; તેમાં કોઈ આઘાપાછાની કલ્પના કરે તો, વસ્તુસ્વરૂપમાં તો કાંઈ આઘુંપાછું થાય તેમ નથી પણ તેની માન્યતામાં મિથ્યાત્વ થશે.

કોઈ કહે કે–આપણે બીજું કાંઈ સમજવાનું કામ નથી. બસ ! રાગ–દ્વેષને ટાળો તો એમ કહેનારો ક્યા ભાવમાં ટકને રાગદ્વેષ ટાળશે ? રાગ–દ્વેષનો નાશ થતાં, વીતરાગભાવની ઉત્પત્તિ અને આત્માની ધ્રુવતા એ બન્નેને માન્યા વિના પોતાના અસ્તિત્વને જ નહિ માની શકાય અને રાગ–દ્વેષનો નાશ પણ સિદ્ધ નહિ થાય. જો ધ્રુવપણું ન માને તો રાગ–દ્વેષનો નાશ થતાં આત્માનું અસ્તિત્વ જ ન રહ્યું ! અને જો વીતરાગતાનો ઉત્પાદ ન માને તો રાગદ્વેષનો નાશ જ ન થાય, કેમ કે બીજા ભાવની ઉત્પત્તિ વગર પહેલાંના ભાવનો નાશ જ ન થાય. રાગનો વ્યય તે વીતરાગતાની ઉત્પત્તિરૂપ છે ને તેમાં ચૈતન્યપણાની ધ્રુવતા છે. ધ્રુવના લક્ષે, વીતરાગતાની ઉત્પત્તિ થતાં, રાગનો વ્યય થાય છે. એ રીતે ઉત્પાદ-વ્યય ને ધ્રુવ ત્રણે એક સાથે છે. વીતરાગતાના ઉત્પાદ વગર રાગનો વ્યય થઈ શકે નહિ અને એ પ્રમાણે જગતમાં મિથ્યાત્વ, અજ્ઞાન, શરીર, ઘડો–વગેરે કોઈ ભાવનો વ્યય થાય નહિ–એ દોષ આવે ને ચેતનની ધ્રુવતા વગર જ રાગદ્વેષનો નાશ થાય તો તે રાગ ભેગો સત્ આત્માનોય નાશ થઈ ગયો એટલે ધ્રુવ વગર વ્યય માનતાં જગતના બધા ભાવોનો નાશ થઈ જશે. એ મોટો દોષ આવે છે માટે વસ્તુમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ ત્રણે એક સાથે જ છે–એવું વસ્તુ સ્વરૂપ સમજવું જોઈએ.

ઘડાની ઉત્પત્તિરૂપ વ્યયકારણના અભાવમાં માટીમાં પિંડનો વ્યય નહિ થાય અને જો પિંડનો વ્યય નહિ થાય તો તેની જેમ જગતમાં અજ્ઞાન, મિથ્યાત્વ, રાગ–દ્વેષ વગેરે કોઈ પણ ભાવોનો વ્યય નહિ થાય એવો દોષ આવે છે અને ધ્રુવતા વગર રાગદ્વેષનો નાશ થવાનું માને તો તેની શ્રદ્ધામાં આત્માનો નાશ થઈ જાય છે. જો કે આત્માનો તો નાશ થતો નથી પણ આત્માની ધ્રુવતાના અવલંબન વગર રાગ–દ્વેષનો નાશ કરવાનું જે માને છે તેની માન્યતામાં આત્માનો જ અભાવ થઈ જાય છે એટલે કે તેની માન્યતા મિથ્યા થાય છે.

કર્મ તે પુદ્‌ગલની પર્યાય છે. તે પર્યાયનો નાશ તેની બીજી પર્યાયના ઉત્પાદ વગર થતો નથી. કર્મનો નાશ આત્મા કરે એમ તો નથી, કર્મો આત્માને નડે છે માટે તેનો નાશ કરો એમ માનનાર તો મૂઢ છે પણ જે ધ્રુવ સ્વભાવના અવલંબન વગર રાગદ્વેષનો નાશ કરવાનું માને તે પણ મૂઢ છે.

જડ કર્મોનો નાશ તે પુદ્‌ગલની ધ્રુવતાને અને તેની નવી પર્યાયના ઉત્પાદને અવલંબે છે. આત્માના વીતરાગભાવથી પુદ્‌ગલમાં કર્મ દશાનો વ્યય થયો–એમ ખરેખર નથી. હા, આત્મામાં ધ્રુવના આશ્રયે વીતરાગતાની ઉત્પત્તિ થતાં રાગનો વ્યય થાય છે. વસ્તુનાં ઉત્પાદ-વ્યય-ધ્રુવને તે વસ્તુની સાથે જ સંબંધ છે પણ એક વસ્તુનાં ઉત્પાદ-વ્યય-ધ્રુવને બીજી વસ્તુ સાથે કાંઈ સંબંધ નથી. આ તો સનાતન વસ્તુ સ્થિતિના મહા નિયમો છે. ઈશ્વરે જીવને બનાવ્યો એમ ઈશ્વરને કર્તા માને અથવા તો નિમિત્ત આવે તેવી પર્યાય થાય એમ બીજી ચીજને પર્યાયની ઉત્પત્તિનું કારણ માને તો તે બન્ને માન્યતાઓ મિથ્યા જ છે. તેમાં વસ્તુની સ્વતંત્રતા રહેતી નથી. દરેક વસ્તુમાં સમયે સમયે સ્વતંત્ર પોતાથી જ ઉત્પાદ-વ્યય-ધ્રુવ થાય છે. આવી જ વસ્તુ સ્થિતિ છે. કોઈ નિમિત્ત કે કોઈ ઈશ્વર તેનાં ઉત્પાદ-વ્યય-ધ્રુવમાં કાંઈ કરતા નથી. એક એમ કહે કે આખી વસ્તુને બીજાએ બનાવી અને બીજો એમ કહે કે વસ્તુની અવસ્થાને બીજાએ બનાવી તો તે બંનેની મિથ્યા માન્યતામાં પરમાંથી કાંઈ ફેર નથી.

જેણે વસ્તુના એક સમયમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવસ્વભાવને જાણ્યો નથી તેની માન્યતામાં જરૂર કાંઈકને કાંઈક દોષ આવે છે. જો વસ્તુમાં એક ભાવનો વ્યય થતાં તેજ વખતે નવા ભાવની ઉત્પત્તિ ન થાય ને વસ્તુની ધ્રુવતા ન રહે તો તો વ્યય થતાં સત્‌નો જ નાશ થઈ જાય એટલે જગતના બધા પદાર્થોનો નાશ થઈ જાય. ચૈતન્યની ધ્રુવતા રહીને અને સમ્યક્ત્વ ભાવની ઉત્પત્તિ થઈને જ મિથ્યાત્વભાવનો વ્યય થાય છે.

એકેક સમયનું સત્ ઉત્પાદ-વ્યય-ધ્રુવવાળું છે. તે ઉત્પાદ-વ્યય-ધ્રુવ ત્રણેને એક સાથે ન માનો તો તેની સિદ્ધિ જ થતી નથી. પરને લીધે ઉત્પાદ-વ્યય-ધ્રુવ માને તે તો મિથ્યા જ છે, ને પોતામાં પણ ઉત્પાદ-વ્યય કે ધ્રુવને એકબીજા વગર માને તો તે પણ વસ્તુને જાણતો નથી. દેવ-ગુરુને કારણે પોતામાં સમ્યક્ત્વનો ઉત્પાદ થવાનું માને તો તેને સમ્યક્ત્વનો ઉત્પાદ સાબિત થતો નથી. તેમ જ પોતામાં મિથ્યાત્વનો વ્યય ને આત્માની ધ્રુવતા–એ બે બોલ વગર સમ્યક્ત્વનો ઉત્પાદ સાબિત થતો નથી. એ જ પ્રમાણે મિથ્યાત્વનો વ્યય પણ સમ્યક્ત્વનો ઉત્પાદ અને ચૈતન્યની ધ્રુવતા વગર સાબિત થતો નથી.

પૈસા ખરચવાથી આત્માને ધર્મ થાય–એ વાત ખોટી છે; કેમ કે પૈસાની એક પર્યાયનો વ્યય તે તેની બીજી પર્યાયના ઉત્પાદનું કારણ છે, પણ આત્માની ધર્મપર્યાયના ઉત્પાદનું કારણ તે નથી. આત્મામાં મિથ્યાત્વનો નાશ તે ધર્મની ઉત્પત્તિનું કારણ છે. પૂર્વ પર્યાયનો વિનાશ તે

ઉત્તર પર્યાયની ઉત્પત્તિ તે બન્નેને અરસપરસ એકબીજાનું કારણ કહ્યું છે. આત્માની ધ્રુવતાના અવલંબને મિથ્યાત્વનો નાશ થયો તે સમ્યક્ત્વના ઉત્પત્તિનું કારણ છે, તેમ જ સમ્યક્ત્વનો ઉત્પાદ થયા વગર અને આત્માની ધ્રુવતા રહ્યા વગર જો મિથ્યાત્વનો નાશ થઈ જાય તો તે મિથ્યાત્વનો નાશ થતાં આત્મા જ કાંઈ ન રહ્યો, એટલે એકલા વ્યયની માન્યતામાં આત્માનો જ નાશ થઈ ગયો અને એ જ પ્રમાણે જગતના બધા સત્ પદાર્થોનો તેની માન્યતામાં નાશ થઈ જાય છે એટલે કે ઉત્પાદ અને ધ્રુવતા વગર એકલા વ્યયને જ માનનાર નાસ્તિક જેવો થઈ જાય છે.

અહો ! ધ્રુવસ્વભાવની સન્મુખતાથી વીતરાગતાની ઉત્પત્તિ વગર જો રાગદ્વેષના નાશનો આરંભ કરવા જાય તો તેને રાગદ્વેષનો નાશ કદી થતો નથી. આત્માની ધ્રુવતાને લક્ષમાં લીધા વગર જેણે રાગને ઘટાડવાનું–માન્યું તેણે તે રાગ ઘટાડતાં આત્માને જ ઘટાડી દીધો. રાગ કેમ ઘટે ? રાગને ઘટાડવાના લક્ષે રાગ ન ઘટે પણ જો ધ્રુવતાનું અવલંબન લ્યે ને વીતરાગભાવની ઉત્પત્તિ થાય તો રાગનો વ્યય થાય છે.

જગતના ચેતન કે જડ છએ પદાર્થોને સમયે સમયે તેના સ્વભાવથી જ ઉત્પાદ-વ્યય-ધ્રુવ છે. જો કોઈ એકલા ઉત્પાદને જ માને તો તે પદાર્થોની જ નવી ઉત્પત્તિ માને છે તથા જો કોઈ એકલા વ્યયને જ માને તો તે પદાર્થોનો જ નાશ માને છે. આવું માનનાર જીવ સર્વજ્ઞને, ગુરુને, શાસ્ત્રને કે જ્ઞેયોના સ્વભાવને માનતો નથી. દેવ-ગુરુ-શાસ્ત્રને કે જ્ઞેયોના સ્વભાવને માનતો નથી. દેવ-ગુરુ-શાસ્ત્ર તે બધાય આવી જ વસ્તુસ્થિતિ કહે છે. જ્ઞેયનો સ્વભાવ પણ એવો જ છે ને આત્માનો સ્વભાવ તેને જાણવાનો છે. આવી વસ્તુસ્થિતિ છે તે સમજવા યોગ્ય છે. એ સમજે તો જ જ્ઞાનમાં શાન્તિ અને વીતરાગતા થાય તેમ છે. યથાર્થ વસ્તુ સ્થિતિને સમજ્યા વગર કદી જ્ઞાનમાં શાંતિ કે વીતરાગતા થાય નહિ.

(૧) ઉત્પાદ વ્યય અને ધ્રુવ વિના નહિ;

(૨) વ્યય ઉત્પાદ અને ધ્રુવ વિના નહિ;

એ બે વાત સાબિત કરી. ઉત્પાદ અને વ્યય એ બન્ને ધ્રુવ વગર હોતા નથી–એ વાત પણ તે બે બોલમાં સમાઈ ગઈ. હવે ત્રીજી વાત સાબિત કરે છે કે–

(૩) ધ્રુવ ઉત્પાદ અને વ્યય વિના હોતું નથી. ઉત્પાદ-વ્યય વગરના એકલા ધ્રવને માનતાં શું દોષ આવે છે તે કહે છે.

## એકલા ધ્રુવ માનવામાં આવતો દોષ.

જો એકલા ધ્રુવને જ માનો તો તે ધ્રુવ તત્ત્વ ઉત્પાદ-વ્યયને ઓળંગી ગયું. પિંડના નાશ વગર અને ઘડાની ઉત્પત્તિ વગર માટીની ધ્રુવતા શેમાં રહેશે ? પરિણામ વગર પરિણામી સાબિત જ નહિ થાય. ઉત્પાદ-વ્યય વગર ધ્રુવને નક્કી કોણ કરશે ? ધ્રુવ પોતે ધ્રુવને નક્કી નથી કરતું પણ નવી પર્યાયનો ઉત્પાદ અને જૂની પર્યાયનો વ્યય–તે વડે ધ્રુવ નક્કી થાય છે.

આત્મા એકલો કુટસ્થ ધ્રુવ છે એમ કોઈ કહે તો તેને પણ પહેલાં આત્માને ફૂટસ્થ નહોતો માન્યો પણ પરિણામી માન્યો હતો–તે માન્યતાનો નાશ થયો ને આત્મા ફૂટસ્થ છે એવી માન્યતાનો ઉત્પાદ થયો;–એ રીતે ફૂટસ્થ માનનારમાં પોતામાં જ ઉત્પાદ-વ્યય આવી ગયા. એવા ઉત્પાદ-વ્યય વગર ફૂટસ્થ માનનારો જ સિદ્ધ નહિ થાય.

કોઈ કહે કે આપણે તો એકલું ધ્રુવ જ રાખવું છે, ઉત્પાદ-વ્યય નથી જોઈતા તો તે એકલા ધ્રુવને જ પ્રાપ્ત કરવા જનારને, ઉત્પાદ-વ્યય વગરની ધ્રુવતા જ નહિ રહે. અથવા તો ક્ષણિક ઉત્પાદ વ્યય પોતે જ ધ્રુવ થઈ જશે. જો એક વસ્તુ ધ્રુવ ન રહે તો જગતની કોઈ વસ્તુ ધ્રુવ ન રહે અથવા રાગ–દ્વેષ વગેરે જે ક્ષણિક વિકલ્પ છે તે પણ ધ્રુવ જ થઈ જશે. એટલે ક્ષણે ક્ષણે થતા વિકલ્પો તે જ દ્રવ્ય થઈ જશે એ મોટો દોષ આવે છે. વસ્તુ એકાંત નિત્ય નથી પણ વસ્તુ અનેકાંત સ્વરૂપ છે. વસ્તુ નિત્ય–અનિત્યરૂપ, એક–અનેકરૂપ એવા અનેકાંતસ્વરૂપવાળી છે. વસ્તુમાં જો નવી પર્યાયનો ઉત્પાદ અને જૂની પર્યાયનો વ્યય નહિ થાય તો તેની અનિત્યતા–અનેકતા જ સાબિત નહિ થાય અથવા ક્ષણિક ઉત્પાદ-વ્યય પોતે જ ધ્રુવ થઈ જશે. એટલે સમય સમયનું દ્રવ્ય ભિન્ન ભિન્ન જ ઠરશે અને વસ્તુને સર્વથા અનેકતા જ થઈ જશે. એમ થતાં વસ્તુની સળંગ એકતા–નિત્યતા સિદ્ધ નહિ થાય. માટે અનેકાંતમય વસ્તુમાં ધ્રુવપણું નવા ભાવની–ઉત્પત્તિ સહિત તેમ જ જૂના ભાવના નાશ સહિત જ છે–એમ માનવું.

પહેલાંની પર્યાયનો વ્યય પછીની પર્યાયનો ઉત્પાદ અને સળંગ જોડાણ અપેક્ષાએ ધ્રુવતા–એ ત્રણે સાથે દ્રવ્ય અવિનાભાવી છે. એવું દ્રવ્ય અબાધિતપણે ઉત્પાદ-વ્યય-ધ્રુવરૂપ (-ત્રિલક્ષણરૂપ) ચિહ્નવાળું છે–એમ અવશ્ય સંમત કરવું.

*

## વ્યાખ્યાન પછી

અહીં <u>ઉત્પાદ</u>માં નવા ભાવની ઉત્પત્તિ કરવી છે તેથી તેમાં સર્ગને શોધનાર એમ ભાષા વાપરી છે.

<u>વ્યય</u>માં વર્તમાનભાવનો નાશ કરવો છે તેથી તેમાં સંહારને આરંભનાર એમ ભાષા વાપરી છે અને <u>ધ્રુવ</u>માં જે છે તેની સ્થિતિની વાત છે તેથી સ્થિતિ પ્રાપ્ત કરવા જનાર એમ ભાષા વાપરી છે–એ રીતે ત્રણે બોલની શૈલિમાં ફેર પડ્યો છે.

માગસર સુદ ૧, રવિવાર

## (પ્રવચનસાર ગાથા ૧૦૦ મી નો સાર)

દરેક પદાર્થમાં એકેક સમયમાં ઉત્પાદ-વ્યય ને ધ્રુવ છે. જો તે ત્રણેને સાથે ન માનો તો તેમાં દોષ આવે છે; તે દોષ બતાવીને ઉત્પાદ-વ્યય-ધ્રુવનું અવિનાભાવીપણું આ ગાથામાં દ્રઢ કર્યું છે.

**(૧)** જો એકલો ઉત્પાદ જ માનો તો–

(I) જૂની પર્યાયના વ્યય વગર નવી પર્યાયની ઉત્પત્તિ થશે નહિ અથવા

(II) ધ્રુવના આધાર વગર અસત્‌ની ઉત્પત્તિ થશે. માટે એક સમયમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ ત્રણે સાથે હોય તો જ ઉત્પાદ થાય.

**(૨)** જો એકલા વ્યયને જ માનો તો–

(I) નવી પર્યાયના ઉત્પાદ વગર જૂની પર્યાયનો વ્યય જ નહિ થાય અથવા

(II) ધ્રુવપણું રહ્યા વગર જ વ્યય થશે તો સત્‌નો જ નાશ થઈ જશે માટે એક સમયમાં ઉત્પાદ-વ્યય ધ્રુવ ત્રણે સાથે હોય તો જ વ્યય સિદ્ધ થાય.

**(૩)** ઉત્પાદ-વ્યય વગર એકલા ધ્રુવને જ માનો તો–

(I) ઉત્પાદ-વ્યયરૂપ વ્યતિરેક વગર ધ્રુવપણું જ નહિ રહે અથવા

(II) એક અંશ તે જ આખું દ્રવ્ય થઈ જશે. માટે ઉત્પાદ-વ્યય-ધ્રુવ ત્રણે એક સમયમાં સાથે હોય તો જ ધ્રુવપણું રહી શકે.

માટીમાં ઘડો વગેરે કોઈ એક પર્યાયના ઉત્પાદ વગર અને પિંડ વગેરે કોઈ એક પૂર્વપર્યાયના વ્યય વગર માટીની ધ્રુવતા જ નહિ રહે અને જો માટીની ધ્રુવતા નહિ રહે તો માટીની જેમ જગતના કોઈ પણ ભાવોની

ધ્રુવતા નહિ રહે, બધુંય નાશ થઈ જશે. અથવા જો ક્ષણિક તેજ ધ્રુવ થઈ જાય તો તો મનના વિકલ્પ–રાગ–દ્વેષ–અજ્ઞાન–કર્મ એ બધુંય ધ્રુવ થઈ જશે; જો ઉત્પાદ વ્યય નહિ હોય તો અજ્ઞાનનો નાશ કરીને સમ્યગ્જ્ઞાનની ઉત્પત્તિ, સંસારનો વ્યય થઈને સિદ્ધ દશાની ઉત્પત્તિ, ક્રોધભાવ ટાળીને ક્ષમાભાવની ઉત્પત્તિ–એવું કાંઈ રહેશે નહિ. માટે દ્રવ્યને ઉત્પાદ-વ્યય-ધ્રુવવાળું એક સાથે જ માનવું–તે કઈ રીતે ?–કે પૂર્વ પૂર્વ પરિણામના વ્યય સાથે પછી પછીના પરિણામ ઉત્પાદ સાથે અને અન્વય અપેક્ષાએ ધ્રુવ સાથે દ્રવ્યને અવિનાભાવવાળું માનવું. ઉત્પાદ-વ્યયને ધ્રુવ એ ત્રણે એક સાથે નિર્વિઘ્નપણે દ્રવ્યમાં છે એમ સંમત કરવું, નિઃસંદેહપણે નક્કી કરવું. એકલો ઉત્પાદ, એકલો વ્યય કે એકલું ધ્રુવપણું તે દ્રવ્યનું લક્ષણ નથી પણ ઉત્પાદ-વ્યય ને ધ્રુવ એ ત્રણે એક સાથે જ દ્રવ્યનું લક્ષણ છે–એમ જાણવું.

ગાથા ૧૦૦ પૂરી.

*

(માગશર સુદ ૫, બુધવાર)

ઉત્પાદ-વ્યય તે વિસદ્રશભાવ છે ને ધ્રુવ તે સદ્રશભાવ છે અને સદ્રશ ને વિસદ્રશ થઈને આખું દ્રવ્ય પૂરું થાય છે.

*

હવે ઉત્પાદાદિકનું દ્રવ્યથી અર્થાંતરપણું નષ્ટ કરે છે અર્થાત્ તે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય દ્રવ્યથી જુદા પદાર્થો નથી પણ તે બધુંય એક દ્રવ્ય જ છે–એમ સિદ્ધ કરે છે.

## ગાથા ૧૦૧

**ઉત્પાદ તેમ જ ધ્રૌવ્ય ને સંહાર વર્તે પર્યયે,**
**ને પર્યયો દ્રવ્યે નિયમથી, સર્વ તેથી દ્રવ્ય છે. ૧૦૧.**

ઉત્પાદ, સ્થિતિ અને ભંગ પર્યાયોમાં વર્તે છે; પર્યાયો નિયમથી દ્રવ્યમાં હોય છે, તેથી (તે) બધુંય દ્રવ્ય છે.

## ટીકા

ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય ખરેખર પર્યાયોને આલંબે છે અને તે પર્યાયો દ્રવ્યને આલંબે છે; તેથી આ બધુંય એક જ દ્રવ્ય છે, દ્રવ્યાંતર નથી.

હવે તેનો વિસ્તારથી ખુલાસો કરે છે.

પ્રથમ તો દ્રવ્ય પર્યાયો વડે આલંબાય છે કારણ કે સમુદાયી સમુદાયસ્વરૂપ હોય છે.

દ્રવ્યનો જ નાશ, દ્રવ્યનો જ ઉત્પાદ કે દ્રવ્યની જ ધ્રુવતા–એમ નથી. તે એકેકમાં આખું દ્રવ્ય આવી જતું નથી; પણ ઉત્પાદ કોઈ પર્યાયનો છે. વ્યય પણ પર્યાયનો છે ને ધ્રુવપણું પણ પર્યાયનું છે, એટલે ઉત્પાદ-વ્યય ને ધ્રુવ એ ત્રણે, ત્રણ પર્યાયોને અવલંબીને છે ને તે પર્યાયોનો સમુદાય દ્રવ્યને અવલંબે છે. (અહીં પર્યાય એટલે દ્રવ્યનો એક અંશ–એમ સમજવું.) પર્યાય તે અંશ છે, ને દ્રવ્ય તે અંશી છે; દ્રવ્ય સમુદાયી છે તે પર્યાયોના સમુદાયથી બનેલું છે.

જેમ સમુદાયથી વૃક્ષ, સ્કંધ, મૂળ અને શાખાઓના સમુદાયસ્વરૂપ હોવાથી સ્કંધ, મૂળ અને શાખાઓથી આલંબિત જ ભાસે છે, તેમ સમુદાયી દ્રવ્યપર્યાયોના સમુદાયસ્વરૂપ હોવાથી પર્યાયો વડે આલંબિત જ ભાસે છે. થડ, મૂળ અને ડાળીઓ એ ત્રણેય વૃક્ષના અંશો છે. ને તે ત્રણે થઈને આખું ઝાડ છે. તેમ પર્યાયો તે વસ્તુના અંશો છે, તે પર્યાયો વસ્તુના આશ્રયે જ છે. વસ્તુના અંશો વસ્તુથી જુદા નથી.

પહેલાં ૧૦૦મી ગાથામાં તો દ્રવ્યમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ ત્રણે એક સાથે પરસ્પર અવિનાભાવી છે. એમ સિદ્ધ કર્યું. અહીં હવે એ સિદ્ધ કરે છે કે તે ઉત્પાદ, વ્યય ને ધ્રુવ કોનાં છે ?–દ્રવ્યનાં કે પર્યાયનાં ? ઉત્પાદ, વ્યય ને ધ્રુવ તે પર્યાયોનાં છે, દ્રવ્યનાં નથી. ને તે ઉત્પાદ, વ્યય, ધ્રુવવાળા ત્રણે પર્યાયો (-અંશો) દ્રવ્યના જ આશ્રયે છે. દ્રવ્યના આશ્રયે પર્યાયો છે ને તે પર્યાયના અવલંબને ઉત્પાદ, વ્યય, ધ્રુવ છે.

પર્યાયો ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય વડે આલંબાય છે અર્થાત્ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય પર્યાયોને આશ્રિત છે. કારણ કે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય અંશોના ધર્મો છે. વસ્તુમાં ઉત્પાદ, વ્યય ને ધ્રુવ છે તે પરને લીધે નથી. પરમાં નથી ને પરનાં પણ નથી, પણ તે પોતાની પર્યાયનો જ છે. ઉત્પાદ પર્યાયનો છે, વ્યય પણ પર્યાયનો છે ને ધ્રુવતા પણ પર્યાયની છે. એ ત્રણે અંશના સમુદાયસ્વરૂપ વસ્તુ છે. આત્મામાં સમ્યગ્દર્શન થયું તે વખતનાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ આ પ્રમાણે : તે વખતે સમ્યક્ત્વપર્યાય અપેક્ષાએ ઉત્પાદ છે. કાંઈ આખો આત્મા ઊપજ્યો નથી; મિથ્યાત્વપર્યાય અપેક્ષાએ વ્યય છે, કાંઈ આખો આત્મા વ્યય પામ્યો નથી અને સળંગ પ્રવાહમાં વર્તતા ધ્રુવ અંશ અપેક્ષાએ ધ્રુવતા છે. કાંઈ આખો આત્મા ધ્રુવ નથી. એ રીતે ઉત્પાદ-વ્યય ને ધ્રુવ દ્રવ્યનાં નથી પણ દ્રવ્યના એકેક અંશનાં છે; અને તે અંશો દ્રવ્યના છે. બીજાની પર્યાયને લીધે કે બીજાની પર્યાયમાં તે અંશો નથી. વિકાર તે આત્માનો કાયમી સ્વભાવ નથી માટે તે અંશનો ઉત્પાદ પરમાં થતો હશે ! –તો કે છે કે ના; તે વિકારનો ઉત્પાદ પણ આત્માની પર્યાયના આશ્રયે છે, ને

તે પર્યાય આત્મદ્રવ્યના આશ્રયે રહીલે છે. કર્મના ઉદયના આશ્રયે તે વિકારી પર્યાય રહેલી નથી. વિકારી પર્યાય તે પણ સ્વજ્ઞેયનો અંશ છે. વિકાર–અંશ જો પરનો કહો અથવા પરને લીધે થયેલો કહો તો સ્વજ્ઞેય આખું સિદ્ધ થતું નથી. એક અંશને કાઢી નાખતાં આત્મા જ સિદ્ધ નહિ થાય અને તે વિકારના ઉત્પાદને અંશનો (પર્યાયનો) ન માનતાં જો દ્રવ્યનો જ માનવામાં આવે તો આખું દ્રવ્ય જ વિકારમય થઈ જશે એટલે વિકારરહિત સ્વભાવ છે તે સ્વજ્ઞેય તરીકે રહેશે નહિ અને વિકાર ટળીને અવિકારીપણું પણ થઈ શકશે નહિ.

ઉત્પાદ, વ્યય, ધ્રુવ કોનાં હોય ?–કે પર્યાયનાં.

પર્યાયો શેમાં હોય ?–કે દ્રવ્યમાં.

એ રીતે બધાને એક દ્રવ્યમાં જ સમાવી દીધા છે.

ઘડો, પિંડ ને માટીપણું એ ત્રણે અંશોના સમુદાયસ્વરૂપ માટી છે. તે ત્રણ અંશો વગર માટી સિદ્ધ નહિ થાય. તેમાં ઉત્પાદ તે ઘડાના આશ્રયે છે, વ્યય તે પિંડના આશ્રયે છે ને ધ્રુવતા તે માટીપણાના આશ્રયે છે. વળી તે ઘડો, પિંડ ને માટીપણું એ ત્રણે અંશો માટીના આશ્રયે છે. એ રીતે એક માટીમાં બધું સમાઈ જાય છે.

જીવમાં રાગાદિ ઉદયભાવ થયો, તે ઉદયભાવ કોનો ? દ્રવ્યનો, પર્યાયનો કે પરનો ? તો કહે છે કે તે ઉદયભાવ પરનો નથી, તે ઉદયભાવ દ્રવ્યનો નથી, પણ તે ઉદયભાવ તે વખતની આત્માની પર્યાયનો છે. ઉદયભાવ તે સ્વજ્ઞેયની પર્યાય છે.

(૧) ઉત્પાદ, વ્યય, ધ્રુવ ત્રણે એક સાથે છે. એ વાત ૧૦૦ મી ગાથામાં સાબિત કરી.

(૨) હવે અહીં ઉત્પાદ, વ્યય, ધ્રુવ તે અંશના (પર્યાયના) છે અને

(૩) તે પર્યાયો (અંશો) દ્રવ્યના છે–એમ કહીને તે બધાને એક દ્રવ્યમાં જ સમાવી દે છે.

કોઈ ભાવનો ઉત્પાદ થતાં આખું દ્રવ્ય જ નવું ઉત્પન્ન થતું નથી પણ પર્યાય નવી ઊપજે છે; તે પર્યાય દ્રવ્યના આશ્રયે છે.

કોઈ ભાવનો વ્યય થતાં આખું દ્રવ્ય જ નાશ પામી જતું નથી પણ પર્યાય નાશ પામે છે, ને તે પર્યાય દ્રવ્યના આશ્રયે છે.

પરિણામોના પ્રવાહમાં ધ્રુવતાપણે દ્રવ્ય જ ધ્રુવ નથી પણ અંશ અપેક્ષાએ ધ્રુવતા છે, ધ્રુવપણું તે પણ દ્રવ્યનો એક અંશ છે, આખું દ્રવ્ય નથી પણ તે ધ્રુવઅંશ દ્રવ્યના આશ્રયે છે.

–એ રીતે ઉત્પાદ-વ્યય ને ધ્રુવ અંશના છે, ને તે અંશોનો સમૂહ તે દ્રવ્ય છે. એ રીતે દ્રવ્યમાં બધું સમાઈ જાય છે.

ઉત્પાદ, વ્યય કે ધ્રુવ દ્રવ્યના જ આશ્રયે નથી એટલે કે દ્રવ્યનાં જ ઉત્પાદ, વ્યય કે ધ્રુવ નથી, પણ પર્યાયનાં છે અને તે પર્યાયો દ્રવ્યના છે. ઉત્પાદ, વ્યય કે ધ્રુવ તેમાંથી કોઈ એકમાં જ આખું દ્રવ્ય સમાઈ જતું નથી પણ તે તો એકેક પર્યાયના છે. ઉત્પાદ તે આખા દ્રવ્યને બતાવતો નથી પણ ઉત્પાદ તે ઊપજતી પર્યાયને બતાવે છે તથા ધ્રુવ પણ આખા દ્રવ્યને બતાવતું નથી પણ તે પર્યાયને (-અંશને) જ બતાવે છે. એ રીતે તે દરેક એકેક પર્યાયને બતાવે છે, ને તે ત્રણે પર્યાયોનો સમૂહ દ્રવ્યને બતાવે છે –દ્રવ્ય તે પર્યાયોના સમૂહસ્વરૂપ છે.

કોઈ પણ દ્રવ્યનો કોઈ પણ એક સમય લ્યો તો તેમાં ઉત્પાદ-વ્યય ને ધ્રુવ ત્રણે એક સાથે પર્યાયોના આશ્રયે છે. એકલા ઉત્પાદમાં, વ્યયમાં કે ધ્રુવમાં આખું દ્રવ્ય આવી જતું નથી માટે, તેઓ દ્રવ્યના આશ્રયે નહિ પણ પર્યાયોના આશ્રયે છે એમ કહ્યું. ઉત્પાદધર્મ કોઈ પર્યાયના આશ્રયે છે, વ્યયધર્મ પણ કોઈ પર્યાયના આશ્રયે છે ને ધ્રૌવ્યપણારૂપધર્મ પણ કોઈ પર્યાય (અંશ)ના આશ્રયે છે. માટે તેમને પર્યાયના ધર્મ કહ્યા અને પર્યાયો દ્રવ્યના આશ્રયે છે. એ રીતે અભેદપણે દ્રવ્યમાં બધું સમાઈ જાય છે.

એ વાત વૃક્ષનો દાખલો આપીને સમજાવશે.

માગશર સુદ ૨—૩ સોમવાર

## (પ્રવચનસાર ગાથા ૧૦૧ ચાલુ)

ઉત્પાદ, વ્યય ને ધ્રુવ અંશોના આશ્રયે છે ને તે અંશો દ્રવ્યને આલંબે છે. ઉત્પાદ પણ અંશનો છે, વ્યય પણ અંશનો છે ને ધ્રુવપણું પણ અંશનું છે; તે એકેક અંશમાં આખી વસ્તુ સમાઈ જતી નથી પણ અંશોના પિંડરૂપ વસ્તુ છે. વસ્તુ અંશી છે ને ઉત્પાદાદિથી આલંબિત પર્યાયો તેના અંશો છે.–બીજ, અંકુર અને વૃક્ષત્વની માફક.

જેમ અંશી એવા વૃક્ષના બીજ–અંકુર–વૃક્ષત્વસ્વરૂપ ત્રણ અંશો ભંગઉત્પાદ–ધ્રૌવ્યસ્વરૂપ નિજધર્મો વડે આલંબિત એકી સાથે જ ભાસે છે, તેમ અંશી એવા દ્રવ્યના, નષ્ટ થતો ભાવ, ઊપજતો ભાવ અને અવસ્થિત રહેતો ભાવ એ સ્વરૂપ ત્રણ અંશો ભંગ–ઉત્પાદ–ધ્રૌવ્યસ્વરૂપ નિજધર્મો વડે આલંબિત એકી સાથે જ ભાસે છે.

વસ્તુમાં ઉત્પાદ પણ અંશનો છે, વ્યય પણ અંશનો છે ને ધ્રુવતા પણ અંશની છે. તે એકેક અંશમાં આખી વસ્તુ સમાઈ જતી નથી, એટલે કે દ્રવ્યની જ ઉત્પત્તિ, દ્રવ્યનો જ નાશ કે દ્રવ્યની જ ધ્રુવતા નથી. જેમ એક વૃક્ષમાં બીજ, અંકુર ને વૃક્ષપણું–એવા ત્રણ અંશો છે, તેમાં બીજ–અંશનો વ્યય, અંકુર–અંશનો ઉત્પાદ ને વૃક્ષત્વ–અંશની ધ્રુવતા છે, તે ત્રણે અંશો થઈને વૃક્ષનું અસ્તિત્વ છે. તેમ આત્મવસ્તુમાં–સમ્યક્ત્વઅંશનો ઉત્પાદ, મિથ્યાત્વઅંશનો વ્યય ને શ્રદ્ધાપણાની ધ્રુવતા છે. એ રીતે ઉત્પાદ-વ્યય ને ધ્રુવ અંશોનાં છે, અંશીનાં નહિ. દ્રવ્યની અપેક્ષાએ જ ઉત્પાદ નથી પણ પૂર્વના નષ્ટ થતા ભાવની અપેક્ષાએ વ્યય છે, ને આખા દ્રવ્યની જ અપેક્ષાએ ધ્રુવતા નથી પણ દ્રવ્યના સળંગ ટકતા ભાવની અપેક્ષાએ (દ્રવ્યત્વ અપેક્ષાએ) ધ્રુવતા છે. એ રીતે ઉત્પાદ-વ્યય ને ધ્રુવ પ્રત્યેક, અંશને આશ્રિત છે. જે ક્ષણે વસ્તુ નવીન ભાવે ઊપજે છે તે જ ક્ષણે પૂર્વભાવથી વ્યય પામે છે ને તે જ ક્ષણે દ્રવ્યપણે ધ્રુવ રહે છે;–એ રીતે ઉત્પાદ-વ્યય-ધ્રુવ ત્રણે એક સાથે જ અંશોના અવલંબને છે. પણ અંશીનાં જ ઉત્પાદ, વ્યય કે ધ્રુવ નથી. (અહીં ધ્રુવને પણ અંશ અપેક્ષાએ પર્યાય કહી છે, પણ તેમાં દ્રવ્યનો સામાન્ય ભાગ છે. પરંતુ તે એકલા ધ્રુવમાં જ આખી વસ્તુ સમાતી નથી માટે તેને પણ અંશ કહ્યો, ને અંશ હોવાથી પર્યાય કહ્યો. એ અપેક્ષાએ ધ્રુવતા પણ પર્યાયને આશ્રિત કહેવામાં આવી છે.)

જો અંશી વસ્તુનાં જ ઉત્પાદ, વ્યય કે ધ્રુવ માનવામાં આવે તો તેમાં દોષ આવે છે, ને અંધાધુંધી થઈ જાય છે. કઈ રીતે દોષ આવે છે તે સમજાવે છે.

## ૧. દ્રવ્યનો જ વ્યય માનવામાં આવે તો—

જો વ્યય પૂર્વના અંશનો ન માનતાં દ્રવ્યનો જ માનવામાં આવે તો (૧) દ્રવ્ય એક ક્ષણમાં નાશ પામી જનારું થઈ જાય, એટલે એક ક્ષણમાં જ બધાંય દ્રવ્યોનો સર્વથા નાશ થઈ જાય, અથવા તો (૨) સત્ હોય તેનો જ નાશ થઈ જાય.

જો મિથ્યાત્વપર્યાયનો નાશ ન માનતાં આત્મદ્રવ્યનો જ નાશ માનવામાં આવે તો આત્મા એક ક્ષણમાં જ નાશ પામી જાય. પહેલી ક્ષણના સત્નો બીજી ક્ષણે નાશ થઈ જાય. અંશનો નાશ છે તેને બદલે અંશીનો જ નાશ માનતાં એકક્ષણમાં જ બધાં દ્રવ્યનો અભાવ જ થઈ જાય એટલે દ્રવ્યોની શૂન્યતા થઈ જાય; અથવા સત્પદાર્થોનો જ નાશ થઈ જાય.

દ્રવ્યનો જ વ્યય માનવાથી (૧) પહેલાં તો દ્રવ્યોનો સર્વથા અભાવ ઠરે એ દોષ કહ્યો, અથવા તો (૨) ભાવનો અભાવ થઈ જાય–એ બીજો દોષ કહ્યો. પહેલામાં તો એકલો અભાવ કહ્યો ને બીજામાં ભાવનો અભાવ થવાનું કહ્યું. માટે દ્રવ્યનો જ વ્યય નથી પણ દ્રવ્યના અંશનો જ વ્યય છે ને તે અંશ અંશીનો છે. ઉત્પાદ-વ્યય-ધ્રુવ તે અંશોના આશ્રયે છે, ને તે અંશો અંશીપદાર્થના આશ્રયે છે. પણ કોઈ દ્રવ્યનો કોઈ અંશ બીજા દ્રવ્યને આશ્રિત નથી, તેમ જ વિકારી કે નિર્વિકારી કોઈપણ ભાવનો ઉત્પાદ-વ્યય પણ બીજાના આશ્રયે નથી, પણ તે તે પર્યાયના જ આશ્રયે છે. રાગનો ઉત્પાદ કર્મના આશ્રયે નથી પણ તે સમયની પર્યાયના આશ્રયે છે. આ જીવના મિથ્યાત્વનો વ્યય દેવ-ગુરુના આશ્રયે નથી પણ પૂર્વપર્યાયના આશ્રયે જ છે. એ રીતે પર્યાયો પોતે જ ઉત્પાદ-વ્યય-ધ્રુવનો આશ્રય છે.

## <u>૨. દ્રવ્યનો જ ઉત્પાદ માનવામાં આવે તો</u>—

ઉત્પાદ જો અંશનો ન માનતાં દ્રવ્યનો જ માનવામાં આવે તો ક્ષણિક પર્યાય તે જ દ્રવ્ય થઈ જાય એટલે ક્ષણે ક્ષણે નવાં નવાં દ્રવ્યો જ ઉત્પન્ન થવા માંડે. દ્રવ્યની અનંત પર્યાયોમાંથી એકેક પર્યાય પોતે દ્રવ્ય થઈ જાય એટલે એક દ્રવ્યને જ અનંત દ્રવ્યપણું આવે. અથવા વસ્તુ વગર અસતનો જ ઉત્પાદ થવા માંડે. માટીમાં ઘટઅવસ્થા ઊપજે છે પણ માટી પોતે ઊપજતી નથી. તેમ વસ્તુમાં તેના નવા પરિણામ ઊપજે છે પણ વસ્તુ પોતે ઊપજતી નથી. એક અંશના ઉત્પાદને જો દ્રવ્ય જ માનવામાં આવે તો એક પર્યાય પોતે જ આખું દ્રવ્ય થઈ જશે. એટલે દ્રવ્યની અનંતી પર્યાયો તે અનંતદ્રવ્ય થઈ જશે. એ રીતે એક દ્રવ્યને જ અનંતદ્રવ્યપણું થઈ જશે.–એ દોષ આવે છે. હા, એક દ્રવ્યમાં અનંતગુણો હોય, તેમજ એક દ્રવ્યની અનંત પર્યાયો થાય, પણ એક દ્રવ્યનાં અનંત દ્રવ્યો ન થાય. દ્રવ્યની પર્યાય નવી ઊપજે છે પણ દ્રવ્ય પોતે નવું ઊપજતું નથી. જો દ્રવ્ય પોતે નવું ઊપજે તો અસતની જ ઉત્પત્તિ થાય–એ રીતે દ્રવ્યનો જ ઉત્પાદ માનવામાં બે દોષ આવે છે. પ્રથમ તો એક જ દ્રવ્ય અનંત દ્રવ્યપણે થઈ જાય; અને બીજું, અસતની જ ઉત્પત્તિ થાય. માટે ઉત્પાદ દ્રવ્યનો જ નથી પણ ઊપજતા ભાવનો ઉત્પાદ છે, ને તે ઊપજતા ભાવરૂપ અંશ દ્રવ્યનો છે.

## <u>૩. દ્રવ્યનું જ ધ્રૌવ્ય માનવામાં આવે તો</u>—

જો આખા દ્રવ્યને જ ધ્રુવ માનો તો, ક્રમે થતા ઉત્પાદ-વ્યય ભાવો વગર દ્રવ્યનો જ અભાવ થશે અથવા દ્રવ્યને ક્ષણિકપણું થઈ જશે. વસ્તુ એકલી ધ્રુવરૂપ નથી પણ ઉત્પાદ-વ્યય-ધ્રુવરૂપ છે, તેને બદલે એકલા

ધ્રુવઅંશને જ વસ્તુ માની લીધી ને અંશીને ન માન્યો તો દ્રવ્ય ક્ષણિક થઈ જશે. માટે વસ્તુ જ ધ્રુવ નથી પણ વસ્તુનો એક અંશ ધ્રુવ છે.

એક જ સમયમાં ઉત્પાદ-વ્યય થાય છે પણ તે ઉત્પાદ-વ્યય એક જ સમયની પર્યાયના નથી. એક સમયમાં, ઉત્પાદ વર્તમાનપર્યાયનો છે ને વ્યય પૂર્વપર્યાયનો છે. એક જ સમયમાં જેનો વ્યય છે તેનો ઉત્પાદ નથી, ને જેનો ઉત્પાદ છે તેનો વ્યય નથી. ઉત્પાદથી આલંબિત જુદી પર્યાય છે ને વ્યયથી આલંબિત જુદી પર્યાય છે; પણ તે ઉત્પાદ અને વ્યય બન્નેનો કાળ એક જ છે. જે વખતે જે પર્યાયનો વ્યય છે તે વખતે તે પર્યાયનો ઉત્પાદ નથી અને જે વખતે જે પર્યાયનો ઉત્પાદ છે તે જ વખતે તે પર્યાયનો વ્યય નથી. એકનો વ્યય ને બીજાનો ઉત્પાદ, બીજાનો વ્યય ને ત્રીજાનો ઉત્પાદ,–એ પ્રમાણે હોવાથી તે ક્રમે થતા ભાવો છે. જ્યારે બીજનો વ્યય થાય ત્યારે અંકુરનો ઉત્પાદ થાય છે માટે બીજ અને અંકુર તે ક્રમે થતા ભાવો છે; તેના વગર વૃક્ષની ધ્રુવતા રહે નહિ. ઉત્પાદ-વ્યય વગર ક્રમે થતા ભાવો બની શકે નહિ ને ક્રમે થતા ભાવો વગર દ્રવ્યનું અસ્તિત્વ રહી શકે નહિ. જેણે દ્રવ્યને જ એકલું ધ્રુવ માની લીધું તેને દ્રવ્યમાં પૂર્વ પર્યાયનો વ્યય ને પછીની પર્યાયનો ઉત્પાદ–એવા ક્રમે થતા ભાવો રહેતા નથી. પૂર્વનો પર્યાય અને પછીનો ઉત્પાદ–એવા ક્રમે થતા ભાવો વગર એનું ધ્રુવતત્ત્વ ક્યાં ટકશે ? એટલે તેને ધ્રુવદ્રવ્યનો જ અભાવ થઈ જશે; અથવા તો તેના મતમાં દ્રવ્યક્ષણિક જ થઈ જશે.–એ રીતે દ્રવ્યનું જ ધ્રુવ માનવામાં પણ દોષ આવે છે. ધ્રુવતા દ્રવ્યની જ નથી પણ દ્રવ્યના ટકતા અંશની ધ્રુવતા છે.

ઉત્પાદ, વ્યય ને ધ્રુવ એ ત્રણે એક સાથે છે, પણ તે અંશોનાં છે, દ્રવ્યનાં નથી.

ઉત્પાદ-વ્યય ને ધ્રુવ એ ત્રણેને એક સાથે ન માનતાં એકલા ઉત્પાદને, વ્યયને કે ધ્રુવને જ માને તો શા દોષ આવે છે તે વાત ૧૦૦મી ગાથામાં બતાવી હતી.

અહીં, દ્રવ્યનો જ ઉત્પાદ, દ્રવ્યનો જ વ્યય કે દ્રવ્યની જ ધ્રુવતા માને તો શા દોષ આવે છે તે ૧૦૧મી ગાથામાં બતાવ્યું.

આ ૧૦૧મી ગાથામાં આચાર્યદેવને સિદ્ધ એ કરવું છે કે ઉત્પાદ-વ્યય ને ધ્રુવ એ દ્રવ્યથી જુદા કોઈ પદાર્થો નથી પણ દ્રવ્યમાં જ તે બધાં સમાઈ જાય છે.

(૧) જો દ્રવ્યનો જ ઉત્પાદ માની લ્યો તો વ્યય અને ધ્રુવનો સમાવેશ દ્રવ્યમાં થાય નહિ અને દોષ આવી પડે.

(૨) જો દ્રવ્યનો જ વ્યય માની લ્યો તો ઉત્પાદ અને ધ્રુવનો સમાવેશ દ્રવ્યમાં થાય નહિ અને દોષ આવી પડે.

(૩) જો દ્રવ્યને જ ધ્રૌવ્ય માની લ્યો તો ઉત્પાદ અને વ્યયનો સમાવેશ દ્રવ્યમાં થાય નહિ અને દોષ આવી પડે.

માટે–ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય વડે પર્યાયો આલંબિત હો અને પર્યાયો વડે દ્રવ્ય આલંબિત હો કે જેથી આ બધું એક જ દ્રવ્ય હોય. આચાર્યદેવે ન્યાય અને યુક્તિપૂર્વક વસ્તુસ્વરૂપ સિદ્ધ કર્યું છે. દ્રવ્ય પોતે જ ઊપજતું નથી. દ્રવ્ય પોતે જ નાશ પામતું નથી અને દ્રવ્ય પોતે જ ધ્રુવ રહેતું નથી પણ તેના અંશનો ઉત્પાદ છે, અંશનો વ્યય છે ને અંશની ધ્રુવતા છે. એટલે તે ઉત્પાદ-વ્યય ને ધ્રુવ અંશોના (-પર્યાયોનાં) છે, ને તે પર્યાયો દ્રવ્યના છે. આથી બધુંય એક જ દ્રવ્ય છે.

*

માગશર સુદ ૪, મંગળવાર

## (પ્રવચનસાર ગાથા ૧૦૧નો ભાવાર્થ.)

આત્મા અને પરમાણુ જ્ઞેય છે ને એક જ્ઞેયમાં ઉત્પાદ, વ્યય, ધ્રુવ ત્રણે થઈને આખું દ્રવ્ય છે.

બીજ, અંકુર અને વૃક્ષત્વ એ વૃક્ષના અંશો છે. બીજનો નાશ, અંકુરનો ઉત્પાદ ને વૃક્ષનું ધ્રુવપણું ત્રણે થઈને વૃક્ષ છે. આખું એક સમયમાં વૃક્ષ છે. નાશ બીજને આશ્રિત છે, ઉત્પાદ અંકુરને આશ્રિત છે અને ધ્રૌવ્ય વૃક્ષત્વને આશ્રિત છે. નાશ થવું, ઉત્પન્ન થવું ને ટકવું તે બીજ, અંકુર ને વૃક્ષત્વથી જુદા પદાર્થરૂપ નથી. વળી બીજ, અંકુર ને વૃક્ષત્વ પણ વૃક્ષથી જુદા પદાર્થરૂપ નથી. માટે આ બધાંય એક વૃક્ષ જ છે.

આત્મામાં મિથ્યાભાવનો નાશ થવો, સમ્યક્ભાવનો ઉત્પાદ થવો ને આત્માનું ધ્રુવપણે ટકી રહેવું તે આત્માના અંશો છે. તે ત્રણે થઈને આખો આત્મા છે. અનંતા ગુણોની પૂર્વ અવસ્થાનો નાશ, વર્તમાન અવસ્થાનો ઉત્પાદ ને તે ગુણોનું ધ્રુવપણું–તેમ થઈને આખો આત્મા છે.

ત્રણે અંશો પરને લીધે નથી, આત્માને લીધે કર્મના પરમાણુનો ઉત્પાદ નથી અને કર્મના પરમાણુને લીધે આત્માની અવસ્થામાં રાગ નથી.

પોતની યોગ્યતાના કારણે રાગનો ઉત્પાદ, પૂર્વના રાગનો વ્યય ને આત્માનું ટકી રહેવું–એમ ત્રણે થઈને દ્રવ્ય છે.

આંગળી વાંકી હતી તેમાંથી સીધી થઈ તો વાંકીનો વ્યય, સીધાપણાનો ઉત્પાદ ને આંગળી–દ્રવ્યું ધ્રુવ રહેવું–એમ ત્રણે થઈને દ્રવ્ય છે. આત્માને લીધે કે રાગને લીધે આંગળી સીધી થઈ નથી, વાંકી મટી નથી ને ધ્રુવપણે ટકી નથી. પરને લીધે વ્યય અથવા ઉત્પાદ માનવામાં આવે તો આખું દ્રવ્ય સાબિત થતું નથી.

વ્યય જેટલું દ્રવ્ય માનવામાં આવે તો દ્રવ્યનો નાશ થઈ જાય છે.

ઉત્પાદ જેટલું દ્રવ્ય માનવામાં આવે તો દ્રવ્ય અનેકરૂપ થઈ જાય છે.

ક્રમે થતા ભાવ વિના ધ્રુવ માનવામાં આવે તો ધ્રુવ એકલું રહી જતાં દ્રવ્યને ક્ષણિકતાનો પ્રસંગ આવે છે.

એકી સમયે ત્રણે થઈને દ્રવ્ય પૂરું થાય છે.

કર્મને લીધે રાગદ્વેષ આત્માની અવસ્થામાં થાય એમ માનવામં આવે તો આત્માનાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ સાબિત થતાં નથી. એટલે આત્મદ્રવ્ય રહેતું નથી અને આત્માના રાગદ્વેષને લીધે કર્મને બંધાવું પડ્યું એમ માનવામાં આવે તો કર્મના ઉત્પાદ-વ્યય વિના કર્મદ્રવ્ય પણ સાબિત થતું નથી.

ત્રણે અંશો પોતામાં સાબિત કરે તો જ દરેક દ્રવ્ય સાબિત થાય છે.

રાગનો વ્યય તે રાગના નાશ થતા ભાવને આધીન છે.

વીતરાગતાનો ઉત્પાદ તે ઊપજતા ભાવને આધીન છે.

આત્માનું ધ્રુવપણે તે ટકતા ભાવને આધીન છે.

વ્યય પરને લીધે નથી તેમ જ એકલા વ્યયમાં આખું દ્રવ્ય આવતું નથી.

ઉત્પાદ પરને લીધે નથી તેમ જ એકલા ઉત્પાદમાં આખું દ્રવ્ય આવતું નથી.

ધ્રુવ પરને લીધે નથી તેમ જ એકલા ધ્રુવમાં આખું દ્રવ્ય આવતું નથી.

ઉત્પાદ, વ્યય ને ધ્રુવ ત્રણે અંશો સ્વતંત્ર છે ને ત્રણે થઈને આખું દ્રવ્ય છે. પણ અજ્ઞાની જીવ કર્મને લીધે રાગ થયો કે અંશથી ધર્મ થયો–એમ માને છે, તે અજ્ઞાનભાવ છે.

## એક અંશ પરને લીધે માને તો મિથ્યાત્વ છે ને એક અંશ જેટલું આખું દ્રવ્ય માને તો પણ મિથ્યાત્વ છે.

ત્રણે અંશો સ્વતંત્ર છે ને ત્રણે થઈને એક આખું દ્રવ્ય છે, કાંઈ ત્રણ દ્રવ્યો નથી.

ભાષાનો ઉત્પાદ છે તે પરમાણુના ઉત્પાદના કારણે છે; હોઠને લીધે કે જીવની ઇચ્છાને લીધે નથી.

રાગનો વ્યય તે નષ્ટ થતા ભાવને લીધે છે પણ કર્મના કારણે નથી.

જે જીવ સ્વતંત્રસ્વભાવ સમજે નહિ ને સમજ્યા વિના વ્રત તપાદિ કરે ત્યાં મંદ કષાય હોય તો પુણ્ય થાય પણ ધર્મ થાય નહિ.

એક સમયનું સત્ કબૂલ ન કરે તો સત્ રહેતું નથી ને જ્ઞેય સાચું ન રહેતાં જ્ઞાન પણ સાચું રહેતું નથી; જ્ઞાન સાચું ન રહેતાં શ્રદ્ધા પણ સાચી રહેતી નથી.

ઓછું જ્ઞાન પણ સમ્યક્ હોય તો ભવનો અંત લાવે છે. ને વધારે ઉઘાડ હોય પણ મિથ્યા હોય તો સંસાર ચાલુ રહે છે માટે સમ્યક્ જ્ઞાન કરવું જોઈએ.

ઉત્પાદ પરને લીધે નથી પણ ઉત્પાદ વ્યયને લીધે પણ નથી.

વ્યય પરને લીધે તો નથી પણ વ્યય ઉત્પાદને લીધે પણ નથી.

ધ્રુવ પરને લીધે તો નથી પણ ધ્રુવ ઉત્પાદ-વ્યયને લીધે પણ નથી.

એક એક પર્યાય સત્ છે ને ત્રણે થઈને આખું દ્રવ્ય છે. એક સત્ છે એમ કહેવું ને પાછું તે બીજાથી છે એમ કહેવામાં આવે તો દ્રવ્ય જ રહેતું નથી. ઉત્પાદ, વ્યય–ધ્રૌવ્ય ત્રણે અંશો સત્ છે–એમ સ્વીકારીને આખું દ્રવ્ય એક છે એમ જ્ઞાનમાં લેવું જોઈએ.

ઉત્પાદ–ઉત્પાદના આશ્રયે છે, વ્યય વ્યયના આશ્રયે છે–ધ્રુવ ધ્રુવના આશ્રયે છે ને ઉત્પાદવ્યયધ્રુવ તે ભાવોથી જુદા પદાર્થ નથી. વળી તે ભાવો પણ દ્રવ્યથી જુદા પદાર્થરૂપ નથી માટે આ બધાય એક જ દ્રવ્ય છે.

આમ જ્ઞેયનું સાચું જ્ઞાન કરવું. જ્ઞાનપ્રધાન કથનથી સમ્યક્ શ્રદ્ધા કરાવે છે.

*

## રાત્રિચર્ચામાંથી. (માગશર સુદ ૭, શુક્રવાર)

ઉત્પાદને ધ્રુવ તથા વ્યય અંતરંગ નિમિત્તકારણ છે.

વ્યય ને ઉત્પાદ તથા ધ્રુવ અંતરંગ નિમિત્તકારણ છે.

ધ્રુવને ઉત્પાદ તથા વ્યય અંતરંગ નિમિત્તકારણ છે.

એકગુણની પર્યાયને બીજા ગુણની પર્યાય અંતરંગ નિમિત્તકારણ છે.

*

# પ્રસાદ નં. ૩૮

## પ્રવચનસાર ગાથા ૧૦૨

(માગશર સુદ ૫, બુધવાર)

ગાથા ૧૦૦માં એમ કહ્યું હતું કે દરેક દ્રવ્યમાં ભાવભેદ નથી. ઉત્પાદ વ્યય વિના હોતો નથી, વ્યય ઉત્પાદ વિના હોતો નથી તથા ઉત્પાદ-વ્યય-ધ્રુવ વિના હોતા નથી. એમ ભાવભેદ નથી–એમ બતાવ્યું હતું. પછી ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય પર્યાયોમાં વર્તે છે ને પર્યાયો દ્રવ્યમાં હોય છે તેથી તે ભાવો બધું થઈને દ્રવ્ય છે–એમ ૧૦૧મી ગાથામાં કહ્યું હતું. હવે ત્રણેને કાળભેદ નથી, એટલે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય એકી સમયે છે–એમ ૧૦૨મી ગાથામાં કહે છે.

**ઉત્પાદ—ધ્રૌવ્ય—વિનાશસંજ્ઞિત અર્થસહ સમવેત છે**
**એકજ સમયમાં દ્રવ્ય નિશ્ચય, તેથી એ ત્રિક દ્રવ્ય છે. ૧૦૨.**

ઉત્પાદ, વ્યય ને ધ્રૌવ્ય ત્રણે દ્રવ્યના અંશો છે ને અંશ તરીકે સરખા છે, પણ અંશના સામર્થ્ય તરીકે ત્રણે સરખા નથી. <u>ઉત્પાદ ને વ્યય કરતાં ધ્રૌવ્યનો અંશ મોટા સામર્થ્યવાળો છે.</u> અનંતા ગુણનો પિંડ તે દ્રવ્ય છે. તેમાં ધ્રુવ તે અનંતા ગુણનો ધ્રુવ રહ્યો. શ્રદ્ધાગુણનો ધ્રુવ તે આખા ધ્રુવમાં આવી જાય છે ને <u>સાદ્રશ્ય ધ્રુવપદાર્થની રુચિ ને સાચું જ્ઞાન થતાં ઉત્પાદ, વ્યયનું સાચું જ્ઞાન થાય છે.</u> ધ્રુવ પદાર્થ જે શુદ્ધ છે તેના સામર્થ્યનો જીવને ખ્યાલ આવતાં પરનો ને વિકલ્પનો મહિમા આવતો નથી; પોતાના સામાન્ય ધ્રુવ તરફ એકાકાર થતાં ધર્મની પર્યાયનો ઉત્પાદ થાય છે ને અધર્મની પર્યાયનો નાશ થાય છે.

પર પદાર્થ અગર નિમિત્તને લીધે ઉત્પાદ-વ્યય થાય તે માન્યતામાં તો સ્થૂળ ભૂલ છે. પણ ધ્રુવ અંશ આવા સામર્થ્યવાળો છે તેની રુચિ ને જ્ઞાન વગર ઉત્પાદ-વ્યયનું વ્યવહારે પણ જ્ઞાન સાચું કહેવાતું નથ.

દ્રવ્યના ત્રણે અંશોને ભેદ પાડીને લક્ષમાં લેવા એ પર્યાયાર્થિક નયનો વિષય છે, ને ભેદ પાડ્યા વગર સામાન્ય ધ્રુવ લક્ષમાં લેવો તે દ્રવ્યાર્થિક નયનો વિષય છે ને ત્રણે અંશો થઈને આખું દ્રવ્ય–સ્વજ્ઞેયને ખ્યાલમાં લેવું તે પ્રમાણનો વિષય છે.

ત્રણેને સ્વતંત્ર બતાવવા હોય ત્યારે ત્રણે સત્ છે. દરેક અંશ પોતાથી સત્ છે. ઉત્પાદ ઉત્પાદના કારણે, વ્યય વ્યયના કારણે ને ધ્રુવ ધ્રુવના કારણે છે–એમ એક અંશ બીજા અંશથી સ્વતંત્ર છે એમ બતાવવામાં આવે છે, પણ

જ્યારે ઉત્પાદનો આશ્રય બતાવવો હોય, એટલે કે ભવિષ્યનો ઉત્પાદ કોને આશ્રયે થાય છે એમ બતાવવું હોય ત્યારે એમ કહેવાય છે કે ધ્રુવના આશ્રયે ઉત્પાદ થાય છે પણ પરના આશ્રયે થતો નથી. જ્યારે અવસ્થા પ્રગટ થાય છે ત્યારે ઉત્પાદ ઉત્પાદના કારણે, વ્યય વ્યયના કારણે, ધ્રુવ ધ્રુવના કારણે વગેરે ત્રણે અંશો સ્વતંત્ર બતાવવામાં આવે છે.

શરીર–મન–વાણી પરજ્ઞેય–પરવસ્તુ છે. તેના ઉત્પાદ-વ્યય-ધ્રુવ ત્રણે અંશો તે દ્રવ્યમાં છે. તેના અંશોને લીધે આત્મામાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ નથી, એટલે કે પરના અંશોને લીધે આત્મામાં ધર્મની ઉત્પત્તિ થતી નથી; આત્મામાં અધર્મનો નાશ થતો નથી ને આત્મા ટકતો નથી.

મારાં લાભ–નુકશાન, પરની દયા કે પરની હિંસાને લીધે નથી. મારો લાભ મારી ધ્રુવ શ્રદ્ધાના અવલંબને છે એમ નક્કી કરતાં શુદ્ધ દશાની ઉત્પત્તિ થાય છે. અશુદ્ધતાનો નાશ થાય છે ને પોતે ધ્રુવપણે ટકી રહે છે–એમ યથાર્થ નક્કી થાય છે. આમ દરેક ભાવો પોતામાં એક બીજા વિના વર્તી રહ્યો છે તેમ પ્રથમ નક્કી કર્યું હતું.

એક સમયના સત્‌ના સામર્થ્યના સ્વીકાર વિના આખા દ્રવ્યના સામર્થ્યનો સ્વીકાર થતો નથી. હવે ત્રણે અંશો એકી સમયે છે ને તેમનો ક્ષણભેદ નથી તે વાત અહીં (૧૦૨માં) કહે છે.

અન્વયાર્થ :–દ્રવ્ય એક જ સમયમાં ઉત્પાદ, સ્થિતિ અને નાશ નામના અર્થો સાથે ખરેખર એકમેક છે તેથી એ ત્રણેનો સમુદાય ખરેખર દ્રવ્ય જ છે. સમ્યગ્દર્શન ઉત્પન્ન થવું, આત્માનું ટકવું ને મિથ્યાદર્શનનો વ્યય થવો તે એક જ સમયે છે. ઇચ્છાનું થવું, આત્માનું ટકવું ને પૂર્વ–ઇચ્છાનો વ્યય થવો એક જ સમયે છે.

આત્માએ ઇચ્છા કરી ને આંગળી ઊંચી થઈ–એ બન્નેનો સમય એક હોય માટે એક બીજાએ એકબીજાનું કાંઈ કર્યું–એમ નથી. બન્નેનો સ્વકાળ એકસમયે હોવા છતાં એકબીજાને લીધે એકબીજાં નથી. આંગળીના ઉત્પાદ-વ્યય-ધ્રુવ તે આંગળીના પુદ્‌ગલદ્રવ્યમાં, તેનામાં એકી સમયે છે; ને આત્માના ઉત્પાદ-વ્યય-ધ્રુવ આત્મામાં એકી સમયે છે.

હવે સમયની સ્પષ્ટતા માટે શંકાકાર શંકા ઉઠાવે છે.

ટીકા :–શંકાકારની શંકા :–વસ્તુ જે ક્ષણે જન્મે તે જન્મથી વ્યાપ્ત હોવાથી તેની ટકવાની ક્ષણ ને નાશ થવાની ક્ષણ ન હોય પણ જુદી હોય; જે ટકવાની ક્ષણ છે તે જન્મવાના અને નાશના બન્ને વચ્ચેના ક્ષણ વચ્ચેની ક્ષણ હોવાથી, ટકવાની ક્ષણ તે જન્મક્ષણ અને નાશક્ષણ ન હોઈ શકે; અને

જે નાશ ક્ષણ છે તે વસ્તુ ઊપજીને અને ટકીને પછી નાશ પામતી હોવાથી, નાશક્ષણ તે જન્મક્ષણ અને સ્થિતિક્ષણ ન હોય; આમ દલીલથી વિચારતાં ઉત્પાદ, ધ્રુવ ને વ્યય એકી સમયે અમને લાગતા નથી પણ જુદા જુદા લાગે છે.

હવે આ દલીલમાં ઉત્પાદ તથા વ્યય કર્મથી કે સંયોગથી થાય તેની વાત તો લીધી જ નથી, પણ ત્રણે વચ્ચે કાળભેદ છે–એમ અજ્ઞાનીને લાગે છે તેની વાત છે.

કોઈ પણ વસ્તુ નવી બને ત્યાં, પ્રથમ તે ઊપજે છે, પછી થોડો વખત ટકે છે ને પછી નાશ પામે છે. બાળક જન્મે છે, અમુક વર્ષ જીવે છે–એટલે ટકે છે ને પછી મૃત્યુ પામે છે; એમ ઉત્પાદ–ધ્રુવ–વ્યયના સમયો જુદા જુદા છે–એમ અજ્ઞાની કહે છે.

ખોટી શ્રદ્ધા નાશ થઈ છે પણ સમ્યગ્દર્શન તે વખતે થયું છે કે નહિ તે અમોને ખબર પડતી નથી. ખોટી શ્રદ્ધા નાશ થાય, પછી લાંબે વખતે ધર્મ થાય ને વચમાં આત્મા રહે છે એમ અમોને લાગે છે–આમ અજ્ઞાની દલીલ કરે છે.

સમ્યગ્દર્શન થાય તે જ વખતે મિથ્યાદર્શન નાશ થાય ને તે જ સમયે આત્મા ટકી રહે, એમ અમોને લાગતું નથી. કાળભેદ હોય એમ લાગે છે.

અજ્ઞાનીની આવી દલીલનું કારણ એ છે કે તેની દ્રષ્ટિ સંયોગી વસ્તુ ઉપર છે. સંયોગ થાય, ટકે ને વીખરાય તે ઉપર તેની નજર છે; પણ દરેક આત્મા ને પરમાણુ સ્વતંત્ર છે–એવી સ્વભાવદ્રષ્ટિ છે તેની ઉપર નજર નથી તેથી ભૂલ કરે છે.

હવે ઉપરની શંકાનું સમાધાન કરવામાં આવે છે–અજ્ઞાનીને કહેવામાં આવે છે કે–ઉત્પાદ થવાની સાથે આખું દ્રવ્ય ઉત્પન્ન થતું હોય તો, વ્યય થવાની સાથે આખું દ્રવ્ય નાશ થતું હોય તો, ધ્રુવ રહેવાની સાથે આખું દ્રવ્ય એકલું ધ્રુવ જ હોય તો, તમારી દલીલ–ઉત્પાદ, વ્યય ને ધ્રુવના સમયભેદની વાત સાચી ઠરે. ધર્મના ઉત્પાદ થવાની સાથે આખો આત્મા ધર્મરૂપ થતો હોય ને મિથ્યાત્વના વ્યય સાથે આખો આત્મા વ્યય થતો હોય તો તમોએ કહેલી સમયભેદની વાત સ્વીકારવામાં આવે પણ તેમ કદી થતું નથી. ઉત્પાદ-વ્યય-ધ્રુવ ત્રણે દ્રવ્યના અંશો છે. દ્રવ્ય ધ્રુવ રહીને ઉત્પાદ-વ્યય થયા કરે છે. આત્મા આત્માપણે ટકીને મિથ્યાદર્શનનો વ્યય થાય છે ને સમ્યગ્દર્શનનો ઉત્પાદ થાય છે. માટે અજ્ઞાનીની દલીલ–ક્ષણભેદની ખોટી છે. આગલી ગાથામાં નક્કી કરવામાં આવ્યું છે કે ઉત્પાદ-વ્યય-ધ્રુવ એ ત્રણે

પર્યાયો એટલે અંશો છે ને ત્રણે થઈને આખું દ્રવ્ય છે. માટે ત્રણેમાં સમયભેદ નથી.

અજ્ઞાની જીવ સંયોગને જુએ છે. આત્માને લીધે આંગળી ચાલી ને આંગળીને લીધે લાકડું બન્યું. પહેલાં લાકડું બન્યું, પછી ટક્યું ને પછી નાશ થયું, એમ સમયભેદ છે–એમ અજ્ઞાની માને છે.

લાકડાના ઉત્પાદ-વ્યય-ધ્રુવ લાકડામાં એકી સમયે છે. આંગળીના ઉત્પાદ-વ્યય-ધ્રુવ આંગળીમાં છે ને આત્માના ઉત્પાદ-વ્યય-ધ્રુવ આત્મામાં છે. કોઈ કોઈના લીધે નથી ને સમયભેદ પણ નથી.

આખું દ્રવ્ય એક અંશમાં આવી જતું હોય તો અજ્ઞાનીની વાત બરાબર છે. પણ તેમ નથી. આખું દ્રવ્ય એકલા ઉત્પાદમાં કે એકલા વ્યયમાં કે એકલા ધ્રુવમાં આવતું નથી, ત્રણે થઈને એક દ્રવ્ય છે માટે સમયભેદ નથી. તેમ આત્મામાં પણ સમ્યગ્દર્શનની ઉત્પત્તિ, મિથ્યાદર્શનનો વ્યય ને આત્માનું ટકવું એકી સમયે છે; સમયભેદ નથી. એવી રીતે દરેક આત્મા ને પરમાણુમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ એકી સમયે છે.

*

સમયસાર ગાથા ૫૦ થી ૫૫ ટીકાના પ્રવચનમાંથી (માગશર સુદ ૫)

દયા દાનાદિના વિકારી ભાવોથી આત્માને લાભ થાય, ઉપવાસ કરવાથી કર્મ ખસે અને કર્મના ઉદયે આત્મામાં વિકાર થાય–એમ માનનાર ચૈતન્ય જ્ઞાતા અને કર્મને એક માને છે તે સ્વ-પરની એકતાની બુદ્ધિ છે. અધ્યાત્મસ્થાન એટલા માટે કહ્યાં છે કે આત્મા ત્રિકાળી ચૈતન્ય જ્ઞાતાસ્વભાવને ભૂલ્યો અને પરમાં આત્માનું સ્થાન માન્યું–તે અધ્યાત્મસ્થાન આત્માની અવસ્થામાં છે ખરાં,

*

# પ્રસાદ નં. ૩૯

## પ્રવચનસાર ગાથા ૧૦૨

(માગશર સુદ ૬, ગુરુવાર)

આત્મા ને પરમાણુ વસ્તુ છે. તેમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ એક સમયમાં હોય છે. નવી અવસ્થાનું ઊપજવું, જૂની અવસ્થાનું નાશ થવું ને સદ્રશપણે ધ્રુવનું ટકી રહેવું એક સમયમાં છે.

અજ્ઞાની શંકા કરે છે કે ઘડો પ્રથમ બને છે, પછી ટકે છે ને પછી નાશ પામે છે. ચોપડી પ્રથમ નવી બને છે, થોડો વખત ટકે છે ને પછી ફાટી જાય છે. બાળક જન્મે છે, થોડા વર્ષ જીવે છે ને પછી મરી જાય છે. લાડવા બનાવ્યા, થોડો વખત ટક્યા ને પછી ખાધા એટલે નાશ થયા. એ રીતે ત્રણે એકી સાથે બનતું દેખાતું નથી. ગમે તે દ્રષ્ટાંતમાં લ્યો તો ત્રણેના સમયમાં ભેદ લાગે છે. કોઈ વસ્તુ બનતાની સાથે તરત જ નાશ થાય એમ બને ? પહેલાં બને, પછી ટકે ને પછી નાશ થાય; માટે ઊપજવું, ટકવું ને નાશ પામવું એ ત્રણેને સમયભેદ લાગે છે–એમ અજ્ઞાનીની દલીલ છે.

ધર્મ અત્યારે થાય, પછી આત્મા લક્ષમાં આવે, પછી જ્ઞાન થયા બાદ તપશ્ચર્યા કરીએ તો પછી અજ્ઞાની નાશ થાય. તરત જ વિશેષ જ્ઞાન પ્રગટે એમ બને ? આવી રીતે ધર્મ પ્રગટવાની ક્ષણ, આત્મા ટકવાની ક્ષણ ને અધર્મ નાશ થવાની ક્ષણમાં કાળભેદ લાગે છે–એમ અજ્ઞાની દલીલ કરે છે.

આચાર્ય ભગવાન કહે છે કે ભાઈ ! તારી વાત બરાબર નથી. તેમ બની શકે નહિ. સમયે સમયે નવી અવસ્થા ઉત્પન્ન થાય છે. પૂર્વની અવસ્થાનો વ્યય થાય છે ને આત્મા ધ્રુવ ટકી રહે છે–એ પ્રમાણે ત્રણે અંશો એકીસાથે છે એમ સમજીને ધ્રુવ–કાયમી ચીજની રુચિ થતાં એક જ સમયમાં મિથ્યાત્વનો નાશ થાય છે. સમકિતનો ઉત્પાદ થાય છે ને પોતે આત્માપણે ધ્રુવ ટકી રહે છે.

<u>જડ ને ચૈતન્ય સમયે સમયે (-પર્યાયે પર્યાયે) સ્વતંત્ર છે, એમ નક્કી કરવું તે ઉત્પાદ-વ્યય-ધ્રુવનો મર્મ છે.</u>

પ્રવચનસાર ગાથા ૯૩–૯૪માં પર્યાયો દ્રવ્યની છે એમ કહીને એકલી પર્યાયને માનનાર પરસમય છે ને પર્યાયો દ્રવ્યની છે એમ દ્રવ્ય–પર્યાયનું યથાર્થ જ્ઞાન કરીને આત્મસ્વભાવમાં સ્થિત છે તે સ્વસમય છે એમ કહ્યું હતું.

ગાથા ૯૫ માં દરેક પદાર્થ પોતાનો સ્વભાવ છોડ્યા વગર ઉત્પાદ-વ્યય-ધ્રુવથી ને ગુણ–પર્યાયથી લક્ષિત થાય છે–એમ સમય સમયના

સ્વતંત્ર પરિણમનથી દ્રવ્ય સાબિત કર્યું હતું. તે સાબિત કરીને નિમિત્તનું જ્ઞાન કરાવ્યું હતું. તેની (ગાથા ૯૫ની) ટીકામાં અમૃતચંદ્રાચાર્ય મહારાજે કહ્યું કે ઉચિત બહિરંગ સાધનોની સંનિધિના સદ્‌ભાવમાં દ્રવ્ય અને પ્રકારની ઘણી અવસ્થાઓ કરે છે. ત્યાં તે પર્યાયને સ્વતંત્ર નિરપેક્ષ સાબિત કરીને સાપેક્ષપણું બતાવેલ છે.

ગાથા ૯૬ માં सव्वकालं શબ્દથી આચાર્યભગવાને દરેક વસ્તુ પોતાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ ને ભાવથી પરિણમી રહી છે ને પરના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી પરિણમતી નથી–એમ બતાવ્યું. <u>દરેક વસ્તુના પરિણામ પોતાથી થાય ને પોતાના સ્વકાળે થાય તથા નિમિત્તથી ન થાય ને આડાઅવળા સમયે ન થાય.</u>

૧. પોતે ત્રિકાળી રહેનારો પદાર્થ તે દ્રવ્ય છે ને પોતાના ભાવ એટલે શક્તિઓ તે ધ્રુવ છે. તેની રુચિ ને પ્રતીતિ વગર સમય સમયના પરિણામનો–સ્વકાળનો યથાર્થ ખ્યાલ આવે નહિ. સ્વનાં દ્રવ્ય તથા ભાવની રુચિ તથા જ્ઞાન થતાં, સ્વના દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવ ને પરના દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવનું સાચું જ્ઞાન થાય છે.

૨. દ્રવ્ય-ગુણ-પર્યાયના સ્વરૂપમાં પણ દ્રવ્ય-ગુણની રુચિ વગર પર્યાયનું સાચું જ્ઞાન થાય નહિ, એટલે કે દ્રવ્ય-ગુણન રુચિ તથા જ્ઞાન થતાં દરેક પર્યાયનું સાચું જ્ઞાન થાય છે.

૩. ઉત્પાદ-વ્યય-ધ્રુવના સ્વરૂપમાં ધ્રુવની રુચિ તથા જ્ઞાન વગર ઉત્પાદ-વ્યયનું સાચું જ્ઞાન થાય નહિ. ધ્રુવની રુચિ તથા જ્ઞાન થતાં ઉત્પાદ-વ્યયનું સાચું જ્ઞાન થાય છે.

–આમ નિર્ણય કરતાં પોતે કાયમ રહેનારો ધ્રુવ પદાર્થ છે ને પરમાં ત્રિકાળી શુદ્ધ અનંત શક્તિઓ છે એવી સાચી સમજણ ને રુચિપૂર્વક સમ્યક્‌જ્ઞાન થાય છે.

એક એક રજકણ, એક એક આત્મા–નિગોદથી માંડીને સિદ્ધ– પોતપોતામાં પરિણમી રહ્યાં છે. તેમને ઉત્પાદ-વ્યય-ધ્રુવનાં કાળભેદ નથી.

ગાથા ૯૫ માં ઉત્પાદાદિ સિદ્ધ કરીને નિમિત્તની વાત મૂકી છે. સ્વભાવસ્થાપન કરીને સંયોગની વાત મૂકી છે.

સ્વ–ચતુષ્ટય દરેક સમયે સમયે છે. દરેક વસ્તુ પોતાના ચતુષ્ટયથી છે ને પરના ચતુષ્ટયથી નથી. આમ દ્રવ્ય ને ભાવની રુચિ થતાં કાળનું–પર્યાયનું સાચું જ્ઞાન થાય છે. દ્રવ્ય ને ભાવ તે ધ્રુવ અને કાળ તે ઉત્પાદ-વ્યય; એ બધાંનો સમય એક જ છે એટલે કે એ બધાં એક સમયે સાથે હોય

છે. શક્તિવાન ને શક્તિનું ભાન થતાં જે અવસ્થાનું ભાન થાય છે તે પોતાથી થાય છે એમ સિદ્ધ કરીને નિમિત્તનું જ્ઞાન ગાથા ૯૫ ને ૧૦૨માં કરાવવામાં આવ્યું છે.

ઉત્પાદ-વ્યય કહો, પર્યાય કહો, દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવ માંહેનો સ્વ–કાળ કહો તે બધા એકાર્થવાચક છે. અહીં તો પરપદાર્થથી ઉત્પાદ-વ્યય-પર્યાય થાય તે વાત લેવી જ નથી પણ ઉત્પાદ-વ્યય-ધ્રુવ એ ત્રણેનો કાળ એક જ છે તે વાત લેવી છે. જે વાત સિદ્ધ કરવી છે તેને ન જોતાં સંયોગબુદ્ધિવાળાની નજર સંયોગ ઉપર જાય છે. ચોપડી સ્થૂળપણે જોઈ, શરીર, આયુષ્ય સુધી ટક્યું. તે સ્કંધને સ્થૂળપણે જોયું; તે સ્થૂળ ને સંયોગ ઉપર અજ્ઞાનીની દ્રષ્ટિ છે, પર રજકણે રજકણનાં તેમ જ આત્માનાં સ્વચતુષ્ટય પોતપોતામાં છે ને પરમાં નથી–એવો જે સ્વભાવ છે તેના ઉપર અજ્ઞાનીની નજર જતી નથી. ગાથા ૯૫ માં નિમિત્તનું જ્ઞાન કરાવ્યું હતું પણ ત્યાં શંકા કરી ન હતી. અહીં ગાથા ૧૦૨ માં એટલે ગાથા ૯૩ થી લઈ ગાથા ૧૦૧ સુધી બધી ગાથાઓમાં દ્રવ્ય-ગુણ-પર્યાય, ઉત્પાદ-વ્યય-ધ્રુવ, છ લક્ષણો દ્વારા દ્રવ્યની સાબિતી, દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવથી સ્વભાવની સાબિતી વગેરે અનેક પ્રકાર ને પડખાંથી નવ ગાથામાં સ્વભાવની સાબિતી કરીને (ગાથા ૧૦૨ માં) નિમિત્તનું જ્ઞાન કરાવે છે. ત્યાં અજ્ઞાની શંકા ઉઠાવે છે.

અહીં, એક એક પર્યાયના સત્ સ્વભાવની વાત કરતાં તેના ઉત્પાદાદિ ત્રણેમાં કાળભેદ નથી તે વાત ચાલે છે. તે સ્વભાવદ્રષ્ટિની વાત છોડી શંકાકાર સંયોગ ઉપર કેવી દ્રષ્ટિ નાખે છે તે વાત પણ બતાવે છે. માટે ઘણી લાયકાત હોય તો જ સંયોગીદ્રષ્ટિનો આગ્રહ છૂટે એમ છે, ને સંયોગીદ્રષ્ટિનો આગ્રહ છૂટે તો જ ધર્મ થાય એમ છે–એમ પણ બતાવે છે.

વિકારથી, પર્યાયથી, ગુણ–પર્યાયથી, ઉત્પાદ-વ્યય-ધ્રુવથી કે સ્વચતુષ્ટય વગેરેથી, ગમે તે એક લક્ષણથી પણ સ્વભાવને જોનારો સ્વભાવને જુએ છે. દ્રષ્ટાંત :-વિકાર થયો તો કોનો ?–પોતાના દ્રવ્યમાં પોતાના કારણે વિકાર થયો. પણ પરમાં ને પરને લીધે થયો નથી–એમ નક્કી કરતાં પોતાનાં દ્રવ્ય ને ચારિત્ર વગેરે ત્રિકાળી ગુણો તરફ દ્રષ્ટિ જતાં દ્રવ્ય-ગુણ તો શુદ્ધ છે એમ સ્વભાવદ્રષ્ટિ થાય છે અને આનંદનો ઉત્પાદ એટલે કે ધર્મ તે જ કાળે થાય છે.

આવો અતીન્દ્રિય વસ્તુસ્વભાવ શ્રવણ કરવા છતાં સંયોગી દ્રષ્ટિવાળો કાળભેદમાં ભૂલ કરે છે તે બતાવે છે.

વસ્ત્ર નવું થાય, વસ્ત્ર થોડો વખત ટકે ને પછી ફાટે. શરીર જન્મે, આયુષ્ય જેટલું ટકે ને પછી નાશ પામે–એમ અજ્ઞાની સ્કંધને આખી વસ્તુ (-મૂળ વસ્તુ) તરીકે માનીને ઇંદ્રિયગમ્ય સ્થૂળ સ્કંધમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ માની રહ્યો છે પણ પોતાના સત્તાસ્વભાવને છોડ્યા વિના દરેક દ્રવ્યમાં સમયે સમયે ઉત્પાદ-વ્યય-ધ્રુવ થઈ રહ્યાં છે તેને અતીન્દ્રિયસ્વભાવથી જોતો નથી તેથી શંકા ઉઠી છે.

પોતે કાયમ રહેનારો ધ્રુવપદાર્થ છે તેમ સાચું જ્ઞાન કરે તો ઉત્પાદ-વ્યયનું સાચું જ્ઞાન થાય. સ્વભાવનું સાચું જ્ઞાન કરે તો સંયોગનું સાચું જ્ઞાન થાય. સંયોગ કે નિમિત્તના જ્ઞાનથી સ્વભાવનું સાચું જ્ઞાન થાય નહિ. ધ્રુવ જ્ઞાનશક્તિ હતી તો તે ધ્રુવના આશ્રયે અલ્પજ્ઞાનનો વ્યય થઈ વિશેષ જ્ઞાન ઉત્પન્ન થાય છે તેમ અજ્ઞાની માનતો નથી. સંયોગ ને વાણી આવે તો જ્ઞાન થાય અને ટકે; જો સંયોગ ને વાણી ખસી જાય (વિયોગ હોય ત્યારે) તો યાદ રહેતું નથી એમ અજ્ઞાની માને છે તે જીવ પણ કાળ ભેદને જ માની રહ્યો છે; પણ હું જ્ઞાન ધ્રુવસ્વરૂપ છું તો તે જ સમયે પૂર્વની જ્ઞાનની અવસ્થાનો વ્યય ને નવી જ્ઞાનની અવસ્થાનો ઉત્પાદ તે સમયે છે જ. તે સ્વભાવ તેને બેસતો નથી.

સગડી હોય ત્યાં સુધી તાપ લાગે ને સગડી લઈ લ્યો તો ઠંડી લાગે, અગ્નિ હોય તો પાણી ગરમ થાય ને અગ્નિ હઠાવી તે સમયે પાણી ઠંડુ થાય છે.–એમ અજ્ઞાની સંયોગથી જુએ છે. પણ પાણીની તાકાત ઊની થવાની હતી તો તે ઊનું થયું, તે સ્વભાવની વાત બેસતી નથી.

આચાર્ય ભગવાન કહે છે કે ઉત્પાદ આદિ એક અંશમાં આખું દ્રવ્ય આવી જતું હોય તો તારી વાત સાચી છે, પણ એમ બનતું નથી. દરેક દ્રવ્ય પોતે સત્ રહીને ત્રણે અંશો સમયે સમયે એકી સાથે સ્વતંત્ર પરિણમી રહ્યા છે.

આમ અણારોપિત ચીજનું જ્ઞાન કરાવીને તે કાળે આરોપિત ચીજ બીજી કઈ હતી તેનું જ્ઞાન કરાવ્યું છે.

કુંભાર, દંડ, ચક્ર અને દોરી વડે આરોપવામાં આવતા સંસ્કારની હાજરીમાં જે રામપત્રની જન્મક્ષણ હોય છે તે જ માટીના પિંડના વ્યયની ક્ષણ છે અને તે જ બન્ને પ્રકારમાં રહેલા માટીપણાની સ્થિતિક્ષણ છે. ઉત્પાદ, વ્યય ને ધ્રુવ ત્રણેનો સમય એક જ છે–બીજો નથી. અજ્ઞાની સંયોગી ચીજ કેટલો વખત રહી તેને અને તે વખતના બહારના સંયોગોને જુએ છે પણ તે વખતે સ્વભાવી ચીજ–અણારોપિત ચીજ શું છે ? તે જોતો નથી. કુંભારને

લીધે ઘડો થયો–એમ નથી. અને ઘડો થવાનો હતો માટે કુંભારને આવવું પડ્યું–એમ પણ નથી. વળી ઘડો થયા પછી, અમુક કાળ પછી માટી–પિંડનો વ્યય થાય–એમ કાળ ભેદ પણ નથી. તે તે પર્યાયના કાળે માટીમાંથી રામપાત્ર થયું છે, આઘાપાછા સમયે નથી.

કોઈ પ્રશ્ન કરે કે તે સમય પહેલાં રામપાત્ર કેમ ન થયું ?–તો કહે છે કે તે પહેલાં બીજા પર્યાયનો ઉત્પત્તિકાળ હતો–બીજો સ્વકાળ હતો. માટે આ અત્યારે કેમ થયું ને આઘુંપાછું કેમ ન થયું તેવો પ્રશ્ન રહેતો નથી. આવી રીતે ઘડો થાય છે ત્યારે કુંભાર વગેરે બાહ્ય નિમિત્તો હોય છે એમ છેમાં છેનું જ્ઞાન કરાવ્યું છે. કુંભાર ન આવ્યો હોત તો ન થાત અથવા વહેલોમોડો આવ્યો હોત તો વહેલોમોડો થાત એવો પ્રશ્ન છેમાં રહેતો જ નથી. ઉપાદાન છે ત્યાં નિમિત્ત છે એવું જ્ઞાન કરાવ્યું છે. અણારોપિત વસ્તુ છે ત્યાં આરોપિત વસ્તુ છે.

રોટલીના દ્રષ્ટાંતમાં રોટલીનો ઉત્પન્ન કાળ, ગોરણાનો વ્યયકાળ ને પરમાણુ ટકી રહેવાનો કાળ એક જ છે. ત્યારે બાઈ, વેલણ વગેરે નિમિત્ત હોય છે. આમ સ્વકાળનું યથાર્થ જ્ઞાન થતાં આરોપિત વસ્તુનું–નિમિત્તનું જ્ઞાન કરાવે છે.

તેવી રીતે દરેક દ્રવ્યમાં અંતરંગ અને બહિરંગ સાધનો વડે આરોપવામાં આવતા સંસ્કારની હાજરીમાં ઉત્પાદની જે ક્ષણ છે તે જ પૂર્વના વ્યયની ક્ષણ છે ને તે જ બન્નેમાં રહેલા ધ્રુવની ક્ષણ છે. આત્મામાં સમ્યગ્દર્શનનો ઉત્પાદ, મિથ્યાદર્શનનો વ્યય ને આત્મા ધ્રુવપણે ટકી રહેવાનો કાળ એક જ છે–કાળભેદ નથી.

હવે, "**** અંતરંગ સાધન અને બહિરંગ સાધનો વડે આરોપવામાં આવતા સંસ્કારની હાજરીમાં ****" આ વાક્યમાં ઘણું રહસ્ય છે.

દરેક વસ્તુ સ્વતંત્રપણે કામ કરી રહેલ છે ને તેમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ એકીસાથે છે. તે વાત તો સિદ્ધ કરી. હવે ઉત્પાદ-વ્યય-ધ્રુવ થાય છે ત્યારે બે આરોપિત સાધનો હોય છે તેનું જ્ઞાન કરાવે છે.

આત્મામાં સમ્યગ્દર્શનની પર્યાયનો ઉત્પાદ થાય ત્યારે આત્મા સમ્યગ્દર્શનનો કર્તા છે ને આત્મા તેનું સાધન છે અને તેનો આધાર પણ આત્મા છે. તેવી રીતે કર્તા–કરણ–આધાર વગેરે ભેદ પાડવા તે અંતરંગ આરોપિત સાધન છે. નિશ્ચય તો સમ્યગ્દર્શનની પર્યાયનો ઉત્પાદ થયો તે છે. છે છે તે અણારોપિત છે. ઉત્પાદ સત્ છે. છે તેનો કર્તા–કરણ–આધાર ધ્રુવઆત્મા હોઈ શકે નહિ. એમ ઉત્પાદને અણારોપિત સ્વીકારીને આત્મા

સમ્યગ્દર્શનનો કર્તા, કરણ ને આધાર વગેરે છે એમ કહેવું તે આરોપિત અંતરંગ સાધન છે અને સત્ દેવ-ગુરુ-શાસ્ત્ર વગેરે સમ્યગ્દર્શનના બહિરંગ સાધન છે. તેમ દરેક વિકારી–અવિકારી પર્યાયમાં સમજવું. તે વખતની પર્યાય તે નિશ્ચય ને અણારોપિત છે. ને દ્રવ્ય તેનું વ્યવહાર–આરોપિત અંતરંગ સાધન છે; બાહ્ય વસ્તુઓ-દેવ, ગુરુ વગેરે તેના બાહ્ય આરોપિત સાધન સમજવા.

## હવે ઉત્પાદ-વ્યય-ધ્રુવમાં ઉતારે છે.

દરેક આત્મા ને પરમાણુની પર્યાયનો ઉત્પાદ સત્ છે. ઉત્પાદ ઉત્પાદને જ આલંબે છે. તે નિશ્ચય અને અણારોપિત છે. ધ્રુવના લીધે ઉત્પાદ થયો અને પૂર્વની પર્યાયનો વ્યય થયો માટે ઉત્પાદ થયો એમ કહેવું તે વ્યવહાર અને આરોપિત અંતરંગ સાધન છે. ને બાહ્યના પદાર્થો તે આરોપિત બાહ્યસાધન છે.

દરેક આત્મા ને પરમાણુની પર્યાયનો વ્યય સત્ છે. વ્યય વ્યયને જ આંબે છે તે નિશ્ચય અને અણારોપિત છે. પછીની પર્યાયના ઉત્પાદના લીધે અને ધ્રુવને લીધે વર્તમાન પર્યાયનો વ્યય થયો એમ કહેવું તે વ્યવહાર અને આરોપિત અંતરંગ સાધન છે ને બાહ્ય પદાર્થો તે આરોપિત બાહ્યસાધન છે.

દરેક આત્મા ને પરમાણુમાં ધ્રુવ સત્ છે. ધ્રુવ ધ્રુવને જ અવલંબે છે. તે નિશ્ચય અને અણારોપિત છે. ઉત્પાદ-વ્યયને લીધે ધ્રુવ છે એમ કહેવું તે વ્યવહાર અને આરોપિત અંતરંગ સાધન છે ને બાહ્યના પદાર્થો તે આરોપિત બાહ્ય સાધન છે.

રાગ રાગના ઉત્પાદને લીધે છે. પૂર્વની રાગની પર્યાયના વ્યયને લીધે નથી. ધ્રુવ આત્માને લીધે નથી તેમ જ સ્ત્રી, કુટુંબને લીધે નથી. છતાં આત્માથી–ધ્રુવથી રાગ થયો એમ કહેવું તે અંતરંગ આરોપિત સાધન છે ને સ્ત્રી, કુટુંબ તે આરોપિત બાહ્યસાધન છે.

પર્યાયો અથવા અંશો અણારોપિત છે એમ સાબિત કરીને અંતરમાં એકબીજા અંશોને વ્યવહાર કહ્યો છે. આ જ્ઞાયકવાદ છે, કેવળજ્ઞાનવાદ છે. આ વસ્તુસ્વભાવવાદ સિદ્ધ કર્યો છે.

રોટલાના પરમાણુ આત્માની નજીક ક્ષેત્રે આવ્યા તે પરમાણુનો ઉત્પાદકાળ બીજી જગ્યાએથી ખસવાનો ઉત્પાદ છે તે નિશ્ચય છે. પરમાણુની પૂર્વઅવસ્થાનો વ્યય ને પરમાણુ ધ્રુવ તે અંતરંગ આરોપિત કારણ છે, ની આત્માની ઇચ્છા તથા હાથ વગેરે બહિરંગ આરોપિત કારણ છે.

પ્રશ્ન :–સદ્રશ્યમાંથી વિસદ્રશ્ય કેમ ઉત્પન્ન થાય ? ધ્રુવ સદ્રશ્ય છે ને ઉત્પાદ-વ્યય તો વિસદ્રશ્ય છે તો ધ્રુવમાંથી ઉત્પાદ કેવી રીતે થાય ?

સમાધાન :–અભેદ વિવક્ષા લેવામાં આવે ત્યારે એમ કહેવામાં આવે છે કે ઉત્પાદ ધ્રવમાંથી આવે છે. જે પ્રગટ છે તે તો ઉત્પાદરૂપે છે પણ ભવિષ્યની પર્યાયો ક્યાંથી આવે છે ? ને ક્યાં સમાય છે ?–કે ધ્રુવ દ્રવ્યમાંથી આવે છે ને જાય છે. ત્રિકાળી ધ્રુવ બતાવવો હોય ત્યારે એમ કહેવામાં આવે છે પણ તે સાપેક્ષ કથન છે. નિરપેક્ષ કથનમાં ત્રણે અંશો સત્ છે ત્યાં સાદ્રશ્યમાંથી વિસદ્રશ્ય આવે એવું કથન લાગું પડતું નથી. જે વર્તમાન છે, સત્ છે તેને સાદ્રશ્ય ને વિસદ્રશ્ય લાગુ પડતા જ નથી. ઉત્પાદ-વ્યય-ધ્રુવ ત્રણે સત્ છે. દરેક સમયે છે, છે ને છે. માટે છેને સાદ્રશ્યતા ને વિસદ્રશ્યતા લાગુ પડતા નથી. ત્રણેમાં એકબીજાની અપેક્ષાએ સાદ્રશ્યતા ને વિસદ્રશ્યતા લાગુ પડે છે.

ધ્રુવ અંશ એવો ને એવો છે માટે સાદ્રશ્ય કહેવાય છે ને ઉત્પાદ-વ્યય ઉત્પન્ન થાય છે ને વ્યય થાય છે માટે વિસદ્રશ્ય કહેવાય છે. તેમ જ પહેલા સમયની પર્યાય ને બીજા સમયની પર્યાયની તારતમ્યતાની અપેક્ષાએ પણ એક પર્યાયથી બીજી પર્યાયને વિસદ્રશ્ય કહેવાય છે.

ઉત્પાદસ્વભાવ ને ધ્રુવસ્વભાવને વિરોધ છે............માટે વિસદ્રશ્ય છે.

વ્યયસ્વભાવ ને ધ્રુવસ્વભાવને વિરોધ છે................માટે વિસદ્રશ્ય છે.

ધ્રુવસ્વભાવ ને ઉત્પાદ-વ્યયસ્વભાવને વિરોધ છે......માટે વિસદ્રશ્ય છે.

તેમ જ એક સમયની અવસ્થા ને બીજા સમયની અવસ્થામાં તારતમ્યતા છે માટે વિસદ્રશ્ય છે. બાકી ત્રણે અંશો નિરપેક્ષ છે. છે તેને કોઈ અપેક્ષા લાગુ પડતી નથી. છે તેને પ્રથમ નિરપેક્ષ સિદ્ધ ન કરતાં એકલી અપેક્ષા લગાડવામાં આવે છે તો છે રહેતું નથી.

રામપાત્રના જન્મમાં નિશ્ચયકારણ પોતે જ છે; તે માટીને લીધે થયું એમ કહેવું અંતરંગ આરોપિત સાધન છે ને કુંભારને લીધે થયું કહેવું તે બહિરંગ આરોપિત કારણ છે.

સમ્યગ્દર્શનના ઉત્પાદનું નિશ્ચય કારણ પોતે જ છે. તેને આત્મા–ધ્રુવને લીધે થયું કહેવું તે અંતરંગ આરોપિત સાધન છે ને કર્મ ખસ્યું માટે સમ્યગ્દર્શન થયું એમ કહેવું તે બહિરંગ આરોપિત કારણ છે.

ત્રણે અંશો સત્ છે, છે છે,–ત્રણે નિરપેક્ષ છે. નિરપેક્ષ સમજીને સાપેક્ષ યથાર્થ સમજાય. અભેદ સમજીને ભેદ સમજાય; અણારોપ સમજીને આરોપિત સાધન સમજાય. ઉત્પાદ તથા ધ્રુવને લીધે વ્યય નથી, ધ્રુવ તથા

વ્યયને લીધે ઉત્પાદ નથી, ઉત્પાદ તથા વ્યયને લીધે ધ્રુવ નથી–એમ ત્રણે સત્ એકી સમયમાં પોતપોતાથી સ્વતંત્ર છે એમ સમજવા જોઈએ.

એક સમયે અમુક પ્રકારના રાગનો વ્યય બીજા સમયે બીજા રાગનો વ્યય તેનું શું કારણ ?–કારણ કાંઈ જ નથી. કારણ તે વખતનો વ્યય તે જ છે.

સિદ્ધ ભગવંતમાં સાદિ અનંતકાળ સમયે સમયે કેવળજ્ઞાનની–પૂર્ણજ્ઞાનની અવસ્થાનો ઉત્પાદ થાય છે માટે સિદ્ધના ધ્રુવમાં કાંઈ ઘટાડો થતો હશે ? અને નિત્ય નિગોદના જીવની અનાદિ કાળથી સમયે સમયે મતિશ્રુત જ્ઞાનની હીણામાં હીણી દશાનો ઉત્પાદ થાય છે માટે નિગોદનો ધ્રુવ–સિદ્ધના ધ્રુવ કરતાં કાંઈ વધારે હશે ?–કે ના. દરેક દ્રવ્યના ધ્રુવ સરખાં છે. ઉત્પાદ વધારે થયો કે ઓછો થયો તે તો ઉત્પાદના તે વખતના સત્માં જાય છે. ધ્રુવ સાથે સંબંધ નથી. જ્ઞાનના ઉત્પાદના ઓછાવત્તાના લીધે ધ્રુવમાં ઓછુવત્તું થતું નથી. ધ્રુવ અનાદિઅનંત એકસરખો બધામાં રહે છે. ઉત્પાદનું કારણ ધ્રુવ કહેવું તે વ્યવહાર છે, નિશ્ચય નથી. માટે ઉત્પાદ જે છતો પદાર્થ છે તેને ધ્રુવ તથા વ્યય કારણ કહેવા તે આરોપિત અંતરંગ સાધન છે.

નિમિત્ત કારણો તેની યોગ્યતાથી ક્ષેત્રાંતર થઈને આવે છે; તેના ઉત્પાદના કારણે ક્ષેત્રાંતર થવાની પર્યાયના કાળે હાજર હોય છે. પરાધીન થઈને આવતા નથી. નૈમિત્તિક પર્યાયનો સ્વકાળ છે ત્યારે નિમિત્તની ઉપસ્થિતિ હોય છે એમ અહીં જ્ઞાન કરાવ્યું છે.

આત્મામાં થતી એક સમયના પર્યાયના ઉત્પાદનું આત્મા–ધ્રુવ નિશ્ચય કારણ નથી, પણ આરોપિત અંતરંગ કારણ છે. તો પછી બહારના પદાર્થોને લીધે–નિમિત્તને લીધે રાગ થયો અથવા સમકિત થાય અથવા નિમિત્તને આવવું પડે–આવી માન્યતા તો સ્થૂળ અજ્ઞાન છે.

આ જ્ઞેયતત્ત્વ અધિકાર છે. તેમાં અહીં એક એક અંશ નિરપેક્ષ અણારોપિત સત્ છે એમ જ્ઞાન કરાવી અખંડ આત્મા સ્વતંત્ર છે એમ શ્રદ્ધા કરાવે છે. જ્ઞાનપ્રધાન કથનથી સમ્યક્દર્શનનો અધિકાર છે.

***

# પ્રસાદ નં. ૪૦

## પ્રવચનસાર ગાથા ૧૦૨ ના પ્રવચનમાંથી.

(માગશર સુદ ૭, શુક્રવાર)

માટીમાંથી રામપાત્ર થવાનો જે કાળ છે તે જ માટી–પિંડના નાશનો કાળ છે. ને તે જ માટીપણાની સ્થિતિનો કાળ છે. માટીમાંથી રામપાત્ર થયું તેને માટીની પૂર્વ અવસ્થાનો વ્યય અને ધ્રુવ–માટીપણું તે અંતરંગ સાધન છે ને કુંભાર ચક્ર આદિ બહિરંગ સાધન છે.

સમ્યગ્દર્શનના ઉત્પાદનું નિશ્ચય કારણ ઉત્પાદ પોતે છે. મિથ્યાત્વનો વ્યય ને આત્માનું ધ્રુવપણું તે અંતરંગ આરોપિત સાધન છે અને દેવ-ગુરુ-શાસ્ત્ર તે બહિરંગ આરોપિત સાધન છે. ઉત્પાદ-વ્યય-ધ્રુવ–એ ત્રણે અંશો સ્વતંત્ર પોતાના કારણે છે ને એક અંશને બીજા અંશોમાં નિમિત્ત થવાની યોગ્યતા છે.

સંસ્કાર = યોગ્યતા. નિમિત્ત થવાની યોગ્યતા બીજા બે અંશોમાં છે.

ઉત્પાદ ને નિમિત્ત થવાની યોગ્યતા વ્યય તથા ધ્રુવમાં છે.

વ્યય ને નિમિત્ત થવાની યોગ્યતા ઉત્પાદ તથા ધ્રુવમાં છે.

ધ્રુવ ને નિમિત્ત થવાની યોગ્યતા ઉત્પાદ તથા વ્યયમાં છે.

પર્યાયની ઉત્પત્તિનો કાળ, અંતરંગમાં વ્યય તથા ધ્રુવનો નિમિત્ત થવાની યોગ્યતાનો કાળ અને બહારના સંયોગનો નિમિત્ત થવાનો કાળ એક જ છે. જુદા જુદા સમય નથી. એક સમયમાં ભાગ નથી પણ એક સમયમાં ત્રણે અંશો સાથે વર્તે છે.

બાહ્ય નિમિત્તો પણ અનેક પ્રકારના હોય છે. આત્મા પરિણમન કરે તેમાં કાળ બાહ્ય નિમિત્ત છે. ક્ષેત્રાંતર કરે તેમાં ધર્માસ્તિકાય બાહ્ય નિમિત્ત છે. સમ્યક્શ્રદ્ધા કરે તેમાં દેવ-ગુરુ-શાસ્ત્ર, કર્મનો ક્ષય વગેરે બાહ્ય નિમિત્તો છે. બાહ્યનિમિત્તો એક કરતાં વધારે પણ હોય છે.

ઉત્પાદ ઉત્પાદના કાળે છે, વ્યય વ્યયના કાળે છે ને ધ્રુવ ધ્રુવના કાળે છે, આડાઅવળા નથી; તે છતાં પદાર્થો છે, તે હોય છે ત્યારે તે અંતરંગ બીજા અંશો એકબીજાને નિમિત્તરૂપે છે, અને બાહ્યપદાર્થો હાજર હોય છે.

છે તેમાં ન હોય તો ? તે પ્રશ્ન જ નથી. દેવ-ગુરુ-શાસ્ત્ર ન હોય તો સમ્યગ્દર્શન ન થાય તે પ્રશ્ન જ નથી. અથવા જે જીવ નિમિત્તકારણ માનતો જ નથી તથા નિમિત્તની હયાતી જ માનતો નથી તેને યથાર્થનિમિત્તનું જ્ઞાન કરાવવા કહેવામાં આવે છે કે સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાથી સમકિત થાય

છે. પણ અહીં તો ઉપાદાન સત્ સાબિત કરવું છે ત્યારે નિમિત્ત ન હોય તો ન થાય એ પ્રશ્ન જ ઉદ્‌ભવતો નથી. ઉત્પાદ છે ત્યારે અંતરંગમાં ધ્રુવ તથા પૂર્વનો વ્યય નિમિત્ત છે ને બાહ્ય નિમિત્ત દેવ-ગુરુ-શાસ્ત્ર છે. અહીં તો છતા પદાર્થમાં છતાનું જ્ઞાન કરાવ્યું છે.

જ્ઞાનનો ઉત્પાદકાળ છે ત્યારે ધ્રુવ અને પૂર્વનો વ્યય છે. અહીં એક જ સમયના ઉત્પાદ-વ્યય-ધ્રુવની વાત છે. એક સમય પૂર્વેના વ્યયોની કે ત્રિકાળી ધ્રુવની વાત નથી. એક સમયમાં અનંતાગુણોના ધ્રુવ–સમુચ્ચય આખા દ્રવ્યનો વર્તમાન ધ્રુવ તે એક સમયની વાત છે. ને વ્યયમાં પણ પૂર્વસમયની અવસ્થાના વ્યયની વાત છે; તે પહેલાના વ્યયની વાત નથી. ત્રણે એક સમયમાં સાથે વર્તી રહ્યા છે.

આ જ્ઞેય અધિકાર છે. પોતાની વર્તમાન પર્યાયનો ઉત્પાદ તે સ્વજ્ઞેય છે, ત્યારે વ્યય–ધ્રુવ અંતરંગ સાધનરૂપ સ્વ–જ્ઞેય છે ને પર પદાર્થો બાહ્ય સાધન–પરજ્ઞેય છે.

ધ્રુવને એક સમયપૂરતો કહ્યો તેનો ખુલાસો :–

બધી પર્યાયોની વ્યક્તતા સમજાવવી હોય ત્યારે ધ્રુવને ત્રિકાળી કહેવામાં આવે છે અને ભવિષ્યની પર્યાયો કોના આધારે થાય છે ને ભૂતની વ્યય થઈને ક્યાં સમાય છે એમ બતાવવું હોય ત્યારે ત્રિકાળ ધ્રુવના આધારે ઉત્પાદ થાય છે ને પર્યાયો વ્યય થઈને ધ્રુવમાં સમાય છે–એમ કહેવામાં આવે છે. અનંતા ઉત્પાદો થવાની તાકાત તો એક ધ્રુવમાં જ છે તે બતાવવામાં ત્રિકાળી ધ્રુવ કહેવામાં આવે છે, પણ જે ત્રિકાળી ધ્રુવ છે તે વર્તે છે તો વર્તમાનમાં. કોઈપણ ધ્રુવ ભૂત કે ભવિષ્યમાં વર્તતો નથી. જ્યારે જ્યારે વર્તે છે ત્યારે તો વર્તમાનમાં વર્તે છે જેથી એક સમયનો ધ્રુવ છે એમ કહ્યું છે. એક એક ગુણની ધ્રુવ સ્વતંત્ર છે ને એવા અનંત ગુણોનો ધ્રુવ તે એક દ્રવ્યનો ધ્રુવ છે. એક ગુણની વાત ચાલતી હોય ત્યારે એક ગુણના ધ્રુવની વાત સમજવી ને આખા દ્રવ્યની વાત ચાલતી હોય ત્યારે આખો ધ્રુવ લેવો.

આંગળી વાંકી થઈ તેમાં સીધાપણાનો વ્યય ને આંગળીના પરમાણુનું ધ્રુવપણું તે અંતરંગ સાધન છે ને જીવની ઇચ્છા તે બહિરંગ સાધન છે. કેવળીભગવાનનું શરીર ગતિ કરે છે તેમાં ઉત્પાદનું નિશ્ચયકારણ ઉત્પાદ પોતે છે ને સ્થિર રહેવાની પૂર્વ પર્યાયનો વ્યય ને શરીરના પરમાણુનું ધ્રુવપણું તે અંતરંગનિમિત્ત છે તથા આત્માના યોગનું કંપન ને ધર્માસ્તિકાય વગેરે બહિરંગ સાધન નિમિત્ત છે.

દરેક અંશ અણારોપિત વસ્તુ છે; તેને બીજા અંશના લક્ષણોથી ઓળખવો તે આરોપિત કથન છે.

નવી અવસ્થાનું ઊપજવું તે ઉત્પાદનું કથન છે. પૂર્વ અવસ્થાનું નાશ થવું તે વ્યયનું લક્ષણ છે ને વસ્તુનું ટકી રહેવું તે ધ્રુવનું લક્ષણ છે. ત્રણે અંશોનાં લક્ષણ જુદાં છે.

ઉત્પાદનું લક્ષણ તે વ્યય તથા ધ્રુવનું લક્ષણ નથી.

વ્યયનું લક્ષણ તે ઉત્પાદ તથા ધ્રુવનું લક્ષણ નથી અને

ધ્રુવનું લક્ષણ તે ઉત્પાદ તથા વ્યયનું લક્ષણ નથી.

લક્ષણ જુદાં જુદાં છે માટે માટે લક્ષ્ય પણ જુદાં જુદાં છે. ત્રણેનું એક લક્ષણ હોય તો ત્રણે એક થઈ જાય–પણ એમ નથી. એક લક્ષણવાળાને બીજાના લક્ષણથી ઓળખવો તે ઉપચારકથન છે. ત્રણે અંશો જુદા જુદા લક્ષણવાળા છે, છતાં પણ પર્યાયના કે સમયના ભાગ નથી. તેમાં એકબીજાને નિમિત્ત થવાની યોગ્યતા પણ છે, નિમિત્ત થવાની યોગ્યતા ન હોય તો તેવો આરોપ પણ આવી શકે ન શકે. સંસ્કાર એટલે પ્રભાવ નહિ પણ નિમિત્ત થવાની યોગ્યતાશક્તિ; એટલે સંસ્કારની હાજરી એમ કહ્યું છે.

જેમ એક ગુણની પર્યાયના ઉત્પાદને તેના વ્યય તથા ધ્રુવ અંતરંગ નિમિત્ત કહેવાય છે તેમ એક ગુણની પર્યાયને બીજા ગુણની પર્યાય પણ અંતરંગ નિમિત્તકારણ કહેવાય છે, તે પણ યથાયોગ્ય સમજવું.

<u>સમ્યગ્દર્શનની ઉત્પાદ પર્યાયમાં ધ્રુવ ને વ્યયના સંસ્કાર કે પ્રભાવ પડતા નથી તો બાહ્ય–દેવ-ગુરુ-શાસ્ત્રના પ્રભાવ તથા સંસ્કાર શિષ્યની સમકિતની પર્યાયમાં પડે તે વાત તો સ્થૂલ અજ્ઞાન છે.</u>

જે જે પદાર્થો છે છે; તેનું જ્ઞાન કરાવે છે.

(૧) આરોપિત શક્તિ જ નથી એમ માને તો નિમિત્તને યથાયોગ્ય માનતો નથ.

(૨) આરોપિત શક્તિ ઉપાદાનમાં સંસ્કાર આપે એમ માને તો ઉપાદાન સ્વતંત્ર છે એમ માનતો નથી.

વળી જેમ રામપાત્રમાં, માટીનાં પિંડમાં અને માટીપણામાં ઉત્પાદ, વ્યય અને ધ્રુવ દરેક સ્વતંત્ર હોવા છતાં ત્રિસ્વભાવસ્પર્શી માટીમાં તેઓ બધાય ભેગાં એક સમયમાં જ જોવામાં આવે છે; તેમ ઉત્તર પર્યાયમાં, પૂર્વ પર્યાયમાં અને ધ્રુવપણામાં ઉત્પાદ, વ્યય અને ધ્રુવ સ્વતંત્રપણે વર્તતા હોવા છતાં ત્રિસ્વભાવસ્પર્શી દ્રવ્યમાં તેઓ ત્રણે ભેગાં એક સમયમાં જોવામાં આવે છે. વળી જેવી રીતે રામપાત્ર, મૃત્તિકાપિંડ અને માટીપણામાં ઉત્પાદ, વ્યય

અને ધ્રૌવ્ય માટી જ છે. અન્ય વસ્તુ નથી, તેવી જ રીતે ઉત્તરપર્યાય, પૂર્વપર્યાય અને દ્રવ્યપણામાં વર્તનારાં ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય દ્રવ્ય જ છે. અન્ય પદાર્થ નથી.

આમાંથી બે ન્યાય નીકળે છે.

૧. ઉત્પાદ-વ્યય-ધ્રુવનો ક્ષણભેદ દૂર કરે છે એટલે કે ત્રણેનો એક જ સમય છે.

૨. ત્રણે થઈને એક દ્રવ્ય છે, બીજું દ્રવ્ય નથી.

<u>ઉત્પાદસ્વભાવ–વ્યયસ્વભાવ–ધ્રુવસ્વભાવ ત્રણે જુદા જુદા સ્વભાવ સ્વતંત્ર છે, પરને લીધે નથી; તેમ જ એક સ્વભાવ છે તે બીજા સ્વભાવથી નથી, વળી બધા એકી સમયે છે, સમયભેદ નથી. ત્રણે સ્વભાવ જુદા જુદા હોવા છતાં ત્રણે થઈને એક દ્રવ્ય છે.</u>

સિદ્ધપર્યાયનો ઉત્પાદ, સંસારપર્યાયનો નાશ અને ઘણા સામર્થ્યવાળો ધ્રુવ અંશ–ત્રણે એક એક વર્તે છે. ત્રણે જુદા જુદા હોવા છતાં ત્રણે થઈને એક દ્રવ્ય છે.

આ ગાથામાં દ્રવ્ય શબ્દ બે અર્થમાં વપરાએલ છે.

ત્રણે અંશોમાં જે ધ્રુવઅંશ છે તે સામાન્યધ્રુવને પણ દ્રવ્ય કહેવામાં આવે છે અને ત્રણેઅંશો ભેગાં થઈને દ્રવ્ય કહેવું હોય ત્યારે ધ્રુવ તે સામાન્ય અને ઉત્પાદ-વ્યય તે વિશેષ–એમ સામાન્ય–વિશેષના સમુદાયને પણ દ્રવ્ય કહેવામાં આવે છે. જ્યાં જે અર્થ ઘટતો હોય તે ઘટાવવો.

જ્ઞાનની પર્યાયનો ઉત્પાદ છતો પદાર્થ છે, તે વસ્તુ પોતે છે. પૂર્વના સંસ્કારને લીધે અથવા વાણીને લીધે તે ઉત્પાદ નથી.

દરેક પદાર્થનો વર્તમાનકાળ વર્તે છે, કોઈનો ભૂત–ભવિષ્યકાળ વર્તમાન વર્તતો નથી. પૂર્વપર્યાય તે વર્તમાન નથી, પણ પૂર્વ પર્યાયનો વ્યય તે વર્તમાન છે. ઉત્પાદાદિ ત્રણેનાં લક્ષણ જુદાં જુદાં હોવા છતાં ત્રણે એકબીજાને નિમિત્ત છે.

વ્યય પોતે સત્ છે. પૂર્વ પર્યાયની વાત નથી પણ પૂર્વપર્યાયના વ્યયની વાત છે. વ્યય તે સસલાના શીંગડાની જેમ તુચ્છઅભાવ નથી. એક જ સમયના પહેલાની પર્યાયના વ્યયની વાત ચાલે છે. તે પહેલાના પર્યાયોના વ્યયની વાત નથી. પહેલાની પર્યાયોના વ્યયની વાત લેશો તો એક સમયનું ધ્રુવ રહેશે નહિ. એટલે એક સમયપૂર્વના પર્યાયના વ્યયની વાત છે.

તે જ પ્રમાણે એક સમયના ઉત્પાદની વાત છે અને આ બે અંશ સિવાય જે ધ્રુવ છે તે ધ્રુવ ત્રીજો અંશ છે. આમ ત્રણે અંશો વર્તમાન વર્તી રહ્યા છે, સત્ છે. આમ ત્રણે થઈને એકદ્રવ્ય છે.

પ્રશ્ન :–વ્યયમાં તો અપેક્ષા રહે છે ને ?

ઉત્તર :–ના. વ્યય પણ નિરપેક્ષ સત્ છે. વ્યયના કાળે તો પૂર્વ પર્યાયનો અભાવ છે. માટે વ્યય પણ નિરપેક્ષ છે. ઉત્પાદ-વ્યય-ધ્રુવ ત્રણે નિરપેક્ષ છે.

૧. ત્રણેના સ્વભાવ જુદા જુદા છે પણ ત્રણના ત્રણ સમય નથી. સમય એક જ છે. જુદા જુદા સમયે નથી.

૨. ત્રણેના સ્વભાવ જુદા જુદા હોવા છતાં ત્રણના ત્રણ દ્રવ્યો નથી પણ ત્રણે થઈને એકદ્રવ્ય છે.

   અંશો એક એક જુદા સ્વભાવસ્પર્શી છે એટલે ત્રણ સ્વભાવી ત્રણ છે પણ ત્રણે એકસ્વભાવી નથી.

૩. ઉત્પાદસ્વભાવી ઉત્પાદ તે ઉત્પાદ જ છે. વ્યયસ્વભાવી વ્યય તે વ્યય જ છે ને ધ્રુવસ્વભાવી ધ્રુવ તે ધ્રુવ જ છે.

૪. આખું દ્રવ્ય ત્રિસ્વભાવસ્પર્શી છે. ત્રિસ્વભાવસ્પર્શી થઈને આખું દ્રવ્ય એક છે પણ ત્રિસ્વભાવસ્પર્શી થઈને આખા ત્રણ દ્રવ્ય નથી.

ઉત્પત્તિસ્વભાવ તે પ્રગટભાવ છે, વ્યયસ્વભાવ તે અભાવભાવ છે અને સદ્રશ્યતાનો અંશ દેખાય તે ધ્રુવસ્વભાવ છે. દરેકના સ્વભાવ ને લક્ષણ જુદાં જુદાં છે. ત્રણ સ્વભાવી ત્રણ પ્રત્યેક પ્રત્યેક વર્તતા હોવા છતાં ત્રણ દ્રવ્યો થતા નથી. ત્રણ સ્વભાવી એકદ્રવ્ય છે.

ત્રણસ્વભાવી એકદ્રવ્ય તે ત્રણ નથી.

ત્રણસ્વભાવી એકદ્રવ્ય તે અનેરું નથી, તે જ દ્રવ્ય છે.

એ ત્રણે અંશો તે ત્રણસ્વભાવો છે પણ એક સ્વભાવ નથી. દ્રવ્યમાં એ ત્રણ સ્વભાવો હોવા છતાં ત્રણે થઈને એકદ્રવ્ય છે, અનેરું નથી.

છએ દ્રવ્યોમાં વીર્ય છે. તેમ જ દરેક પર્યાયોમાં વીર્ય છે ને ઉત્પાદ-વ્યય-ધ્રુવમાં પણ વીર્ય છે.

ઉત્પાદના વીર્યમાં વ્યય ને ધ્રુવનું વીર્ય નિમિત્ત છે,

વ્યયના વીર્યમાં ઉત્પાદ ને ધ્રુવનું વીર્ય નિમિત્ત છે.

ધ્રુવના વીર્યમાં ઉત્પાદ ને વ્યયનું વીર્ય નિમિત્ત છે.

આ ગાથામાં એક અંશને બીજા બે અંશો અંતરંગ નિમિત્ત કહ્યા છે, તે બે અંશોને બાહ્ય પદાર્થથી જુદા પાડવા અંતરંગ નિમિત્ત કહ્યા છે, બાકી દરેક અંશની અપેક્ષાએ બીજા અંશો બાહ્ય છે.

આવી સૂક્ષ્મ વાત વીતરાગ સર્વજ્ઞ સિવાય બીજે, વ્યવહારે પણ મળે તેમ નથી. માટે નિરપેક્ષ વસ્તુનું રહસ્ય–પોતામાં વસ્તુસ્વરૂપ–જેમ છે તેમ સમજવું.

*

# પ્રસાદ નં. ૪૨

## પ્રવચનસાર ગાથા ૧૦૩ ના પ્રવચનમાંથી.

(માગશર સુદ ૯, રવિવાર)

ગાથા ૧૦૨ માં કહ્યું હતું કે ઉત્પાદ-વ્યય-ધ્રુવ ત્રણ સ્વભાવી પર્યાયો ત્રણ છે, પણ ત્રણ સ્વભાવી દ્રવ્ય એક છે. મિથ્યાત્વનો નાશ, સમકિતનો ઉત્પાદ ને ધ્રુવનું ટકવું, ત્રણે સ્વભાવ જુદા જુદા છે. પ્રત્યેકસ્વભાવી પણ છે. પણ ત્રિસ્વભાવી દ્રવ્ય ત્રણ નથી, પણ એક છે.

ઉત્પાદસ્વભાવ પરથી તો નથી પણ પહેલા સમયના ઉત્પાદને લીધે બીજા સમયનો ઉત્પાદ નથી. તેમ જ તે આડોઅવળો નથી. જે વખતે જે ઉત્પાદ થવાનો છે તે જ સમયે થાય છે, આડોઅવળો થતો નથી.–આમ જ્ઞાનને સૂક્ષ્મ ને સ્વતંત્ર કરે તો, આત્માનો યોગ કર્યો કહેવાય. આ ભાન વગર આત્મયોગી થઈ શકાતું નથી. આવી પ્રતીતિ ને જ્ઞાન કરવું તે શાંતિ ને ધર્મનું કારણ છે.

સંયોગી ચીજ છે, તો સંયોગમાંથી પર્યાય આવે છે ને ?–એમ અજ્ઞાની દલીલ કરે છે. લાડવાનો ભૂકો છૂટો હતો તેમાંથી લાડવા થાય છે ને ? પરને લીધે તો નહિ પણ પૂર્વ સંયોગી અવસ્થા હતી તેમાંથી નવી સંયોગી અવસ્થા થાય છે ને ?–ના. તે વાત ખોટી છે. દરેક અવસ્થા દ્રવ્યમાંથી આવે છે. પૂર્વની પર્યાયમાંથી નવી પર્યાય આવતી નથી પરંતુ દ્રવ્યમાંથી નવી અવસ્થા આવે છે. તે વિષયને ગાથા ૧૦૩માં વિશેષ સ્પષ્ટ કરે છે.

**ઊપજે દરવનો અન્ય પર્યાય, અન્ય કો વિણસે વળી,**
**પણ દ્રવ્ય તો નથી નષ્ટ કે ઉત્પન્ન દ્રવ્ય નથી તહીં. ૧૦૩.**

અન્વયાર્થ :–દ્રવ્યનો અન્ય પર્યાય ઉત્પન્ન થાય છે અને કોઈ અન્ય પર્યાય નષ્ટ થાય છે પરંતુ દ્રવ્ય તો નષ્ટ પણ નથી, ઉત્પન્ન પણ નથી. (ધ્રુવ છે).

ટીકા :–એક ત્રણ રજકણોનો બનેલો સ્કંધ છે. તે પુદ્ગલને પુદ્ગલનો બંધ હોવાથી તેને સમાનજાતીય અનેકદ્રવ્યપર્યાય કહેવાય છે. ત્રણ રજકણોમાં સાથે બીજું એક રજકણ આવ્યું ત્યારે ત્રણ પરમાણુના સ્કંધની અવસ્થાનો વ્યય થાય છે. ચાર પરમાણુના સ્કંધની અવસ્થાનો ઉત્પાદ થાય છે ને પરમાણુઓ ટકી રહે છે.

પ્રશ્ન :–પર્યાયમાંથી પર્યાય થાય છે ?

ઉત્તર :–ના. કોઈ કહે કે દસ પરમાણુનો સ્કંધ હતો, તેમાં પાંચ પરમાણુ ભળ્યા તો પંદરનો સ્કંધ થયો, માટે પર્યાયમાંથી પર્યાય થઈ છે. તો તે વાત ખોટી છે. દસ પરમાણુઓની પહેલી સ્કંધરૂપ અવસ્થાનો વ્યય

થયો છે. પાંચ ભળતાં તે પંદર પરમાણુઓની નવી સ્કંધરૂપ અવસ્થાનો ઉત્પાદ થયો છે ને તે પરમાણુઓ દ્રવ્યપણે ધ્રુવ ટકી રહ્યા છે. એટલે કે પરમાણુ દ્રવ્યમાંથી નવી પર્યાય આવી છે, પહેલી પર્યાયમાંથી નવી પર્યાય આવી નથી.

કર્મના રજકણો કાર્મણવર્ગણારૂપે હતા. તે અવસ્થાનો વ્યય થયો, નવી કર્મ અવસ્થાનો ઉત્પાદ થયો ને પરમાણુઓ ટકી રહ્યા. આત્માના રાગને લીધે કર્મના સ્કંધોને ભેગું થવું પડ્યું એ વાત તો છે જ નહિ પણ પૂર્વના કર્મો હતા તો નવા કર્મો બંધાયા ને ભેગા થયા–એમ પણ નથી.

છૂટા લોટરૂપ સ્કંધ હતા, પાણી નાખ્યું ને પિંડરૂપ અવસ્થા થઈ, તેમાં પૂર્વ અવસ્થાનો વ્યય થયો, નવીનો ઉત્પાદ થયો ને પરમાણુ ટક્યા. રાંધનાર બાઈએ તે અવસ્થા બદલાવી નથી, તેમ જ પાણીને લીધે પણ અવસ્થા બદલી નથી ત્યાં પૂર્વ લોટની અવસ્થા હતી, તે અવસ્થામાંથી પિંડરૂપ અવસ્થા થઈ–એમ પણ નથી.

જ્ઞાન, દર્શન, વીર્ય અને સુખની અધૂરી પર્યાયનો વ્યય ને કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંતવીર્ય ને અનંતસુખ–એવી રીતે અનંત ચતુષ્ટયનો ઉત્પાદ તથા આત્માનું ટકવું એમ ઉત્પાદ-વ્યય-ધ્રુવ ત્રણે સ્વતંત્ર છે. અનંત ચતુષ્ટયનો ઉત્પાદ કર્મના હઠવાને લીધે તો નથી, પણ અધૂરી નિર્મળ પર્યાયને લીધે પણ નથી.

આ પ્રમાણે સ્કંધોમાં સમજવું. બધાય સમાનજાતીય દ્રવ્યપર્યાયો નષ્ટ થાય છે અને ઉત્પન્ન થાય છે પરંતુ પુદ્‌ગલદ્રવ્યો તો ધ્રુવ રહે છે.

સંયોગી પર્યાયોમાં કોઈ અન્યે કાંઈ કર્યું નથી, એની એ પર્યાયો રહી નથી અને પર્યાયમાંથી પર્યાય આવતી નથી. એના પોતાના પૂર્વપર્યાયરૂપ અંશમાંથી નવી પર્યાયરૂપ અંશ આવતો નથી તો બીજા પદાર્થના અંશને લીધે આ વસ્તુનો અંશ આવે ને પ્રગટ થાય તે વાત તદ્દન ખોટી છે.

આ પ્રમાણે કાર્મણવર્ગણા, તૈજસવર્ગણા, ઔદારિક શરીરના સ્કંધો, ભાષાના સ્કંધો તેમ જ મહાસ્કંધને કોઈએ બનાવ્યા નથી; કોઈ જીવ સ્કંધને પલટાવતો નથી તેમ જ પૂર્વની અવસ્થામાંથી નવા સ્કંધો થતા નથી. પચાસ પરમાણુનો બે ગુણ ચીકાશવાળો એક સ્કંધ છે, તે ચારગુણ ચીકાશવાળા પરમાણુના સ્કંધમાં ભળ્યો, ત્યાં તે બધા પરમાણુની ચારગુણ ચીકાશવાળા સ્કંધરૂપ અવસ્થા થઈ.

પ્રશ્ન :–બીજા ચારગુણ ચીકાશવાળા પરમાણુ પેલા બેગુણ ચીકાશવાળાને બદલાવે છે ? તથા બીજાં ચારગુણ ચીકાશવાળા છે તે એના એ છે ?

ઉત્તર :–કોઈ કોઈને બદલાવતું નથી તેમ જ બીજા જે ચારગુણ ચીકાશવાળા આવ્યા તે એની એ (ચારગુણવાળા) પર્યાયપણે રહ્યા નથી. પેલા બેગુણવાળાનો વ્યય ને તેનો ચારગુણપણે ઉત્પાદ ચારગુણવાળા પરમાણુ આવ્યા માટે થયો–એમ નથી. વળી, ચારગુણવાળામાં પણ પૂર્વની ચારગુણવાળી પર્યાય રહી નથી. તે પર્યાય બદલીને નવી ચારગુણવાળી પર્યાય થઈ છે. સ્કંધની અંદરની પર્યાયો પણ એકબીજાને મદદ કરતી નથી. આત્માની ઇચ્છાને લીધે પરમાણુ બદલી થયા–એમ કહેવું તે ઘણી સ્થૂલ અજ્ઞાનની વાત છે.

વળી એક મનુષ્યપર્યાય–અસમાનજાતીય દ્રવ્યપર્યાય–નાશ થાય છે ને બીજી અસમાનજાતીય દેવપર્યાય ઉત્પન્ન થાય છે. પરંતુ તેમાં જીવ ને પુદ્‌ગલો તો ધ્રુવ રહે છે.

અહીં કુંદકુંદાચાર્યભગવાનનો મુનિનો દેહ છે. આત્માનું ભાન છે. દેવ થવાના છે. માટે દેવની વાત લીધી છ.

મનુષ્યશરીરની અવસ્થાનો વ્યય થાય છે. દેવના શરીરનો ઉત્પાદ થાય છે અને પરમાણુ ટકે છે.

મનુષ્યરૂપ આત્માની અવસ્થાનો વ્યય થાય છે, દેવરૂપ આત્માનો ઉત્પાદ થાય છે ને જીવ ટકે છે.

જીવે મનુષ્ય શરીરનો વ્યય કર્યો નથી, તેના નાશ કાળે નાશ થયો છે.

કર્મનો વ્યય થયો માટે શરીર પલટાતું નથી, તેના પલટવાના કાળે પલટાય છે.

દેવગતિ કર્મના ઉદયને લીધે દેવનો જન્મ થયો નથી.

શરીર અને આત્મા એક ક્ષેત્રે ભેગા છે પણ કોઈ કોઈના કારણે પલટો ખાતા નથી.

પ્રશ્ન :–કર્મનો અભાવ હોય તો સિદ્ધગતિ થાય છે ને ?

ઉત્તર :–સિદ્ધગતિનો ઉત્પાદ કર્મના અભાવને લીધે તો નથી પણ પોતાની પૂર્વ અવસ્થાને લીધે પણ નથી.

જીવ ન હોત તો કોનો ઉત્પાદ થાત ?

પરમાણુ ન હોત તો શરીરનો ઉત્પાદ કેવી રીતે થાત ?

એટલે ન હોત તો ? એવો પ્રશ્ન જ રહેતો નથી.

અસમાનજાતીય દ્રવ્યપર્યાયોમાં એકેન્દ્રિય–નિગોદથી લઈને સર્વાર્થસિદ્ધના દેવોના આત્મા તથા શરીરમાં પૂર્વ અવસ્થાનો વ્યય થાય છે, નવી અવસ્થાનો ઉત્પાદ થાય છે અને જીવ તેમ જ પરમાણુ ટકી રહે છે.

જીવની સાથે શરીર એકક્ષેત્રાવગાહ રહે છે માટે અજ્ઞાન છે ? અથવા તેઓ એકબીજામાં કાંઈ કરી દેતા હશે ?–કે ના. પોતાના અજ્ઞાનના કારણે અજ્ઞાની એ પ્રમાણે ઊંધું માને છે.

તીર્થંકરોને લીધે ત્રણલોકમાં અજવાળાં થાય છે તે કથન નિમિત્તનું જ્ઞાન કરાવે છે. અજવાળાની પર્યાયનો ઉત્પાદ રજકણોના પોતાના કારણે છે, ત્યારે તીર્થંકર નિમિત્ત કહેવાય છે.

નરકનું આયુષ્ય બાંધ્યું માટે કર્મ તે અસમાનજાતીયદ્રવ્યપર્યાયમાં જીવને ખેંચી ગયું–એમ નથી. સૌ સૌના કારણે ક્ષેત્રાંતર કરે છે.

યોગગુણના કંપનના લીધે જીવ સંસારદશામાં જડકર્મને ગ્રહણ કરે છે એમ વ્યવહારનાં કથન નિમિત્ત બતાવવા કહેવામાં આવે છે પણ આત્માનો યોગગુણ જડ પરમાણુને કદી ગ્રહણ કરતો નથી; જડ પરમાણુ, તેના પોતાના કારણે આવે છે.

મોટરના લીધે માણસ મરતો નથી, પેટ્રોલના અભાવથી મોટર બંધ પડતી નથી, દવાથી રોગ મટતો નથી. કારણ કે દરેક સમાનજાતીય દ્રવ્યપર્યાયો ને અસમાનજાતીય દ્રવ્યપર્યાયોમાં દ્રવ્યો ધ્રુવ છે ને તે પૂર્વ અવસ્થાથી વ્યય થાય છે અને નવીન અવસ્થારૂપે ઊપજે છે. આ પ્રમાણે દ્રવ્યો ઉત્પાદ-વ્યય-ધ્રુવસ્વરૂપ છે.

નિમિત્ત–નૈમિત્તિકસંબંધ તે બે પદાર્થો જુદા છે–એમ બતાવે છે. એક ક્ષેત્રે બે ભિન્ન ભિન્ન કામ કરી રહ્યા છે તેમ જાણવું તે નિમિત્ત–નૈમિત્તિક સંબંધનું સાચું જ્ઞાન છે. નિમિત્તથી થયું એવો નિમિત્ત–નૈમિત્તિક સંબંધનો અર્થ નથી.

નિગોદના એક શરીરમાં અનંતા જીવોના કાર્મણ ને તૈજસ શરીરો હોય છે. સૌ સૌની યોગ્યતામુજબના કાર્મણ શરીર સૌ સૌને નિમિત્ત હોય છે. કોઈ કોઈમાં ભેળસેળ થતું નથી.

આવી રીતે સમાનજાતીય અથવા અસમાનજાતીય દ્રવ્યપર્યાયો છે. પૂર્વ પર્યાયોથી નવીપર્યાયો થતી નથી પણ દ્રવ્યથી થાય છે,–એમ સાચું જ્ઞાન કરવું તે ધર્મનું કારણ છે.

હવે દ્રવ્યનાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય–એકદ્રવ્યપર્યાયદ્વારા વિચારે છે :–

## ગાથા ૧૦૪

**અવિશિષ્ટસત્ત્વ સ્વયં દરવ ગુણથી ગુણાંતર પરિણમે,**
**તેથી વળી દ્રવ્ય જ કહ્યા છે સર્વ ગુણપર્યાયને. ૧૦૪.**

અન્વયાર્થ :–સત્તા અપેક્ષાએ અવિશિષ્ટપણે દ્રવ્ય પોતે જ ગુણમાંથી ગુણાંતરે પરિણમે છે. અર્થાત્ દ્રવ્ય પોતે જ એક ગુણપર્યાયમાંથી અન્ય

ગુણપર્યાયે પરિણમે છે અને તેની સત્તા ગુણપર્યાયોની સત્તા સાથે અવિશિષ્ટ–અભિન્ન–એક જ રહે છે. તેથી વળી ગુણપર્યાયો દ્રવ્ય જ કહેવામાં આવ્યા છે.

ગુણો પરિણામે જુદા ને દ્રવ્ય જુદું પરિણમે છે–એમ નથી. દ્રવ્યનું પરિણમન થતાં બધા ગુણોનું પરિણમન થાય છે. ગુણોની સત્તા છે તે જ દ્રવ્યની સત્તા છે. એક એક ગુણની જુદી જુદી અવસ્થા છે માટે દ્રવ્ય જુદું જુદું છે–એમ નથી.

ટીકા :–ગુણપર્યાયો એકદ્રવ્યપર્યાયો છે, કારણ કે ગુણપર્યાયોને એકદ્રવ્યપણું છે. દર્શન જ્ઞાન ચારિત્ર અનેક ગુણોની પર્યાયો છે માટે દ્રવ્ય જુદું જુદું છે–એમ નથી. પરમાણુની લાલ, લીલી વગેરે જુદા જુદા વર્ણવાળી તથા જુદા જુદા રસવાળી અવસ્થા થાય છે. માટે પરમાણુ અનેક થઈ જાય છે–એમ નથી. પણ લાલ લીલી આદિ અવસ્થા તે પદાર્થના જ અંશો છે; તેથી તે અનેક દ્રવ્યો થતાં નથી. એક આત્મા ને પરમાણુમાં અનંતાગુણો છે. દ્રવ્ય પૂર્વ–ઉત્તર ગુણઅવસ્થારૂપે પરિણમતું થકું, તે અવસ્થા સાથે અભિન્નસત્તાને લીધે એક જ છે. અનેક થઈ જતું નથી. ગુણપર્યાયની સત્તા અને દ્રવ્યની સત્તા જુદી નથી.

સાધકદશામાં આત્માની પર્યાયમાં જ્ઞાન હીણું હોય, શ્રદ્ધા પૂરેપૂરી સમ્યક્ હોય, વીર્ય હીણું હોય, એમ અનેક પ્રકારના ગુણોની અનેક પ્રકારની અવસ્થા હોય તો પણ દ્રવ્યસત્તા એકરૂપ છે.

શક્તિ અનેક છે માટે શક્તિવાન્ અનેક થતો નથી. શક્તિવાન એકપણે રહીને અનેકપણે પરિણમે છે.

*

# પ્રસાદ નં. ૪૩

## પ્રવચનસાર ગાથા ૧૦૪ ના પ્રવચનમાંથી.

(માગશર સુદ ૧૦, સોમવાર)

દરેક દ્રવ્ય સત્ છે ને પોતાના ગુણની અવસ્થારૂપે પરિણમે છે. દ્રવ્ય પોતાની સત્તા રાખીને પરિણમે છે. કોઈ અનેરું દ્રવ્ય થતું નથી. અનેક ગુણોનું પરિણમવું તે દ્રવ્યનું જ પરિણમવું છે. ગાથા ૧૦૨માં ઉત્પાદ-વ્યય-ધ્રુવ સ્વતંત્ર બતાવ્યાં હતાં ગાથા ૧૦૩માં સમાનજાતીય કે અસમાનજાતીય દ્રવ્યપર્યાય થાય છે તે પૂર્વની પર્યાયને લીધે થતી નથી પણ દ્રવ્યમાંથી આવે છે–એમ કહ્યું હતું. ગુણોનું પરિણમન અનેક પ્રકારે થાય છે તો દ્રવ્ય એક રહે છે કે અનેક ?–કે ગુણોનું પરિણમન અનેકરૂપ હોવા છતાં દ્રવ્ય એકરૂપ રહે છે ને તે દ્રવ્યની જ અવસ્થા છે તે ગાથા ૧૦૪ માં બતાવ્યું છે.

કેરી લીલી અવસ્થાવાળી પીળી અવસ્થારૂપે થાય છે તેમાં તે પોતાની સત્તાને જ અનુભવે છે તેથી લીલાપણા અને પીળાપણા સાથે અભિન્ન સત્તાવાળું દ્રવ્ય એક જ વસ્તુ છે, અન્ય વસ્તુ નથી. પહેલા સમયે લીલી હતી તે બીજા સમયે એકદમ પીળી ક્યાંથી આવી ? અનેરી સત્તા હશે ? સત્તા બદલે તો પીળી થાય એમ અજ્ઞાનીને ભ્રમ પડે છે. પણ સત્તા કેરી સાથે અભિન્ન રહીને લીલીમાંથી પીળી થાય છે. પહેલાં ઘડો કાચો હતો, પછી પાકો થયો ત્યારે પરમાણુ બદલી ગયા–એમ અજ્ઞાની જીવ માને છે પણ તે વાત બરાબર નથી.

નીચેની માન્યતાઓ ભૂલભરેલી છે.

૧. દરેક પુદ્‌ગલ વસ્તુમાં જેટલા ગુણો હોય તેટલા રહે, વધઘટ ન થાય જેમ કે સ્પર્શ અને ગંધ બેગુણા હોય તો તેટલા જ રહે, વધઘટ ન થાય–એમ અજ્ઞાની માને છે.

૨. કોઈપણ પુદ્‌ગલનો રંગ લીલો હોય તો અનંતગુણો લીલો થઈ શકે પણ લીલામાંથી કાળો ન થાય અથવા કાળામાંથી લીલો ન થાય–એમ અજ્ઞાની માને છે.

૩. ગુણોની અવસ્થાઓ બદલતાં પુદ્‌ગલ દ્રવ્ય અનેરું થઈ જાય છે–એમ અજ્ઞાની માને છે.

ઉપરની ત્રણે માન્યતા ભૂલ ભરેલી છે. દ્રવ્ય અનેરું કદી પણ થતું નથી. પોતાની સત્તા રાખીને અવસ્થામાં ફેરફાર થાય. પુદ્‌ગલોની રંગ

અવસ્થા એક સમયે લીલી હોય ને બીજે સમયે પીળી થાય તેમ જ સ્પર્શ, રસ વગેરેમાં પણ વધઘટ થયા જ કરે છે.

તેમ જીવમાં શ્રુતજ્ઞાનની પર્યાયનો વ્યય થઈને કેવળજ્ઞાન થાય છે. અવધિદર્શન અથવા ચક્ષુ–અચક્ષુદર્શનનો વ્યય થઈને કેવળદર્શન થાય છે, તો તેમાં દ્રવ્ય અનેરું થઈ જતું નથી પણ પોતાની સત્તા રાખીને ઉત્પાદવ્યય થાય છે.

એક સમય પહેલાં જીવને અલ્પજ્ઞાન હોય ને બીજે સમયે કેવળજ્ઞાન થાય.

પરમાણુમાં એક સમય પહેલાં લીલી અવસ્થા હોય ને બીજે સમયે પીળી થાય.

આટલો બધો ઉત્પાદમાં ફેર ? પહેલે સમયે જ્ઞાનની જઘન્ય અવસ્થા હતી ને બીજે સમયે એકદમ પૂરી ? જો એકદ્રવ્ય છે તો આટલો બધો ઉત્પાદમાં ફેર શો ? દ્રવ્ય બીજું આવ્યું કે શું ?–એમ અજ્ઞાનીને પ્રશ્ન ઊઠે છે.

તેનું સમાધાન :–પોતાની સત્તા રાખીને દરેક દ્રવ્યનું પરિણમન થયા કરે છે. એક ઉત્પાદ પર્યાયને બીજી ઉત્પાદપર્યાય સાથે આટલી બધી તારતમ્યતા દેખાય છે તો તેમ પરિણમવાની ઉત્પાદની લાયકાત છે ને દ્રવ્ય પોતે જ અભિન્ન રહીને પરિણમ્યું છે. દ્રવ્ય અનેરું નથી. ઉત્પાદ, વિચિત્ર ભાસે માટે દ્રવ્ય અનેરું નથી. દ્રવ્ય પોતે જ પૂર્વ અવસ્થામાંથી ઉત્તર અવસ્થારૂપે થાય છે ત્યારે પોતે પોતાની સત્તાને અનુભવ છે. પોતાના ગુણોની સત્તા ને પોતાની સત્તા એક જ હોવાના કારણે ગુણો ને દ્રવ્ય એક જ છે. દ્રવ્યાંતર નથી. ગુણપર્યાયો ને દ્રવ્ય એક જ દ્રવ્યરૂપ છે, જુદાં જુદાં દ્રવ્યો નથી.

શરીરની અવસ્થા પલટે, ઉનામાંથી ટાઢું થાય, તો તેની સત્તા પલટતી નથી. પરમાણુદ્રવ્યનું પોતાની સત્તામાં એકમેક રહીને પરિણમન થયું છે.

પ્રશ્ન :–શરીરમાં ફેરફાર થતાં ધ્રાસકો પડે છે ને ડોક્ટરને બોલાવવાની દોડાદોડી થાય છે.

ઉત્તર :–શરીરના ફેરફારને લીધે ધ્રાસકો પડતો નથી પણ પોતાના કારણે ધ્રાસકો પડે છે. પોતામાં પહેલાં ભય એટલો ન હતો. પછી ભયનું વિશેષ પરિણમન થયું. ચારિત્રગુણનું તે વિકારી પરિણમન થયું. આત્મા પોતે તે ગુણની અવસ્થારૂપે પરિણમ્યો છે પણ દ્રવ્ય અનેરું થયું નથી.

વળી જેમ કેરીની પીળી અવસ્થા ઊપજે છે, લીલી અવસ્થા નાશ પામે છે અને કેરી કેરીપણે ટકે છે; તેમ દ્રવ્ય ઉત્તર અવસ્થારૂપે ઊપજે છે. પૂર્વ અવસ્થારૂપે નાશ થાય છે ને ધ્રુવત્વથી ટકે છે. આમ હોવાથી દ્રવ્ય એકદ્રવ્યપર્યાય દ્વારા ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય છે.

ધ્રુવ તે ગુણો છે ને ઉત્પાદ-વ્યય તે પર્યાય છે. ગુણ–પર્યાય થઈને અથવા ઉત્પાદ-વ્યય-ધ્રુવ થઈને દ્રવ્ય છે. ત્રણે અંશો દ્રવ્યના છે, જુદા નથી.

ભાવાર્થ :–ગાથા ૧૦૩ માં સમાનજાતીય અને અસમાનજાતીય દ્રવ્યપર્યાયદ્વારા દ્રવ્યનાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય બતાવવામાં આવ્યાં હતાં. ને સ્કંધમાંથી સ્કંધરૂપ અવસ્થા થતી નથી એમ કહ્યું હતું. આ ગાથામાં ગુણપર્યાયદ્વારા એટલે કે દ્રવ્યપર્યાય દ્વારા દ્રવ્યનાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય બતાવ્યાં છે. ાા૧૦૪ાા

હવે સત્તા અને દ્રવ્ય જુદા પદાર્થો નથી તે વાત ગાથા ૧૦૫ માં કહે છે.

**જો દ્રવ્ય હોય ન સત્, ઠરે જ અસત્, બને ક્યમ દ્રવ્ય એ ?**
**વા ભિન્ન ઠરતું સત્ત્વથી ! તેથી સ્વયં તે સત્ત્વ છે. ૧૦૫.**

અન્વયાર્થ :–જો દ્રવ્ય સ્વરૂપથી જ સત્ ન હોય તો (૧) નક્કી દ્રવ્ય અસત્ હોય; જે અસત્ હોય તે દ્રવ્ય કેમ હોઈ શકે ? અથવા (જો અસત્ ન હોય) તો (૨) તે સત્તાથી જુદું હોય ! તે પણ કેમ બને ? માટે દ્રવ્ય પોતે જ સત્તા છે.

ટીકા :–જો દ્રવ્ય સ્વરૂપથી જ સત્ ન હોય તો સત્તાના ધ્રુવઅંશીના અસંભવપણાને લીધે દ્રવ્યનો અસત્ થઈ જાય અર્થાત્ વસ્તુ રહે નહિ. ધ્રુવ કહો અથવા સત્તા કહો બન્નેનો એક જ અર્થ છે.

ગુણગુણી જુદા છે એમ માનવામાં આવે તો ગુણીનો નાશ થશે. જ્યારથી વસ્તુ છે ત્યારથી સત્તા છે. આ જીવને કે કોઈ પદાર્થને કોઈએ ઉપજાવ્યો નથી એટલે કે કોઈની સત્તાથી પોતાની સત્તા નથી ને પોતાની સત્તાથી પોતે જુદો નથી. ગુણ ને ગુણીમાં નામ, સંખ્યા તથા લક્ષણે ભેદ છે પણ પ્રદેશભેદ નથી. પ્રદેશ અભેદ છે. પોતાનું દ્રવ્ય જે સત્તાવાન છે તેના ઉપર નજર કરવાથી ધર્મ થાય તેમ છે.

૧. જો દ્રવ્ય સ્વરૂપથી જ સત્ ન હોય તો ધ્રુવપણાના અસંભવને લીધે દ્રવ્ય પોતે જ નાશ પામે છે–વસ્તુ રહેતી નથી.

૨. જો દ્રવ્ય પોતાના સત્તાગુણથી જુદું હોય તો સત્તાગુણનું પ્રયોજન રહેતું નથી કારણ કે સત્તાનું કાર્ય તો દ્રવ્યને હયાત રાખવું તે છે. જો દ્રવ્ય

તેના સત્તાગુણથી જુદું રહીને ટકે તો સત્તાગુણનું પ્રયોજન રહેતું નથી ને તેથી સત્તાગુણના અભાવનો પ્રસંગ આવે છે.

**પરંતુ**

૧. જો દ્રવ્ય સ્વરૂપથી જ સત્ હોય તો ધ્રુવના સદ્ભાવને લીધે દ્રવ્ય ટકે છે ને તો જ દ્રવ્ય સાબિત થાય છે. સત્તાગુણ ગુણીને સાબિત કરે છે.

૨. અને દ્રવ્ય પોતાના સત્તાગુણની સાથે રહીને ટકતું હોવાથી તે સત્તાગુણને પણ સાબિત કરે છે. ગુણી સત્તાગુણને સાબિત કરે છે.

પ્રશ્ન :–સ્વપ્નાની પર્યાય સત્તાવાળી હશે ?

ઉત્તર :–હા, તે પર્યાય પણ સત્તાવાળી છે. જ્ઞાનની પર્યાયમાં અસ્તિત્વનો બિલકુલ અભાવ નથી. પોતાના જ્ઞાનની પર્યાયમાં રાગની પર્યાય તથા બીજા પદાર્થો જે સ્વપ્નમાં ભાસે છે તે જણાય છે. માટે તે અસ્તિત્વવાળી પર્યાય છે. સ્વપ્ન તદ્દન ભ્રમ નથી–અવસ્તુ નથી; એ પણ એક વસ્તુ છે. જીવના ક્ષાયોપશમિક જ્ઞાનના પર્યાયની તે સમયની યોગ્યતા છે ત્યારે સ્વપ્ન જુએ છે.

આ ગાથામાં ગુણગુણી અભેદ છે એમ સાબિત કર્યું છે. દ્રવ્ય અને સત્તાને પ્રદેશભેદ નથી એમ કહ્યું છે.

દરેક આત્મા શક્તિવાન છે એમ ન માને તો શક્તિવાનનો નાશ થાય છે. ને ગુણ જુદા છે એમ માને તો શક્તિનું પ્રયોજન સાબિત થતું નથી. શક્તિવાન શક્તિ વગર હોય નહિ. સ્વભાવવાન્ સ્વભાવ વગર હોય નહિ. આત્મા જ્ઞાન–દર્શન વગેરે ગુણો વગર હોય નહિ.

અહીં અસ્તિત્વ–ગુણથી વાત કરી છે પણ બધા ગુણોની સત્તાથી દ્રવ્ય અભેદ છે એમ સમજી લેવું. આનંદવાન, જ્ઞાનવાન, ચારિત્રવાન આત્મા ને તેનાં જ્ઞાન, દર્શન, ચારિત્ર, સત્તા વગેરે સાથે જ રહે છે, જુદાં રહેતાં નથી.

ગુણ–ગુણી અભેદની માન્યતા નક્કી કરવાથી પોતાનાં જ્ઞાન, દર્શન, ચારિત્ર, સુખ પોતામાંથી આવે છે એમ નક્કી થાય છે. જ્ઞાન, સુખ વગેરે પરમાંથી આવે છે એવી અનાદિની મિથ્યામાન્યતાનો નાશ થાય છે ને ગુણી એવા આત્મા તરફ દ્રષ્ટિ થાય છે ને તે ધર્મ છે.

જો આનંદ કે જ્ઞાનાદિ પર જીવોમાંથી અથવા પુદ્ગલોમાંથી આવતાં હોય તો સ્વભાવવાનનો નાશ થાય છે પણ એમ નથી. જે જીવ જ્ઞાન, શ્રદ્ધા વગેરે પરને લીધે આવે છે - એમ માને છે તે ગુણ–ગુણીને એક માનતો નથી પણ જુદા માને છે. તે તેની મિથ્યા માન્યતા છે.

પૈસા, મેવા, માવા, મોટરમાંથી પોતાનો આનંદ આવતો હોય તો પોતે આત્મા આનંદ વિનાનો ઠરે છે. અજ્ઞાની દ્રવ્ય ઉપર નજર ન કરતાં પર ઉપર નજર કરે છે.

કેવળજ્ઞાન પુસ્તકમાંથી અથવા મનનની પર્યાયમાંથી આવતું હશે ? –કે ના. કેવળજ્ઞાન ગુણી એવા આત્મામાંથી આવે છે.

આ ગાથામાં ગુણ–ગુણીની એકતા કરાવે છે.

તારી રુચિ ગુણ–ગુણી ઉપર છે કે પર પદાર્થો પર છે ? તારી આનંદસત્તા, જ્ઞાનસત્તા, શ્રદ્ધાસત્તા, ચારિત્રસત્તા તારા ગુણી એવા આત્માથી જુદી નથી.

જે જીવ પરપદાર્થ મળ્યા તો "હા.....શ" ને હોંશ થઈ–એમ માને છે તે જીવ દ્રવ્યને, ગુણને અને પર્યાયને માનતો નથી. બીજાની સત્તાથી પોતાની સત્તા છે એમ માનનાર સત્તાગુણ ને સત્તાવાનને જુદા જુદા માને છે.

શાસ્ત્ર ને ગુરુ પાસેથી જ્ઞાન આવે છે એમ માનનાર જીવ ગુણ અને ગુણીને જુદા માને છે, એક માનતો નથી પણ જ્ઞાનસત્તા ગુણી આત્મા સાથે અભેદ છે એમ માની અભેદ આત્મા તરફ દ્રષ્ટિ કરે તો જ્ઞાન, સુખ વગેરે માટેની પરાધીનદ્રષ્ટિ તૂટીને સ્વાધીનદ્રષ્ટિ થાય. એ જ શાંતિ ને ધર્મ છે.

ભાવ તથા ભાવવાન્ જુદા નથી. શક્તિ ને શક્તિવાન જુદા નથી, સ્વભાવ ને સ્વભાવવાન્ જુદા નથી.

માટે દ્રવ્ય પોતે જ સત્તા છે–એમ નક્કી કરવું અથવા ગુણ–ગુણી અભેદ છે, જુદાપણું નથી–એમ નક્કી કરવું.

*

# પ્રસાદ નં. ૪૪

## પ્રવચનસાર ગાથા ૧૦૬ ના પ્રવચનમાંથી.

(માગશર સુદ ૧૧, મંગળવાર)

**જિન વીરનો ઉપદેશ એમ—પૃથક્ત્વ ભિન્નપ્રદેશતા;**
**અન્યત્વ જાણ અતત્પણું; નહિ તે—પણે તે એક ક્યાં ? ૧૦૬.**

અન્વયાર્થ :–જુદા પ્રદેશો હોવા તે પૃથક્ત્વ છે–એમ વીરનો ઉપદેશ છે. અને તે–પણે નહીં હોવું તે અન્યત્વ છે. જે તે–પણે ન હોય તે એમ કેમ હોય ? કથંચિત્ સત્તાગુણ દ્રવ્યપણે નથી ને દ્રવ્ય સત્તાપણે નથી, માટે દ્રવ્ય ને સત્તા એક નથી.

આત્મા ને પરમાણુ જુદેજુદા છે. બન્નેને પ્રદેશભેદ ત્રિકાળ છે. પ્રદેશો જુદાજુદા હોવા તે પૃથક્તત્વનું લક્ષણ છે. આત્મા ને શરીરના પ્રદેશો તદ્દન જુદા છે, આત્મા ને કર્મના પ્રદેશો જુદા છે. શરીરના એક રજકણને બીજા રજકણ સાથે પ્રદેશભેદ છે.

આ જ્ઞેયતત્ત્વ અધિકાર છે. સ્વજ્ઞેયના પ્રદેશો જુદા ને પરજ્ઞેયના પ્રદેશો જુદા છે.

ટીકા :–જુદા પ્રદેશો હોવા તે પૃથક્ત્વનું લક્ષણ છે. આત્માને શરીર, કર્મ તથા બીજા આત્મા સાથે પ્રદેશભેદ છે. માટે કોઈ આત્મા બીજા આત્માનું કે શરીરાદિનું કાંઈપણ કરી શકે નહિ. આત્મા બીજાની દયા પાળી શકે નહિ કારણ કે પ્રદેશભેદે ભેદ છે.

સત્તાગુણ અને દ્રવ્યને ભિન્નપ્રદેશત્વ સંભવતું નથી કારણ કે ગુણ અને ગુણીને જુદા પ્રદેશોનો અભાવ છે. અર્થાત્ તેઓ એક જ પ્રદેશે રહેલા છે. ધોળાપણાના પ્રદેશો ને વસ્ત્રના પ્રદેશો જુદા નથી. ધોળાગુણના અંશો તે વસ્ત્રના અંશો છે. તે પ્રદેશે જુદા નથી માટે તેમને પ્રદેશવિભાગ નથી; તેમ સત્તાગુણના પ્રદેશો છે તે જ ગુણીના પ્રદેશો છે. અસ્તિત્વગુણ–અસંખ્ય પ્રદેશે છે તેમ આત્મા અસંખ્ય પ્રદેશે છે. તેથી ગુણ–ગુણીને પ્રદેશવિભાગ નથી.

કોઈ પ્રશ્ન કરે કે બીજો કાંઈ વ્યવહાર કહો તો સરલ પડે. તો કે ભાઈ ! આ જ વ્યવહાર છે. ગુણ ને ગુણી એવો ભેદ પાડવો તે જ વ્યવહાર છે. ગુણ–ગુણીના ભેદ ટાળી અભેદ થવું તે જ નિશ્ચય છે. નિશ્ચયની દ્રષ્ટિ રાખીને જે શુભ વિકલ્પો સ્વરૂપ સમજવા માટે આવે છે તે વ્યવહાર છે પણ તેથી કલ્યાણ નથી. ગુણ–ગુણીને પ્રદેશભેદ નથી એમ બરાબર સમજે. વળી નિશ્ચયનું ભાન હોય ને પછી અસ્થિરતાનો રાગ થાય તેથી ધર્મ ચાલ્યો જતો

નથી. ગુણ–ગુણીની પ્રદેશે અભેદતા સમજ્યા વગર શુભભાવ કરે તો ધર્મ થતો નથી.

આવી રીતે સત્તા અને દ્રવ્યને પ્રદેશેભેદે ભેદ નથી છતાં પણ સત્તાગુણ અને દ્રવ્યને અન્યત્વ છે. કારણ કે સત્તા અને દ્રવ્યને અન્યત્વના લક્ષણનો સદ્‌ભાવ છે.

અતદ્‌ભાવ = તે પણે નહીં હોવું તે અન્યમતનું લક્ષણ છે.

દ્રવ્ય કથંચિત્ સત્તાપણે નથી અને સત્તા કથંચિત્ દ્રવ્યપણે નથી. સત્તા અને દ્રવ્યને તે–પણે હોવાનો અભાવ છે. જેમ કે જ્ઞાન સમ્યક્ થયું એટલે આખું દ્રવ્ય પૂરેપૂરું સમ્યક્ થઈ જતું નથી. એક અંશમાં આખો અંશી આવી શકે નહિ. એક ગુણ અનંત ગુણરૂપે ન થાય અને અનંતગુણો એકરૂપે ન થાય માટે ગુણ અને ગુણીને એકપણાનો અભાવ છે. તે હવે દ્રષ્ટાંત દ્વારા સમજાવે છે.

વસ્ત્રનું ધોળાપણું એક આંખથી દેખાય છે. તે ધોળાપણું સ્પર્શથી, ચાખવાથી, સુંઘવાથી કે અવાજથી જણાતું નથી. માટે ધોળાપણું એક ચક્ષુઇંદ્રિયનો વિષય છે. વસ્ત્રનો ખ્યાલ સ્પર્શથી, ચાખવાથી, સુંઘવાથી, જોવાથી ને અવાજ કરવાથી પણ આવી શકે છે એટલે પાંચ ઇંદ્રિય દ્વારા વસ્ત્ર જાણી શકાય છે. ચક્ષુઇંદ્રિયદ્વારા જણાતું જે ધોળાપણું છે તે પાંચઇંદ્રિયદ્વારા જણાતું વસ્ત્ર નથી અને પાંચ ઇંદ્રિયદ્વારા જણાતું વસ્ત્ર તે એક ચક્ષુઇંદ્રિયદ્વારા જણાતું ધોળાપણું નથી. ધોળાપણું એક ગુણ છે ને વસ્ત્રમાં તો ઘણા ગુણો છે. જેમ કે ધોળાપણું, હોવાપણું, સુંવાળાપણું વગેરે.

આંખના વિષયવાળો જ્ઞેય પદાર્થ તે પાંચ ઇંદ્રિયના વિષયવાળા જ્ઞેયરૂપે થતો નથી ને પાંચ ઇંદ્રિયના વિષયવાળો જ્ઞેયપદાર્થ તે આંખના વિષયવાળાં જ્ઞેયપદાર્થ જેટલો થતો નથી. આખી વસ્તુ એક ગુણમાં આવતી નથી તેથી વસ્ત્ર અને ધોળાપણાને એકપણું નથી એટલે વસ્ત્ર અને ધોળાપણાને અતદ્‌ભાવ છે.

તેવી રીતે સત્તાગુણ અને દ્રવ્યના સ્વભાવમાં ફેર છે.

(૧) સત્તાગુણ દ્રવ્યના આશ્રયે રહે છે.

(ક) તેમ બીજા ગુણો પણ દ્રવ્યના આશ્રયે રહે છે.

(ખ) પણ દ્રવ્યને કોઈનો આશ્રય નથી. દ્રવ્ય તો ગુણોને આશ્રય આપે છે પણ પોતે કોઈનો આશ્રય લેતું નથી. માટે દ્રવ્ય આશ્રય આપનાર છે. (જેમ વાસણમાં ઘી રહે છે તેમ દ્રવ્યમાં સત્તા રહેતી નથી કારણ કે વાસણને

અને ઘીને તો પ્રદેશભેદ છે. તેવો સત્તાને અને દ્રવ્યને પ્રદેશભેદ નથી. પરંતુ જેમ કેરીમાં વર્ણ, ગંધ છે તેમ દ્રવ્યમાં સત્તા છે.)

(૨) સત્તાગુણ નિર્ગુણ છે.

(ક) જેમ વર્ણગુણ કોઈ ગંધવાળો કે સ્પર્શવાળો થતો નથી તેમ આત્મામાં જ્ઞાનગુણ વીર્યગુણવાળો અથવા દર્શનગુણવાળો થતો નથી. સત્તાગુણમાં બીજો ગુણ આવતો નથી. એકગુણમાં બીજોગુણ આવી શકતો નથી માટે સત્તા નિર્ગુણ છે.

(ખ) જ્યારે દ્રવ્યમાં અનંતા ગુણો હોય છે માટે દ્રવ્ય ગુણવાળું છે. (જેમ દંડી દંડવાળો છે તેમ દ્રવ્યને ગુણવાળું ન સમજવું કારણ કે દંડી અને દંડને તો પ્રદેશભેદ છે ને દ્રવ્ય અને ગુણ તો અભિન્નપ્રદેશી છે.)

(૩) સત્તા એક ગુણની બનેલી છે.

(ક) સત્તાગુણમાં બીજો ગુણ નથી. સત્તા એક જ ગુણ છે. જ્ઞાનગુણ લ્યો તો જ્ઞાનગુણ એક જ જ્ઞાનગુણનો બનેલો છે. તેમ દરેક ગુણ સમજવા. માટે સત્તા એક ગુણની બનેલી છે.

(ખ) દ્રવ્ય તો અનેક ગુણોનું બનેલું છે. સત્તા, જ્ઞાન, દર્શન, ચારિત્ર એમ આત્મામાં અનેક ગુણો છે. પુદ્ગલમાં સત્તા, સ્પર્શ, રસ, ગંધ, ગુણ વર્ણ વગેરે અનેક ગુણો છે.

(૪) સત્તા તે વિશેષણ છે.

(ક) ગુણ તે લક્ષણ છે. દ્રવ્યને ઓળખાવનારું ચિહ્ન છે. જેમ જ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્ય વગેરે આત્માના વિશેષણો છે.

(ખ) દ્રવ્ય તે વિશેષ્ય છે એટલે કે વિશેષણોથી ઓળખાતો પદાર્થ છે. જેમ કે આત્મા જ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્ય વગેરે વિશેષણોથી ઓળખાતો પદાર્થ છે. સત્તા તે વિશેષણ છે ને દ્રવ્ય તે વિશેષ્ય છે છતાં વિશેષણ અને વિશેષ્યને પ્રદેશભેદ નથી.

(૫) સત્તા વિધાયક છે.

(ક) સત્તા વિધાયક (-રચનારી) છે. બધા ગુણો દ્રવ્યના રચનાર છે એટલે કે ગુણો દ્રવ્યને રચે છે.

(ખ) દ્રવ્ય વિધિયમાન છે. દ્રવ્ય ગુણોથી રચાતો પદાર્થ છે. દ્રવ્ય કોઈ પર પદાર્થથી બનતો નથી પણ પોતાના ગુણોથી રચાયેલો સ્વયંસિદ્ધ પદાર્થ છે.

(૬) સત્તા વૃત્તિસ્વરૂપ છે.

(ક) સત્તા વૃત્તિસ્વરૂપ છે. ગુણો હયાતીસ્વરૂપ છે.

(ખ) દ્રવ્ય વૃત્તિમાનસ્વરૂપ છે. દ્રવ્ય હયાત રહેનારસ્વરૂપ છે.

–માટે કોઈના આશ્રયે રહેતી, નિર્ગુણ, એક ગુણની બનેલી, વિશેષણ, વિધાયક અને વૃત્તિસ્વરૂપ એવી જે સત્તા છે તે કોઈના આશ્રય વિના રહેતું, ગુણવાળું, અનેક ગુણોનું બનેલું, વિશેષ્ય, વિધીયમાન અને વૃત્તિમાનસ્વરૂપ એવું દ્રવ્ય નથી. ઉપરોક્ત છ લક્ષણવાળું દ્રવ્ય તે ઉપરોક્ત છ લક્ષણવાળી સત્તા નથી.

અહીં તો એક સત્તાગુણનો દાખલો આપ્યો છે. એમ એકેક ગુણ તે દ્રવ્ય નથી ને દ્રવ્ય તે ગુણ નથી. આત્મા તે જ્ઞાન નથી ને જ્ઞાન તે આત્મા નથી. ગુણ તે દ્રવ્ય નથી ને દ્રવ્ય તે ગુણ નથી તેથી તેમને તદ્‌ભાવનો અભાવ છે. એટલે અતદ્‌ભાવ છે એટલે કે ગુણ તે દ્રવ્યપણે નથી ને દ્રવ્ય તે ગુણપણે નથી.

જોકે સત્તાને અને દ્રવ્યને કથંચિત્ અભિન્નપણું છે એટલે પ્રદેશભેદે ભેદ નથી છતાં તેમને સર્વથા એકત્વપણું નથી કારણ કે તે–પણે હોવું તે એકત્વનું લક્ષણ છે. જે તે પણ જણાતું નથી તે સર્વથા એક હોઈ શકે નહિ માટે ગુણ ને ગુણી કથંચિત્ જુદા છે–અનેરા છે.

આત્મા ને શરીર તથા કર્મ ત્રણે કાળે જુદા છે. બન્નેને પ્રદેશભેદ છે ને આત્માની અંતરમાં દ્રવ્ય તથા ગુણને અતદ્‌ભાવ છે. બન્નેને પ્રદેશભેદ નથી પણ ભાવભેદ છે. બન્નેના ભાવ જુદા છે.

આવું જ્ઞાન નિર્મળ કર્યા વગર માત્ર પાઠો ગોખી જાય. तावकायंठाणेणं વગેરેના પાઠો માત્ર બોલી જાય ને અર્થ સમજ્યા વગર કે જ્ઞાન કર્યા વગર ઔઘિક સામાયિક માની લ્યે તો તેને સાચી સામાયિક કે વ્રત થતાં નથી.

આત્મા કાયાને સ્થિર રાખી શકે નહિ કારણ કાયાની સત્તા ને આત્માની સત્તા તદ્દન જુદે જુદી છે. ને પ્રદેશો પણ જુદે જુદા છે. કોઈ દ્રવ્યનો કોઈ સ્વામી નથી છતાં શરીરને બેસાડી શકું છું, પૈસા ને શરીરનો સદુપયોગ કરી શકું છું. કર્મ આત્માને રખડાવે છે–એમ અજ્ઞાની માને છે તે તેની ભ્રમણા છે. પણ સાચા જ્ઞાન વગર પરનો અહંકાર જાય નહિ અને જીવને સાચી શાંતિ થાય નહિ ને સ્વજ્ઞેયની સાચી પ્રતીતિ થાય નહિ.

એક તત્ત્વ બીજા ભિન્નપ્રદેશી તત્ત્વને રાખી શકે, ભાંગી શકે, ફોડી શકે, રક્ષણ કરી શકે કે રખડાવે એ વાત તદ્દન મિથ્યા છે.

આત્મા શરીરના આધારે તો રહેતો નથી પણ તેના ગુણના આધારે પણ નથી કારણ આત્મા તો ગુણને આશ્રય દેનારો છે. એક ગુણ તેના દ્રવ્યને આશ્રયે છે પણ એક દ્રવ્ય તેના ગુણને આશ્રયે નથી.

અહીં આત્માને પોતાના ગુણનો પણ આશ્રય નથી–એમ કહ્યું છે તો પછી શરીર, પૈસા ટકા, દેવ-ગુરુ-શાસ્ત્રના આધારે આત્મા રહે અને જીવે–એ માન્યતા તો તદ્દન અજ્ઞાનભરેલી છે.

પ્રશ્ન :–ગુણ તે આધાર છે ને ગુણી આધેય છે એમ તો અગાઉના પ્રવચનમાં આપે કહ્યું હતું.

ઉત્તર :–ભાઈ ! ત્યાં તો ગુણો તથા દ્રવ્ય છે, છે, છે—એમ બતાવવું હતું. ગુણ ન હોય ત્યાં ગુણી ન હોય—એમ બતાવવું હતું એટલે ગુણ આધાર ને ગુણી આધેય એમ કહ્યું હતું. ત્યાં બન્નેનો સદ્‌ભાવ સ્થાપવો હતો એટલે એવી રીતે કથન કરવામાં આવ્યું હતું કે ગુણ હોય ત્યાં ગુણી હોય.

અહીં તો આત્મા એક ગુણના આશ્રયે આવતો નથી તો પછી બીજા આત્માના દ્રવ્ય-ગુણ-પર્યાયના આશ્રયે સર્વથા છે જ નહિ. કારણ બન્નેને પ્રદેશભેદે ભેદ છે.

પુસ્તક છે તે લાકડાના આશ્રયે નથી. પુસ્તક છે તે એકલા સત્તાગુણના આશ્રયે નથી, આત્મા કર્મના આશ્રયે નથી. કર્મ આત્માના આશ્રયે નથી. ગરીબ તે શેઠના આશ્રયે નથી. સંસારી જીવ ભગવાનના આશ્રયે નથી. છોકરાં માસ્તરના આશ્રયે નથી. દરેક વસ્તુ સ્વયંસિદ્ધ છે, દરેક ભિન્નપ્રદેશી છે. તેને એકબીજાનો આશ્રય છે ને એકબીજાને આશ્રયે નભે છે. ટકે છે—એમ કહેવું તે અજ્ઞાનભાવ છે. શરીર અને આત્મા ભિન્નપ્રદેશી છે છતાં શરીરને લીધે આત્મા અને આત્માને લીધે શરીર ચાલે—એમ કહેવું તે અજ્ઞાનભાવ છે.

ભાવાર્થ :—આત્મા ને શરીરના પ્રદેશો જુદેજુદા છે ને ભિન્નપ્રદેશત્વ તે પૃથક્પણાનું લક્ષણ છે.

અતદ્‌ભાવ તે અન્યપણાનું લક્ષણ છે. દ્રવ્ય અને ગુણને પ્રદેશે જુદાપણું નથી પણ અન્યપણું છે એટલે અતદ્‌ભાવ છે. કારણ ગુણ તે આખો ગુણી નથી ને ગુણી એક ગુણમાં આવી જતો નથી. માટે ગુણ—ગુણીમાં અનેકપણું સાબિત થાય છે.

પ્રશ્ન :—જેઓ પ્રદેશે જુદા નથી તેનામાં અન્યપણું એટલે અનેરાપણું કેમ હોઈ શકે ? ગુણ ને દ્રવ્યના પ્રદેશો એક જ છે તો ગુણને અને દ્રવ્યને અનેરાપણું કેવી રીતે હોય ? આત્મા તથા શરીર અથવા આત્મા અને કર્મને

પ્રદેશભેદ છે. તો આત્મા અને શરીર અથવા કર્મને અનેરાપણું સંભવે પણ આત્મા ને તેના ગુણો કે જેને પ્રદેશભેદ નથી તેને અનેરાપણું કેવી રીતે હોય ?

ઉત્તર :—વસ્ત્ર અને સફેદપણાની માફક તેમનામાં જુદાપણું હોઈ શકે છે. વસ્ત્ર અને સફેદાઈના પ્રદેશો જુદા નથી. તેથી તેમને પૃથક્પણું નથી. આમ હોવા છતાં સફેદપણું માત્ર એક ચક્ષુઇંદ્રિયનો વિષય છે અને બીજી ચાર સ્પર્શ, રસ, ઘ્રાણ ને શ્રોત્ર ઇંદ્રિયનો વિષય નથી અને વસ્ત્ર તો પાંચ ઇંદ્રિયથી જણાય તેવું છે. માટે સફેદણું તે વસ્ત્ર નથી અને વસ્ત્ર તે સફેદપણું નથી. જો એમ ન હોય અને સફેદપણું તે વસ્ત્ર એક જ હોય તો વસ્ત્રની માફક સફેદપણું પાંચે ઇંદ્રિયોથ જણાવું જોઈએ. અથવા વસ્ત્ર સફેદપણાની જેમ એક ચક્ષુ ઇંદ્રિયનો વિષય હોવો જોઈએ—પણ એમ તો બનતું નથી. સફેદપણું એક ચક્ષુઇંદ્રિયનો જ વિષય છે ને વસ્ત્ર પાંચે ઇંદ્રિયનો વિષય છે માટે તે ઉપરથી નક્કી થાય છે કે બન્ને પદાર્થો ભાવે જુદા જુદા છે.

આ દ્રષ્ટાંત ઉપરથી નક્કી થાય છે કે દ્રવ્ય અને અસ્તિત્વ વગેરે ગુણોને પ્રદેશભેદ નહીં હોવા છતાં પણ અન્યત્વ છે. કારણ કે દ્રવ્યના અને ગુણના પ્રદેશો જુદા નહીં હોવા છતાં દ્રવ્ય અને ગુણમાં સંજ્ઞા, સંખ્યા ને લક્ષણાદિ ભેદો હોવાથી દ્રવ્ય કથંચિત્ ગુણપણે નથી અને ગુણ તે દ્રવ્યપણે નથી.

૧. સંજ્ઞા એટલે નામ. ગુણનું નામ ગુણ તે દ્રવ્યનું દ્રવ્ય નામ આપ્યું એટલે સંજ્ઞાભેદે ભેદ છે.

૨. સંખ્યા :—ગુણો સંખ્યાએ અનંતા છે ને દ્રવ્ય સંખ્યાએ એક છે માટે સંખ્યાભેદે ભેદ છે.

૩. લક્ષણ :—ગુણનું લક્ષણ કોઈના આશ્રયે રહેવું, એક ગુણમાં બીજા ગુણનું ન રહેવું, દ્રવ્યનું રચનાર વગેરે ગુણનાં લક્ષણ છે.

દ્રવ્યનું લક્ષણ :—ગુણોને આશ્રય આપવો તે અનેક ગુણના સમૂહપણું, દ્રવ્ય તે અભેદતા બતાવે છે વગેરે દ્રવ્યનાં લક્ષણ છે.

આવી રીતે દ્રવ્ય ને ગુણમાં લક્ષણભેદે ભેદ છે.

આવી રીતે દ્રવ્ય અને ગુણને પ્રદેશભેદે ભેદ નહીં હોવા છતાં સંજ્ઞા, સંખ્યા, લક્ષણાદિ ભેદે ભેદ છે.

પ્રશ્ન :—આવા ભેદ સમજાવી વિકલ્પ શું કામ કરાવો છો ? નિર્વિકલ્પતા માટે તો ભેદનો નિષેધ કરવામાં આવ્યો છે. એકલો અભેદ આત્મા સમજી લઈએ તો બસ નથી ?

ઉત્તર :—પ્રશમના લક્ષે જ્ઞાનની નિર્મળતા થાય છે. જ્ઞાન અનેક પ્રકારનું કરે તેથી જ્ઞાન તે રાગનું કારણ નથી, જ્ઞેયોમાં અનંત પ્રકાર જણાવવાની વિવિધતા છે માટે જ્ઞેયોની અનેકતા રાગ કરાવે છે, એમ પણ નથી. તે જો કારણ હોય તો કેવળી ભગવાન અનંતા જ્ઞેયોને જાણે છે તેમને રાગ થવો જોઈએ—પણ એમ બનતું નથી.

માટે

અનેક પ્રકારનું વિવિધતારૂપ જ્ઞાન તે રાગનું કારણ નથી.

અનેક પ્રકારના જ્ઞેયોની વિવિધતા તે રાગનું કારણ નથી.

અનેક પ્રકારના કર્મોની વિવિધતા તે રાગનું કારણ નથી.

રાગનું કારણ રાગી જીવને રાગની તે સમયની યોગ્યતા છે. શાસ્ત્રમાં કહ્યું છે કે **પરદ્રવ્યાનુસારીવૃત્તિ તે રાગનું કારણ છે** પણ પરદ્રવ્યો રાગનું કારણ નથી.

ગુણ—ગુણીના ભેદનો અથવા દ્રવ્ય-ગુણ-પર્યાયનો વિચાર કરવો તે તો જ્ઞાનની પર્યાય છે તેના કારણે રાગ નથી, પણ રાગી જીવને રાગનો ભાગ વર્તે છે માટે રાગ થાય છે.

**આત્મામાં ગુણ ગુણી ભેદ છે તે રાગનું કારણ નથી.**

**ગુણ ગુણી ભેદ છે તેવું જ્ઞાન તે રાગનું કારણ નથી.**

દર્શન, જ્ઞાન, ચારિત્ર એવા ગુણભેદો આત્મામાં છે માટે રાગ થાય છે—એમ નથી. એવા ગુણો આત્મામાં અનંતા છે, અનંતાનું જ્ઞાન જીવ કરે પણ તેથી રાગ થતો નથી.

તેવી જ રીતે દ્રવ્ય-ગુણ-પર્યાયો રાગનું કારણ નથી.

તેમ જ દ્રવ્ય-ગુણ-પર્યાયનું જ્ઞાન તે રાગનું કારણ નથી.

ભેદાભેદ વસ્તુનો સ્વભાવ છે. પર્યાયને લીધે અથવા ભેદને લીધે રાગ થતો હોય તો કેવળીને રાગ થવો જોઈએ—પણ એમ બનતું નથી. પણ રાગી જીવને પોતાની યોગ્યતા ને ભૂમિકા અનુસાર રાગ વર્તે છે માટે રાગ થાય છે. તે રાગ તોડવા અભેદ તરફ દ્રષ્ટિ કરવી ને સ્થિરતા કરવી—એમ કહ્યું છે.

પ્રશ્ન :—પ્રવચનસારમાં દ્રવ્ય-ગુણ-પર્યાયને પૃથક્ પૃથક્ જાણવા તે જ્ઞાનની નિર્મળતાનું ને વીતરાગતાનું કારણ કહ્યું છે તે નિયમસારમાં દ્રવ્ય-ગુણ-પર્યાયનો ભેદ પાડવો તે પરાધીન આવશ્યક ક્રિયા કહી છે ને એવા ભેદમાં રોકાય ત્યાંસુધી નિશ્ચય આવશ્યક હોતું નથી એમ કહ્યું છે તો બન્નેમાં વિરોધ કથન હશે ?

ઉત્તર :—પ્રવચનસારમાં ભેદ પાડીને જે જ્ઞાન કરાવ્યું છે તે **<u>પ્રશમના લક્ષે</u>** કહ્યું છે, રાગ વધારવા માટે કહ્યું નથી. સ્વજ્ઞેય તથા પરજ્ઞેયોને બરાબર જાણે તો સ્વભાવનો મહિમા આવે. જાણ્યા વગર પ્રતીત કરશે કોની ને ઠરશે શેમાં ? એટલે પ્રવચનસારમા **<u>જ્ઞાનપ્રધાન કથનથી સમકિતની વ્યાખ્યા છે.</u>** ને નિયમસારમાં એમ કહ્યું છે કે ભેદ જાણ્યા પછી ભેદમાં અટકીને ભેદબુદ્ધિમાં રોકાઈશ તો તને ધર્મ થશે નહિ. ત્યાં ભેદબુદ્ધિનો અને રાગનો નિષેધ કરાવ્યો છે પણ દ્રવ્ય-ગુણ-પર્યાયના જ્ઞાનનો નિષેધ કરાવ્યો નથી. ત્યાં ભેદબુદ્ધિ ને રાગનો નિષેધ કરાવી અભેદ આત્મામાં ઠર એમ અખંડની પ્રતીતિ કરાવવા સમકિત પ્રધાન કથન છે. માટે બન્નેને વિરોધ નથી. જ્યાં જેમ છે તેમ સમજવું.

***

# પ્રસાદ નં. ૪૫

## પ્રવચનસાર ગાથા ૧૦૭

(માગશર સુદ ૧૨, બુધવાર)

દ્રવ્ય તથા ગુણને પ્રદેશભેદ નહીં હોવા છતાં સંજ્ઞા, સંખ્યા, લક્ષણભેદે ભેદ છે. તે ગાથા ૧૦૬ માં વાત કરી હતી. હવે અતદ્‌ભાવને સ્પષ્ટ રીતે ગાથા ૧૦૭માં બતાવે છે :—

**સત્ દ્રવ્ય, સત્ પર્યાય, સત્ ગુણ,–સત્ત્વનો વિસ્તાર છે;**
**નથી તે—પણે અન્યોન્ય તેહ અતત્પણું જ્ઞાતવ્ય છે. ૧૦૭**

અન્વયાર્થ :—સત્ દ્રવ્ય, સત્ ગુણ અને સત્ પર્યાય—એમ સત્તાગુણનો વિસ્તાર છે. (તેમને પરસ્પર) જે તેનો અભાવ અર્થાત્ તે—પણે હોવાનો અભાવ છે તે તદ્‌અભાવ એટલે કે અતદ્‌ભાવ છે.

એક આત્માની સત્તા બીજા આત્માની અને અન્યદ્રવ્યોની સત્તાથી જુદી છે. કોઈ સાથે એકમેક નથી. સત્તાગુણ ત્રણ પ્રકારે વિસ્તારવામાં આવે છે. શક્તિવાન, શક્તિઓ ને અંશ ત્રણે થઈને સત્ અખંડ દ્રવ્ય એક છે, છતાં તેમને પરસ્પર અતદ્‌ભાવ છે. દ્રવ્ય તે ગુણ અથવા પર્યાય નથી. ગુણ તે દ્રવ્ય અથવા પર્યાય નથી, ને પર્યાય તે દ્રવ્ય અથવા ગુણ નથી. તે—પણે હોવાનો અભાવ એટલે અતદ્‌ભાવ છે.

આવો વસ્તુનો સ્વભાવ યથાર્થ જાણવો તે સમ્યગ્જ્ઞાનનું કારણ છે. અનંતા દ્રવ્યો, ગુણો અને પર્યાયોનું જ્ઞાન કરવું તે રાગનું કારણ નથી. ભેદબુદ્ધિવાળો રાગી જીવ રાગ કરે છે તો દ્રવ્ય-ગુણ-પર્યાયનો ભેદ રાગનું કારણ છે એમ આરોપ કરવામાં આવે છે. અરાગપણે દ્રવ્ય-ગુણ-પર્યાયનું જ્ઞાન કરે તો તે રાગનું કારણ નથી.

સમયસારની ૭ મી ગાથામાં કહ્યું છે કે જ્ઞાન, દર્શન, ચારિત્ર એવા ભેદ વ્યવહારથી છે ને નિશ્ચયથી જ્ઞાન, દર્શન, ચારિત્ર એવા ભેદ આત્મામાં નથી. ગુણ—ગુણી ભેદમાં રોકાવાથી સમકિત થતું નથી—એમ કહ્યું છે. અહીં પ્રવચનસારમાં કહેવામાં આવે છે કે દ્રવ્ય સત્, ગુણ સત્, પર્યાય સત્—એમ દ્રવ્યમાં ત્રણ ભેદ કરવા તે જ્ઞાનની નિર્મળતાનું કારણ છે. તો બન્ને શાસ્ત્રોમાં વિરોધ કથન હશે ?—કે ના. કોઈપણ શાસ્ત્રમાં વિરોધ કથન હોઈ શકે નહિ.

રાગી જીવને ભેદબુદ્ધિ—રાગપણાની બુદ્ધિ વર્તે છે તેને સ્વરૂપમાં એકાકાર કરવા ને ભેદનું લક્ષ છોડાવવા સમયસારમાં કથન કર્યું છે. રાગી જીવો રાગ કરે છે માટે રાગનો આરોપ ભેદ ઉપર આપવામાં આવે છે. વળી

હું અભેદ છું. એવો વિકલ્પ ઊઠે છે તે પણ સ્વભાવમાં નથી. જ્ઞાની જીવ સ્વભાવ તરફ ઢળે છે ત્યારે આ સ્વભાવ છે ને મારે જ્ઞાની ભાવના ભાવવી છે એવા ભેદ સ્વઅનુભવ વખતે નથી; નિર્વિકલ્પ સ્વાનુભૂતિમાં તો એકારકાર અભેદતા છે.

પ્રવચનસારમાં દ્રવ્ય, ગુણ, પર્યાયનો—ત્રણેનો વિસ્તાર જણાવે છે ને પ્રશમના લક્ષે જ્ઞાનની નિર્મળતા તે નિર્વિકલ્પતાનું કારણ છે—એમ જણાવે છે.

વસ્તુનો સ્વભાવ ભેદાભેદ છે. ભેદ સ્વભાવ રાગનું કારણ નથી. વસ્તુમાં ભેદ છે તેથી અથવા પરનું જ્ઞાન કરે છે તેથી રાગ થાય છે—એમ નથી પણ રાગી જીવને પોતાની રાગની યોગ્યતાના કારણે રાગ થાય છે. જ્ઞાન તથા જ્ઞેયો રાગનું કારણ નથી. જે જીવો રાગ કરે છે તેને ગુણભેદને લીધે રાગ થયો એમ આરોપ કરવામાં આવે છે. જ્ઞાની પોતાના જ્ઞાયકસ્વભાવમાં ઠરી ન શકે ત્યાં સુધી પ્રશમના લક્ષે નિર્મળતા કરવા જ્ઞાનની વૃદ્ધિ કરે છે. આ અભ્યાસ શાસ્ત્રનાં પાનાંનો અથવા રાગનો નથી. અકષાયભાવના લક્ષે જે અભ્યાસ છે તે જ્ઞાનની વૃદ્ધિનું કારણ છે. <u>ભેદબુદ્ધિ છોડી અભેદ—અખંડ જ્ઞાન પ્રાપ્ત કરવું એમ જ્ઞાનીનો ઉપદેશ છે. દ્રવ્યમાં દ્રવ્ય-ગુણ-પર્યાય એવા ભેદ પર્યાયદ્રષ્ટિએ પડે છે, તે ભેદોનું જ્ઞાન છોડવું એમ કહ્યું નથી. જ્ઞેયોની અનેકતા પણ જ્ઞાનમાં આવે છે તે કાંઈ રાગનું કારણ નથી.</u> રાગી જીવ ભેદ ઉપર લક્ષ કરે છે ત્યારે પોતાની યોગ્યતાના કારણે રાગ થાય છે. માટે અભેદ ઉપર લક્ષ કર—એમ કહેવામાં આવે છે.

આ ગાથામાં ઉદાહરણ સત્તાગુણનું આપેલ છે તેમ બીજા ગુણો પણ વિસ્તાર પામેલા છે તેમ સમજવું.

એક ગુણ તે દ્રવ્ય નથી. બીજો ગુણ નથી કે પર્યાય નથી—તેથી તેમને અતદ્‌ભાવ છે. આખું દ્રવ્ય એક ગુણમાં આવતું નથી. વસ્તુ તો અનેક ગુણનો પિંડ છે.—આવી રીતે અતદ્‌ભાવ છે પણ ક્ષેત્રભેદ નથી. એક ગુણ જો ગુણીરૂપે થાય તો એક ગુણમાંથી બીજા ગુણનો લાભ મળવો જોઈએ પણ એમ તો બનતું નથી. લાભ તો ધ્રુવદ્રવ્યની દ્રષ્ટિથી મળે છે. એક ગુણ ઉપરની દ્રષ્ટિથી અનેક ગુણની નિર્મળ પર્યાયો પ્રગટે નહિ. એક ગુણ છે તે ગુણી નથી અને ગુણીમાં એક ગુણ માત્ર હોતો નથી.

પરમાણુમાં સત્તાગુણ તે આખું દ્રવ્ય નથી ને આખું દ્રવ્ય તે સત્તાગુણમાં આવી જતું નથી.

આ આત્મા પરમાત્મા (પરમ આત્મા) છે એમાં પરમાણુ (પરમ આણુ) નથી. ને પરમાણુ (પરમ આણુ)—જડમાં—પરમાત્મા (પરમ આત્મા) નથી.

નિમિત્તની અપેક્ષા છોડો તો ચેતન પરમાત્મામાં જડદ્રવ્ય નથી ને ને જડદ્રવ્યમાં પરમ આત્મા નથી. બન્નેને ભિન્ન ભાવ વર્તે છે. આવું ભેદજ્ઞાન કર્યા પછી પણ એકેક દ્રવ્યમાં ગુણ તે ગુણી નથી ને ગુણી તે ગુણ નથી. તેવું ભેદ જ્ઞાન કરે તે વીતરાગતાનું કારણ છે. સત્તાગુણ તે આખું દ્રવ્ય નથી કેમ કે દ્રવ્ય તો ગુણવાળો પદાર્થ છે. એક ગુણ તે અનંત ગુણ નથી. અનતગુણ તે એકગુણ નથી. પોતાના દ્રવ્યમાં આવું ભેદ જ્ઞાન જ્ઞાનની વિશેષ નિર્મળતા કરાવે છે. તે રાગનું કારણ નથી, રાગથી છૂટવાનું એટલે કે વીતરાગતાનું તે કારણ છે. મલિનતાથી છૂટવાનું અને નિર્મળતાનું કારણ છે.

જે જીવ ગુણ—ગુણીને સર્વથા એક માને છે એવા અજ્ઞાની જીવને નિર્વિકલ્પતાનું નિમિત્ત કારણ જે યથાર્થ જ્ઞાન છે તે પણ નથી. યથાર્થ જ્ઞાન જ અંતર્ અનુભવનું કારણ છે.

સમકિતી જીવોને અંતર્ અનુભવ વખતે ઉપયોગ સર્વથા પોતામાં બુદ્ધિપૂર્વક અભેદ છે. તો પણ ગુણ—ગુણીને કથંચિત્ ભેદ છે તેવું સમ્યક્ જ્ઞાન વર્તે છે ગુણ—ગુણી સર્વથા એક છે તેવું જ્ઞાન વર્તતું નથી. દ્રવ્યમાં અનેક જ્ઞેયો જણાય તે અનેકતાનું જ્ઞાન રાગનું કારણ નથી. ભેદબુદ્ધિ છોડાવવા ને અભેદબુદ્ધિ કરાવવા અર્થાત્ અભેદમાં સ્થાપવા માટે કહ્યું છે કે દર્શન, જ્ઞાન, ચારિત્ર વગેરે ગુણોના ભેદ પાડીશ નહિ.

જીવ જ્ઞાનબુદ્ધિએ બધું જાણે તેનો વાંધો નથી. જ્ઞાનનો સ્વભાવ તો જાણવાનો છે. એક અભેદ આત્માને જાણે તો રાગ ન થાય પણ અનેકને જાણે તો રાગ થાય—એવું વસ્તુસ્વરૂપ છે જ નહિ.

<u>રાગને છોડવો તે નિર્વિકલ્પતાનું માહાત્મ્ય છે,</u>

<u>ભેદનું જ્ઞાન છોડવું તે નિર્વિકલ્પતાનું માહાત્મ્ય નથી</u>

<u>જ્ઞાનમાંથી ભેદભાવ કાઢી નાખવો તે નિર્વિકલ્પતાનું માહાત્મ્ય નથી.</u>

દ્રવ્યને, ગુણને, પર્યાયને અતદ્‌ભાવ છે. તે જેમ છે તેમ તેનું જ્ઞાન વર્તી રહ્યું છે. જેમ આત્મા અને બીજાં દ્રવ્યો તદ્દન ભિન્ન છે તેમ દ્રવ્ય ને ગુણ તદ્દન ભિન્ન નથી. કારણ કે પ્રદેશો બન્નેના એક જ છે તથા દ્રવ્ય ને ગુણો તદ્દન અભિન્ન નથી કારણ કે સંજ્ઞા, સંખ્યા, લક્ષણ વગેરે ભેદે ભેદ છે.

ટીકા :—એક મોતીની માળા, હાર તરીકે, દોરા તરીકે અને મોતી તરીકે—એમ ત્રણ પ્રકારે વિસ્તારવામાં આવે છે.

આત્મા ને રજકણ જુદી જુદી ચીજ છે. આત્મા પરમાણુને ફેરવે—એવું નથી. કારણ એકની સત્તા બીજાની સત્તામાં વ્યાપક નથી. તેવી રીતે પોતાની સત્તા પોતાનાં દ્રવ્ય-ગુણ-પર્યાય એમ ત્રણમાં વ્યાપક નથી—એમ નથી એટલે કે ત્રણમાં વ્યાપક છે. શક્તિવાન્ તરીકે, શક્તિ તરીકે અને અંશ તરીકે—એમ આખી ચીજ દ્રવ્ય-ગુણ-પર્યાયનો પિંડ છે તે ત્રણેમાં વિસ્તારવામાં આવે છે.

જ્ઞાનની નિર્મળતા કરવા માટે ત્રણ ભેદ પાડવામાં આવે છે. અપેક્ષા સમજવી જોઈએ. ભેદોનું જ્ઞાન રાગ કરાવે છે એમ પણ નથી તેમ જ ભેદોનું જ્ઞાન જ ન કરવું એમ પણ નથી.

એક સત્તા ત્રણેમાં વ્યાપેલી છે તે બતાવવું છે.

એક દ્રવ્ય દ્રવ્ય તરીકે, ગુણ તરીકે અને પર્યાય તરીકે વિસ્તારવામાં આવે છે. દ્રવ્ય એકલા દ્રવ્યમાં નથી, પણ દ્રવ્ય ગુણોમાં વ્યાપેલું છે ને પર્યાયમાં પણ વ્યાપેલું છે.

દ્રવ્ય અને ગુણોની સત્તા કાયમની છે ને પર્યાયની સત્તા એક સમયની છે. તે સમયની સત્તા પર્યાયમાં ન હોય તો પર્યાય છે એમ કોણ નક્કી કરશે ? દ્રવ્ય હોય ત્યારે જો અંશ ન હોય તો વસ્તુ જ સત્ રહેતી નથી. પર્યાય અંશ તરીકે છે તો જ આખી વસ્તુ સાબિત થાય છે. કોઈ પણ વખતે વર્તમાન અંશ ન હોય તો દ્રવ્ય રહે જ નહિ. દ્રવ્ય અંશ વગરનું હોય તો દ્રવ્ય સાબિત થતું નથી. અખંડ વ્યાપકતા સમયે સમયે ત્રણેની છે.

ભગવાનકુંદકુંદાચાર્યે મૂળ ગાથામાં, ત્રણેમાં સત્તાગુણનો વિસ્તાર છે —એમ બતાવેલ છે. જ્યારે ટીકામાં, અમૃતચંદ્રાચાર્યભગવાને દ્રવ્ય તથા ગુણ બન્ને, ત્રણેમાં વ્યાપેલાં છે—એમ બતાવેલ છે.

દ્રવ્ય દ્રવ્યસામાન્યમાં છે, ગુણ તે ગુણોમાં છે ને દ્રવ્ય તે પર્યાયમાં છે. મોતીના હારની જેમ દ્રવ્ય ત્રણેમાં વ્યાપેલું છે.

આત્મા અબંધ, નિવૃત્તતત્ત્વ છે. તેનું જ્ઞાન કરે નહિ ને પુણ્યમાં અને વિકારમાં આત્મા પોતાના અજ્ઞાનના કારણે રોકાઈ જાય છે. પુણ્યમાં સર્વસ્વ માની લેનાર જીવને પોતાની સ્વતંત્ર ખીલવટ થવાની અને વિકારી ભાવથી છૂટવાની મોકળાશ રહેતી નથી. ભાઈ ! તારી સત્તા કેવી છે તે સમજ તો તને તારો મહિમા આવે.

એક સત્તા દ્રવ્ય, ગુણ ને પર્યાય ત્રણેમાં વ્યાપેલી છે.

સત્તા ગુણના જ હોવાપણાને સાબિત કરે તો દ્રવ્ય ને પર્યાય સાબિત થતાં નથી.

સત્તા દ્રવ્યના જ હોવાપણાને સાબિત કરે તો ગુણો ને પર્યાય સાબિત થતાં નથી.

સત્તા પર્યાયના જ હોવાપણાને સાબિત કરે તો દ્રવ્ય ને ગુણો સાબિત થતાં નથી.

સત્તા દ્રવ્ય-ગુણના જ હોવાપણાને સાબિત કરે તો પર્યાય સાબિત થતી નથી.

એક સત્તા દ્રવ્ય, ગુણ ને પર્યાય—ત્રણેમાં વ્યાપેલી છે ને ત્રણેને સાબિત કરે છે.

મોતીની માળાનો ધોળાપણાનો ગુણ, ધોળો હાર, ધોળો દોરો ને ધોળાં મોતી—એમ ત્રણ પ્રકારે વિસ્તારવામાં આવે છે. ધોળાપણું એકલા હારમાં નથી, એકલા દોરામાં નથી કે એકલાં મોતીમાં નથી પણ ત્રણેમાં વ્યાપેલું છે. તેવી રીતે સત્તાગુણ દ્રવ્યમાં છે, બીજા ગુણોમાં છે ને પર્યાયમાં છે.

આત્માની સત્તા પરપદાર્થમાં નથી પણ પોતાનાં દ્રવ્ય-ગુણ-પર્યાયમાં અભેદ છે. અખંડ સત્તાભૂમિનું ક્ષેત્ર ત્રણેમાં વ્યાપેલું છે. આવી સત્તાનું સાચું જ્ઞાન થતાં પરનો અહંકાર ઊડી જાય ને સમ્યક્જ્ઞાનની પ્રાપ્તિ થાય.

પોતાની સત્તા નિમિત્તની સત્તામાં નથી અને નિમિત્તની સત્તા પોતામાં નથી—આવા ભાન વિના ધર્મનું નક્કી શી રીતે કરી શકાય ?

અહીં સુધી તો સત્તાગુણ ત્રણેમાં વ્યાપેલો છે તે વાત કરી હવે દ્રવ્ય, ગુણ અને પર્યાયને અરસપરસ અતદ્‌ભાવ છે તેની વાત કરે છે.

એક મોતીની માળામાં જે ધોળો ગુણ છે તે હાર નથી, દોરો નથી કે મોતી નથી અને જે હાર, દોરો કે મોતી છે તે ધોળો ગુણ નથી—એમ એકબીજાને જે તે—પણે હોવાનો અભાવ છે તે તદ્‌અભાવલક્ષણ અતદ્‌ભાવ છે કે જે અન્યત્વનું કારણ છે; તેવી રીતે એક દ્રવ્યમાં જે સત્તાગુણ છે તે દ્રવ્ય નથી, અન્ય ગુણ નથી કે પર્યાય નથી.

**૧. સત્તાગુણ છે તે દ્રવ્ય નથી :—**કારણ કે દ્રવ્ય તો અનંતગુણોનો પિંડ છે. સત્તાગુણ તે જ દ્રવ્ય હોય તો દ્રવ્ય અનંતગુણોનો પિંડ થઈ શકે નહિ. માટે સત્તાગુણ તે દ્રવ્ય નથી—આમ હોવાથી ગુણને દ્રવ્ય સાથે અતદ્‌ભાવ છે.

**૨. સત્તાગુણ છે તે અન્યગુણ નથી :—**સત્તાગુણ બીજા ગુણ એટલે કે જ્ઞાન, દર્શનાદિ ગુણ તરીકે નથી. સત્તાગુણનો અંશ તે અંશ પોતામાં છે પણ બીજા ગુણમાં નથી. જ્ઞાનનો અંશ જ્ઞાનઅંશ તરીકે બરાબર

છે પણ જ્ઞાનઅંશ ચારિત્રગુણના અંશ તરીકે અથવા બીજાગુણના અંશ તરીકે નથી. માટે એક ગુણને બીજા ગુણ સાથે અતદ્ભાવ છે.

**<u>૩. સત્તાગુણ છે તે પર્યાય નથી :—</u>**એક ગુણ એક પર્યાયમાં જ આવી જતો હોય તો બીજા સમયે બીજી પર્યાય પ્રગટ થઈ શકે નહિ ને પર્યાયના વ્યય થવાની સાથે ગુણના નાશનો પ્રસંગ આવે પણ તેમ બનતું નથી. ગુણમાંથી તો અનેક પર્યાય પ્રગટ થાય છે માટે ગુણ તે પર્યાય જેટલો નથી તેથી ગુણને પર્યાય સાથે અતદ્ભાવ છે.

—માટે સત્તાગુણ છે તે દ્રવ્ય નથી, તે બીજો ગુણ નથી તેમ જ તે પર્યાય પણ નથી અને જે દ્રવ્ય છે તે સત્તાગુણ નથી, અન્યગુણ તે સત્તાગુણ નથી અને પર્યાય તે સત્તાગુણ નથી. એમ એકબીજાને તે—પણે હોવાનો અભાવ છે એટલે અતદ્ભાવ છે જે અન્યત્વનું કારણ છે.

સત્તાગુણના દ્રષ્ટાંતે દરેક ગુણને દ્રવ્ય સાથે, બીજા ગુણ સાથે ને પર્યાય સાથે અતદ્ભાવ છે કે જે અનેરાપણાનું કારણ છે.

દ્રવ્યસત્તા દ્રવ્યસત્તાપણે છે ને ગુણસત્તા તથા પર્યાયસત્તાપણે નથી.

ગુણસત્તા ગુણસત્તાપણે છે ને દ્રવ્યસત્તા તથા પર્યાયસત્તાપણે નથી.

પર્યાયસત્તા પર્યાયસત્તાપણે છે ને દ્રવ્યસત્તા તથા ગુણસત્તાપણે નથી.

દ્રવ્ય, ગુણ, પર્યાયને સંજ્ઞા, સંખ્યા, લક્ષણભેદે ભેદ છે પણ પ્રદેશભેદે ભેદ નથી.

આમ અનેકાંતસ્વભાવ પોતાના દ્રવ્યમાં સમજવો તે જ્ઞાનસુખનું ને ધર્મનું કારણ છે.

પ્રશ્ન :—આટલું બધું જ્ઞાન કરવા જઈએ છીએ ત્યાં ક્યાંય જ્ઞાનને વિસામો આવતો નથી.

સમાધાન :—ભાઈ, પોતાના અમર્યાદિત જ્ઞાનસ્વભાવને સંકુચિત કરી થોડું જ્ઞાન કરવું તે વિસામો નથી. તે જીવ તો પોતાના જ્ઞાનને આવરે (ઢાંકે) છે. આત્માનો જ્ઞાનસ્વભાવ તો અખંડપણે પોતાને પરિપૂર્ણ જાણવાનો છે ને ત્રણેકાળ ત્રણલોકના પદાર્થોને એકી સમયે જાણવાનો છે. તેવા સ્વભાવસામર્થ્યનો મહિમા આવવો જોઈએ. આટલી તાકાતવાળો જ્ઞાનસ્વભાવ છે તેમ શ્રદ્ધા કરવી તે દ્રષ્ટિનો વિસામો છે ને પરિપૂર્ણસ્વભાવમાં અભેદ થવું તે પરિપૂર્ણ વિસામો છે.

પ્રશ્ન :—આવું જ્ઞાન કરવા ક્યાં રોકાવું ?

ઉત્તર :—કંટાળો લાવી જ્ઞાનને સંકુચિત કરવું તે જ્ઞાનનો વિસામો નથી. ઘણું સાંભળ્યું હોય તો પણ સ્વલક્ષે વિશેષ જ્ઞાન થતાં જ્ઞાનની સંકુચિતતા ઘટે છે ને જ્ઞાન વિકાસ પામે છે. વળી રાગ પણ ઘટે છે ને વીતરાગતા વધે છે. તે વિસામો ને આરામ છે. જ્ઞાનનું પેટ ઘણું મોટું છે. આખો લોકાલોક તેમાં સમાવી દે તેવું જ્ઞાન વિશાળ પેટવાળું છે ને બધા પ્રકારની મૂંઝવણ કાઢી નાખે એવું છે.

આવી રીતે સ્વજ્ઞેયને દ્રવ્યસત્તા, ગુણસત્તા, પર્યાયસત્તાથી યથાર્થ રીતે જાણવું તે સમ્યક્જ્ઞાનનું ને ધર્મનું કારણ છે.

*

# પ્રસાદ નં. ૪૬

## પ્રવચનસાર ગાથા ૧૦૭

(માગશર સુદ ૧૩, ગુરુવાર)

અનંત આત્મા ને પરમાણુ જુદેજુદા છે ને એક એક વસ્તુમાં ત્રણ ભેદ છે. બધા આત્મા ને પરમાણુ થઈને એક દ્રવ્ય નથી તેમ જ એક આત્મા એક જ સ્વરૂપે છે—એમ પણ નથી. દ્રવ્ય-ગુણ ને પર્યાય—એમ અનેરાપણું ત્રણે પ્રકારે એક જ ચીજમાં છે.

આત્માને શરીર ઉપર સ્વામિત્વ નથી એટલે બન્ને પૃથક્ છે પણ આત્મામાં દ્રવ્ય, ગુણ અને પર્યાયને અતદ્ભાવ છે કે જે અનેરાપણાનું કારણ છે. એકઆત્મામાં ભિન્ન ભિન્ન ત્રણ ભાગ છે. એક ભાગ તે બીજો ભાગ નથી છતાં પ્રદેશભેદ પણ નથી. દ્રવ્ય તે ગુણ નથી ને ગુણ તે દ્રવ્ય નથી—એમ અનેરાપણાને લીધે અતદ્ભાવ છે. દ્રવ્ય તે વિશેષ્ય છે ને ગુણ તે વિશેષણ છે. દ્રવ્ય તે અન્વય—કાયમી શક્તિનો પિંડ છે ને જ્ઞાનાદિ ગુણ આત્માની શક્તિઓ છે ને સિદ્ધત્વાદિ તે અંશ એટલે વર્તમાન વર્તતી પર્યાયો છે. દરેક સંસારી ને સિદ્ધપરમાત્માને આવી રીતે ત્રણ પ્રકારે વર્ણવવામાં આવે છે. એવો વસ્તુનો સ્વભાવ છે.

કેટલાક જીવો માને છે કે સંસારદશામાં જીવો જુદા જુદા રહે પણ મોક્ષ થયા પછી બધા એકમાં ભળી જાય; પણ તે માન્યતા જૂઠી છે, કેમ કે ત્યાં પણ દરેક સિદ્ધ જીવો જુદા જુદા રહે છે. દરેક સિદ્ધ આત્માને પણ ત્રણ પ્રકારે વર્ણવવામાં આવે છે. સામાન્ય દ્રવ્ય—જ્ઞાનદર્શનાદિ શક્તિઓ ને સિદ્ધત્વ અવસ્થા—એમ દ્રવ્ય, ગુણ ને પર્યાય અતદ્ભાવે વર્તી રહ્યા છે.

અજ્ઞાની દલીલ કરે કે સર્વવ્યાપકનું ધ્યાન કરીએ તો નિર્વિકલ્પતા થાય—પણ ભાઈ ! તારા સ્વરૂપની સમજણ વગર સાચું ધ્યાન થઈ શકે જ નહિ. એક સમયના કેવળજ્ઞાનની તાકાત ત્રણકાળ—ત્રણ લોકના પદાર્થોને—જાણવાની છે, છતાં તે અંશ એક સમય પૂરતો છે. તે એક જ્ઞાનગુણનો પર્યાય છે ને એવા અનંતા જ્ઞાનાદિ ગુણનો પિંડ તે દ્રવ્ય છે. પર્યાય તે ગુણ નથી, ગુણ તે દ્રવ્ય નથી ને દ્રવ્ય તે પર્યાય નથી—એમ પરસ્પર અતદ્ભાવ સમજી ત્રણેનું યથાર્થ જ્ઞાન કરી અભેદ સામર્થ્યવાન અખંડાનંદની પ્રતીતિ કરે તો યથાર્થ દ્રષ્ટિ થાય ને ધર્મ થાય.

આ જ્ઞાન વિના સાચું ધ્યાન થાય નહિ. આત્મા સામાન્ય દ્રવ્ય તરીકે, જ્ઞાનાદિ ગુણ તરીકે તે સિદ્ધત્વાદિ પર્યાય તરીકે ત્રિધા વિસ્તારવામાં આવે છે. આ જ પ્રમાણે સર્વ દ્રવ્યો વિષે સમજવું.

વળી, એક આત્માના અસ્તિત્વગુણને દ્રવ્યના હોવાપણામાં—દર્શનાદિ ગુણોના હોવાપણામાં ને સિદ્ધત્વાદિ પર્યાયોના હોવાપણામાં વિસ્તારવામાં આવે છે. એક ગુણ એકલા દ્રવ્યમાં નથી, એક સત્તા ગુણ ચારિત્ર દર્શન નથી પણ બધા ગુણોમાં છે તથા એક સત્તા એક જ પર્યાયમાં નથી પણ બધી પર્યાયોમાં છે. પોતાની સત્તા અન્ય દ્રવ્યમાં નથી તેમ જ અન્યને લીધે નથી; પણ એક જ પર્યાયમાં સમાય એટલી જ માત્ર સત્તા નથી પરંતુ દ્રવ્ય, ગુણ, પર્યાય—ત્રણેમાં સત્તા વ્યાપેલી છે.

વળી એક આત્માનો અસ્તિત્વગુણ છે તે આત્મદ્રવ્ય નથી, જ્ઞાનાદિગુણ નથી અને સિદ્ધત્વાદિ પર્યાય નથી. તથા જે આત્મદ્રવ્ય છે, જ્ઞાનાદિ ગુણ છે કે સિદ્ધત્વાદિ પર્યાય છે તે અસ્તિત્વગુણ નથી. આ પ્રકારે દ્રવ્ય-ગુણ-પર્યાયને પરસ્પર અતદ્‌ભાવ છે.

અહીં એટલું વિશેષ છે કે જે સત્તાગુણ વિષે કહેવું તે અન્ય ગુણો વિષે પણ સમજવું. જેમ કે—

વીર્યગુણ આત્મદ્રવ્યમાં છે, બીજા જ્ઞાનાદિ ગુણોમાં છે ને સિદ્ધત્વાદિ પર્યાયોમાં છે—એમ દરેક ગુણ વિસ્તારી શકાય છે, તોપણ સંજ્ઞા, લક્ષણ ને પ્રયોજન ભેદે ભેદ હોવાથી વીર્યગુણને દ્રવ્ય તથા પર્યાય સાથે અતદ્‌ભાવ છે. કે જે અનેરાપણાનું કારણ છે. અભેદ પ્રદેશો હોવા છતાં વીર્યગુણમાં આખો આત્મા આવતો નથી તેમ જ વીર્યગુણ તે બીજા ગુણરૂપે નથી તેમ જ વીર્યગુણ પર્યાય જેટલો નથી. આવી રીતે અતદ્‌ભાવ છે.

તેવી રીતે પરમાણુમાં તેનું દ્રવ્ય, તેના સ્પર્શાદિ ગુણો ને તેની અવસ્થાને પ્રદેશભેદ નથી તોપણ દ્રવ્ય તે એક સ્પર્શગુણમાં આવતું નથી ને સ્પર્શગુણ બીજા ગુણરૂપે નથી ને એક અવસ્થા જેટલું આખું દ્રવ્ય નથી—એમ પરસ્પર તેમને અતદ્‌ભાવ છે.

નિશ્ચયાભાસી જીવને એકલી એકાંત મિથ્યા નિશ્ચયની વાત (એકાંત અદ્વૈતવાદ) સારી લાગે છે, પણ દ્રવ્ય-ગુણ-પર્યાયમાં ભેદો ઘણા છે—એમ કહી યથાર્થ જ્ઞાન કરતો નથી ને જ્ઞાન તરફ અરુચિ બતાવે છે.

અજ્ઞાની જીવ કહે છે કે માણસ મરી જાય પછી અનંતમાં સમાઈ જાય છે. કોઈ જીવે મૃત્યુનો જય કર્યો છે ને કેવલધામને પામ્યો છે. પણ ભાઈ ! દરેક સિદ્ધની સત્તા સિદ્ધ અવસ્થામાં જુદી જુદી છે. જે કેવલદશાને પામે તે

જીવ મૃત્યુ વખતે અસાધ્ય ન હોય, તેનું શરીર રોગવાળું ન હોય પરંતુ તેમનું શરીર સ્ફટિક જેવું હોય, તેમને આહાર ન હોય ઇત્યાદિ બાહ્ય શરીરનાં આવાં લક્ષણો હોય છે તથા અંતરમાં અનંત ચતુષ્ટય, કેવળજ્ઞાન તથા વીતરાગતા વગેરે પ્રગટી ગયાં હોય—એવી દશા કેવળજ્ઞાનીની હોય છે. આવાં લક્ષણો કેવળજ્ઞાન પામનાર જીવનાં હોય છે.

તથા જે સાધક હોય તે દરેક આત્મા અને પરમાણુની પૃથક્ સત્તા માનતો હોય ને એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કરી શકે છે—એમ માનતો ન હોય. પોતાની સત્તા પરમાં વ્યાપતી નથી પણ પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયમાં વ્યાપે છે તોપણ દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેને પરસ્પર અતદ્‌ભાવ છે—એમ માનતો હોય તથા સાચા આત્મભાન સહિત સમાધિમરણપૂર્વક દેહ છોડે ને સ્વર્ગાદિકમાં જઈ એકાવતારી થઈને પછી કેવળજ્ઞાનને પામે—આવાં સાધકનાં લક્ષણો છે.

દ્રવ્ય-ગુણ-પર્યાયનાં સાચા જ્ઞાન વિના અજ્ઞાની જીવો કહે છે કે કોઈ જીવે ભગવાનની પ્રાર્થના કરતાં કરતાં દેહ છોડ્યો ને પરમધામને પામ્યો. તો ભાઈ ! દેહ શું છે ? પ્રાર્થના શું છે ? વગેરેનું સાચું જ્ઞાન કરવું જોઈએ. દેહ તો જડ ને પરવસ્તુ છે, પ્રાર્થના તે શુભ, વિકૃત અવસ્થા છે. આત્મા દેહ તથા તે શુભ વિકૃત અવસ્થાથી જુદો છે અને પુણ્યથી ધર્મ થતો નથી—એમ સમ્યક્જ્ઞાનપૂર્વક આત્મામાં રમણતા તે ચારિત્ર છે. આવા સાચા જ્ઞાનપૂર્વક જે જીવ પોતાને પોતામાં જોડે છે તે જીવ યોગી છે. માટે પોતાના સ્વજ્ઞેયનો યથાર્થ અભ્યાસ કરવો જોઈએ.

નિયમસારમાં કહ્યું છે કે દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદમાં જે મુનિ રોકાય છે તેનું પરાવશ્યક છે પણ નિશ્ચય—આવશ્યક નથી. ત્યાં એમ કહેવાનો ભાવાર્થ એ છે કે જીવ ત્યાં રાગ અને ભેદબુદ્ધિમાં રોકાય છે માટે રાગ તથા ભેદબુદ્ધિનો નાશ કરવા અને અભેદ ચૈતન્યમાં ઢળવા માટે તેમ કહ્યું છે; પરંતુ યથાર્થ જ્ઞાન કરવાનો ત્યાં નિષેધ કર્યો નથી. માટે અભેદદ્રષ્ટિ રાખીને જ્ઞાનની વિશેષ નિર્મળતા કરવી તે સ્વજ્ઞેય તથા પરજ્ઞેયોને અનેક પડખાંથી પ્રશમના લક્ષે જાણવાં તે રાગનું કારણ નથી આ જ્ઞેય—અધિકાર છે તેથી સ્વજ્ઞેય ને પરજ્ઞેયનું ભેદ પાડી પાડીને યથાર્થ જ્ઞાન કરવું તે સમ્યગ્દર્શન તથા વીતરાગતાનું કારણ છે. ૧૦૭.

હવે સર્વથા અભાવ તે અતદ્‌ભાવનું લક્ષણ હોવાનો નિષેધ કરે છે—

સ્વરૂપે નથી જે દ્રવ્ય તે ગુણ, ગુણ તે નહિ દ્રવ્ય છે;<br>
આને અતત્પણું જાણવું, ન અભાવને; ભાખ્યું જિને. ૧૦૮.

અર્થ :—સ્વરૂપ અપેક્ષાએ જે દ્રવ્ય છે તે ગુણ નથી અને જે ગુણ છે તે દ્રવ્ય નથી;—આ અતદ્‌ભાવ છે; સર્વથા અભાવ તે અતદ્‌ભાવ નથી. આમ જિનેન્દ્રભગવાન દ્વારા દર્શાવવામાં આવ્યું છે.

આ જ્ઞેય—અધિકાર યથાર્થ રીતે જાણે તો સમ્યક્‌જ્ઞાનરૂપી આંખ ખુલ્લી જાય ને પછી કદી બીડાય નહિ અર્થાત્ મિથ્યાભાવ રહે નહિ. અનંતા દ્રવ્યો, અનંતા ગુણો અને અનંતા પર્યાયોને જાણે તો ભ્રમણા ટળી જાય, પરંતુ અનાદિ કાળથી જીવ પરપદાર્થોનો જ મહિમા કરવા રોકાયો છે. કોઈની કૃપાની આશામાં જ રોકાઈ રહ્યો છે તથા કોઈ ક્રિયાકાંડમાં ને કોઈ પુણ્યના મહિમામાં રોકાઈ જાય છે, તેને સ્વરૂપનો મહિમા આવતો નથી. પૈસા તો આવે છે ને જાય છે પણ આત્માને સમજ્યા વિના પર્યાયનું દરિદ્રપણું જતું નથી. માટે ચૈતન્યલક્ષ્મીનો આશ્રય કરવા જેવું છે.

એક આત્માને બીજા આત્મા સાથે તેમ જ એક આત્માને શરીર સાથે સર્વથા અભાવ છે તેવી રીતે દ્રવ્ય તથા ગુણને અને ગુણ તથા પર્યાયને તેમ જ દ્રવ્ય તથા પર્યાયને એકબીજા સાથે સર્વથા અભાવ નથી. સર્વથા અભાવ તે અતદ્‌ભાવ નથી.

ટીકા :–એક દ્રવ્યમાં, જે દ્રવ્ય છે તે ગુણ નથી, જે ગુણ છે તે દ્રવ્ય નથી—એ રીતે દ્રવ્યનું ગુણપણે નહિ હોવું અને ગુણનું દ્રવ્યપણે નહિ હોવું તે અતદ્‌ભાવ છે. જેમ કેરી તે માત્ર લીલારંગપણે નથી અને લીલો રંગ તે આખી કેરી નથી તેમ આત્મા તે એકલા જ્ઞાનગુણપણે નથી અને જ્ઞાન તે આખો આત્મા નથી. એવો અતદ્‌ભાવ છે. પરંતુ દ્રવ્યનો અભાવ તે ગુણ અને ગુણનો અભાવ તે દ્રવ્ય—એવા લક્ષણવાળો અભાવ તે અતદ્‌ભાવ નથી. જો દ્રવ્ય અને ગુણને સર્વથા અભાવ માનવામાં આવે જેમ કે પરમાણુને તથા રંગને સર્વથા અભાવ માનવામાં આવે અથવા આત્માને તથા જ્ઞાનગુણને સર્વથા અભાવ માનવામાં આવે તો ગુણ દોષ આવે છે. (૧) દ્રવ્યને અનેકપણું આવે, (૨) દ્રવ્ય ને ગુણ બન્નેનો નાશ થાય, (૩) અપોહરૂપતા અર્થાત્ બન્નેની કેવળ નકારરૂપતાનો પ્રસંગ આવે.

જીવે સ્વજ્ઞેયના યથાર્થ સ્વરૂપનો વિચાર શાંતિ તથા એકાગ્રતાથી કરવો જોઈએ. પોતાના સ્વજ્ઞેયનો વિચાર કરવામાં ઇન્દ્રિયો મદદ કરતી નથી તો સગાં—વહાલાં અથવા દેવ-ગુરુ-શાસ્ત્ર મદદ કરે એમ બની શકતું નથી. રાગનો ભાગ છે ત્યાંસુધી મનનું અવલંબન છે પણ ઇન્દ્રિયો કે શરીરનો સંબંધ નથી. આત્મા એક જ્ઞાનસ્વભાવવાન છે એવી દ્રષ્ટિ જ યથાર્થ ફળ આપે છે. વર્તમાનમાં પણ શરીર તથા ઇન્દ્રિયના અવલંબન વગર જ્ઞાનધારા ચાલે છે. શરીર ચાલતું ન હોય, મોળું પડ્યું હોય તોપણ

જ્ઞાન કામ કરી રહ્યું છે. જેમ વ્યાપાર—ધંધાને તથા સગાં—વહાલાંને યાદ કરે છે તેમ તારું સ્વજ્ઞેય કેવું છે તેને યાદ કરને ! બહારના પદાર્થો તને નડતાં નથી.

આત્મા ને જડ બન્ને જુદા પદાર્થો છે. બન્ને વચ્ચે અભાવ—સ્વભાવની મોટી ભીંત ઊભી છે. આવો અભાવસ્વભાવ દ્રવ્ય તથા ગુણ વચ્ચે નથી. આત્મા ને શરીર વચ્ચે જેવો અભાવસ્વભાવ છે તેવો દ્રવ્યને ગુણ વચ્ચે માનવામાં આવે તો ત્રણ દોષો આવે છે—

(૧) આત્માનો અભાવ તે જડ છે ને જડનો અભાવ તે આત્મા છે. શરીરના અભાવે આત્મા છે ને આત્માના અભાવે શરીર છે. બન્ને તદ્દન ભિન્ન છે. એ પ્રમાણે આત્માને તથા શરીરને અનેકપણું થે તેવી રીતે આત્માનો અભાવ તે જ્ઞાનગુણ અને જ્ઞાનગુણનો અભાવ તે આત્મા—એમ માનવામાં આવે તો એક દ્રવ્યને અનેકપણું આવે. દ્રવ્ય એક હોવા છતાં દ્રવ્યને અનેકપણે થવાનો પ્રસંગ આવે. શરીર ને આત્માના પ્રદેશો જુદાં છે તેવી રીતે દ્રવ્ય ને ગુણના પ્રદેશો જુદા હોય તો દ્રવ્ય અનેક થઈ જાય. માટે એવો અભાવ દ્રવ્ય ને ગુણ વચ્ચે માનવો યોગ્ય નથી.

(૨) ઉભયશૂન્યતારૂપ બીજો દોષ—

સોનાનો અભાવ થતાં સોનાપણાનો અભાવ થાય ને સોનાપણાનો અભાવ થતાં સોનાનો અભાવ થાય. સોનું ન હોય તો સોનાનાં પીળાશ, ચીકાશ આદિ હોય નહિ. પીળાશ, ચીકાશ ન હોય સોનું ન હોય તેથી સોનું અને તેનાં પીળાશ, ચીકાશ—આદિ ગુણોનો અભાવ થાય છે. તેવી રીતે દ્રવ્યનો અભાવ થતાં ગુણનો અભાવ થાય ને ગુણનો અભાવ થતાં દ્રવ્યનો અભાવ થાય. જેમ કે—આત્માનો અભાવ થતાં જ્ઞાનગુણનો અભાવ થાય ને જ્ઞાનગુણનો અભાવ થતાં આત્માનો અભાવ થાય છે. હયાતિ જે પરસ્પર રહેવી જોઈએ તે રહેતી નથી. માટે દ્રવ્ય તથા ગુણ વચ્ચે સર્વથા અભાવ માનવો યોગ્ય નથી.

*

# પ્રસાદ નં. ૪૭

## પ્રવચનસાર ગાથા ૧૦૮

(માગશર સુદ ૧૩, શુક્રવાર)

આત્માને પરમાણુની સત્તા જુદી છે, કોઈ પદાર્થને કોઈ પદાર્થ સાથે સંબંધ નથી. બીજાને લઈને આત્માનું હોવાપણું નથી, તે સાબિત કર્યા પછી આત્મા અને જડને જેવો અભાવ છે. તેવો અભાવ દ્રવ્ય તથા ગુણ વચ્ચે માનવામાં આવે તો ત્રણ દોષ આવે છે.

(૧) દ્રવ્ય તથા ગુણ વચ્ચે અભાવ હોય તો દ્રવ્યને અનેકપણું આવે.

(૨) દ્રવ્ય તથા ગુણ વચ્ચે અભાવ માનવામાં આવે તો દ્રવ્ય અને ગુણ બન્નેનો અભાવ એટલે નાશનો પ્રસંગ આવે.

ત્રીજો દોષ અપોહતારૂપતા તે નીચે પ્રમાણે આવે છે.

જેમ વસ્ત્રનો અભાવ માત્ર જ ઘડો છે અને ઘડાનો અભાવ માત્ર જ વસ્ત્ર છે. અર્થાત્ વસ્ત્ર અને ઘડાને—બન્નેને સર્વથા નકારાત્મકપણું છે. એટલે સર્વથા ભિન્નતા છે; તેવી રીતે દ્રવ્યનો અભાવ માત્ર ગુણ હોય ને ગુણનો અભાવ માત્ર દ્રવ્ય હોય તો કેવળ નકારરૂપતાનો પ્રસંગ આવે કે જેને અપોહરૂપતાનો દોષ કહેવામાં આવે છે.

આત્માનો અભાવ માત્ર તે જ્ઞાન છે, ને જ્ઞાનનો અભાવ માત્ર તે આત્મા છે—એમ માનવામાં આવે તો આત્મા જ્ઞાનવાળો છે, ને જ્ઞાન આત્માનું છે. એવા કથનથી સૂચવતો કોઈ પ્રકારનો સંબંધ આત્માને અને જ્ઞાનને બને નહિ. માટે અપોહરૂપતા નામનો દોષ વ્યાજબી નથી.

આત્મા જ્ઞાન વિના ન હોઈ શકે ને જ્ઞાન આત્મા વિના ન હોઈ શકે. સ્વભાવ સ્વભાવવાનો છે. બન્નેનું અસ્તિત્વ ઇચ્છનારે અને કેવળ નકાર આત્મકપણું નહીં ઇચ્છનારે જેવો કહ્યો તેવો અતદ્‌ભાવ માનવો યોગ્ય છે પણ આવો દોષવાળો માનવો યોગ્ય નથી.

એક આત્મા છે તો શરીર છે ? જવાબ ના.

શરીર છે તો આત્મા છે ? જવાબ ના.

એક રજકણ છે તો બીજો રજકણ છે ? જવાબ ના.

સત્તા ગુણ છે તો આત્મા છે ? જવાબ હા.

આત્મા છે તો સત્તાગુણ છે ? જવાબ હા.

ગુણ હોય ત્યાં ગુણી હોય અને ગુણી હોય ત્યાં ગુણ હોય જ. છતાં ગુણગુણીને અતદ્‌ભાવ છે. ગુણ તે ગુણી નથી ને ગુણી એક ગુણમાં આવી જતો નથી. દ્રવ્ય હોય કે ન હોય તોપણ ગુણ હોય—એમ બનતું નથી અને ગુણ હોય કે ન હોય તો પણ દ્રવ્ય હોય—એમ બનતું નથી.

અતદ્‌ભાવ હોવા છતાં ગુણ ગુણી વગર ચલાવી લ્યે ને ગુણી ગુણ વગર ચલાવી લ્યે એવું નથી. જીવ છે તો દુકાન છે ? ના. પણ દુકાનની મમતા છે તો જીવ છે. કારણ જીવને દુકાન જુદાં છે પણ જીવને ચારિત્રગુણ જુદા નથી. બાપ છે તો દીકરો છે ? ના. ગુરુ છે તો શિષ્ય છે ? ના.

અનાદિથી અજ્ઞાની જીવ મારે લઈને દુકાન ચાલે છે ને પૈસાની હુંફને લીધે બધા નભે છે—એમ માને છે, પણ બન્ને તત્ત્વો ભિન્ન ભિન્ન છે. પોતાની મમતાને લીધે પૈસા નથી, ને પૈસાને લીધે મમતા નથી કારણ મમતાની સત્તા ને પૈસાની સત્તાથી જુદી જુદી છે.

સંસારી જીવને પૈસા વચ્ચે અત્યંત અભાવ છે તે વાત સાચી છે પણ સંસારી જીવને સંસાર વખતે મમતાનો અભાવ નથી. મમતા વખતે મમતા નથી એમ કહે તો ચારિત્રગુણ રહેતો નથી કારણ મમતા આત્માના ચારિત્રગુણની પર્યાય છે. મમતા વખતે મમતા ન માનવામાં આવે તો પર્યાયનો અભાવ માનતા—ચારિત્ર ગુણ પણ રહેતો નથી ને ગુણ નથી તો ગુણી નથી. માટે ગુણ—ગુણી ને પરપદાર્થની જેમ અભાવ વર્તતો નથી. મમતા સ્વજ્ઞેયની પર્યાય છે, મમતાના કાળે મમતા વિના દ્રવ્ય નથી ને દ્રવ્ય વિના મમતા નથી પણ મમતા છે તો પૈસા છે અને પસા છે તો મમતા છે એવું નથી.

કુટુંબ અને સ્ત્રીના કારણે મમતા હોય તો કુટુંબ—સ્ત્રીના વિયોગમાં સાથે મમતા જવી જોઈએ અને મમતાના કારણે સંસારના પદાર્થો હયાતી ધરાવતા હોય તો મમતા ટળી જવાની સાથે તે પદાર્થો પણ ટળી જવા જોઈએ પણ મમતા અને પરપદાર્થ સાથે સંબંધ નથી પણ મમતાને સ્વદ્રવ્ય સાથે સંબંધ છે. આત્મા પોતે વિકારી ભાવમાં અટકે તો મમતા થાય છે. પર્યાયમાં એવી યોગ્યતાથી સંસાર ઉભો કરે છે. પર્યાયમાં સંસાર ન હોય તો પ્રગટ આનંદ ને સુખ હોવું જોઈએ અને દ્રવ્યગુણમાં મમતા હોય તો મમતા ટળી સિદ્ધદશા પ્રગટ થઈ શકે નહિ. માટે મમતા પરથી નથી તેમ જ દ્રવ્ય ગુણમાં નથી. પોતે ભ્રાંતિ કરે તો પર્યાયમાં સંસાર ઉભો થાય છે એમ સામું જ્ઞાન કરી દ્રવ્ય ગુણ શુદ્ધ છે એવી દ્રષ્ટિ થતાં મમતાનો અભાવ થઈ શકે છે.

આગળના વખતમાં અણસમજુ બાઈઓ સતી થતી હતી અને પોતાના પતિ પાછળ બળી મરતી હતી તે ઘણું અજ્ઞાન છે. પોતાનો જ્ઞાનસ્વભાવ સત્ છે. પતિના જીવને તે મારે તદ્દન અભાવ છે, તેના પ્રદેશો અને મારા પ્રદેશો જુદા છે એમ સાચું જ્ઞાન કરી વિયોગના પ્રસંગે સમાધાન કરવું જોઈએ તેના બદલે કુધ્યાન કરી બળી મરે તે તો મોટી અસતી છે. શોકનો વિકલ્પ અથવા બીજો કોઈ નબળાઈનો વિકલ્પ આવે એટલે મરી

જવું અથવા મૂંઝાઈ જવું જોઈએ—એવું કાંઈ નથી. જ્ઞાનની વિશેષ દ્રઢતા કરવી જોઈએ.

પૈસા મળે એટલે જીવ આનંદ માને છે. પૈસાનું મળવું થયું એટલે શું ? તારી સત્તામાં પૈસા ભળે છે કે તારી સત્તામાં આવે છે ? પૈસા આકાશના એકક્ષેત્રે એટલે ક્યાંક (તારા ક્ષેત્રમાં નહીં) આવ્યા તો તું માને કે ને મળ્યા ને આવે તો તું માને કે મને ન મળ્યા, ભાઈ ! આ તારી ભૂલ છે.

ભાઈ, તને પૈસા મળ્યા નથી પણ મમતા મળી છે. પૈસાને લઈને મમતા મળી નથી પણ તું ચારિત્ર ગુણમાં અટકીને ઊંધા ભાવ કરે છે તો મમતા મળી છે. વળી પૈસા દેખાણા તે કોની સત્તાથી દેખાણા ? પૈસાની સત્તાથી દેખાણા છે કે તારા જ્ઞાનની સત્તાથી ને સત્તાના આધારે દેખાણા છે ? પોતાની જ્ઞાનસત્તાના લીધે સ્વ-પરનું જ્ઞાન કરે છે, પરને લીધે મમતા નથી ને પરને લીધે જ્ઞાન નથી પણ જ્ઞાન પોતાની જ્ઞાન સત્તાને લીધે છે.

અજ્ઞાની જીવ માને છે કે પૈસા હોય તો પૈસાની ગરમી ઘણી રહે છે.પણ ભાઈ, પૈસા લઈને બહારગામ જતો હોય ત્યાં લૂંટારા આવે ત્યારે એમ થાય કે પૈસા સાથે ન લીધા હોત તો સારું થાત, જાન બચી જાત ! પણ ભાઈ, પૈસાના રક્ષણની ફિકર લૂંટારાના લીધે નથી ને પૈસા તો તને મૃત્યુનો ભય આવ્યો છે—એમ પણ નથી. દરેક પદાર્થની સત્તા જુદી છે. તારામાં મમતાને ભયની લાગણીઓ થાય છે તે તારા ગુણની વિકૃત અવસ્થા છે. તે તારામાં થાય છે તારી મમતા તારા સાથે સંબંધ રાખે છે.

મોટર ચાલતી અટકે છે. તે તેની ક્ષેત્રાંતર અવસ્થા નહોતી થવાની માટે અટકી છે, પણ પેટ્રોલ નથી માટે અટકી છે—એમ નથી. પેટ્રોલ અને મોટરને અભાવ છે. બન્નેની સત્તા જુદી છે. મોટરની સ્થિર રહેવારૂપ અવસ્થા સત્ છે. તે સત્ અંશ ન હોય, ને પેટ્રોલના આધારે તે પર્યાય હોય તો તે અંશ સત્ રહેતો નથી. પર્યાય સત્ ન રહે તો ગુણ સત્ રહેતો નથી ને તો દ્રવ્ય રહેતું નથી. અહીં ગુણ—ગુણીને અભેદ બતાવવા છે. પેટ્રોલ અને મોટરને અભાવ છે તેવો અભાવ દ્રવ્યને અને તેની સ્થિર અથવા ક્ષેત્રાંતરની પર્યાયને નથી. તે પર્યાય ગુણની છે અને ગુણ તે ગુણીનો છે. સત્ દ્રવ્ય ગુણ પર્યાય ત્રણેમાં છે.

પાણી ગરમ થયું તેમાં ઉષ્ણતા તેની પર્યાય છે. ઉષ્ણતામાં સત્ છે કે નહિ ? ઉષ્ણતાથી સત્ પોતાને લીધે છે કે પરને લીધે ? જવાબ પોતાના લીધે છે. અગ્નિને લીધે નથી અગ્નિ છે તો ઉષ્ણતા છે ને ઉષ્ણતા છે તો અગ્નિને આવવું પડે એમ અજ્ઞાની માને છે તે તેની ભ્રમણા છે.

કર્મ છે તો રાગ છે ? ના. કર્મનો ઉદય આવ્યો માટે જીવને રાગ કરવો પડ્યો એમ અજ્ઞાની માને છે. એકેક પર્યાય રાગની સત્ છે તે તેના દ્રવ્યગુણ સાથે સંબંધ ધરાવે છે પણ કર્મ સાથે સંબંધ ધરાવતી નથી. રાગની અટકેલી પર્યાય ચારિત્રગુણને બતાવે છે. રાગ વખતે ચારિત્રગુણ રાગની અવસ્થા વિના ન હોય ને ગુણ વિના દ્રવ્ય ન હોય.

જડ છે. તો વિકાર છે એમ જો માનવામાં આવે તો જડ તો પડ્યા રહે છે ને વિકારનો નાશ થાય છે માટે તે વાત ખોટી છે. રાગ વખતે વિકાર છે. તો ચારિત્ર ગુણ છે, ને ચારિત્રગુણ છે તો દ્રવ્ય છે. સિદ્ધ દશામાં સિદ્ધની પર્યાય છે તો તેના ગુણો છે ને તેના ગુણો છે તો ગુણી એવું દ્રવ્ય છે.

માટે જે જીવ પરને લીધે પોતામાં ફેરફાર થાય એમ માને છે તે જીવ પોતાના દ્રવ્યને તેમ જ કર્મને તેમ જ નિમિત્તની સત્તાને ઉડાડે છે. એટલે ઉપાદાન અને નિમિત્તને યથાર્થ માનતો નથી. માટે દ્રવ્ય અને ગુણને અતદ્ભાવ એટલે અનેરાપણું યથાયોગ્ય માનવું જોઈએ. આત્માને અને શરીરને જેવો અભાવ છે તેવો અભાવ દ્રવ્યને ગુણ વચ્ચે માનવો ન જોઈએ.

હવે સત્તાને દ્રવ્યનું ગુણ ગુણીપણું સિદ્ધ કરે છે.

## ગાથા ૧૦૯

**પરિણામ દ્રવ્ય સ્વભાવ જે ગુણસત્—અવિશિષ્ટ છે.**
**દ્રવ્યો સ્વભાવે સ્થિત સત્ છે, એ જ આ ઉપદેશ છે.**

અન્વયાર્થ :—જે દ્રવ્યના સ્વભાવભાવ ભૂત (ઉત્પાદ વ્યય ધ્રૌવ્યાત્મક) પરિણામ છે તે પરિણામ સત્થી અવિશિષ્ટ (સત્તાથી કોઈ જુદો નહિ એવો) ગુણ છે. સ્વભાવમાં અવસ્થિત હોવાથી દ્રવ્ય સત્ છે એવો જે ૯૯ મી ગાથામાં કહેલો જિનોપદેશ તે જ આ છે. (અર્થાત્ ૯૯ મી ગાથાના કથનમાંથી આ ગાથામાં કહેલો ભાવ સહેજે નીકળે છે. આ ગાથા ગુણગુણીનો ભેદ કાઢી નાખી અભેદ છે એમ બતાવે છે.

ટીકા :–દ્રવ્ય સ્વભાવમાં નિત્ય અવસ્થિત હોવાથી સત્ છે એમ ૯૯મી ગાથામાં પ્રતિપાદિત કરવામાં આવ્યું છે. પરિણામ સ્વભાવ કૂટસ્થ નથી પણ સમયે સમયે નવી પર્યાય થાય છે અને પૂર્વ પર્યાયનો વ્યય થાય છે ને દ્રવ્ય ધ્રુવ—ટકી રહે છે એવો સ્વતંત્ર સ્વભાવ છે.

દ્રવ્યના સ્વરૂપનું ત્રિકાળ ટકવારૂપ હોવાપણું સત્ કહેવામાં આવે છે. અસ્તિત્વ તેનાથી જુદું નથી. ઉત્પાદ-વ્યય-ધ્રુવ જાણે સત્તાના અંશો છે. એટલે ઉત્પાદ-વ્યય-ધ્રુવ દ્રવ્યમાં થઈ રહ્યાં છે તે પરને લીધે નથી પણ સત્તા ગુણને લીધે છે. અસ્તિત્વ ગુણનો ઉત્પાદ વ્યય ધ્રુવ સ્વભાવ છે. તે તે દ્રવ્યથી જુદો નથી. માટે અસ્તિત્વ ગુણદ્રવ્ય ને ઉત્પાદ-વ્યય-ધ્રુવરૂપે

પરિણમાવે છે. ગુણ રચનાર છે. ગુણી રચાનાર છે. ગુણ તે ગુણીને રચે છે. ગુણી રચાય છે. ગુણ સદાય ગુણીને ટકાવી રાખે છે.

પોતાનું હોવાપણું પરથી જુદું છે પણ પોતે પોતાના હોવાપણાના ગુણથી જુદો નથી. બીજાના દ્રવ્યના ઉત્પાદ-વ્યય-ધ્રુવ સ્વભાવથી પોતાનો ઉત્પાદ વ્યય ધ્રુવ સ્વભાવ નથી પણ પોતાના સત્તા ગુણના ઉત્પાદ વ્યય ધ્રુવ સ્વભાવથી પોતે રચાયેલ છે. સમયે સમયે ઉત્પાદ વ્યય ધ્રુવ ન હોય તો સત્તા ગુણ રહેતો નથી અને રચનાર ગુણ ન હોય તો રચાનાર દ્રવ્ય રહેતું નથી. ઉત્પાદ વ્યય ધ્રુવ પરિણામ સત્તા ગુણના છે. સત્તા ગુણ તે દ્રવ્યનો છે માટે ગુણ ગુણી એકબીજાને અવલંબે છે.

સત્તા ગુણ તે કર્તા છે ને દ્રવ્ય તેનું કાર્ય છે; ઉત્પાદ પર્યાય કર્તા છે અને દ્રવ્ય તેનું કાર્ય છે; વ્યય પર્યાય કર્તા છે અને દ્રવ્ય તેનું કાર્ય છે; ધ્રુવ પર્યાય તે કર્તા છે ને દ્રવ્ય તેનું કાર્ય છે—એવી રીતે અરસ પરસ દ્રવ્યગુણ પર્યાય ને કર્તા કાર્યપણું છે.

ઉત્પાદ વ્યય ધ્રુવના પરિણામ ધારાવાહી નિરંતર ધારાવાહીપણે ચાલ્યા કરે છે. તે પરિણામ ન હોય તો સત્તા ન હોય ને સત્તા ન હોય તો ગુણી દ્રવ્ય રહેતું નથી.

અહીં પર્યાય જે અનિત્ય છે તેને કારણ કહ્યું છે ને દ્રવ્ય જે નિત્ય છે તેને કાર્ય કહ્યું.

પ્રશ્ન :—અનિત્ય નિત્યને કેવી રીતે રચે ?

ઉત્તર :—વર્તમાન અંશ એક સમયનો છે ને ન માનવામાં આવે તો દ્રવ્યની હયાતી સિદ્ધ થતી નથી. એક જ સમયનો વર્તમાન અંશ બાદ કરો તો દ્રવ્યનો લોપ થવાનો પ્રસંગ આવે માટે અનિત્યપર્યાય તે કારણ અને નિત્ય દ્રવ્ય તે કાર્ય—એમ પણ કહેવામાં આવે છે.

આ ગાથામાં ઉત્પાદ વ્યય ધ્રુવ પરિણામ અસ્તિત્વ ગુણથી જુદા નથી અને અસ્તિત્વગુણ તે દ્રવ્યને રમે છે એમ બતાવી ગુણ ગુણી પણું અભેદ સિદ્ધ કર્યું છે.

*

# પ્રસાદ નં. ૪૮

## પ્રવચનસાર ગાથા ૧૦૯ ના પ્રવચનમાંથી.

(માગશર સુદ ૧૪, શનિવાર)

દ્રવ્ય પોતાના સ્વભાવમાં નિત્ય અવસ્થિત છે. દરેક આત્મા ને પરમાણુ પોતાના ઉત્પાદ-વ્યય-ધ્રુવસ્વભાવમાં નિત્ય સ્થિત છે. સમયે સમયે નવી પર્યાય ઉત્પન્ન થાય છે. પૂર્વની પર્યાય વ્યય થાય છે ને આત્મા અથવા પરમાણુ ધ્રુવપણે ટકી રહે છે. માટે સત્ કહેવાય છે. ઉત્પાદ-વ્યય-ધ્રુવ ત્રણે થઈને આખો ત્રિકાળી અસ્તિત્વગુણ થાય છે.

ગાથા ૯૯ માં દ્રવ્ય સ્વભાવમાં સદાય અવસ્થિત છે, તેથી તે સત્ છે. દ્રવ્યનો સ્વભાવ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યની એકતારૂપ પરિણામ છે—એમ કહ્યું હતું. હવે અહીં ગાથા ૧૦૯ માં એમ નક્કી કરવામાં આવે છે કે તે જ પરિણામ અસ્તિત્વથી જુદો નહિ એવો—ગુણ છે. માટે અસ્તિત્વ એટલે કે સત્તા તે ગુણ છે ને દ્રવ્ય તે ગુણી છે.

દ્રવ્યના સ્વરૂપને ટકવાનું કારણ અસ્તિત્વગુણ છે. તે અસ્તિત્વગુણને દ્રવ્ય પ્રધાન કથન દ્વારા સત્ શબ્દથી કહેવામાં આવે છે. દ્રવ્યસ્વભાવ ભૂત પરિણામ એટલે ઉત્પાદ-વ્યય-ધ્રુવ તેનાથી જુદા નથી અને ઉત્પાદ-વ્યય-ધ્રુવ ત્રણે થઈને જે પરિણામ થયા તે જ સત્તા છે.

આત્મામાં મિથ્યાત્વની પર્યાયનો નાશ, સમકિતની પર્યાયનો ઉત્પાદ ને આત્માનું ધ્રુવપણે ટકી રહેવું તે સ્વભાવ પરિણામ છે. ને સ્વભાવપરિણામ તે જ અસ્તિત્વગુણ છે, બીજો કોઈ નથી; માટે અસ્તિત્વગુણસ્વરૂપ જ ઉત્પાદવ્યયધ્રુવરૂપ પરિણામ છે. આત્મા સત્તા એટલે કે અસ્તિત્વરૂપે પરિણમી રહ્યો છે માટે સત્તા તે ગુણ છે ને આત્મા તે ગુણી છે. એ રીતે ગુણ—ગુણીનો અભેદ સંબંધ સિદ્ધ થાય છે.

ગાથા ૯૯ માં દ્રવ્ય સ્વભાવમાં સ્થિત છે—એમ કહ્યું હતું. આ ગાથામાં દ્રવ્ય અસ્તિત્વગુણમાં સ્થિત છે એમ કહી ગુણ—ગુણીની અભેદતા બતાવી છે. ઉત્પાદ-વ્યય-ધ્રુવરૂપ પરિણામમાં દ્રવ્ય સ્થિત કહો અથવા ઉત્પાદ-વ્યય-ધ્રુવરૂપ પરિણામ કે જે અસ્તિત્વગુણ છે તેમાં દ્રવ્ય સ્થિત કહો—બન્ને એક જ છે; કારણ કે—અસ્તિત્વ ગુણ પોતે ઉત્પાદ-વ્યય-ધ્રુવ પરિણામરૂપ જ છે. માટે ઉત્પાદ-વ્યય-ધ્રુવરૂપ પરિણામ “સત્”થી અભિન્ન એવો અસ્તિત્વ ગુણ જ છે.

દ્રવ્યના ટકવાના કારણભૂત અસ્તિત્વગુણને દ્રવ્યપ્રધાન કથનથી સત્ શબ્દથી કહેવામાં આવે છે. તે અસ્તિત્વગુણથી દ્રવ્યસ્વભાવભૂત પરિણામ—ઉત્પાદ-વ્યય-ધ્રુવ જુદા નથી, પણ પરિણામ અસ્તિત્વથી અનન્ય છે એટલે

એક જ છે; કારણ કે દ્રવ્યનું હોવાપણું ભૂત, વર્તમાન ને ભવિષ્ય—ત્રણે કાળે છે, તેથી અસ્તિત્વ સમયે સમયે તે તે સ્વભાવે એટલે ઉત્પાદ વ્યય ધ્રુવસ્વભાવે પરિણમે છે.

દ્રવ્યના સ્વભાવભૂત પરિણામ ઉત્પાદ-વ્યય-ધ્રુવ છે. તેઓ દ્રવ્યના હોવાપણા સાથે કાયમ હોવાને લીધે, સત્ નામનો ગુણ દ્રવ્યને રચનારો છે. માટે સત્તા તે ગુણ છે ને દ્રવ્ય તે ગુણી છે, તેથી સત્તા ને દ્રવ્યનું ગુણ—ગુણીપણું સિદ્ધ થાય છે.

ઉત્પાદ-વ્યય-ધ્રુવરૂપ પરિણામ તે અસ્તિત્વગુણ છે ને તે ગુણમાં ગુણી રહ્યો છે. તેથી હાથનું ચાલવું આત્માને લીધે નથી. હાથના ઉત્પાદવ્યયધ્રુવપરિણામ તે તો પુદ્ગલદ્રવ્યમાં છે અને આત્માના ઉત્પાદવ્યયધ્રુવ આત્મામાં છે. આત્માની ઇચ્છાને લીધે હાથનું ચાલવું થયું નથી.

એક જીવને, કોઈને દાનમાં રૂપિયા દેવાનો વિકલ્પ આવ્યો તેમાં વિકલ્પને લીધે નોટો ક્ષેત્રાંતર થતી નથી, ને નોટોનું ક્ષેત્રાંતર થવું છે માટે વિકલ્પ આવતો નથી. અહીં નિમિત્ત-નૈમિત્તિક સંબંધ બતાવવો નથી. અહીં તો દરેકના પરિણામ જુદા જુદા બતાવવા છે. નોટોના ઉત્પાદ-વ્યય-ધ્રુવ પરિણામ, હાથના ઉત્પાદ-વ્યય-ધ્રુવ પરિણામ ને જીવના ઉત્પાદ-વ્યય-ધ્રુવના પરિણામ જુદે જુદાં છે ને જુદાં જુદાં બતાવવા છે.

જીવને પહેલા સમતાના પરિણામ હતા તેનો પોતાના કારણે વ્યય થયો; દાનમાં દેવાના પરિણામનો ઉત્પાદ પોતાના કારણે થયો. (પર જીવ દુઃખી છે માટે થયો—એમ નથી), અને પોતે આત્મા ધ્રુવપણે ટકી રહ્યો.

પરને લીધે ઉત્પાદ થયો અથવા આ વસ્તુ હતી તો આત્મા ટક્યો તે પ્રશ્ન જ નથી. નિરપેક્ષ જ વાત લેવી છે. સમયે સમયે ઉત્પાદ-વ્યય-ધ્રુવના પરિણામ અસ્તિત્વ ગુણમાં છે. તે ત્રણ પરિણામ તે જ સત્તાગુણ છે, ને આત્મા સત્તાગુણમાં છે. એમ સત્તા અને દ્રવ્યને ગુણ—ગુણીપણું સિદ્ધ થાય છે. એવી રીતે નોટોના તથા હાથના ઉત્પાદ-વ્યય-ધ્રુવ સ્વતંત્ર સમજી લેવાં.

આ ગાથામાં નિમિત્ત-નૈમિત્તિક સંબંધની તેમ જ કર્તાપણાની વાત જ નથી પણ પદાર્થો છે તે સમયે સમયે કેમ છે ને કેવી રીતે વર્તી રહ્યા છે તે અહીં બતાવેલ છે. દરેક જડ ને આત્મા સમયે સમયે કેવી રીતે પરિણમન કરી રહ્યા છે તે પરિણામ બતાવીને તે પરિણામ પોતે જ સત્તા છે ને સત્તા દ્રવ્યથી જુદી નથી એમ સિદ્ધ કરે છે.

હવે સત્તાગુણ ને ગુણી તદ્દન અનેક છે; તે વાતનું ખંડન કરે છે :—

**પર્યાય કે ગુણ એવું કોઈ ન દ્રવ્ય વિણ વિશ્વે દીસે;**
**દ્રવ્યત્વ છે વળી ભાવ; તેથી દ્રવ્ય પોતે સત્ત્વ છે. ૧૧૦.**

અન્વયાર્થ :—આ વિશ્વમાં ગુણ એવું કોઈ કે પર્યાય એવું કોઈ દ્રવ્ય વિના હોતું નથી અને દ્રવ્યત્વ તે ભાવ છે અર્થાત્ અસ્તિત્વ તે ગુણ છે તેથી દ્રવ્ય પોતે સત્તા (અર્થાત્ અસ્તિત્વ) છે.

અહીં દ્રવ્યત્વ શબ્દનો અર્થ જે દ્રવ્યત્વ સામાન્ય ગુણ છે તે અર્થમાં લેવાનો નથી, પણ સત્ છે તે દ્રવ્ય છે ને સત્તા તે દ્રવ્યત્વ છે. દ્રવ્ય ને દ્રવ્યત્વ એટલે કે સત્ ને સત્તા જુદાં નથી. દ્રવ્ય પોતે જ દ્રવે છે. પરિણમી રહ્યું છે; અસ્તિત્વ ગુણમાં પરિણમી રહ્યું છે. ગુણ ને પર્યાય દ્રવ્યથી જુદા નથી. દ્રવ્ય અસ્તિત્વગુણથી પરિણમી રહ્યું છે ને તે ઉત્પાદવ્યયધ્રુવરૂપે પરિણમે છે; વસ્તુ એક જ છે જુદી નથી.

આત્મા ને પુદ્‌ગલદ્રવ્યો પોતાના સ્વભાવમાં ટકી રહ્યાં છે. તે સ્વભાવ ઉત્પાદવ્યયધ્રુવરૂપ પરિણમે છે, તેને સત્તાગુણ કહ્યો છે.

દ્રવ્ય વિના સત્તા જુદી મળશે નહિ.

દ્રવ્ય વિના દ્રવ્યત્વ જુદું મળશે નહિ.

દ્રવ્ય વિના ઉત્પાદ-વ્યય-ધ્રુવ જુદાં મળશે નહિ.

દરેક જડ પદાર્થ ને આત્માના પરિણામ દ્રવ્યથી જુદાં નથી. ભાષાના પરમાણુની અવસ્થા તેના પુદ્‌ગલદ્રવ્યથી જુદી નથી, પણ તે અવસ્થા જીવથી કે હોઠથી તદ્દન જુદી છે. એટલે ભાષાને આમ બોલાવી કે તેમ બોલાવી તે પ્રશ્ન જ રહેતો નથી; કારણ કે તેની હયાતી તેનામાં છે ને જીવની હયાતી જીવમાં છે.

ભાષા, શબ્દ, હાથ, રૂપિયા, અક્ષર બધા જ્ઞેય પદાર્થો છે. તે બધા જ્ઞેય પદાર્થો પોતાના સ્વભાવ—ઉત્પાદ-વ્યય-ધ્રુવરૂપ પરિણમી રહ્યા છે. તે પદાર્થો તેમના પોતાના સ્વભાવથી જુદા દેખાશે નહિ ને દરેક જ્ઞેયના ઉત્પાદ-વ્યય-ધ્રુવ તેના પોતામાં દેખાશે. બીજા જ્ઞેયમાં દેખાશે નહિ.

ઉત્પાદ વ્યય ધ્રુવ પરિણામને સત્તાગુણમાં નાખ્યા ને સત્તાગુણને ગુણીમાં નાખી સ્વજ્ઞેય એક બતાવ્યું છે.

પોતાનું સત્ પોતાના સત્તાગુણને છોડીને બીજાના સત્તાગુણમાં તથા બીજાના ઉત્પાદ-વ્યય-ધ્રુવમાં ભળી જતું નથી, તથા બીજા પદાર્થનું સત્ તેના સત્‌ગુણને છોડી આ જીવના સત્તાગુણમાં ને આ જીવના ઉત્પાદ વ્યય ધ્રુવમાં ભળી જતું નથી. એમ સ્વજ્ઞેય તથા પરજ્ઞેયને સ્વતંત્ર સમજવા, જાણવા ને માનવા તે સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન છે.

ટીકા :—ખરેખર દ્રવ્યથી જુદા કોઈ ગુણ નથી તેમ જ પર્યાય નથી. એક દ્રવ્યના ગુણ—પર્યાય બીજા દ્રવ્યમાં નહીં મળે અને તેના ગુણ—પર્યાય તેનાથી જુદા શોધશો તો નહીં મળે.

સોનાના પીળાશ, ચીકાશ વગેરે ગુણો અને કુંડળપણું વગેરે તેની અવસ્થા સોનાથી જુદાં હોતા નથી. સોનું એક જગ્યાએ રહે અને પીળાશ અથવા કુંડળ વગેરે ઘાટ (આકાર) બીજી જગ્યાએ રહી જાય—એમ બનતું નથી; તેવી રીતે આત્મા એક જગ્યાએ રહે અને તેના જ્ઞાન, દર્શન વગેરે ગુણો તથા તેની શ્રુતજ્ઞાનાદિ અથવા વિકારી અવસ્થાઓ બીજી જગ્યાએ રહી જાય—એવું કદી બનતું નથી. માટે દ્રવ્યના ટકવાના કારણભૂત અસ્તિત્વ નામથી કહેવાતું જે દ્રવ્યત્વ તે દ્રવ્યનો ભાવ છે; તે ભાવ દ્રવ્યથી જુદો હોઈ શકે નહિ, માટે દ્રવ્ય પોતે જ ભાવ એટલે કે સત્તા છે.

દ્રવ્ય દ્રવ્યત્વભાવથી જુદું નથી. ભગવાન પદાર્થ પોતાના ભાવથી જુદો નથી. સત્ પોતાની સત્તાથી જુદું નથી, માટે સત્ એવું દ્રવ્ય તે જ સત્તા છે—અભિન્ન છે જુદી વસ્તુ નથી.

દરેક આત્મા ને જડ પદાર્થોની સત્તા જુદે જુદી છે. ને દરેક પદાર્થની સત્તા પોતપોતામાં છે, પોતામાં ઉત્પાદ વ્યયધ્રુવ પોતાના પરિણામથી જુદાં નથી ને બીજાના ઉત્પાદ વ્યયધ્રુવરૂપ પરિણામથી જુદા છે. આવું ભેદજ્ઞાન કરવું તે સમ્યગ્જ્ઞાન છે.

સમ્યગ્દ્રષ્ટિ દેડકાને પણ પોતે પોતાના ગુણ ને પર્યાયથી અભિન્ન છે ને બીજાના ગુણ ને પર્યાયથી ભિન્ન છે એવું ભાન હતું. સમકિતી દેડકાને નવે પદાર્થનાં નામ ને ભાષા બોલવાનો યોગ નથી, તો પણ પોતાની સત્તા પોતાના ગુણ પર્યાયથી અભિન્ન ને પરથી ભિન્ન છે એવું ભાવભાસન સમયે સમયે વર્તી રહ્યું છે.

આવા સાચા ભેદજ્ઞાન વગર લાખ નવકારવળી ગણે કે પૂજા કરે કે જાત્રાએ જાય; તેથી કષાયની મંદતા હોય તો પુણ્યનું કારણ થાય છે, પણ ધર્મ થતો નથી.

જે જીવો જડ લક્ષ્મીની પ્રાપ્તિ માટે નવકારવાળી ગણે અથવા કોઈ શુભભાવની ક્રિયા કરે તે પોતાની સ્વરૂપલક્ષ્મીનો ભોગ આપીને જડલક્ષ્મીની રુચિ કરી રહ્યા છે, તે જીવને તો પુણ્યના પણ ઠેકાણા નથી. જેમ યજ્ઞમાં આહુતિ નાખીને સ્વાહા કરે છે, તેમ આવો અજ્ઞાની જીવ જડલક્ષ્મીની પ્રાપ્તિની આશામાં સ્વરૂપલક્ષ્મીને સ્વાહા કરી રહ્યો છે. એટલે કે પોતાના ચૈતન્યસ્વરૂપ આત્માને હોમી રહ્યો છે; અને તેથી તેને સ્વરૂપ જાગૃતિના

ટાણા આવશે નહિ ને પોતાની પર્યાય ઘણી હીણી થઈ નીચી ગતિઓને પામશે.

માટે જીવોએ સાચું ભેદજ્ઞાન કરી સમ્યગ્દર્શન—સમ્યગ્જ્ઞાન પ્રગટ કરવાં એ જ ધર્મ ને સંપૂર્ણ શાંતિનો માર્ગ છે.

*

# પ્રસાદ નં. ૫૦

## પ્રવચનસાર ગાથા ૧૧૧ ના પ્રવચનમાંથી.

(માગશર વદ ૧, સોમવાર)

હવે દ્રવ્યને સત્—ઉત્પાદ અને અસત્—ઉત્પાદ હોવામાં અવિરોધ સિદ્ધ કરે છે :—

**આવું દરવ દ્રવ્યાર્થ—પર્યાયાર્થથી નિજભાવમાં,**
**સદ્‌ભાવ—અણસદ્‌ભાવયુત ઉત્પાદને પામે સદા. ૧૧૧.**

અર્થ :—આવું પૂર્વોક્ત દ્રવ્ય સ્વભાવમાં દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક નયો વડે સદ્‌ભાવસંબંદ્ધ અને અસદ્‌ભાવસંબંદ્ધ ઉત્પાદને સદા પામે છે.

દરેક દ્રવ્યમાં સમયે સમયે નવો ઉત્પાદ થાય છે. દ્રવ્ય વિના ગુણ કે પર્યાય જુદા દેખાશે નહિ. પર્યાયો જુદી જુદી થાય છે તેનું પરિવર્તન ક્યાંથી થાય છે, તેનો ન્યાય આ ગાથામાં બતાવે છે.

દરેક દ્રવ્ય છતો પદાર્થ છે, તેમાંથી અવસ્થાનો ઉત્પાદ થયો છે; તે ઉત્પાદને છતા પદાર્થને—દ્રવ્યને મુખ્ય રાખીને સત્ ઉત્પાદ કહેવામાં આવે છે, ને વર્તમાન અવસ્થા પૂર્વમાં નહોતી ને થઈ એમ પર્યાયને મુખ્ય રાખીને તેને અસત્‌ઉત્પાદ કહેવામાં આવે છે. તે અસત્ ઉત્પાદ પણ દ્રવ્ય સાથે સંબંધ ધરાવે છે. તે ઉત્પાદ તો એક જ છે, પરંતુ કથનશૈલિ બે પ્રકારે છે.

દ્રવ્યદ્રષ્ટિએ વસ્તુ હતી તે પોતાથી વર્તમાન અવસ્થારૂપે પ્રગટ થઈ ને પર્યાયદ્રષ્ટિએ વર્તમાન અવસ્થા કે જે પૂર્વમાં પ્રગટરૂપ ન હતી, તે નિમિત્ત આવ્યું તો પ્રગટ થઈ; અથવા નિમિત્તને લીધે અસત્ ઉત્પાદ થયો એમ નથી. બન્નેમાં ઉત્પાદ તો પોતાની શક્તિ રાખીને થયો છે; બન્ને કથનપદ્ધતિમાં ઉત્પાદ પોતાના દ્રવ્ય સાથે સંબંધ રાખે છે, પરદ્રવ્ય સાથે સંબંધ રાખતો નથી. અસત્ ઉત્પાદ વખતે તે તે પર્યાયનો ધર્મ છે તે પ્રગટ થાય છે; પર્યાય ધર્મો જુદાજુદા દેખાય છે, તે પર્યાયધર્મો વસ્તુથી જુદા નથી.

પર્યાય દ્રવ્યને પામે છે પણ પર્યાય અન્યદ્રવ્ય કે સંયોગને પામતો નથી.

દ્રવ્ય પર્યાયને પામે છે પણ દ્રવ્ય અન્ય દ્રવ્ય કે સંયોગને પામતું નથી.

અસદ્‌ભાવ સંબદ્ધ ઉત્પાદ અન્વયશક્તિ સાથે સંબંધ રાખીને થયો છે, પણ પર આવ્યું માટે થયો છે એમ નથી.

પ્રશ્ન :—ત્યારે અસત્‌—ઉત્પાદ શું કામ કહેવામાં આવે છે ?

સમાધાન :—વર્તમાન પર્યાય પૂર્વે પ્રગટ ન હતી પણ વર્તમાન પ્રગટ થઈ તે અપેક્ષાએ અસત્‌ઉત્પાદ કહેવામાં આવે છે. પર્યાય તો દરેક સમયે છે કોઈ સમયે ન હોય એમ બનતું નથી. માત્ર આ પર્યાય પૂર્વે ન હતી એટલું બતાવવા અસત્‌ઉત્પાદ કહેલ છે. નિમિત્ત આવ્યું માટે પર્યાય જુદી જુદી થઈ—એમ નથી.

પ્રશ્ન :—અમારો વ્યવહાર બધો અટકી જશે.

ઉત્તર :—તમારો પર્યાય કોઈ દિવસ અટકે તો તમારો વ્યવહાર અટકે. તમારો પર્યાય કોઈ દિવસ અટકતો નથી, સમયે સમયે થઈ જ રહ્યો છે. માટે તમારો વ્યવહાર રોજ ચાલુ જ છે. કોઈ દિવસ અટકતો નથી. હા, એટલું ખરું કે સાચી સમજણ કરવાથી મિથ્યાત્વરૂપી ગાંડપણનો વ્યવહાર અટકી જશે ને ડહાપણના વ્યવહારનો ઉત્પાદ થશે.

એક વાક્યમાં આવે છે કે આત્મા આત્માનો વૈરી છે ને આત્મા આત્માનો બંધુ છે. તેનો અર્થ એમ સમજવો કે પરજીવો આ આત્માના શત્રુ કે મિત્ર નથી પણ પરપદાર્થો મારા છે ને મને તેનાથી સુખદુઃખ છે એવી ભ્રાંતિવાળી પોતાની એક સમયની અવસ્થા તે પોતાનો શત્રુ છે, ને આત્મા જ્ઞાનસ્વરૂપ સુખનો સાગર છે. પરનો કર્તાહર્તા નથી એવી સાચી પ્રતીતિ કરવી તે અવસ્થા પોતાનો મિત્ર છે.

હવે આ ગાથામાં તો ઉત્પાદને જોવાની બે પ્રકારની રીત બતાવે છે. ઉત્પાદ તો એક જ છે. કથનશૈલિ બે પ્રકારની છે. બન્નેમાં ઉત્પાદનો સંબંધ તો દ્રવ્યની સાથે છે. મૂળગાથામાં છે કે દ્રવ્ય પોતે જ સદ્‌ભાવસંબંદ્ધ અને અસદ્‌ભાવસંબદ્ધ ઉત્પાદને સદા પામે છે.

(૧) આત્મામાં સમ્યગ્દર્શનની પર્યાયનો ઉત્પાદ થયો તે આત્મામાં શ્રદ્ધા ગુણ હતો તેમાંથી થયો તે ઉત્પાદને દ્રવ્યાર્થિકનયથી સદ્‌ભાવસંબદ્ધ ઉત્પાદ કહે છે.

(૨) સમ્યગ્દર્શનની પર્યાય પૂર્વમાં ન હતી ને વર્તમાનમાં થઈ તે ઉત્પાદને પર્યાયાર્થિકનયથી અસદ્‌ભાવસંબંદ્ધ ઉત્પાદ કહે છે પણ તે ઉત્પાદ તો દ્રવ્ય—જે શક્તિવાન્‌ છે તેની સાથે સંબંધ ધરાવે છે એટલે કે તેમાંથી થયો છે પરંતુ પર પદાર્થોને લીધે થયો નથી.

બન્નેમાં આત્મા પોતે સમ્યગ્દર્શનની પર્યાયના ઉત્પાદરૂપે પરિણમ્યો છે પણ દેવ-ગુરુ-શાસ્ત્રને લીધે તે પર્યાય થઈ એ વાત ખોટી છે.

એવી રીતે પુદ્ગલદ્રવ્યમાં :—હાથની હલનચલનરૂપ અવસ્થા થઈ તેમાં

(૧) પુદ્ગલદ્રવ્યની ક્ષેત્રાંતર થવાની પર્યાયનો ઉત્પાદ થયો તે પુદ્ગલદ્રવ્યમાં ક્રિયાવતી શક્તિ છે તેને લઈને થયો છે, તે ઉત્પાદને દ્રવ્યાર્થિકનયથી સદ્ભાવસંબદ્ધ ઉત્પાદ કહે છે.

(૨) વર્તમાન હલનચલનરૂપની અવસ્થા પૂર્વમાં પ્રગટ ન હતી ને વર્તમાનમાં પ્રગટ થઈ તે ઉત્પાદને પર્યાયાર્થિકનયથી અસદ્ભાવસંબદ્ધ ઉત્પાદ કહે છે. આ ઉત્પાદ પણ દ્રવ્ય ને શક્તિ સાથે સંબંધ ધરાવે છે.

—આત્માએ ઇચ્છા કરી તો હાથ ચાલ્યો તે વાત ખોટી છે. અસત્ઉત્પાદ પણ હાથના પુદ્ગલદ્રવ્ય સાથે સંબંધ ધરાવે છે. આત્મા સાથે સંબંધ ધરાવતો નથી.

આવી રીતે છએ દ્રવ્યોમાં પરિણમન થયા કરે છે ને તેને જોવાની બે દ્રષ્ટિ છે. બન્નેમાં સંબંધ તો એક તેના દ્રવ્ય સાથે જ છે, પરદ્રવ્ય સાથે છે જ નહિ.

જે જીવ આત્મા ને શરીરને એક માને છે ને શરીરની ક્રિયાના ઉત્પાદથી આત્માને ધર્મનો ઉત્પાદ માને છે તેને કોઈ દિવસ ધર્મ થાય નહિ. આત્માનો વ્યવહાર આત્મામાં હોઈ શકે, પરપદાર્થમાં કદી પણ હોઈ શકે નહિ.

પોતાનો શુદ્ધસ્વભાવ તે નિશ્ચય છે ને સમયે સમયે પ્રગટતી નિર્મળ પર્યાય તે વ્યવહાર છે. આવું નિશ્ચય—વ્યવહારનું સ્વરૂપ સમજ્યા વિના કદી પણ ધર્મ થાય નહિ.

ટીકા :—આ પ્રમાણે ઉપર કહેલા સર્વ પ્રકારે નિર્દોષ લક્ષણવાળું અને અનાદિનિધન આ દ્રવ્ય અસ્તિત્વસ્વભાવમાં ઉત્પાદ પામે છે. છ દ્રવ્યો છે તેને કોઈ ઈશ્વરે બનાવ્યાં નથી, તે સ્વયંસિદ્ધ છે, ને નિર્દોષ લક્ષણવાળાં છે. જે લક્ષણમાં કોઈ દિવસ બાધા આવતી નથી. "ઉત્પાદ વ્યય ધ્રૌવ્યયુક્તમ્ સત્" ને "સત્દ્રવ્ય લક્ષણમ્"—દ્રવ્યનું લક્ષણ સત્ છે ને તે બાધારહિત છે. તે સત્ ઉત્પાદ વ્યયધ્રુવસહિત છે. ને દ્રવ્ય સત્ સ્વભાવમાં ઉત્પાદ પામે છે.

જાતિસ્મરણ જ્ઞાન એક સમયની જ્ઞાનગુણની પર્યાયનો ઉત્પાદ છે ને પૂર્વ સમયની જ્ઞાનની અવસ્થાનો નાશ થયો છે. વસ્તુ આત્મા ધ્રુવ છે. પૂર્વ પર્યાય તો વર્તમાનમાં હયાત નથી પણ જાતિસ્મરણની વર્તમાન પર્યાયની

તાકાતથી પૂર્વની વાત યાદ રાખે છે. પૂર્વની પર્યાય હયાત નથી માટે પૂર્વનું જ્ઞાન ન થાય—એવું કાંઈ નથી. એક સમયની જ્ઞાનપર્યાયમાં ત્રણ કાળને જાણવાની તાકાત છે તો પૂર્વનું જ્ઞાન વર્તમાનમાં ન જણાય—એવું નથી, વર્તમાન સમયમાં જાણી શકે છે, વળી પૂર્વ અવસ્થાનો નાશ થયો તેમાંથી સ્મૃતિની પર્યાય આવી નથી પણ ધ્રુવપદાર્થજ્ઞાનશક્તિ છે તેમાંથી સ્મૃતિ આવી છે—એમ કહેવું તે સદ્ભાવસંબદ્ધ ઉત્પાદ છે ને વર્તમાન સ્મૃતિ પૂર્વમાં પ્રગટ ન હતી ને વર્તમાનમાં પ્રગટ થઈ—એમ કહેવું તે અસદ્ભાવસંબદ્ધ ઉત્પાદ છે.

આત્મા જ્ઞાતાદ્રષ્ટા શુદ્ધસ્વરૂપી છે. દેહની ક્રિયા કરી શકતો નથી ને પુણ્યથી ધર્મ નથી એવી દ્રષ્ટિ થાય તો ધર્મની પર્યાય પ્રગટે. પોતામાં નિશ્ચય પ્રગટાવે તો પછી શુભરાગને ઉપચારથી વ્યવહાર કહેવામાં આવે છે.

ધર્મ તે પર્યાય છે, ધર્મ ગુણ નથી. ધર્મની નવી પર્યાયનો ઉત્પાદ થાય છે. જ્યારે ગુણો શક્તિરૂપ ત્રિકાળ છે. વસ્તુ તે ગુણ પર્યાયનો પિંડ છે. હું અખંડ ચૈતન્યમૂર્તિ છું, રાગ કે નિમિત્ત હું નથી—એવા ભાનસહિત ધર્મની પર્યાય પ્રગટે છે, તેને દ્રવ્યની મુખ્યતાના સંબંધથી કહેવામાં આવે કે છતી શક્તિમાંથી ઉત્પાદ થયો છે તે સદ્ભાવસંબદ્ધ ઉત્પાદ કહે છે ને સમકિતરૂપ ધર્મની પર્યાય પૂર્વે પ્રગટ ન હતી ને વર્તમાનમાં પ્રગટ થઈ—એમ કહેવું તે અસદ્ભાવ સંબદ્ધ ઉત્પાદ છે.

શરીરનો શરીરના કારણે ચાલવારૂપ ઉત્પાદ થાય છે અથવા સ્થિર રહેવારૂપ ઉત્પાદ થાય છે, પણ જીવ હોય તો શરીરનો ચાલવારૂપ ઉત્પાદ થાય અને જીવ ન હોય તો શરીરનો સ્થિર રહેવારૂપ ઉત્પાદ થાય—એ વાત ખોટી છે. શરીરનો સ્થિર રહેવારૂપનો અથવા હલનચલનરૂપનો ઉત્પાદ શરીરદ્રવ્ય સાથે સંબંધ ધરાવે છે પણ જીવદ્રવ્ય સાથે સંબંધ ધરાવતો નથી.

દ્રવ્યનો ઉત્પાદ દ્રવ્યની કથની વખતે સદ્ભાવસંબંદ્ધ છે અને પર્યાયોની કથની વખતે દ્રવ્યનો ઉત્પાદ અસદ્ભાવસંબદ્ધ છે. તે સ્પષ્ટ રીતે સમજાવવામાં આવે છે.

(૧) (અ) અન્વયશક્તિઓ ઉત્પત્તિ વિનાશરહિત છે. (અન્વય એટલે સદ્રશ્યતા. આ તે જ છે એવા જ્ઞાનના કારણભૂત એકરૂપપણું.) ગુણો કોઈ દિવસ ઉત્પન્ન થતા નથી ને નાશ પામતા નથી. અનાદિઅનંત સદ્રશ્ય છે. દ્રષ્ટાંત : જ્ઞાન, દર્શન, ચારિત્ર આત્માની અન્વયશક્તિઓ છે. સ્પર્શ, રસ, ગંધ વગેરે પુદ્ગલદ્રવ્યની અન્વયશક્તિઓ છે.

(બ) અન્વયશક્તિઓ એટલે ગુણો એકીસાથે પ્રવર્તે છે. જ્ઞાન, દર્શન, ચારિત્ર એક સાથે પ્રવર્તે છે. આગળપાછળ હોત નથી.

(ક) અન્વયશક્તિઓ એટલે ગુણો દ્રવ્યને રચે છે—નિપજાવે છે. શક્તિઓ અનંત છે ને દ્રવ્ય એક છે.

(૨) વ્યતિરેકવ્યક્તિઓ = વ્યતિરેક એટલે ભેદ. આ તો નથી એવા જ્ઞાનના નિમિત્તભૂત ભિન્નરૂપપણું = પર્યાયો, અવસ્થાઓ.

(અ) તે ઉત્પત્તિ વિનાશ લક્ષણવાળી છે એટલે સમયે સમયે ઉત્પન્ન થાય છે ને વિનાશ પામે છે.

(બ) એક પછી એક પ્રવર્તે છે. ક્રમે ક્રમે હોય છે. એકી સાથે હોતી નથી. શ્રુતજ્ઞાન વખતે કેવળજ્ઞાન નથી, સ્વરૂપાચરણ ચારિત્રની પર્યાય વખતે યથાખ્યાત ચારિત્ર નથી, મિથ્યાદર્શનની પર્યાય વખતે સમકિતની પર્યાય નથી.

(ક) વ્યતિરેક પર્યાયોને બનાવે છે—નિપજાવે છે. અવસ્થાને બનાવે છે.

દ્રવ્યાર્થિકનયથી જોવામાં આવે તો ઉત્પત્તિ વિનાશ વિનાની, એકી સાથે પ્રવર્તતી ને દ્રવ્યને રચતી એવા શક્તિઓ વડે દ્રવ્યને સત્—ઉત્પાદ છે. એટલે જે શક્તિઓ છે છે છે તેમાંથી ઉત્પાદ થયો છે. પણ તે વખતે દ્રવ્ય કેવું છે ? તો કે ઉત્પાદ વિનાશવાળી, એક પછી એક પ્રવર્તતી, પર્યાયોને બનાવતી ભેદરૂપ પ્રગટતાઓને પામેલું છે. એટલે કે ત્યારે પણ દ્રવ્ય ભેદરૂપ પ્રગટતા સહિત જ હોય છે.

દ્રવ્યની વિવક્ષા વખતે ગુણોને મુખ્ય ને પર્યાયોને ગૌણ કરાતા હોવાથી દ્રવ્યને સત્—ઉત્પાદ, હયાતનો ઉત્પાદ થયો—એમ કહેવામાં આવે છે. જે શક્તિઓ છે તેમાંથી તે ઉત્પાદ થયો છે માટે સત્—ઉત્પાદ કહ્યો છે.

ધ્રુવ વ્યતિરેકને છોડતું નથી. અન્વયશક્તિઓને મુખ્ય કરવા છતાં દ્રવ્ય વ્યતિરેક વ્યક્તિઓને ભિન્ન રાખતું નથી.

જડ અને ચેતન દ્રવ્યોનો ઉત્પાદ તેના દ્રવ્ય સાથે સંબંધ રાખે છે. જડની પર્યાયોનો ઉત્પાદ તેના સ્પર્શ, રસ વગેરે શક્તિથી નિપજેલા પુદ્ગલદ્રવ્ય સાથે સંબંધ રાખે છે પણ આત્મા સાથે સંબંધ રાખતો નથી, ને દ્રવ્ય પણ તે ઉત્પાદને પામે છે.

સાચું જ્ઞાન થયું ક્યારે કહેવાય ? ધારણાથી જ્ઞાનનો ઉઘાડ થવો તે સાચું જ્ઞાન નથી પણ ત્રિકાળ શક્તિઓનો પિંડ જે આત્મદ્રવ્ય તેની સાથે સંબંધ રાખીને જે સમ્યક્જ્ઞાનનો સત્—ઉત્પાદ થાય છે તે જ સાચું જ્ઞાન છે.

સમ્યક્જ્ઞાનરૂપી પર્યાય થઈ તે, જ્ઞાનશક્તિ અંદર છે તે પ્રગટ થઈ છે—એમ દ્રવ્યાર્થિકનયથી જોવામાં આવે તો આત્માને સદ્ભાવસંબદ્ધ ઉત્પાદ છે ને તે વખતે જ્ઞાન વગેરે અન્વયશક્તિઓને મુખ્ય કરવા છતાં દ્રવ્યે વ્યતિરેકવ્યક્તિઓને છોડી દીધી નથી.

*